ચતુર સુંદર

સ્ત્રી વિલાસ.

મનહર રસીક ગરબાવળી.

એકથી ચોવીસ ભાગ.

ઘણા સુધારા તથા વધારા સાથે.

સંશોધન કરી છપાવી પ્રસિદ્ધ કરનાર.

મંગળદાસ મોતીરામ શાહ બુકસેલર.

રીચીરોડ—અમદાવાદ.

આવૃત્તિ ૫ મી. પ્રત ૪૦૦૦.

સને ૧૯૨૫ સંવત ૧૯૮૧.

નહેર પ્રીન્ટીંગ પ્રેસમાં મોતીલાલ ગણપતરામે છાપી.

પાનકોરનાકા—અમદાવાદ

કીંમત રૂ. ૦—૧૨—૦

ચતુર સુંદર

સ્ત્રી વિલાસ.

મનહર રસીક ગરબાવળી.

એકથી ચોવીસ ભાગ.

ઘણા સુધારા તથા વધારા સાથે.

સંશોધન કરી છપાવી પ્રસિદ્ધ કરનાર.

મંગળદાસ જેઈતારામ શાહ બુકસેલર.

રીચીરોડ—અમદાવાદ.

આવૃત્તિ ૫ મી. પ્રત ૪૦૦૦.

સને ૧૯૨૫. સંવત ૧૯૮૧.

ધી મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં મોતીલાલ ગણપતરામે છાપી

પાનકોરનાકા—અમદાવાદ

કીંમત રૂ. ૦—૧૨—૦

અનુક્રમણિકા.

ભાગ ૧ લો.

ભાગ બીજો.

ભાગ ત્રીજો.

ભાગ ૪ થો.

ભાગ ૫ મો.

ભાગ ૬ ઠો.

ભાગ ૭ મો.

ભાગ ૮ મો.

ભાગ ૯ મો.

ભાગ ૧૦ મો.

ભાગ ૧૧ મો.

ભાગ ૧૨ મો.

ભાગ ૧૩ મો.

ભાગ ૧૪ મો.

ભાગ ૧૫ મો.

ભાગ ૧૬ મો.

ભાગ ૧૮ મો.

ભાગ ૧૯ મો.
લગ્નમાં ગાવાનાં ગીતો.

ભાગ ૨૦ મો.

ભાગ ૨૧ મો.

ભાગ ૨૨ મો.

ભાગ ૨૩ મો.

ભાગ ૨૪ મો.

ચતુર સુંદર સ્ત્રી વિલાસ.

રસિક ગરબા સંગ્રહ.

ભાગ ૧ લો.

શ્રી ગણેશાય નમઃ શ્રી શારદાએ નમઃ શ્રી ગુરૂભ્યો નમઃ

શ્રી નાથજી સત્ય છે.

(૧) શ્રી નાથજીના મહિના.

કારતક માસેરે કહાનજી, મુકી ચાલ્યા પરદેશ
હું છું નારીરે નાનડી જોબન બાળેરે વેશ.
ગોકુળ આવો શ્રી નાથજી. ગો૦ ૧

માગશર માસેરે માવજી, વશીયા સામીરે તેડ;
પિંજર લાગ્યાં ઝુરવા, આંખે આંસુડાની રેલ. ગો૦ ૨

પોષ માસેરે દેહડી, તોય સ્નેહ ન વિસરાય.
આડો હીમાળો ઉલટગો, તેથી કંપેરે કાય. ગો૦ ૩

મહા માસેરે સેજડી, બીજી વેરણુ રાત,
પેહુજી માસેરે ઘેર નહિ, કેમ જાય દિવસ મહારાજ ગો૦ ૪

ફાગણે ફુલ્યોરે ફુલડે, ફુલ્યાં કેસર કેરાં ઝાડ;
તેનાં છંટાવું છાંટણાં, ઉડે અબીલગુલાલ. ગો૦ ૫

ચૈતર ચંપોરે મોરીઓ, મોરી અરાડે બાર;
માલણ લાવેરે મોગરા, કાચી કળીયોનો હાર. ગો૦ ૬
વૈશાખેરે વન વેડીયાં, વેડી આંબલીયાની સાખ;
રસ ઘોળાવુંરે વાટકી, જમીએ હેની સંગાથ. ગો૦ ૭
જેઠે જાણ્યુંરે આવશે, ના આવ્યા શ્યામશરીર;
બપૈયારે પીઉપીઉ કરે, મારે હૈયે નવ રહે ધીર ગો૦ ૮
અષાડેરે ઘન ઉલટયો, માથે ચડયોરે ઘનઘોર
વીજલડીરે ચમકા કરે, બોલે મધુરા શા મોર. ગો૦ ૯
શ્રાવણ વરસ્યોરે સરવડે, નદીએ નીર અપાર;
કોયલડીરે ટહુકા કરે, બેસી આંબલીયાની ડાળ. ગો૦ ૧૦
ભાદરવો ભલે ગાજીયો, વરસે મુશળધાર;
પિયુજી મારા મધુપુરમાં સાલે સોકલડી અપાર. ગો૦ ૧૧
આસો માસે દીવાલડી, આવ્યા શામ શરીર
થાળ ભરૂરે સચ્ચ મોતીડે, વધાવું સુભદ્રાના વીર ગો૦ ૧૨
બારે માસ પુરા થયા કહે છે કવિરે કરજોડ,
થાય તેનારે પુરન્ને, કોડ શ્રી રણછોડ. ગો૦ ૧૩

(૨) જીવણ પ્રાણના મહિના.

રથ આવ્યા અક્રુરના. નંદ બારબાર;
શબ્દ ભરે છે સુંદરી વળી જુએ છે વાટ,
રથ જોડીને રાઘવ ચાલ્યારે, મથુરાંના તે મારગ ઝાલ્યારે
વ્હાલો ડોકવાળી જુએરે નેણ ભરીને રાધીકા રુએરે;
મારા બાળા તે પણના બેલીરે, શું જાઓ છો માયા મેલીરે;
જીવન પ્રાણ છો આલાસ્વજ છો.

કારતક મહીને કંથ સિધાવ્યા, રહી ન શકે નારી;
અંતરજામી નથી અજાણ્યા હંસ ઉડ્યા રહી હારી;
મેં તો શંભુજીની સેવા ન કીધીરે, મેલી થાપણ ઓળવી લીધીરે
જીવન પ્રાણ છો આત્મા રામ છો.
માગશર મહીને મેલી ગયા, જઇ બેઠા જગદીશ;
કોઇ સંદેશો લાવો શ્યામનો તેને ચરણ નમાવું શીશ.
તેને ચરણે નમાવું શીશરે. કોઇ દેખાડો જગદીશરે,
હું બનાવું રસોઇ બત્રીશરે, જીવન પ્રાણ છો આત્મારામ છો. ૨
પોષ મહીનાની પ્રીતડી, જોબનની જંજાળ.
જમણા હતાં તે જમી ગયા, ઠાલા મેલ્યા થાળ,
હરીએ ઠાલા મેલ્યા થાળરે, એવી જોબન તણી જંજાળરે;
બાઇઓ સુખે ભજો શ્રી ગોપાળરે, જીવન પ્રાણ છો આત્મારામ ૩
મહા મહીનાની ટાઢડી અતિ રાતે અંધકાર,
આચનલોચન વહી ગયા, હરીને માથે બંધાવું પાઘ
મહા વિરહની તે વેદના થાયરે, હું થી એકલડી ન રહેવાયરે
મારી થર થર કંપે કાયરે, જીવન પ્રાણ છો આત્મારામ છો. ૪
ફાગણ ફુલ્યો ફુલડે રમતા માધવરાય;
આ શું ભુલી સુંદરી હરી તજી ગયા જમણી બાંહરે
વહાલે સોળસે ગોપીયો માંહરે કાનુડાને કાંઇ ના કહેવાયરે;
વહાલો મુકી ગયા વનમાંયરે જીવન પ્રાણ છો આત્મારામ છો. ૫
ચૈતર ચંપો મોરીયો પીપળ આવ્યા પાન;
નાવ્યો નાગર નાવલો મને તેનું લાગ્યું છે તાનરે.
મને તેનું લાગ્યું છે તાનરે, મને હરી ભજ્યાની હામરે;
કોઇ દેખાડો શ્રી રામરે, જીવન પ્રાણ આત્મારામ છો.

વઇશાખે વાયા વાવલા સુખથી ઉડ્યું નુર;
તાપ તપે તનડુ તપે અને હરી મેલી ગયા છે દુર રે.
એવો આવ્યો છે માથે ઉનાળોરે, એવો કપટી કાનુડો કાળોરે;
મને મુકી ગયો મોરલી વાળોરે જીવણ પ્રાણ છો આત્મા. ૭
જેઠે જાણ્યું આવશે વેગે વીઠલ રાય;
ચંદન ઘોળુ વાડકે, વિંજણે ઢોળુ વાય:
હરીને વિંઝણે ઢોળુ વાયરે, મારી ઘડી પલક જુગ જાયરે;
મારા કાળજામાં કાંઇ કાંઇ થાયરે, જીવન પ્રાણ છો આત્મા. ૮
અષાડ ચમકે વીજળી, ઘન ગરજે ઘનઘોર.
આંસુડે ભીંજાય ચુંદડી, મીઠડા બોલે મોર;
એવા મીઠડા બોલે મોરરે, કરે બપઇયાં કલોલરે;
મારૂં જાગે જોબનનું જોરરે, જીવન પ્રાણ છો આત્મા: ૯
શ્રાવણ વરસે સરવડે નાહવું નિરમળ નીર,
પહેરયાં પીતાંબર પોતીયાં, ઓઢણુ આછાં ચીર;
હરી ઓઢણુ આછાં ચીરરે, આપણુ નાહતાં જમના તીરરે:
એવી રીતે હલ્યાં શરીરરે, જીવનપ્રાણ છો આત્મારામ છો ૧૦
ભાદરવો ભલો ગાજીયો, પણુ ના આવ્યા બળવીર;
ચીર હતાં તે હરી ગયાં, મારૂં શાને ઢાંકું શરીરરે;
મ્હારી પહોંચે નજર ન નાંખીરે, વ્હાલે ભરવાડની ગત રાખીરે.
શામળીએ ન જોયું સાંખીરે જીવણપ્રાણછો આત્મારામ. ૧૧
આસો માસ ભલો આવીયો, સૌને પુરી આશ;
તોરણુ બાંધ્યાં ટોડલે, એમ ગાય હારજન દાસરે,
ઘેરઘેર મંગળ ગાયરે, ત્યાં થેઇથેઇકાર થાયરે,
આતાવકતાનાં સંકટ જાયરે, જીવન પ્રાણ છો, આત્મારામ છો. ૧૨

રસીઆજીના મહીના.

ગરબી.

શ્રી ગુરૂદેવ વલભને ચરણે લાગુરે રસીયાજી,
તેર માસ હરિ ગુણ ગાવા મન લાગુ હો રંગ રસીયાયજી. ૧
કારતક માસે કેમ ગયા છો મુકીરે રસીયાજી;
પ્રાણજીવન પ્રભુ શી વાતો હું ચુકી હો રંગ રસીયાજી. ૨
ચુકી તોપણ દાસી દોષ સમાવોરે રસીયાજી;
મારા સમજો મનમાં કાંઇ લાવો હો રંગ રસીયાજી, ૩
અબળા જન અમો અવગુણ કેરી ખાણુરે રસીયાજી;
તોપણ નાથ નિભાવો ઝાલો પ્રાણ હો રંગ રસીયાજી. ૪
જેવી તેવી કિંકરી કહાવું તમારીરે રસીયાજી;
દાસ દયાના પ્રિતમ લ્યો શુધ્ધ મારી હો રંગ રસીયાજી. ૫
માગશર માસે મળવા મન અકળાયરે રસીયાજી;
પ્રીત તણી પીડા કંઇએ ન કહેવાય હો રંગ રસીયાજી. ૬
બીડ્યું સીડ્યું પણ અંતર ભડકે લાગેરે રસીયાજી;
કાળજુ છેદી કંદ્રપના શર વાગે હો રંગ રસીયાજી. ૭
વિરહ વિકળ થઇ કળ ન પડે નિશદીનરે રસીયાજી;
તાલાવેલી લાગી માહારે તન હો રંગ રસીયાજી. ૮
દુખ દાવાનળ પ્રગટ્યો કેમ સહેવાયરે રસીયાજી;
ધીરજ રાખુ પણ કહાં લગી રહેવાય હો રંગ રસીયાજી. ૯
નીશ્ચે પ્રાણ જશે વલપી હવે મારોરે રસીયાજી;
દાસ દયાના પ્રિતમ પ્રાણ બચાવો હો રંગ રસીયાજી. ૧૦
પોસ માસે શેષ રૂદેથી મુકયારે રસીયાજી;
અબળાના આધાર અવસર ચુકયા હો રંગ રસીયાજી. ૧૧

ઘણું શું કહીએં સમજી લેજોરે રસીયાજી,
વિજોગ પાપે અવર દંડ ઝંઝા દેજો હો રંગ રસીયાજી. ૧૨
આ દુઃખ નહિ પતિ જો શકો મારેરે રસીયાજી;
તેથી કષ્ટ ઘણું તે મન ઉતારે હો રંગ રસીયાજી. ૧૩
એક અહકુ હવે તે શું કહીએરે રસીયાજી;
ચતુર શિરોમણુ ચતુરાનું દુઃખ લહીએ હો રંગ રસીયાજી. ૧૪
આ જોબનમાં આણી સુખને માણોરે રસીયાજી;
દાસ દયાના પ્રિતમજી તક જાણો હો રંગ રસીયાજી. ૧૫
માહા માસે તો મારા સમ ઘેર આવોરે રસીયાજી;
આ રતમાં દંપતી બે સુખ લ્હાવો હો રંગ રસીયાજી. ૧૬
પ્રથમ અમો એમાં કાંઇએ નવ લહેતાંરે રસીયાજી;
શીખવી સમજાવી શું મહેલ્યાં વહેતાં હો રંગ રસીયાજી. ૧૭
વ્હાલા અમને વ્હેર શું વાળ્યું આવુંરે રસીયાજી;
આવડું શીદ કર્યું જ્યારે નો'તું જાવું હો રંગ રસીયાજી. ૧૮
પ્રેમ પંથમાં કાંઇ કપટી ન સારોરે રસીયાજી;
આવડું શીદ કર્યું જ્યારે નો'તું જાવું હો રંગ રસીયાજી. ૧૯
વીરહ વનસીમાં પીડું છું નીસ દહાડેરે રસીયાજી;
દાસ દયાના પ્રિતમજી મુને કહાડો હો રંગ રસીયાજી. ૨૦
ફાગણ કેસુ ફુલ્યાં હું કરમાણીરે રસીયાજી;
આ વનમાળી પિયુ સિંચ્યું ન પુરે પાણી હો રંગ રસીયાજી. ૨૧
વસંત ઋતુ તો સહુને વાહલી લાગેરે રસીયાજી.
તમ પાખે મને બાણ હૃદેમાં વાગે હો રંગ રસીયાજી. ૨૨
અબીલ ગુલાલને કેસરના રંગ ઘોળીરે રસીયાજી;
વિલાસ સુખ નવ લીધું મુજ ઉર હોળી હો રંગ રસીયાજી. ૨૩

સુખની રતુ શોકયની સંગે સોહીએરે રસીયાજી;
ખુસકડે રોણું તો હમારે જોઇએ, હો રંગ રસીયાજી. ૨૪
પ્રથમ થકી પ્રભુ શે નવ નાખ્યાં મારીરે રસીયાજી;
દાસ દયાના પ્રિતમ આ ગતી ધારી હો રંગ રસીયાજી. ૨૫
ચહત્ર ચંદ્ર કીરણુ સહુને સુખકારીરે રસીયાજી.
એકલડીને લાગે નેહ કટારી હો રંગ રસીયાજી, ૨૬
સુખકારી હતા તે સહુ દુખ દેછેરે રસીયાજી,
જોઈ જોઇ સંભારી સુખ આંસુ વહે છે હો રંગ રસીયાજી ૨૭
કહે કોઇ શું કરમ તણો એ દોશરે રસીયાજી.
સો, દરપણુ પણુ ન આણો રોષ હોય હો રંગ રસીયાજી ૨૮
આ દહાડા કયાં મુકયા હતા સંતાડીરે રસીયાજી.
જોબન અવસર આવે આપ્યો કહાડી હો રંગ રસીયાજી. ૨૯
તમો કહેતા ને અમો માનતાં સાચુરે રસીયાજી.
દાસ દયાના પ્રીતમ કીધું કાચું હો રંગ રસીયાજી. ૩૦
વર્ષાશાખે વ્રજ સુંનું સઘળું દીસેરે રસીયાજી;
જન ઝાઝા પણુ કોને મન જઇ હીસે હો રંગ રસીયાજી. ૩૧
સરવે સરોવર સુકા ચાતક લેખેરે રસીયાજી,
ચંદ્ર વિના જેમ ચકોર ઉજ્જડ દેખે હો રંગ રસીયાજી, ૩૨
વીત્યું હોય તે એ સાચું પરમાણેરે રસીયાજી,
પીડ પ્રસુતાની શું વંઝા જાણે હો રંગ રસીયાજી. ૩૩
વીરહ વેદના ઘણી કઠણુ બહુ દુખથીરે રસીયાજી;
વેઠે તે જાણે ન કહેવાય મુખથી હો રંગ રસીયાજી. ૩૪
સ્નેહ તણો ઘા મલમ થકી ન રૂઝાયરે રસીયાજી;
દાસ દયાના પ્રીતમથી સુખ થાય હો રંગ રસીયાજી, ૩૫

જેઠ માસે તો સહુ સરોવર સુકા રહે છે રે રસીયાજી,
મુજ લોચન ધારા નવ સુકી વહે છે હો રંગ રસીયાજી; ૩૬
ગ્રીશ્મરતુને તાપે તન ચાકળાયરે રસીયાજી.
પવન ફુવારાથી તે સઘ સમાય હો રંગ રસીયાજી. ૩૭
ગ્રીશ્મતાને દીપ વાયુથી વામેરે રસીયાજી;
વિરહ વન્હી આ પવને વૃધ્ધિ પામે હો રંગ રસીયાજી. ૩૮
પય ઉભરાયું તે છાંટે નીર સમાયરે રસીયાજી,
તાવુ તેલ મળે જ્યમ ભડકા થાય હો રંગ રસીયાજી; ૩૯
પ્રેમ પાવકની પીડ સહુ દુખતી અળગીરે રસીયાજી;
દાસ દયાના પ્રીતમથી તમથી વળગી હો રંગ રસીયાજી. ૪૦
અશાડ માસે અતી ઉંડું દુઃખ સાલેરે રસીયાજી.
પંખીડાં પણ મળીને માળો ઘાલે હો રંગ રસીયાજી. ૪૧
કોને કહીએ ને કહે અદેખાં થઈએરે રસીયાજી,
અંતર આગે ઢાંક્યા ધીકી મરીએ હો રંગ રસીયાજી, ૪૨
કીડા કાષ્ટ જ્યમ ખોખું કરે ખાઈ બાધુરે રસીયાજી;
તેમ વીરહ કીડે કાળજુ કરડી ખાધું હો રંગ રસીયાજી. ૪૩
ઉપરથી તન સારૂં સહુ કોઇ દેખેરે રસીયાજી;
ભીતર ભડકો પ્રાણુ પોતાનો પેખે હો રંગ રસીયાજી: ૪૪
જે જાણે તે મુરખ કહે એ વાતેરે રસીયાજી,
દાસ દયાના પ્રિતમ દુખ બહુ ભાત હો રંગ રસીયાજી.. ૪૫
શ્રાવણ માસ સરવડે વરસ્યો મંદીરે રસીયાજી
પાવસરતુ શોભા થઇ વૃંદાવન હો રંગ રસીયાજી; ૪૬
વૃક્ષે વળગી વેલડી મું નવ છોડીરે હો રંગ રસીયાજી.
હવે મારી બેલ તો નાંખી તોડીરે હો રંગ રસીયાજી. ૪૭

એક દીવસ આપણુ ત્યાં વાતે વળગ્યાંરે રસીયાજી
ઘન વરસ્યો ભિન્જાં પણુ ન થયાં અળગાં હો રંગ રસીયાજી ૪૮
મેં પણુ રીત સહેવાઇ નહી ઘણું કંપીરે રસીયાજી;
ત્યારે તમે સુજને લઈ હદીયાશું ચાંપી હો રંગ રસીયાજી ૪૯
સંભારી તે સુખ કાળજડું ફાટેરે રસીયાજી.
દાસ દયાના પ્રીતમ વિસારી શા માટે હો રંગ રસીયાજી. ૫૦
પુરશોત્તમ માસે આશા તમારીરે રસીયાજી;
પુરવ પુન્યે થશે જુઓ મન વીચારી હો રંગ રસીયાજી. ૫૧
આતુર જન સંતોષો કરી સનમાનરે રસીયાજી;
અધરામૃત પાઇ આપો જીવતદાન હો રંગ રસીયાજી ૫૨
આ એક માસ તો પુન્યદાનને દહાડોરે રસિયાજી
પ્રભુ પધારતાં શેવા કરૂં કર ટાહાડો હો રંગ રસિયાજી; ૫૩
અવર દેવ શેવ્યાની શ્રદ્ધા છે નહીરે રસીયાજી.
પુરશોત્તમ પરણીને અવર ઘટે નહી હો રંગ રસિયાજી. ૫૪
પ્રાણુ જશે તોયે તમ વિના નહી ભજીયેરે રસિયાજી;
દાસ દયાના સ્વામી એમ સમજીએ હો રંગ રસિયાજી; ૫૫
ભાદરવે ભડ વરસે ચપળા ચમકેરે રસિયાજી;
એ સમે હું આવી પાયલ ઝમકે હો રંગ રસિયાજી. ૫૬
હું ભીની સુધી ઘન વરસ્યો આકાશેરે રસિયાજી;
પીતાંબર હોરાડી લીધી પાસે હો રંગ રસિયાજી: ૫૭
સઘળું સુખ કાંઇ પ્રગટ નથી કહેવાતુંરે રસિયાજી
વિઠલ પણુ કાંઇ કહું છું નથી રહેવાતું હો રંગ રસિયાજી; ૫૮
પાલવ પાથરી કાલાવાલા કરીનેરે રસિયાજી;
પગે લાગી કહું છું ફરી ફરીને હો રંગ રસીયાજી. ૫૯

વિરહ દુઃખ નથી સેહેવાતું હવે આવોરે રસીયાજી;
દાસ દયાના પ્રિતમ શું વલસાવો હો રંગ રસીયાજી. ૬૦

આશ્વિન આવ્યો સદ્ય મારા સુખકારીરે રસીયાજી;
વામ આંખલડી ફરકે છે કાંઇ મ્હારી હો રંગ રસીયાજી; ૬૧

રાસ રમણની રતુ આવી તમો જાણોરે રસીયાજી;
બિહારી લીલાનાં સુખ માણો હો રંગ રસીયાજી. ૬૨

શરદ પુનમની નીશે પુરણ શશી પ્રગટયોરે રસિયાજી;
તમથી રમતાં સુખ દુઃખ માહરા મટશે હો રંગ રસિયાજી. ૬૩

કરૂણા નીધી છો માટે કરૂણા કરશોરે રસિયાજી.
વહાલાંની વીનતી રૂદેમાં ધરશો હો રંગ રસીયાજી. ૬૪

આનંદ ઉપન્યો ઉરમા વાલમ રસિયાજી;
દયાના પ્રિતમજી મને મળીયા હો રંગ રસીયાજી. ૬૫

ભાગ ૨ જો

ગોપીયોની સ્તુતીના મહીના.

(કારતકે કાજલને તજ્યું એ રાગ.)

કારતકે કોટી કલ્પના કરીએ, ગોકુળીઆમાં ઘેલાં થઇ ફરીએ;
સુખ દુઃખ સર્વે સહી રહીએ, ઓધવ મારી સ્તુતી કહેજો;
દુઃખરે માહ્રૂં દીલ મધે લેજો. ઓધવ૦ ૧
માગશરે મેણાં લીધાં માથે, જીવણજીએ વચન આપ્યાં હાથે,
કે રજની રમીશું તમારી સાથે, ઓધવ મારી સ્તુતી કહેજો. ૨
પોસે તો ધીરજ કેમ ધરીએ. કહોતો વાલા વિખડાં પી મરીયે;
જીવણ વીના જીવીને શું કરીએ, ઓધવ મારી સ્તુતિ કહેજો. ૩
માહે તો મીત્રી તોડી મારી, વાલે મારે કુબજા કરી નારી;
આ શું કીધુ મોહન મોરારી, ઓધવ૦ ૪

ફાગણ ફીકર કરૂં મનમાં, દીવસ રાત ચિંતા મનમાં;
ચીપુડી જેમ હરણી ફરે વનમાં. ઓધવ મારી૦ ૫
ચઈતરે ચીત કરે બાળા, મુકી ચાલ્યા મોરલીવાલા;
દરશન તમે દોની નંદલાલા. ઓધવ મારી૦ ૬
વઈશાખે વનમાં કોયલ બોલે, તેથી મારૂં ત્રણભોવન ડોલે;
જોબન મારૂં જાય છે જકજાલે. ઓધવ મારી૦ ૭
જેઠે તો જળ ભરીઆં નેણે બંધન મારા હરિવરને કહેણે;
એકલા નાથ તજ્યું ગેહું. ઓધવ મારી૦ ૮
આષાઢે તો ઇંદ્રધારા વરસે, પીઉ વિના મન મારૂં તલસે;
મોહનવર મેહેર હવે કરશે. ઓધવ મારી૦ ૯
શ્રાવણ સાંભળ સાહેલી, નમેરા તો નાથ ગયા મેલી;
એકલીય માં થઇને ફરૂં ઘેલી. ઓધવ મારી૦ ૧૦
ભાદરવે જુદર બેટો અમને, ઝાજું હવે શું કહીએ તમને;
પરથો કરી વાલા અમને. ઓધવ મારી૦ ૧૧
આસો માસ આવી દીવાળી, ઘેરરે આવ્યા મોહન મોરારી.
ઝગામગા સહુ સખી લ્યો તાળી. ઓધવ મારી૦ ૧૨
બારેરે માસ રાખે તો કરીયા દાસ રણછોડના સ્વામી મળીયા,
તેથી મારા જન્મ મરણ ટળીયા. ઓધવ મારી૦ ૧૩

---

(૫) પતીને પરદેશ ન જવા દેવા વિસેના મહીના.

(ઓધવજી સદેશો કહેજો શામને એ રાગ.)

કારતક મહીને અબળા કહે છે કંથને,
હવે શિયાળો આવ્યો સ્વામી નાથજી
દીવાળી વહી વાયોરે હલકી ટાઢ્યાં;

શું શોધો પરદેશ જવાનો સાથજો;
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં ૧
માગશર મહીને હોંશ ઘણી મન માલરે,
રસીયા સંગ રમ્યાની માજમ રાતજો
ઘુંઘટો કાઢીરે ઘર આંગણ ફરૂં;
પીયુ મેલો પરદેશ જવાની વાતજો
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં ૨
પોસે જે અબળાને પીઉડે પરહરી;
તે નારીનાં પુરણ મળીયાં પાપજો
સાસરીએ રહીને તે શા સુખ ભોગવે
મૈયરમાં નવ ગોઠે મા ને બાપજો,
એ મહીને નવ જાઇએ પીઉ પરદેશમાં. ૩
માહા મહીને નવકરીએ નાથ મુસાફરી.
ઘઉં સાટે જઈ લાવો ખોરી જાર જો;
વ્હેંચીને જમશું રે મારા વાલમા,
જરૂર નહી જાવા દેઉં ઘરથી બહાર જો;
એ મહીને નવ જાઇએ પીઉ પરદેશમાં. ૪
ફાગ રમે ફાગણમાં નર ને નારીયો,
ઘેર ઘેર નૌતમ કૌતક નવલાં થાય જો;
જે નારીનો નાવલીઓ નાશી ગયો,
કહો તેણે કેમ નજરે જોયું જાય જો;
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૫
ચઇતરમાં ચતુરને પંથ ન ચાલવું.
જે ઘેર નારી સારી ચતુર સુજાણ જો;
વાહાલપણે વચને પીઉને વશ કરે,

નીરધાર્યું તે પડ્યું રહે પ્રીઆણુજો;
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૬
ચાચલીયા વાયા તે પીયુ વઇશાખના,
રજ ઉડેને મારૂ માણેક મેલુ થાય જો;
નથનીનું મોતી રે હીરા હારનો,
કહો પરહાથે તે કયમ ધીર્યાં જાય જો;
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૭
જેઠે તો પરદેશ જાવું દોહલું,
ધુમ ધીખે ને લાવ જેવી લુ વાય જો;
કોમળ છે કાયા રે મારા કંથની,
વણુ સીચ્યાં જેમ ફુલડીયાં કરમાય જો,
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૮
અંબર ઘન છાયોરે માસ અષાઢમાં,
મોર બોલે ને મેહ વરસે મુશળધારજો;
કચરો ને કાદવરે મચી છે મેહની,
પંખી માળા ઘાલે ઠારો ઠાર જો;
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૯
શ્રાવણમાં શીવ પુજીને મુખથી માગીયે,
વા'લાનો નવ થાજો કદી વિજોગ જો;
ઉમીઆના સ્વામીજી આપે એટલું,
સાસુના જાયાનો નીત્ય સંજોગ જો.
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૧૦
ભાદરવો ભરજોબનનો ફરી નહી મળે;
વહી જાશે જેમ નદીઓ કેરાં નીર જો;
ઓવારે દીવસ એળે નવ કહાડીએ,

વાત વિચારી જુઓ નણંદના વીર જો,
એ મહીને નવ જઈએ પીઉ પરદેશમાં. ૧૧
આસોના દિવસ તો અતિ રળીઆમણા,
ખાવું પીવું કરવા નવલા ખેલ જો;
બેમાં બેસી જમીએ રમીએ સોગટે,
છાતીમાં બીડીને રાખું છેલ જો;
એ મહીને નવ જઈએ પીઉ પરદેશમાં. ૧૨
માસ અધીકમાં અધીકપણે શું કીજીએ,
રહો જોડીને નેણુ સંગાથે નેણુ જો;
જેમ ન આણો થાયે કાચ ખીલોરનો,
દાસ દયાના પ્રિતમ જાણે પ્રવિણ જો;
એ મહીને નવ જઈએ પીઉ પરદેશમાં. ૧૩

ભરથજીના મહીના ચાલ લાવણી (૬)

ચઈતર પીછલે પોર રામનોમિકો જન્મ લીયા,
અવધવેરી સુખધામ સખી મિલ મંગળ ચાર કીયા;
ખપર જબ દશરથ પાઈરે,
દેતદાન ગજરાજ ગેદીન ચૌકકી બીઆઈ.
સભા સબ ફુલનસે છાઈ,
કરમ લેખ ના મીટે કરો કોઈ લાખ ન ચતુરાઈ;
રામ ચલે બનબાસ રોવત કૌશલ્યા માઈ. ટેક. માસ. ૧
લગતહી વઈશાખ કેકઈ બાવર કરદારી,
ધીક જીવણ ધિક્કાર ભયા જહ તુમ્હસ મા તારી,
દુઃખ તુમ નગરિકો દીતોરે,
તીન લોકકે નાથ રામ તીને બનબાસી કીનો.

કુમત કુમત એસી બન આઇ કરમ રામ. માસ. ૨
જોડ પંચ મિલ કહે ભરથકુ ગાદી બેઠ રહો.
ભરત ધરત કાનપર હાથ પંચ મેરી ગરદન મત મારો.
સરે નહી એ બાતન કાજે,
હમ તો હરિકે દાસ રામ અજોધ્યાકે રાજા,
બાત એ સબકે મન ભાઇ કરમ રામ, માસ. ૩
અસાડ આશા રામ મિલનકી મનમે લાગ રહી.
કોઇ રામ બન પાહી બતાવો ભરત કહી.
નગરકે નર ઔર સબ નારી,
રથ ડોલે ગજરાજ રાજ સબ ભરથ સંગ તઇયારીઃ
નદી મુનિ સાગરકું ધાઇ. કરમ. રામ. માસ. ૪
શ્રાવણ સીંગમેર પુર પહોંચે ભીડ ભઇ ભાઇ,
ભીલન જેર કટક દળ સોજે લડનેકી તઇયારીઃ
ભરથસે પુછ કરાર કરો.
રામ શીયાકે કાજ નિકટ તુજ ગંગા તીર મરો,
ખબર જથ ભરથકો પાઇ કરમ રામ. માસ. ૫
ભાદો ભીલ ભરથસે ભેટ કરે બનમેં,
કંદમુળ ફળ ફુલ ભરતરો ભેટ કરે બનમેં.
ભરથને આગે કર લીને,
ભરથ રાજ મુનિ બસ પ્રાગમેં, જાય દરસ દીને.
પ્રાગકી દુનીયા ઉઠ ગઇ કરમ રામ, માસ. ૬
કુવારકીએ બીજ ભાદરા મુનિ ફુસલાયે,
દો કરજોડ પ્રકમા કરે કઉશલ્યા માતાએ,
હમારો જીવન સફળ ભયો.
એતની બાત સુન મુનિ સબ, આસિરબાદ દીઓ,

ભરતકુ માતા સમજાઈ. કરમ રામ. માસ. ૭
કારતીક કુચ પ્રાગસે કીયો, ચીત્રકોટ કરાયે,
અંગ ભભુત માથેપર જટા રામ લક્ષમણુને પાયે.
ભરથ શીર ચરણોપે લાયે,
ચરણુ ઉઠાય હીરદેસે નેનન નીર બહાયે. ૨
સિંઘાસન બેઠે રઘુવાઇ. કરમ રામ. માસ ૮
અંગહન વારમવાર ભરથકું રઘુબર સમજાગે;
જાવ અજોધ્યા રાજ કરો મુનિ સબ સુખ પાગે.
ભરથ તુમ લોટ જાવ ભાઇ, બારા બરસ બીતજાયગે તે પીછે.
હમ આઇ, ભરતસે એ સમજાઇ. કરમ. રામ. માસ ૯
પોસે આશ રામ મીલનકુ, જુદ ગઇ બીર ધની;
ગુરૂ વશીષ્ટ મુનિ સમજાવે કહે અપની.
બીનતી બોત બાત કીની,
રામ કંપાપતી ચરણુ ખવરાવું, ભરથકુ દીની,
ભરત તુમ લોટ જાવ ભાઇ. કરમ રામ. માસ. ૧૦
મહા મનાયે સાન ગયે હે, જાસે લગે એ રામ.
જનકપુરકુ લનખ પહોંચે ભરત અજોધ્યા આમ, ૨
ખવરાવું ગાદી ધરદીની,
રામચંદસે અધિક તપસ્યા ભરથને કીની.
ફાગણ ચેહીસે પાઈ કરમ રામ. માસ ૧૧
લંકા માર ગરદ કર ડારી રાજ વીભીશણુકુ દીનો;
લોટકે અજોધ્યા આયે.
શીવ સનકાદીક વાલ્મીકિ સબ દરશનકું ધાએ;
ગાદી બેઠે રઘુરાઇ. કરમ રામ. માસ. ૧૨

નથી શાલ અધીક મહીના અંગ હન ગહન પડે,
લાલનદાસ બાસ બરોબી રામ રામ ઉચરે.
ભરતાઝી એહી બારા માસી.
સવછયા સુનવઇ તરે કટે જમકી ફાંસી.
જહલેં એસી લખ આઇ, કરમ લેખ રામ ચલે. માસ. ૧૩

નંદલાલના મહીના. (૭)

આવોને નંદલાલ રમવા આવોનેરે,
નિરભે થયા છો નાથ, રમવા આવોનેરે
કારતક તો તે કષ્ટે કહાવ્યો. ભરદરીએ જેમ જહાજ
માગશર મહીને મારગડે મેલી હવે અમારૂં કોણ છે બેલી.
ગીરધર વીના થઈ ઘેલી, રમવા આવોને. ૨
પોસ માસે જીવન પ્રાણ તજું છું, લોકડીઆની લાજ લોપું છું
સંસાર તાજ કરૂં છું. રમવા આવોનેરે ૩
મહા મહીને મન્દીરીયાંરે સુનાં હરીવીના આસનીયાં સુના;
વહાલા વિના જાય છે જોબનીયાં. રમવા આવોનેરે. ૪
ફાગણે ફગફગતીરે હોળી, અબીલ ગુલાલે ભરાવુંરે ઝોળી,
વહાલા વિના ખેલે કોણ હોળી રમવા આવોનેરે. ૫
ચયતરે મને ચીંતારે લાગી, સુની મેજલડીમાં ઝબકીને જાગી,
વહાલાની લેહે મને લાગી, રમવા આવોનેરે. ૬
વઇશાખે વાવલીયારે વાયા આંખ ઉઘાડી ચોદશ જાયા.
આંસુડાં પાલવડે લોયાં, રમવા આવોનેરે ૭
જેઠ માસે જગજીવન આવે, વૈષ્ણવ સરવે વધામણી લાવે,
વહાલો મારો કાંઈ ન કહાવે, રમવા આવોનેરે. ૮

આષાઢે હું અબળાને નારી જોબન દરીઆ પુર છે ભારી.
પીયુનાં વચનને વિસારી, રમવા આવોનેરે. ૯
શ્રાવણ તો સરવડીએ વરશે, નદીએ નીર ઘણેરારે ભરશે.
વહાલો મારો શી રીતે ઉતરશે રમવા આવોનેરે. ૧૦
ભાદરવો ભર દરીઓરે ગાજે, લીલાં વનપલ્લવ છાજે;
વહાલો મારો કાંઇ ન લાજે, રમવા આવોનેરે. ૧૧
આસો માસે દેવદીવાળી, લોક વણે સહુ સેવ સુંવાળી.
વહાલા વિના તે જમે કોણ વાળી રમવા આવોનેરે. ૧૨

કૃષ્ણના મહિના ૮

કારતક કૃષ્ણ ગયા મેલી, મારા ઘેર આવો વનમાળી;
કુબજા કેમરે ગમે કાળી, આવો હરી રાસ રમો વહાલા. ૧
માગશર મારગડે રમતાં, ભેળાં બેસી ભોજનીયાં જમતાં.
હવે હરી કેમ નથી ગમતાં. આવો હરી. ૨
પોષે તો સોસ પડયા અમને, શીકમજી શું કહીએ તમને.
દીલાસા ચારે દીધા અમને, આવો હરી. ૩
માઘે મહા અંધારી રાત્યો, ફુલડાંએ બીછાવી ખાટયો;
વહાલે લીધી મથુરાંની વાટયો, આવો હરી ૪
ફાગણે ફેર ફરે હોળી, પહેરણ ચરણાંને ચોળી
મુંદડી મારી કેશરમાં રોળી, આવો હરી. ૫
ચઈતરે ચિત્ત કરે ચાળા, મધુવન મોરલીઓવાળા
દરશન દો ડાકોર તીરથવાળા. આવો હરી ૬
વઇશાખે વાટલડી જોતી, ઉભી રહી ધ્રુશકડે રોતી;
પાલવડે આંસુડાં લોતી, આવો હરી. ૭

જેઠે જગજીવન આવે, વધામણી સહુ કોઠો લાવે;
વહાલો મારો કહ્યું એ નવ કહાવે, આવો હરિ૦ ૮
અષાઢે અબળા રહી ઝાંખી, વહાલે મારે ભરજોબન રાખી;
વિચારો તે વાત થશે વાંકી આવો હરિ૦ ૯
શ્રાવણ તો સરવડીએ વરસે, નદીએ નીર ઘણાં હરશે.
વહાલો મહારો શી રીતે ઉતરશે, આવો હરિ૦ ૧૦
ભાદરવો ભલીપરે ગાજે, વહાલા થઇ વિહવળ તમ કાજે:
વહાલો મારો જરીએ ના લાજે, આવો હરિ૦ ૧૧
આસો માસે આવી દીવાળી, શેનો વાગું કે સુંવાળી;
વહાલા વિના આ શી દીવાળી. આવો હરિ૦ ૧૨

રાધીકાના મહીના (૯)

કહાંને સખી કારતક કેમ જાશે, કે વનમાં મોરલી કોણ વાશે:
કે મહીનો દાણ કોણ થાશે, જુમના જાવા દો પાણી. ૧
કે માગશરે મન મારૂં મગીયું, કે વિધીઆ ભાવ થકી ઠગીયું:
કે જેમ લુણ પાણીમાં ભળીયું, કે જુમના. (ટેક) ૨
કે પોષે સોસ પડયા અમને, વહાલા મારા શું નમીએ તમને:
કે દીલાસા દીધા છે અમને, કે જુમના. ૩
કે માઘ મકર તણે માતે, કે ફુલડીયાં વેરતી ખાંતે;
કે વહાલાજી મારાં મથુરાંની વાટે, કે જુમના. ૪
કે ફાગણે ફર ફરે હોળી, કે આછા અબીલને ચોળી;
કે સુંદડી કેશરમાં રોળી, કે જુમનાં. ૫
કે ચઇતરે ચતુરા ચીત ધરતી, વહાલાજીના ગુણ ગાતી ફરતી:
કે તોયે મારે વહાલે કીધી નરતી, કે જુમના. ૬

કે વઇશાખ વાધા વાવલીયા, કે ઘેર પધારો નાવલીયા;
કે દુધડે ઘોડા તારા પાવલીયા, કે જુમનાં. ૭
જેઠે જુગજીવન આવ્યા, કે સઉ લોક વધામણી લાવ્યા;
વહાલાજી મારા કથુંએ ના ફાવ્યા, કે જુમના. ૮
અષાઢે અબળા થઇ ઝાંખી, વહાલે મારે ભરજોબન રાખી:
વિચારો હવે વાત થશે વાંકી, કે જુમના૦ ૯
શ્રાવણ સરવડીએ વરસે, કે નીર નદીએ ઘણું હળશે;
કે કોયલડી ટહુકલીઆ કરશે, કે જુમના૦ ૧૦
ભાદરવો ભલી પેરે ગાજે, સહચર ઘેર વલોણું વાજે;
તે તો મારા રૂદીયામાં દાજે, કે જુમના૦ ૧૧
આસોની રજની અજવાળી, કે શેવ વણું કે સુંવાળી:
કે વહાલા વિના આ શી દીવાળી, કે જુમના૦ ૧૨
કે રાધાના હાથે સોનાની ચુડી, રમતાં દીસે છે રૂડી;
દુઃખરે સરવે ગયાં છે છુટી, કે જુમના૦ ૧૩

બહુચરાજીના મહીના (૧૦)

ચઇતરે ચીત ઘણું બાંધુ, નમી નમી બહુચર આરાધુ;
મન મારૂં ગોખે જઇ લાગ્યું, સેવોને શંખલપુર રાણી;
વઇશાખે વાવલીઆ વાયા, માજીના ઘંટ તળે આવ્યા;
અંબાજીની મોટી છે માયા, સેવોને. ૨
જેઠે તો જુગતી છે સારી હરિહર બ્રહ્મ થકી વારી;
ગોખ ઉપર જાઉં બલીહારી. સેવોને. ૩
અષાઢે મેઘ ઘણાં ગાજે, છત્ર શીર બહુચરને છાજે;
ચોઘડીયાં તો અદ્ભુત વાજે. સેવોને. ૪

શ્રાવણ સરવડીએ વરસ્યો માજીને ભજશો તો તરશો;
નીકર તમે અથડાતાં મરશો. શેવોને ૫.
ભાદરવો ભલીપેરે ગાજ્યો સેવકને સનમુખ તો થાજ્યો:
ખુડતાં બાવલડી સાહાજ્યો. શેવોને. ૬
આસો માસો આવી દીવાળી આવ્યાં છે અંબા ને કાળી
ગરબે રમે મોટાં મહાકાળી શેવોને ૭
કારતકે કોયલડી બોલે ના આવે માજીને તોલે;
તે જાતાં ત્રીભોવન ડોલે, શેવોને ૮
માગશર માનસરોવર નાહે ચાચર આવી ગરબા તો ગાએ
સેવકની મા કરજો સાહે શેવોને ૯
પોષે પ્રીત ઘણી ધારી પાંડવ લીધા ઉગારી
કૌરવ સરવે ગયા હારી. શેવોને ૧૦
માહે તો મને નથી ગમતું મન મારૂં રહે છે ભમતું,
મન મારૂં માજીમાં રમતું શેવોને ૧૧
ફાગણે ફર ફરતી હોળી, પહેર્યાં માએ ચરણાંને ચોળી;
કેસર બહુ છાંટયા છે ઘોળી. શેવોને ૧૨
બારે માસ પુરણ કીધા દહીતને દંડ ભલા દીધા,
દેવતા સહુ ઉગારી લીધા. શેવોને ૧૩
આસો સુદ બીજને બુધવારે બારે માસ રહ્યા નીરધારે;
વલ્લભની કરજો મા વાહારે. શેવોને ૧૪

થોભણદાસના મહીના. (૧૧)

કારતકે કોડામણીરે, શીળો પુનમ કેરો ચંદ વાલા:
રાધા કરે હરીની વિનતીરે, ચરણે રાખો ગોવિંદ વાલ. ૧
માગશર મેલી ગયારે, પીઉ ગયા પરદેશ વાલા,

ભરજોબનમાં ભામનીરે, અબળા બાળેવેશ વાલા. ૨
પોષ માસે પુછામણીરે. સાંભળ સર્વેશ્વર વાત વાલા;
શ્રીકૃષ્ણ ચાલ્યા દ્વારકાંરે, સોળસો ગોપીઓનો નાથ વાલા. ૩
મહા મહીને મન માહરે, ચીતડું વ્યાકુલ થાય વાલા;
શમણાં લાગ્યાં શ્રીરામનાંરે, દીઠા જાદવરાય વાલા. ૪
ફાગણ માસે ફરકીયાંરે, વાગે છે તાલ મરદંગ વાલા;
મધુરી શી વગાડે વા'લો વાંસળીરે હોળી ખેલે ગોવિંદ વાલા. ૫
ચઈતરે ચિંતામણીરે, નાવ્યો નાવલ હાર વાલા;
કોઈ લાવે પીઉની વધામણીરે, આપુ એકાવન હાર વાલા ૬
વઇશાખે વન વેડીયાંરે વેડી છે દાડમ દ્રાક્ષ વાલા;
કોયલડી ટઉકા કરેરે, સરવો લાગે એનો સાદ વાલા. ૭
જેઠ મહીને રણુ તપેરે, જેના ઉનાળાના તાપ વાલા,
લંકામાં જવાળા પ્રજળેરે, ઉભા રહો રઘુનાથ વાલા. ૮
અષાડ માસ ભલે ઉલટયોરે, થાય વિજળીઓના વેગ વાલા;
ભલીરે ઉલટી ભીની વાદળીરે, વરસ્યા બારે મેઘ વાલા. ૯
શ્રાવણ વરસે સરવરીએરે, નદીએ નીરમળ નીર વાલા:
ભીંજે તે રાણી પદમણીરે, ભીંજાય દક્ષણી ચીર વાલા. ૧૦
ભાદરવો ભલે ગાજીઓરે, શીતળ થયા શરીર વાલા;
ઝોરાદે ભીંજાયાં ઘર આંગણેરે, પીઉડો ભીંજાય પરદેશ વાલા. ૧૧
આસો માસે દીવાલડીરે, સુંદરી સજે શણગાર વાલા;
લીલાવટ ટીલડી સોહામણીરે, કંઠે એકાવળ હાર વાલા. ૧૨
બારે માસ પુરા થયારે, આવેલો અધિક માસ વાલા;
ગાય શીખેરે સાંભળજોરે, વિનવે શોભણદાસ વાલા

——(૦)——

ભાગ ૩ જો.

અંબાજીના મહિના (૧૨)

કારતક માસે કરૂણા કરો મુજ માતરે. મા અંબાજી
અલબેલી અંબા સાંભળ મારી વાતરે મા અંબાજી ૧

વાત સાંભળીને સમરૂ શ્રી હરીનાંથરે મા અંબાજી
તારા દર્શનની મને મોટી અંબા આશરે મા અંબાજી ૨

માગશર માસે મન મળવા અકળાયરે મા અંબાજી
તારી પ્રતિક્ષા કરતાં અંબા દીન વહી જાયરે મા અંબાજી ૩

દીન વહી જાયરે આશા મુજને મોટીરે મા અંબાજી
તારા રંગ મંડપમાં હું નવ આવી લોટીરે મા અંબાજી ૪

પોસ માસે મુજને મળવા સોશરે મા અંબાજી
મુજ રાંક ઉપર શો ધરવો માજી રોશરે મા અંબાજી ૫
રોશ ન ધરીએ તમે દેવી છો દયાળરે મા અંબાજી
જેનું નામ ધરાવે શેવકજન પ્રતીપાળરે મા અંબાજી ૬
મહા મહીને કાંઇ વ્રત સાંભળ્યાં તમારાંરે મા અંબાજી
મા શું જુવો છો કુડાં કરમ અમારાંરે મા અંબાજી ૭

કુડા કરમની કરણી છે મધ્યાનરે મા અંબાજી
તારા દરશનનું મને મોટું ધ્યાનરે મા અંબાજી ૮

ફાગણ માસે ફરીફરી ઉલટે અંગરે મા અંબાજી
રંગ ભર્યા મનડાં નવ કરશો ભંગરે મા અંબાજી ૯
ભંગ ન કરશો તનડું અમારૂ તલપેરે મા અંબાજી
ચીત અમારૂં ચરણે આવી અટકેરે મા અંબાજી ૧૦

ચઇતર મહીને ચીંતા મુજને ઝાઝીરે મા અંબાજી
જન્મ ધરી નવ નીરખ્યાં અંબા માજીરે મા અંબાજી ૧૧

નવ નીરખ્યાં મેં અંબા અકળ સ્વરૂપરે મા અંબાજી

મા વળતી ક્યાંથી દેખીશ માતા રૂપરે — મા અંબાજી ૧૨
વઇશાખ મહીને વરસ જાય દેહ નાહીરે — મા અંબાજી
મા હવે વળતી વેળા રહી છે માહીરે — મા અંબાજી ૧૩
વેળા મારી મોડુ દુખરે — મા અંબાજી
વળતી ક્યાંથી દેખીશ માના મુખરે — મા અંબાજી ૧૪
જેઠ માસે મુજને તેડો હેઠરે — મા અંબાજી
નહીં તેડો તો જીવણ જાશે વેઠરે — મા અંબાજી ૧૫
જેઠ માશે ને મીથ્યા થાશે જન્મરે — મા અંબાજી
ભાગ્ય નથી પણ ઓછાં મારાં કરમરે — મા અંબાજી ૧૬
અષાડ માસે અટક ન ધરીએ માતરે — મા અંબાજી
તારા દરશન માટે તલસે મારૂં તનરે — મા અંબાજી ૧૭
તન તલસેને દયા ન આવે માહરીરે — મા અંબાજી
મા દયાળુ દીલથી શું મુકો છો કાઢીરે — મા અંબાજી ૧૮
શ્રાવણ માસે સંઘ ભરાય બહુ ભારેરે — મા અંબાજી
મા ઇચ્છા હોય તે આવે તમારે પારેરે — મા અંબાજી ૧૯
મા સંઘ ભરાયને સઉને ઇચ્છા થાયરે — મા અંબાજી
મા પાપી હોય તે નિશ્ચે પાવન થાયરે — મા અંબાજી ૨૦
ભાદરવામાં શીદને મન ભરમાવોરે — મા અંબાજી
તારાં દુર્લભ દર્શન આપી તાપ શમાવોરે — મા અંબાજી ૨૧
તાપ સમાવી શીતળ કરજો છાંયરે — મા અંબાજી
શીશ નમાવતાં પ્રાયશ્ચિત પ્રલે થાયરે — મા અંબાજી ૨૨
આસો માસે અરજ સાંભળો વહેલીરે — મા અંબાજી
મા આરાસુરમાં કરો આનંદની હેલીરે — મા અંબાજી ૨૩
હેલી કરીને પુરો મનની આશરે — મા અંબાજી

સેવક જનને તેડો તમારી પાસરે   મા અંબાજી ૨૪
માસ બારે પુરણ કીધા ભાતરે   મા અંબાજી
મા વીશમપરી વિશ્વાસ ન કરશો ઘાતરે   મા અંબાજી ૨૫
તેરમો મહિનો પુરૂષોતમ કહેવાયરે   મા અંબાજી
મા હરી પ્રતાપે પુરૂષોતમ સહુ ચહાયરે   મા અંબાજી ૨૬
આંરાસુરમાં નીત આનંદ થાયરે   મા અંબાજી
કરજોડી બાપુ શેવક ગાયરે   મા અંબાજી ૨૭

સીતાજીના મહિના (૧૩)

સાખીઓ.

મારા શ્યામ સુંદર શ્રી રામરે કેને આશરે રહીએ;
મારા પલ પલ માની પ્રણામરે, લલના સંગ લઈએ,
ઘરબાર અલગ ઘનસ્યામરે, મારા સમ નવ જઈએ.   ટેક.
કારતક કેમ કાઢીએ, જુગ જેવી પળ જાય;
તાગ નથી જેમ તોડીએ, પણ મળવાને મન અકળાયરે મા૦ ૧
જોબન દરીયા હુયલે, પીયુ દેશાવર દુર,
અણજાણ્યા અનુભવી, તે શું નીરનું જાણે નુરરે.   મા૦ ૨
માગશરે વેર વિજોગણી, પીયુ પરદેશ પ્રયાણ;
ખવાયે અળગું ખોળીયું, જેના પરવશ પડીયા પ્રાણરે. મા૦ ૩
જળથી જુદી માછલી, રાખો કરી વિવેક,
વારૂ મારા વાલમા, એવા પ્રાણ ન રહે પલ એકરે. મા૦ ૪
પોષે પ્રિતમ પ્રીતડી, વિરહ બાણ વા વહાય;
એ ઘાયલનો અંત નહિ એનું તન તરફડીયાં ખાયરે. મા૦ ૫
ખાવું પીવું ખેલવું, ઓઢણ પહેરણ અંગ;
બોલવું ચાલવું બેસવું, એને પોઢવું ન ગમે પલંગરે. મા૦ ૬

માથે મન તલસે ઘણું, ઝુરે વિજોગણ નાર;
લક્ષ વીંછીની વેદના ઉપજે ચીતમાં અનેક વિચાર. મા૦ ૭
ફાગણ હોળી ફાલતી, ફાગણ રમે સહુ કોય;
એક હોળી મારે આંગણે બીજી હૃદયે હોળી મારા હોયરે. મા૦ ૮
ભીતરમાં ભડકા બળે, જન દેખે નહી ઝાળ;
વલખાં મારે વીધવીધે, જેને ડસીઓ વીરહ વ્યાધી વ્યાળરે. ૯
ચહતર ચકોર ચીતની, શશી વિદેશી શામ;
ભરજોબનમાં એકલી એતો દાઝયા ઉપર જેમ ડામરે મા૦ ૧૦
સુભાગીઆં જે સાસરાં, સજોડ સ્નેહ સહીત;
કયમ કરી વસીએ એકલાં રાણીજાયા જન્મની એ રીતરે મા૦ ૧૧
વા વાયા વઈશાખના, આંબે આવી સાખ;
ભોગી ભમે વિદેશમાં થાય હૃદય બળી ખાખરે, મા૦ ૧૨
સુગાને સ્વપ્નું થયું. મનમાં રહી સુઝાય;
પ્રીતીનું તો પારખું, જે જીભે રહ્યું નહી જાયરે. મા૦ ૧૩
જેઠ તણા તડકા પડે, લાલ જેવી લુ વાય;
સુનાં મંદીર માળીયાં સુની સેજડી ખાવા ધાયરે. મા૦ ૧૪
જાય ન રજની દીન જાતાં, રાત ગએ દીન ન જાય;
વીરહ દુઃખ સ્વામીતણાં, એતે નજરે જોઈ કેમ જાયરે. મા૦ ૧૫
અષાડ ઝબકે દામની, ઘન ગરજે નભ માંય;
બપૈયા પીઉ પીઉ કરે, સુણી વિહરણી વ્યાકુળ થાયરે મા૦ ૧૬
દેવ દાનવ પશુ પક્ષી, માનવા તો કોણ માત્ર;
જીવતાં પ્રેમ વિજોગીયું ગાળે વિરહ વિરહીજન ગાત્રરે મા૦ ૧૭
શ્રાવણ વરસે સરવડે નદીએ આવે નીર;
લીલી ભુમી ભાસે ભલી, ગાજે તરવર ઘોર ગંભીરરે. મા૦ ૧૮

ઘોર અંધારી રાતડી ઝરમર વરસે મેહ;
આંખેથી આંસુ ઢળે, જેનો સ્વામી ગયો તજી સ્નેહરે. મા૦ ૧૯
બાદરવો ગાજે ભલો, રાજની સઉ વૈભોગ;
રંગમાં રઉ રઉ રોગ એ જેને વાહાલાનો થાય વીજોગરે. મા૦ ૨૦
ચંપા ચંપેલી મોગરા, નવપલ્લવ નવ થાય;
વીરહણી જાત જવાસીઓ, તે તો શોચે સુકાઇ જાયરે. મા૦ ૨૧
આસો આવ્યાં નોરતાં રમેજમે નરનાર;
દીવસ દીવાળી દોહલા, તે તો જાણે કીરતાર મા૦ ૨૨
દંપતી અંગ ઉમંગમાં ગાનતાન ગીત રંગ,
અંગરાગ અદ્ભુત થયા, જયજયકાંર જણાવે અનંગરે. મા૦ ૨૩
મનમોહન અધીક માસથી થાય પ્રભુ પ્રસન;
સંગ સીતા જેમ રાખીયાં તેમ ટળે વિરહ વ્યાધી દનરે. મા૦ ૨૪

લાલજીના મહીના

લાલજી કારતક મહીને રથ જાદવરાયે જોતર્યાં,
એ લાલ વહેલા આવજો હો લાલ ૧
લાલજી માગશર મહીને મેલી મથુરા ગયા,
એ લાલ વહેલા આવજો હો લાલ ૨
લાલજી પોશ મહીને પોપટ બેઠો પાંજરે.
એ લાલ વહેલા આવજો હો લાલ ૩
લાલજી માહ મહીનાની સેજલડી સુની પડી,
એ લાલ વહેલા આવજો હો લાલ ૪
લાલજી ફાગણ મહીને ઘેગયો ઘેરીયો,
એ વાલ વહેલા આવજો હો લાલ ૫
લાલજી ચૈત્ર મહીને ચતરભુજ ચાલ્યા ચાકરીરે,

એ લાલ વહેલા આવજો હો લાલ ૬
લાલજી વેશાખ મહીને વાગે હીંડોળા ઝુલતાં
એ લાલ વહેલા આવજો હો લાલ ૭
લાલજી જેઠ મહીને જુગજીવન ઘેર આવીયા.
એ લાલ વહેલા આવજો હો લાલ ૮
લાલજી આષાડ મહીને અબળાને સુખ આપજો,
એ લાલ વહેલા આવજો હો લાલ ૯
લાલજી શ્રાવણ મહીનો સરવડેથી વરસીઓ.
એ લાલ વહેલા આવજો હો લાલ ૧૦
લાલજી ભાદરવો ભલીપેરે ગાજીઓ.
એ લાલ વહેલા આવજો હો લાલ ૧૧
લાલજી આસો માસે દીવાળી ભલે આવીયાં
એ લાલ વહેલા આવજો હો લાલ ૧૨
લાલજી ફુલવાડીમાં રંગ્યાં લાલમ લાકડાં,
એ લાલ વહેલા આવજો હો લાલ ૧૩
લાલજી તેનીરે ઘડાવું નવરંગ પાવડીઓ,
એ લાલ વહેલા આવજો હો લાલ ૧૪
લાલજી પાવડીઓ પહેરીને મ્હારે મોલે આવજો,
એ લાલ વહેલા આવજો હો લાલ ૧૫
લાલજી પાવડીઓથી રડયા તો ભલે પડયા,
એ લાલ વહેલા આવજો હો લાલ ૧૬
લાલજી બળતી ઝળતી બોલું છું પણ ઘણી ખમા,
એ લાલ વહેલા આવજો હો લાલ ૧૭

——(૦)——

વૈરાગ્યના મહિના

કારતક આવ્યો ઓ સખી સજીએ સોળ શણગાર;
ઓઢવાને નવરંગ ચુંદડી. કંઠે એકાવળ હાર,
હવે તો ઘરમાં નથી ગોઠતું, જાણે લઉં વઇરાગ. ટેક
માગશરે મુકી ગયા, મનમાં ન આણી મેર;
રીસ કરી મથુરાં ગયા, કુબજા શું કીધી લહેર. ૧
કહો હરી કેમ રહું એકલી મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું જાણે લઉં વઇરાગ. ૨
પોષ મહીનાની પુનમે, સમણાં લાગ્યાં સાર;
સોળે શણગાર પ્રભુ મેં ધર્યા ના આવ્યા દીનદયાળ. ૩
કહો હરી કેમ રહું એકલી મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું જાણે લઉં વઇરાગ. ૪
મહા મહીનાની સેજમાં આવી વેરણ રાત;
હઇડે મારા વીસરી, રમશું કોની સંગાથ. ૫
કહો હરી કેમ રહું, એકલી મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું જાણે લઉં વઇરાગ. ૬
ફાગણ ફુલ્યો ફુલડે, વનમાં કેસર લાલું,
કસ્તુરીનાં છાંટણાં, ઉડે છે અબીલ ગુલાલ. ૭
કહો હરી કેમ રહું એકલી, મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું જાણે લઉં વઇરાગ. ૮
ચઇતર ચંપો મોરીઓ, મોરી છે દાડમ દ્રાક્ષ.
કોયલડી ટહુકા કરે ભમર કરે ગુંજાર. ૯
કહો હરી કેમ રહું એકલી, મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું, જાણે લઉં વઇરાગ. ૧૦

વઇશાખે વાયા વાવલા, તપે રાધાજીનું તન;
રાધા બોલડા લેઇ રડયાં. નથી બોલ્યાનું મન. ૧૧
કહો હરી કેમ રહું એકલી, મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું, જાણે લઉં વઇરાગ. ૧૨
જેઠ મહીને જદુરાયજી છુટી રાધાજીની વેણુ;
રાધા અબોલડા લેઇ રહ્યાં, નથી બોલ્યાનું મન. ૧૩
કહો હરી કેમ રહું એકલી, મારો શો અપરાધ,
હવે તો ઘરમાં નથી ગોઠતું, જાણે લઉં વઇરાગ. ૧૪
અશાડ આવી ઉલટંગો, મેહુલે માંડયો છે જોસ;
ગોરી ભીંજાય ઘર આંગણે પીઉ ભીંજાય પરદેશ. ૧૫
કહો હરી કેમ રહું એકલી, મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું, જાણે લઉં. વઇરાગ ૧૬
શ્રાવણ વરસ્યો સરવડે નદીએ નીરમળ નીર;
સુપનાંતરમાં દેખીયા, હરી હળધરના વીર. ૧૭
કહો હરી કેમ રહું એકલી, મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું, જાણે લઉં વઇરાગ. ૧૮
ભાદરવો ભલો ગાજીઓ, ભલો વરસ્યો છે મેઘ;
વીજલડી ચમકા કરે, ચોદસ ચાલ્યાં નીર. ૧૯
કહો હરી કેમ રહું એકલી મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું, જાણે લઉં વઇરાગ. ૨૦
આસો માસે નવરાતડી નવ દહાડા નવ રાત;
સઉ ગોપીઓ ટોળે મળી માંડવડી મંગળ ગાય. ૨૧
કહો હરી કેમ રહું એકલી, મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું, જાણે લઉં વઇરાગ. ૨૨

ભાગ ૪ થો.

નરસિંહજી મહારાજનો ગરબો.

ગણુપતી સરસ્વતીને સમરૂં, બેઉ રહુ કરજોડરે.
નરસીંહજીનો ગરબો ગાતાં, કોઈ માં દેશો ખોડ, નરહરી લટકાળા.
ત્રણી મહેર કરો મહારાજ, ગુણુનીધી છોગાળા. ટેક. ૧
લેહેરીપુરે દરવાજે જાતાં, જમણા હાથની ઓળરે.
રાજેશ્વર શીવાજીના સ્વામી, નરસીંહજીની પોળ. નર૦ ૨
શહેર તણી છે શી કહું શોભા, વરણુ વસે છે અઢારરે;
નરસિંહજીના રાજ્યમાં, કોઇને દુઃખ નહીં તલભારરે. નર૦ ૩
દોશીવાણીયા નાણાવટી ને ગાંધી સરઈયા સારરે.
એઉ ઓળમાં બહુ છે વસ્તી ચુડગરને કંસાર; નર૦ ૪
પુર્વ દીશાએ અષ્ટ ભુજાને ઉત્તર બહુચર ગાજેરે.
પશ્ચિમમાં તો પીર વસે છે, દક્ષીણુ હનુમંત બીરાજે. નર૦ ૫
ચાર દીશાએ જબરી ચોકી, બીજા દેવ અપારરે;
શહેર વચે નરસીંહજી ગાજે સઉ શતરને બાર. નર૦ ૬
સિંહાસન આસન ઉપર, અલબેલો બીરાજેરે;
મંદીરની તે શી કહુ શોભા, નીત્ય ચોઘડીયાં વાજે. નર૦ ૭
પિતાંબર જરકસીના વાઘા, પાઘ ફલંકી પટકોરે.
મોર મુગટને કાને કુંડળ, જોઇ ચિતમાં લાગે ચટકો. નર૦ ૮.
હીમ હીરાને માણેક મોતી, શોભાનો નહી પારરે;

આભુષણ શોભા દેખી, મન કરે વિચાર. નર૦ ૯
નીત નીત શોભા નઉત્તમ નયણે જોતાં પહોંચે આશરે;
જમણે હાથે જોત દીવાની, અખંડ બારે માસ. નર૦ ૧૦
નરસીંહજીની નીતી કહીએ, ત્રણ લોકથી ઝાઝીરે;
ઘીનાં ટાંકાં ઘેર ભર્યાં પણ, નરસીંહ લોટપર રાજી. નર૦ ૧૧
સમે આરતી શોભે કેવી, આનંદ સરખું થાયરે;
ઘંટને ઘડીયાળો વાગે, ગાન ગુણીજન ગાય, નર૦ ૧૨
દસરાને દીવસે વહાલો, અંબાડીમાં બીરાજેરે;
અઇરાવતની શોભા દેખી, કામ કોટીક તો લાજે. નર૦ ૧૩
આઠમ ચઉદશ દીવાળીયે આનંદ ઓચ્છવ થાયરે;
શ્રાવણ માસની શી કહું શોભા, એ ન વરણવી જાય. નર૦ ૧૪
શ્રાવણ વદી ત્રીજને દહાડે, કાજળનો મહીમાયરે.
પાછલી રાતે હીંડોળાના, ઘુઘરા છુટી જાય. નર૦ ૧૫
કારતક માસની શોભા કહીએ, પ્રભુનું લગ્નજ થાયરે;
સુદ ચઉદશની દીવીયો જોતાં ગાત્ર નરમ થઇ જાય. નર૦ ૧૬
ચઉદશની તો દીવીયોને પુનમનો વરઘોડોરે;
તુળશી વાડીયે દરશન કરવા, સજન સહુકો દોડો. નર૦ ૧૭
ચારે પાસે ચમર ઢળેને, બહુ બોલે છડીદારરે;
ખમાખમા સહુ મુખથી કહે છે, શોભાનો નહીં પાર. નર૦ ૧૮
બ્રહ્માદિકને નારદ સરવે, અંતરિક્ષ જોવા આવેરે,
ધન ભાણાભાઈ ભાગ્ય તારૂં, નિત્યે લાડ લડાવે. નર૦ ૧૯
ધન તાત ધન માતા ધારી, ધન તારો અવતારરે;
નીત્ય પ્રભુને લાડ લડાવે ભાગ્ય તણો નહી પાર. નર૦ ૨૦
પરણાવીને પાછા વળ્યાને, આવ્યા રાજ અવાસરે;

તરેહ તરેહ આતશબાજી, ઉડે પ્રભુની પાસ નર૦ ૨૧
ત્યાંથી પ્રભુ આગળ પધાર્યા આવ્યા મંદીર મોજારરે
દેવ સર્વ વિમાને બેશી, કરે પુષ્પ વૃષ્ટિ અપાર. નર૦ ૨૨
મંદીર સામી શોભા કેવી દીપમાળની શોભેરે.
પોળ મધે મદનમોહનજી, દરશને મન લોભે. નર૦ ૨૩
દયા કરી દરશન દેજો, અંગમાં ઉલટ આણીરે
કષ્ટ મારા સહુ કાપી નાંખો દાસ પોતાનો જાણી. નર૦ ૨૪
રંક ઉપર તો રીસ ન કરવી મહેર કરો મહારાજરે,
ગાંડો ઘેલો દાસ તમારો બાંય ગ્રહ્યાની લાજ. નર૦ ૨૫
નરસીંહજીનો ગરબો ગાયો, સુણજો સહુ નરનારરે,
બેઉ કરજોડી શીવલાલ કહે, પ્રભુ ઉતારો ભવપાર. નર૦ ૨૬

શ્રી કૃષ્ણના દશ અવતારનો ગરબો.

મારા કૃષ્ણજીરે લોલ તે કંઠ કેરૂં ઝુમણુંરે લોલ;
હરી હૈયા કેરો હાર મારા વાલારે કૃષ્ણ વગાડે રૂડી.
વાંસળીરે લોલ ટેક.

મારા કૃષ્ણજીરે લોલ પહેલે રૂપે કાનજીરે લોલ;
ધર્યો મચ્છ તણો અવતાર મારા વાલારે, મચ્છે સમુદ્ર ગોળિયોરે લોલ
માર્યો સંખા તે સુર દઇત મારા વાલારે. કૃષ્ણજી૦ ૧
મારા કૃષ્ણજીરે લોલ બીજે તે રૂપે કાનજીરે લોલ.
ધર્યો કચ્છતણો અવતાર મારા વાલારે.
કચ્છે સમુદ્ર મથન કર્યોરે લોલ મેરને રવૈયો મારા વાલારે.
સમુદ્રની ગોળી કરીરે લોલ તમે ગોપીનો નાથ મારા વાલારે;
શેષનાગનાં નેત્રાં કર્યાંરે લોલ કહાડયાં તે ચઉદ રતન મારા
વાલારે કૃષ્ણજી૦ ૨

મારા કૃષ્ણજીરે લોલ, ત્રીજેને રૂપે કાનજીરે લોલ,
ધર્યો વરાહતણો અવતાર મારા વાલારે.
પૃથ્વી લઇ દાઢ ઉપર ધરીરે લોલ, પેઠો તે પાંચ પાતાળ મારા
વાલારે કૃષ્ણજી૦ ૩
મારા કૃષ્ણજીરે લોલ ચોથેને રૂપે કાનજીરે લોલ;
ધર્યો નરસિંહ તણો અવતાર મારા વાલારે,
સ્થમ્ભ ફોડીને પ્રગટ થયારે લોલ માર્યો હીરણ્યા તે કંસ;
દઇત મારા વાલારે, ઉગાર્યો પ્રહલાદે ભકતનેરે લોલ.
એવા ભક્તવચ્છળ છો નાથ મારા વાલારે. કૃષ્ણજી૦ ૪
મારા કૃષ્ણજીરે લોલ પાંચમેને રૂપે કાનજીરે લોલ
ધર્યો વામનતણો અવતાર મારા વાલારે.
ત્રણ ડગલાં પૃથ્વી ભરીરે લોલ, બળી ચાંપ્યો પાતાળ મારા
વાલારે. કૃષ્ણજી૦ ૫
મારા કૃષ્ણજીરે લોલ છઠેને રૂપે કાનજીરે લોલ;
ધર્યો ફરશુરામનો અવતાર મારા વાલારે, ફરશી તે લીધી
હાથમાંરે લોલ છેદ્યાં ક્ષત્રીઓનાં શીષ મારા વાલારે.
પુતનાને હાથે હણીરે લોલ વાળ્યાં પીતાનાં વેર મારા વાલારે
કૃષ્ણજી૦ ૬
મારા કૃષ્ણજીરે લોલ સાતમેને રૂપે કાનજીરે લોલ;
ધર્યો રામચંન્દ્રનો અવતાર મારા વાલારે સીતા લઇ વન
નીસર્યારે લોલ, શેતુ બાંધ્યો પાહાણ મારા વાલારે.
રણમાં તે રાવળ રોળીઓરે લોલ, આપ્યાં વીભીષણ રાજ મારા
વાલારે કૃષ્ણજી૦ ૭
મારા કૃષ્ણજીરે લોલ આઠમેને રૂપે કહાનજીરે લોલ,

ધર્યો કૃષ્ણ તણો અવતાર મારા વાલારે, મથુરામાં હરી
પ્રગટીયારે લોલ, ગોકુળ કીધો છે વાસ મારા વાલારે.
માર્યો તે મામા કંસનેરે લોલ, ગોપી લડાવ્યાં લાડ મારા વાલારે
માતા પીતા છોડાવીયારે લોલ, આપ્યાં ઉગ્રસેનને રાજ
મારા વાલારે કૃષ્ણજી૦ ૮
મારા કૃષ્ણજીરે લોલ નવમેને રૂપે કાનજીરે લોલ ધર્યો બુદ્ધ,
તણો અવતાર મારા વાલારે જપમાળા કરમાં ધરીરે લોલ.
લીધું છે મુનીવ્રત મારા વાલારે. કૃષ્ણજી૦ ૯
મારા કૃષ્ણજીરે લોલ દશમેને રૂપે કાનજીરે લોલ ધર્યો
કલંકી અવતાર મારા વાલારે, ત્રણ પગલે ઘોડો દોડેરે લાલ.
પૃથ્વી તો રસાતાળ મારા વાલારે કૃષ્ણજી૦ ૧૦
મારા કૃષ્ણજીરે લોલ, ગાય શીખેને સાંભળેરે લોલ પામે
તે વઇકુંઠ વાસ મારા વાલારે મહેતો નરસઈ વિનવેરે લોલ
રાખો ચરણ કમળની પાસ મારા વાલારે કૃષ્ણજી૦ ૧૧

સીતાની કાંચળીનો ગરબો.

(પરમેશ્વરીને પાયે પડી હો બહુચરી કહુ કળીજુગના કર્મ એ રાગ)
કેકૈ ક્રોધમાં બોલીયાં હો બહુચરી રામલક્ષમણ વન જાય,
પહેલું તે વન રામે મેલીયું હો બહુચરી સીતાએ રોપ્યાં છે વૃક્ષ
અમરો ને ડમરો રોપીઓ હો બહુચરી રોપ્યાં છે દાડમ દ્રાક્ષ,
રાજા રાવણનો મરઘલો હો બહુચરી વનફળ ચરી ચરી જાય.
ચરતાં સીતાએ ભાળીઓ હો બહુચરી કાંચલડી સીવડાય. ૩
સાવ સોનાનો કંચવો હો બહુચરી. ચામડામાં શો સાર.

નહી કાકાના કટમમાં હો બહુચરી; નહીં મામાને મોસાળ ૪
નહી મહીયરમાં બાંધવો હો બહુચરી કોને ચડાવું પાડ;
સીતા મહીયરનાં પાતળાં હો બહુચરી કોણ લડાવે લાડ. ૫
સીતાના બોલ સાંભળ્યા હો બહુચરી ધનુષ્ય લીધુ હાથ;
પહેલું તે બાણ રામે ફેંકીયું હો બહુચરી, જઈ પડયું દરીયા સાથ ૬
બીજે તે બાણે મૃગ મારીઓ હો બહુચરી ધાજો હો લક્ષ્મણવીર
સીતા કહે જાઓ દીએર હો બહુચરી હણ્યા તમારા વીર. ૭
ઘેલાં સીતા ઘેલું ન બોલીએ હો બહુચરી રામ હણ્યા કેમ જાય.
આણ આપી છે શ્રીરામની હો બહુચરી લક્ષમણ વાંસે ધાય. ૮
રાવણ આવ્યો જોગી વેશથી હો બહુચરી ભીક્ષા દો સીતામાય.
આણો આપી છે શ્રીરામની હો બહુચરી, ભીક્ષા આપી નવ જાય ૯
એક પગ મુકો આણમાં હો બહુચરી, બીજો તે આણો બહાર;
ખાંધે મુકીને રાવણ ચાલીઓ હો બહુચરી હરી છે સીતાનાર ૧૦
મૃગ મારીને રામ લાવ્યા હો બહુચરી, નાંખ્યો મડીની બહાર.
સુનાં મંદીર દીસે માળીઆં હો બહુચરી, કયાં ગઇ સીતાનાર. ૧૧
રામ રૂવે લક્ષમણ રીઝવે હો બહુચરી, ઘેલા ના રોશો રામ;
સીતા સરખી પરણાવશું હો બહુચરી, સીતા ધરાવશું નામ. ૧૨
જળજળ કમળ ના નીપજે હો બહુચરી, વનવન અવર ના હોય
ઘેર ઘેર સીતા ન નીપજે હો બહુચરી, બંધવ વિચારી જોય. ૧૩
રામે તે પાનબીડાં ફેરવ્યા હો બહુચરી કોઇ છે બળીઓ જોધ;
બીડું ઝીલે હનવો જતી હો બહુચરી, લાવું સીતાની શોધ ૧૪
હામ થેકી ઉપડયો હો બહુચરી, ગયો લંકા મોઝાર;
જોયાં ચોરાસી ચોટડાં હો બહુચરી, જોઇ જોઇ તો બાવન બજાર. ૧૫
જોયાં મંદીર જોયાં માળીઆં હો બહુચરી, જોયું રાવણનું રાજ;

કંઇ સીતા દીઠાં નહીં હો બહુચરી, ગયો પાણીઆરીને ઘાટ.૧૬
બાઈ પાણીયારી તને વીનવું હો બહુચરી, ક્યાં છે સીતાબાગ;
અશોકવાડીને ઝાડવે હો બહુચરી, ત્યાં જો તુજથી જવાબ. ૧૭
ત્યાંથકી હનુમંત ચેઢીઓ હો બહુચરી, આશોપાલવને ડાળ;
પડતી મહેલી પવીત્ર હો બહુચરી, મહેલી તે સીતા નાર. ૧૮
મુદ્રીકા મારા રામની હો બહુચરી, ક્યાંથી લાવ્યો હનુમાન;
કોને તને જોવા મોકલ્યો હો બહુચરી, કોણે આલ્યાં એંધાણ. ૧૯
રામે જોવા મોકલ્યો હો બહુચરી,લક્ષ્મણે આલ્યાં એંધાણ;
બાળ લેવા હું આવિયો હો બહુચરી પંચવટીથી પ્રમાણ. ૨૦
તરશો તે હઇશ બાઈ સાવજા હો બહુચરી તહાડાં તે નીર પી જા;
ભુખ્યો તે હઇશ બાઈ સાવજા હો, બહુચરી પડયાંજ વનફળ ખા. ૨૧
ઝીંઝોરેને ઝપાટે હો બહુચરી, ખંખેરેને ખાય;
માળી આવ્યો માથુ કુટતો હો બહુચરી, રાવણ પાસે જાય. ૨૨
રાવણ બળથી બોલીઓ હો બહુચરી, મારો બળીને બાણ;
મારજો લોઢેને લાકડે હો બહુચરી, મારજો એરણ ઘાણ. ૨૩
કુંભકર્ણે બાથા ભીડીયા હો બહુચરી, માર્યું બળીને બાણ;
ઇંદ્રજીતે બાથા ભીડીયા હો બહુચરી, કે હું વાળું એનો ઘાણ. ૨૪
નહી મરૂં લોઢેને લાકડે હો બહુચરી નહી મરૂં એરણને ઘાણ;
સાચુ બોલ બાઇ સાવજા હો બહુચરી, શેને તજે તું પ્રાણ ૨૫
અધી લંકાનાં ગોદડાં હો બહુચરી, શરબ ઘાણીનું તેલ;
મારે તે પુછડે બાંધજો હો બહુચરી અગ્નિ તેમાં મેલ. ૨૬
ગોત વાંદરાનું તે થઇ હો બહુચરી, ચેતજો મનમાં ઝટ;
ત્યાં થકી ઉપડયો ઠેકડે હો બહુચરી, જઇ બેઠો લંકાગઢ. ૨૭

બાળ્યાં ચોરાસી ચઉટાં હો બહુચરી, બાળ્યાં છે બાવનબજાર;
રાખ્યાં વિભિષણ ખોલડાં હો બહુચરી, આસાપાલવ ડાળ. ૨૮
લંકા બળે અતુલની હો બહુચરી, હનુમાનને હસવું થાય;
જુનાગઢને ગાંદરે ગાંદરે હો બહુચરી; નાગર નરસઇઓ ગાય. ૨૯

અંબાજીનો ગરબો.

(ગોરમાના ગરબાનો રાગ.)

હું તો ગણપત લાગુ પાય કે ગાઉં ગરબો આરાસુરી તણોરે લોલ.
આરાસુરમાં બેઠી માત કે મહિમા આતઘણોરે લોલ.
માને પારે આવે લોક કે દૂર બહુ દેશથીરે લોલ,
આવે બાળજોબનને વૃદ્ધ કે અતિ ઘણા હેતથીરે લોલ. ૨
મા દીવસમાં ત્રણ રૂપ કે ધરે અતિ શોભતાંરે લોલ.
જોબન બાળ અને વળી વૃદ્ધ કે આયુધ ઓપતાંરે લોલ. ૩
માને છત્ર સોનાનું છાજે કે રત્નની ઝુલ્યછેરે લોલ;
ફરતી હીરાની છે કોર કે છત્ર અમુલ્યછેરે લોલ. ૪
કેસરી ઉપર બેઠી માતકે સહુ આયુધ ધરેરે લોલ,
કોટી સુરજ ઝાંખા થાય કે લેલાટે બાડ કરીરે લોલ. ૫
માને શોભીતા શણગાર કે, શોભા શી કહુંરે લોલ,
માનો શેષ ન પામે પાર કે, હું તે શું લહુંરે લોલ. ૬
માને કંઠે એકાવળ હાર કે શોભે અતિ ઘણોરે લોલ,
માને બાંહે બાજુબંધ કે સુડો સોના તણોરે લોલ ૭
હીરા રત્નતણી કંગણીઓ કે ચુનીઓ મઢી અતિ ઘણીરે લોલ;
સાચા મોતીના ગજુબંધ કે મધ્યે છે મણીરે લોલ. ૭
માને કાને કળાફુલ કે નાકે વાળી શોભતીરે લોલ,
માને સેંથો પુર્યો અનુપ કે દામણી ઓપતી લોલ, ૮

માને દશે આંગળીએ વેઢ કે ઝાંઝર ઝમઝમેરે લોલ;
કલાં કાંબીને તોડા કે ઝાંઝર ઝમઝમેરે લોલ. ૧૦
માને ચણીઓ ચોળીને ચીર કે ઓઢી ચુંદડીરે લોલ;
માના ચોક વચ્ચે સહુ નાર કે ફરે ફુદડીરે લોલ. ૧૧
માને ઘીની બળે છે જોત કે, જોઇ રવી શોભીઓરે લોલ;
માનું તેજ જોઈ મન મોહે કે હું તો લોભીઓરે લોલ. ૧૨
માના દરશનથી દુઃખ જાય કે પાપ સહુ બળેરે લોલ;
શું કહું મંડપની શોભાય કે મુખમાં અમી ઝરેરે લોલ. ૧૩
માને માનસરોવર સાર કે માંહી અમૃત ભર્યુંરે લોલ,
તેમાં જે કોઇ જઇને નાહ્યા કે તેહનું કામ સર્યુંરે લોલ. ૧૪
શું કહું સ્થાનકની શોભાય કે કામ મીના તણુંરે લોલ;
માનો પુનમે સંઘ ભરાય કે શું વરણન કરૂંરે લોલ. ૧૫
ફરતી બંગલાને બેઠકો કે આત ઘણી ઓપતીરે લોલ;
માને સન્મુખ છે એક વાવ્ય કે સુંદર શોભતીરે લોલ. ૧૬
ત્યાંથી ચાલ્યા ઉત્તર માંહ્ય કે સુંદીર બાગ છેરે લોલ;
શું કહું આરાસુરની શોભાય કે રચના અથાગ છેરે લોલ. ૧૭
માને સુરીનર મુનિજન સેવે કે બ્રહ્મા ધ્યાન ધરેરે લોલ;
માને નીશદીન સનમુખ કે દેવ સ્તુતી કરેરે લોલ. ૧૮
માનો ગરબો જે કોઈ ગાય કે નીત્ય પાઠ કરેરે લોલ;
કોટીક પાપ પ્રલય થાય કે તે સેહેજે તરેરે લોલ. ૧૯
માજી શેવક જાણી તારો કે કરૂણા કીજીએરે લોલ;
માજી દીન સેવકની વીનતી કે ઉરમાં લીજીએરે લોલ. ૨૦
માજી ગુણ ગાવા નીશદીન કે બુદ્ધી આપજોરે લોલ;
સુણી રણછોડદાસની વીનતી કે શરણે રાખજોરે લોલ. ૨૧

ભાગ ૫ મો

કાળીકાનો ગરબો,

જુગદેવીરે જશ ગાઉ છું મહાકાળીરે, ૧
ડુંગરે વસજો માત પાવા વાળીરે;
સેવક જાણી તાહરો મા. શીર ઉપર ધરજો હાથ પાવા. ૨
હોંસ હઇડામાં થાય છે મા. ગુણ ગાવાનું છે મન. પાવા. ૩
દયા કરો તમ દાસને મા. તેથી ઉપજે બુદ્ધી પાવન. પાવા. ૪
ગુણ ગંભીર છે તાહરા મા કહેતાં ન આવે પાર. પાવા. ૫
બાળક બુદ્ધિ શું કરૂં મા. જો હોય તારો આધાર. પાવા. ૬
નવતેરી નગરી વિશે મા. ચંપાવતી ચતુરસુજાણ. પાવા. ૭
રામ સરખું રાજ છે મા. મહી વસે અઢારે વરણ. પાવા. ૮
ત્યાં ચતુર નારીઓ અતી ઘણી મા. નીરમળ છે તેનું મન પાવા. ૯
ગરબો ખેલે ચોકમાં મા. નવરાત્રી ફેરે દીન. પાવા. ૧૦
શણગાર સરવે શોભતા મા. પહેરી હીરાગળ ચીર પાવા. ૧૧
ગુણવંતી ગરબે રમે મા. રાખીને મનશું ધીર પાવા. ૧૨
તાળીની ઝડીઓ પાડે મા. ત્યાં શોભા નૌતમ થાય; પાયા. ૧૩
કોકીલ શબ્દ સોહામણા મા. નવરંગી નારી ગાય. પાવા. ૧૪
તે પળે માતા આવીયાં મા. વીજળીના સરખુ રૂપ; પાવા. ૧૫
સુરજ સરખાં શોભીતાં મા. માએ રૂપ ધર્યું અદ્ભુત. પાવા. ૧૬
રાણીઓ સર્વ ઝાંખી પડી મા. તેજ તણો અંબાર પાવા. ૧૭
રાણીઓ મનમાં એમ ધરે મા. બાં આ કો નવલી નાર. પાવા. ૧૮
રૂપ સ્વરૂપે આગળી મા. જેની સોના સરખી કાય; પાવા. ૧૯
મધ્યરાત્રે રાણીઓ પરવરી મા. જઈને વિનવીયો રાય. પાવા. ૨૦
રાણીઓ રાય આગળ કહે મા. સાંભળજો પ્રાણ આધાર પાવા. ૨૧

એક રામા સુંદીર આવી છો મા. જ્યાં બાવનમો બજાર પાવા. ૨૨
બત્રીસ લક્ષણુ આગળી મા. તે તો પદમણીનો અવતાર પાવા. ૨૩
તેને જોઈ ત્રીભોવન મોહી રહે મા. તે આગળ નહિ કો નાર પાવા. ૨૪
રાજાને નામી ગમી મા. વળી સુરજ થયો પ્રકાશ. પાવા. ૨૫
તે દિવસ ગયો અતિ દોહલો મા. મનડામાં મોટી હામ પાવા. ૨૬
વળી રાત પડી દીન આથમ્યો મા. ચોખડીઆં ઠમકે બહાર પાવા. ૨૭
ઘેરઘેરથી સઉ નીસર્યાં. મા. ગરબે ગાવા સઉ નાર. પાવા. ૨૮
રંગ મચ્યો સાહેલડી મા. એવામાં આવ્યાં માત; પાવા. ૨૯
ત્યાં રાણીએ દાસી મોકલી મા. રાય આગળ કહે વાત પાવા. ૩૦
ત્યાંથી પતાઇ રાવળ ઉઠયો મા. જોવાની નવલી નાર પાવા. ૩૧
આવી નીરખી નયણે ભરી મા. વિષય વળ્યો અપાર પાવા. ૩૨
નખ શીખ સુધી નીરખીયાં મા. મુરછાએ પડીઓ રાય પાવા. ૩૩
રાજા રૂપે મોહી રહ્યો મા. નારીશું લાગ્યો નેહ. પાવા. ૩૪
રમતાં રજની વહી ગઇ મા. સઉ વળ્યાં પોતાને ઘેર પાવા. ૩૫
ત્યારે માત ચાલ્યાં એકલાં મા. પતાઇએ જાણી પેર; પાવા. ૩૬
પાપી પુંઠે પરવર્યો મા. માતાનો ઝાલ્યો હાથ; પાવા. ૩૭
આગ માગ મુખથી કહ્યું મા એવું મુખથી બોલ્યાં માત પાવા. ૩૮
તારૂં રૂપ વસ્યું હૈયા વિષે મા. હું રાખીશ મારે ઘેર પાવા. ૩૯
ત્યાં મહેલ ચણાવું માણેકના મા. તેની કોઇ ન જાણે પેર; પાવા ૪૦
મારે મોહોલે રાણીઓ અતિ ઘણી મા તેમાં પટરાણી આપ પાવા૪૧
ખાઓ પીઓ ખુશી કરો મા. રૂડી રાજ્ય સરખી રીત પાવા. ૪૨
ત્યારે કોપ કરીને બોલીયાં મા. તારૂં પ્રગટયું રાજા પાપ પાવા. ૪૩
તારૂં રાજ્ય જશે જડમુળથી મા. આવી મળશે તારો હોમ પાવા. ૪૪
ચેત ચેત તું અભાગિયા મા. ત્યાં રોપ્યો રણુસ્થંભ; પાવા. ૪૫

પોઠ ચલાવી પાધરી મા. બુડીઓ દરવાજે બંધ; પાવા. ૪૬
સુરદાસે રહીને પુછ્યું મા. શું ભર્યું છે માલ રસાળ પાવા. ૪૭
ત્યારે બુડી મારી કારમી મા. મેગલા મહીથી નીકળ્યા દહીત પાવા૪૮
ત્યારે સળીયે વાટળીયે સત્ય મુક્યું મા. જઇ પતાઇને કહી પેર પાવા૪૯
જુધ મચ્યું જેમ જોરથી મા. થઇ ત્યાં રહ્યા ઉતપાત પાવા. ૫૦
તારે એવું દળ સઘળું રહ્યું મા. તે જુધ થયું વરસ બાર પાવા. ૫૧
લેઇ લશ્કર આગળ થયો મા. પછી ભેળવીઓ ચંડાળ; પાવા. ૫૨
લોહી તણી નદીઓ વહી મા. ત્યાં વરત્યો હાહાકાર પાવા. ૫૩
તારે પતાઇ રાવળનું પત ગયું મા. જાણી જુગમાં વાત પાવા. ૫૪
તારે પતાઈ મનમાં સમજ્યો મા. મુજ ઉપર કોપ્યાં માત પાવા. ૫૫
કરગરતો રાજા ગયો મા. બેઉ કરજોડી હાથ. પાવા. ૫૬
મુજ ઉપર માતા મહેર કરો. મા. દળ સઘળુ પાછુ જાય; પાવા. ૫૭
મહાકાળી મનમાં એમ ધરે મા. સુખાને આપું સુખ: પાવા. ૫૮
મા તું અનામી રાણીઓ મા. પતાઇનું ટાળ્યું દુઃખ પાવા. ૫૯
જે ગાયે શીખેને સાંભળે મા. તેની માતા પુરે આશ; પાવા. ૬૦
મા તું ગુણવંતી કાળકા મા. ગુણ ગાય એ ગોકળદાસ પાવા. ૬૧

ગોરમાનો ગરબો.

ગોરમા ગણપત લાગુ પાય કે વીધાત્રાને વીનવુ રે લોલ.
ગોરમા બરડોને ભરથાર કે, આપો શું મનેરે લોલ,
ગોરમા ધીક ધીક અવતાર કે, શું હું કહું તનેરે લોલ,
ગોરમા રણ સંબંધી મુજ તાત કે, મા મારી પાપણીરે લોલ,
ગોરમા સંસાર કીધો સરપ કે, સજે થઈ સાપણીરે લોલ,
ગોરમા હું છું નાનું બાળ કે, પીઉં ઉંડીઓરે લોલ,

ગોરમા દીઠે પડે છે ફાળ કે, મુરખ છે બુઢ્ઢીઓરે લોલ.
ગોરમા મારૂ થયું જોબન કે પીઉ ઘરડો થયોરે લોલ,
ગોરમા હું કંઇ કોઇીલ શબ્દ કે પીઉ તો સુઇ રહેરે લોલ.
ગોરમા સુજને થયાં વરસ સોળ કે, પીઉને એંશી થયારે લોલ,
ગોરમા દીઠે જાણું જક્ષ કે, બુધ સઘળી ગઇરે લોલ,
ગોરમા શિયાળાની રાત કે સરદ સોહામણીરે લોલ.
ગોરમા વૃદ્ધ પીયુની જાત કે, દીસે બીહાંમણીરે લોલ,
ગોરમા રજની રમવા ઘચ્છું કે આંજુ આંખડીરે લોલ.
ગોરમા ચેન કરતો બોલે કે ગ્રહી લાકડીરે લોલ,
ગોરમા શિયાળાની રાત કે સ્વાદ હોય અતિ ઘણોરે લોલ,
ગોરમા રજની વિતિ એક કે, આજ મારે આખડીરે લોલ,
ગોરમા કંટક તનમે બડકે કે, ડોહો કેમ મરેરે લોલ,
ગોરમા નવરાત્રીના દીન કે, સરદ સોહામણીરે લોલ,
ગોરમા દુરબળ મારો કંથ કે, દીન જાય દોહલારે લોલ,
ગોરમા વિજયાદશમી દિન કે સહુ શણુગાર સજેરે લોલ,
ગોરમા મારે ઘરડો કંથ કે ધીક અવતારનેરે લોલ,
ગોરમા સહુને મન દિવાળી કે મારે મન હુતાસણીરે લોલ,
ગોરમા મોરા કરમના ભોગ હું નિસાસણીરે લોલ,
ગોરમા રાત દીવસ ન દેખુ કે જાણું દવ બળેરે લોલ,
ગોરમા સુજ સરખો પુરૂષ દેખું કે મન મારૂં બળેરે લોલ,
ગોરમા મારા કાળા કેશ કે એના ધોળા થયારે લોલ,
ગોરમા હું થઇ જોબન વેશ કે, તન મારૂં બળેરે લોલ,
ગોરમા મોઢે આવે લાળ કે, નેત્રે નિર ઝરેરે લોલ;
ગોરમા હું નારંગી જેવી કે, તન મારૂં બળેરે;

ગોરમા સેજ બિછાવે પુષ્પ કે, તે દેખી ડરેરે લોલ,
ગોરમા સાસ ઉદસને પીડ કે, પીઉ ઉંઘો સુવેરે લોલ,
ગોરમા આભુષણ પહેરૂં અંગ કે વસ્ત્ર બહુ ભાતનાંરે લોલ.
ગોરમા મીથ્યા થયો અવતાર કે, અસી જાતમાંરે લોલ,
ગોરમા શું આપ્યો અવતાર કે નાગરી નાતમાંરે લોલ.
ગોરમા સુખ ન પામી એક કે, દુઃખ બહુ ભાતનાંરે લોલ.
ગોરમા જેને જોબન કંથ કે પુન્ય કીધાં હશેરે લોલ,
ગોરમા મેં કીધા બહુ પાપ કે હું જીદની બહુરે લોલ.
ગોરમા ઓરીઓ ન વિત્યો એક કે, અધરણીની રીતનોરે લોલ.
ગોરમા પુરૂષ ન દીઠો એક કે, પુરી પ્રીતનોરે લોલ,
ગોરમા શીવજી પુજુ સદાય કે પામુ જોબન ધણીરે લોલ,
ગોરમા મન મારૂં વ્યાકુળ કે એનું કેમ ગમ્યુંરે લોલ.
ગોરમા કામી દેજો કંથ કે, ભય ભાગે સહુરે લોલ.
ગોરમા નહોતી સાસુ નણંદ કે, તો જીવતી રહુંરે લોલ;
ગોરમા પીઉજી આવે ઘેર કે, હું ભમતી ફરૂંરે લોલ.
ગોરમા લાવ્યા એકજ વસ્ત્ર કે, હું તો શું કરૂંરે લોલ,
ગોરમા દુઃખનાં ઉગ્યાં ઝાડ કે સુકયાં પાળવારે લોલ.
ગોરમા હું સંપુર્ણ કુંભ કે મારી જાળવેરે લોલ.
ગોરમા લોક સાગે કરૂં હોંશ કે મા મારી વારતીરે લોલ,
ગોરમા જાણતાં દેતી ફાંસી કે વીખ દેઈ મારતીરે લોલ.
ગોરમા પીવજી પોહોડયા બહાર કે જાણે થઉ સતીરે લોલ,
ગોરમા હવે મરૂં સત્ય કે, જે કરમની મતીરે લોલ.
ગોરમા વિનતી કરૂં છું એક કે જે કરમ તણી પતીરે લોલ,
ગોરમા કરજોડી લાગુ પાય કે, સમર્થ દેજો પતીરે લોલ.

ગોરમા વિનતી કરૂં છું એક કે, આજ સુધી સાંભળોરે લોલ.
ગોરમા સર્વને દેજો જોડ કે, માતા કરૂણા કરીરે લોલ.
ગોરમા કામી દેજો કંથ કે વલ્લભ કહે કરગરીરે લોલ.

બાળ લીલાનો ગરબો.

કુંવરને વારોને વ્રજરાણી ટેક.

સહુ વ્રજનાર મળીને આવી, શ્રી યશોદાજીને ધામેરે,
લાડકવાયો પુત્ર કર્યો કયમ, વસીએ ગોકુળ ગામ. કુંવર ૧
એક કહે જળ ભરવા જાઉં ત્યારે ઘરમાં પેસે ગીરધારીરે:
માનશો નહિ પણ માડી કહું તમે, સાંભળોને ગતિ મારી. ૨
સાંચ્યું સંતાડ્યું હોય જે મારૂં તે ક્ષણ શોધી કહાડેરે;
પોહોચે નહિ તો પાટો માંડીને, તેથી ન પહોંચે તો પાડે. ૩
ત્યારે માતાજી એમ બોલ્યાં તમે, તમે ચતુર થઇ કાં ચુકોરે:
જ્યાં એની દ્રષ્ટે પડે નહી ત્યાં અંધારે વસ્તુ મુકો. ૪
યશોદા શું વિનંતી કહે વાણી, મુકી જોયું અંધારા માંહેરે.
એની શી ચિંતા થાય અજવાળું, જઈ ઉભો રહે જ્યાંય. ૫
કૃષ્ણ માતા એણીપેરે બોલ્યાં મેલી ગોપી શીદ શોચે.
અહિ માખણ ઉચું શીકે મુકો, ત્યાં બાળક નહિ પહોંચે. ૬
તવ બોલી એક બાળા આવો, હું શીકાની ગત દેખાડુંરે.
શાણા સુતનાં જુઓ પરાક્રમ, થાય અંતર ટાઢુંરે. ૭
લાકડી લઇ ઉખલપર ચઢીને. શીકેથી લઇ સહુ ખાયરે,
સખાને આપે તેથી તે વધે તો, માકલડાંને પાય, ૮
માતા કહે એ બળથી ન પહોંચે, એવું ઉચું તમે બાંધોરે,

મહી તણું મુખ વસ્ત્ર બાંધી, સોય દોયડે સાંધો. ૯
હજુ તમે પણ લક્ષણ લાડકવાયાનાં ન જાણો માતરે,
ઘરમાં ગરીબ એ બારણે બીજે, વિતે તે જાણે વાત. ૧૦
એક સખીની ખાંધે ચઢીને, અતિ ઉચું પણ ચાખેર,
તેથી ન ફાવે તો દોણી કરે કાણી, ધારે તળે મુખ રાખે. ૧૧
ત્યાં માતાજી કહે બાળકને, હું કઇ રીતે ખોળું રે;
મહી માખણ મુકી મજુસમાં; દોને ત્રિયા તમે તાળું ૧૨
એક કહે માડી એમ કરે તો થાય છે બમણું જાનરે
ખાવા ન પામે ત્યારે ખીજી દે ગાળો, ભાગે પાત્ર બહુ કાન. ૧૩
કંઇ ન ચાલે તો છોડે વાછરડાં, વેળા વિના ધવરાવેરે;
સુતા બાળકને જઇ જગાડે, ચુંટીઓ દેઈ રડાવે. ૧૪
એવું સુણીને કહે રાણીજી, દઈશ શીખામણ બાઇરે;
મંદીરમાં પેઠો દેખો તો, લાવજો એને સાહી. ૧૫
અરે માત મેં એક દીવસ તો, સંતાઇ આવનો હેર્યોરે;
પેસી સદનમાં ખાવા વળગ્યો, એટલે જઇને ઘેર્યો. ૧૬
મેં કહ્યું ચોર આજ આવ્યો હાવે, નહી જાવા દેઉં અહીંથીરે.
મરડી મુછ એણે કહ્યું મુજને, હું જઇશ તું જોઇ રહીશ. ૧૭
કરી કાળા એમ તો મહી ભર્યું મુખ, એટલે જઇ મેં ઝાલ્યો;
કર્યો કોગળો મારી આંખમાં, હું ચોળવા રહી એ ચાલ્યો. ૧૮
એક કહે મેં ઝાલ્યો તો આજ, તો પણ એ નવ ગાંઠયોરે;
તોડી મુજ મુક્તાફળ માળા હું વીણવા રહી વહાલો નાઠો. ૧૯
એટલામાં એક અબળા આવી, કહ્યું જુઓ લાંવી ઝાલીરે,
છેડો ઉઘાડે તો પુત્ર પોતાનો, લજવાણી પડી ઠાલી. ૨૦
એવે યશોદાજી બોલ્યાં, દાવાં સાચાં સહુ હોશોરે;

મારો વાલો મારા ઘરમાં પોઢયો આવશે જાગીને જોશો. ૨૧
એવું કહેતાં પ્રભુ આંગણે આવ્યા, નીદ્રામાંથી ઉઠીરે.
યશોમતિ કહે જુઓ આ મારો બાળક યુવતિ તમે સર્વે જુઠી ૨૨
એમ કટાક્ષ કરી સહુ કામની, સામું શ્રીકૃષ્ણે જોયુંરે,
લોટ પોટ થઈ ગઇ સહુ લલના, પ્રીતમ મન પરોવ્યુ. ૨૩
સામા સામી લોચન મળતાં, કરી સમસ્યા છાનીરે;
સર્વે કહ્યું આવજો મારે મંદીર, મોહને લીધું માની, ૨૪
ગોપી ગોવીંદની ગત ન્યારી, શું જાણે સંસારરે.
હૈયે હેતને વડે વદનથી; કોણ લહે તેનો પાર. ૨૫
શાખે સાંભળે ગાયે અઓ, શ્રીકૃષ્ણ બાળ ચરિત્રરે.
દોલત પ્રભુ પ્રસન્ન થાયને પાવન થાય પવિત્ર ૨૬

મુંબઈ સુરતનો ગરબો.

સારૂં સારૂંરે સુરત શહેર મુંબઈ અલબેલી,
માંહી બાલાજીની મેહેર, મુંબાઇ અલબેલી. ટેક
સાત માળની મેડી ચણાવી, માંહી બેઠાં શેઠાણીરે;
ચાકર મહેતા મજરે ચાલે. વાણીઆની બઇયર રાણી. મું ૧
મુબઈ રાણી સહુ ઠકરાણી, ભરે બેડે ન પાણીરે.
કાવડીઆ તો પાણી આણે, પીયે પાણી શેઠાણી. મું. ૨
મુંબઇમાં કહ્યાં સાંકળાં, કંઠલીનો નહી પારરે.
મુંબઈ શહેરના શાહુકારોને દેવાળાની શી વાર. મું. ૩
સુરતની તો સાડીયોને ઉપર કસબી કોરરે;
મુંબઇ શહેરમાં કાપડીઆને કોઈ માં દેશો ખોડ. મું. ૪

મુંબઈ શહેરમાં ઘણી ગાડીઓ, બગીઓનો નહિ પારરે;
સાંજ ફજર સૈ ફરવા નીકળે વાડી લાડી લઈ બહાર. મું. ૫
મુંબઇની તો મારકીટમાં, સુખડીઓ વેચાયરે;
તેથી મહીનો હલવો, સારો, સૈ લેવા મન ચહાય. મું. ૬
મુંબઇમાં તો સરવે સુખ પણ ત્રણ પાંતીનું દુઃખરે;
ભાડું મોંઘું બળતણ મોંઘું જંદર ભાવું મુખ્ય. મું. ૭
મુંબઇના પાન બીડામાં સોપારીનો કટકોરે;
સાઠ વરસની ઘરડી ગાજર તોય ન મુકે લટકો. મું. ૮
અમદાવાદી હરામજાદી ખંભાતી ગોજારીરે;
વડોદરાની વાંકી નારી સુરતની બલિહારી. મું. ૯

વડોદરાનો ગરબો.

ધન ધન ધનરે વડોદર શહેર રૂપે રંગીલું. ટેક.
રૂપે રંગે છેલછબીલું અલબેલું અપારરે;
વડોદરાનું વર્ણન કરતાં સુણજો નરને નાર. રૂપે૦ ૧
બહાર પરાની વસ્તી ભારી શોભાનો નહી પારરે;
વીનવતામાં વર્ષજ વીતે પરાં બાર બજાર. રૂપે૦ ૨
આકુતપર અડાણિયું, ને કાસુપુરમાં ગોખાનુંરે;
ફાગટીયા સહિ ફતેપરામાં દેવાળીયાનું ઠેકાણું. રૂપે૦ ૩
સરશીઆની પાળજ ઉપર, જેઠીનો અખાડોરે;
અષ્ટભૂજા અલબેલી ઉભાં, પાછળ ગોસાંઇવાડો. રૂપે૦ ૪
સરસનાથ છે સામી પોળે, વયડા વાડી ત્યાંયરે
અજબ તળાવની પાસે થઇને ચાલ્યા અખડમાં જાય. રૂપે૦ ૫
લાલ દરવાજે અંબાભાનું, વાંદરીયો બુરજરે.

મીયાં મહમુદની વાડી જાણું, ઝળકી રહ્યો સુરજ. રૂપે૦ ૬
હાથીયા ખાણુને દરવાજે, કાંઇ હલીલો હનુમાનરે.
રામતળાવની પાળ ઉપર રામેશ્વર ભગવાન. રૂપે૦ ૭
ઘોડયા દરવાજે થઇને, સીધવાઇએ જવાયરે;
અજારામના દરહાળ સામી, ચોખંડી કહેવાય. રૂપે૦ ૮
મરદાબારીએ થઇને ચાલ્યા, કરવા રૂડું કાજરે.
લકડપીઠું મદનઝાંપો, ગોસાઇજી મહારાજ. રૂપે૦ ૯
સીધનાથનાં દર્શન કીધાં, આવી ઉંચી પોળરે.
ચોરને બેઠા ગરદન મારે બેસાણ્યા ભાગોળ. રૂપે૦ ૧૦
બહું પરૂં છે બાલાજીનું ડાંડીયુ બજારરે.
શકર કુઇને ઝાંપે રૂડો લાલ નામ સરકાર. રૂપે૦ ૧૧
આનંદપરાબા આવીયાન રાવપુરાને ઝાંપેરે,
જ્ઞાન દક્ષણા રૂડી થાએ ગણપતરાવ ત્યાં આપે. રૂપે૦ ૧૨
ઉભી બજારની શોભા સારી આવી ખારી વાવરે
સન્યારૂપ છે રંગે રૂડું સુરસાગર તળાવ રૂપે૦ ૧૩
વડી વાડી ધીના કાંટે નાગરવાડો વિખ્યાતરે.
આદીતવારે દરશન કીજે બેઠી બહુચર માવ રૂપે૦ ૧૪
ઉભે ચોકે લીમડી બજારે રુડી શોભા થાયરે.
મૃદંગ વાગે નારી નાચે ઝીણી કંઠે ગાય, રૂપે૦ ૧૫
નીજામપરૂં જુતડીને ઝાંપે રેકડીઆ હનુમાનરે.
સુરસાગર ગોઘાટ દરવાજે ત્રણુજ છે કમાન. રૂપે૦ ૧૬
શહેરની સર્વે રચના દીઠી શોભાનો નહી પારરે
હાથી ઘોડા પાલખીઓ ને વાંકડીઆ સવાર રૂપે૦ ૧૭
ચારે દીશામાં ચારે ચૌટાં વચ્ચે માંડવી ચોકરે.

ઉંચા મહેલ મેડીને અટારી છજાં ઝરૂખાંને ગોખ. રૂપે૦ ૧૮
માંડવીને કમાન ચોપાસે ચતુર કરે વેપારરે.
કાછીઆ દુકાનો માંડે ઉભી હાથી લાર. રૂપે૦ ૧૯
ચોપાટ જોવા ચારે રસ્તાં સરખા સરખી ઓળરે.
પાણીને દરવાજે બેઠાં વાઘ કરે કલ્લોલ. રૂપે૦ ૨૦
રાજે તળાવની સુંદર શોભા જોતાંમાં મન મોહેરે.
નારી સઉ જળ ભરવા જાએ નૌતમ રચના હોય. રૂપે૦ ૨૧
રામપરો દરવાજો કહીએ દેરૂ છે સનમુખરે;
પરમેશ્વરનાં દર્શન કરતાં જાય જનમના દુખ, રૂપે૦ ૨૨
લહેરીપુરાની લહેર સૌથી શોભા છે ભરપુરરે.
સુરસાગર રત્નાગર જેવું વાગે બહુ રણતુર. રૂપે૦ ૨૩
ચોથો દરવાજો ચાંપાનેરી શરશીઆની વાટરે,
વિસ્તારીને વર્ણન કીધુ ચોક પોળને હાટ. રૂપે૦ ૨૪
નગર નિરખ્યું મન હરખ્યું પ્રભુ થાય પ્રસન્નરે.
નરસીંહજીની પોળમાં નરહરીનાં દર્શન, રૂપે૦ ૨૫
રાજરાજે રણછોડજીને મહાલક્ષ્મી મુજ માતરે
ગોરધનનાથ બળદેવજી ચાલો પુંડરીનાથ. રૂપે૦ ૨૬
બલખતખાનું જનાનખાનું દીવાનખાનું પાસરે
ધરમતણી તો ધ્વજા ફરે છે ઉંચા મહેલ અવાસ. રૂપે૦ ૨૭
ઘણી કારીગરી કચેરીમાં જાતજાતના રંગરે,
નૌતમ નારી નાચ કરે છે કોમળ તેનાં અંગ. રૂપે૦ ૨૮
તરેહવારનું ટંકોરખાનું, ગોવીંદરાજનો મહેલરે,
ગાયકવાડના મહેલ આગળ, શોભા સઘળી સેહેલ રૂપે૦ ૨૯
દાદાસાહેબ ને નાના સાહેબ બાવા સાહેબ મહારાજરે,

ગણુપતરાવ ઘણું જીવજોને, અખંડ રહો આ રાજ રૂપે૦ ૩૦
લાડ મોડ શીગોડ નાગર, દશા વીશા વણીકરે;
સોની સાળવી સુતાર છીપા, દરજી ઠીક ઠીક. રૂપે ૩૧
પુના સતારા મુંબઇ જોયું, પુર્વ પશ્ચિમ દેશરે;
ઉતરતાં ઉદેપુર જોયુ, પૃથ્વીના નરેશ. રૂપે૦ ૩૨
બુંદીકોટા દીઠું દીલી ને દીઠો ગઢ ગીરનારરે;
સુરતને અમદાવાદ જોયું, કઠણ કિલ્લો ધાર. રૂપે૦ ૩૩
બલીહારી હું વડોદરાને. ધનધન નરને નારરે;
વીર ક્ષેત્ર જેને જોયુ નહી, તેનો એળે ગયો અવતાર. રૂપે૦ ૩૪
વાંકી નારી વડોદરાની મહારાજાને રંકરે;
મૃગાનેણીને વરણાગીથી, વળીઓ આડો આંક. રૂપે૦ ૩૫
શાહુકારોની દુકાનો ભારે, ધરમ તણો અવતારરે;
ખુશાલચંદને શામળ બહેચર, લલુભાઇ શાહુકાર. રૂપે૦ ૩૬
રતનજી કાનદાસ કહીએ. બાંધી પુનની પાળરે;
હરીભકિતનો મહીમા મોટો, બીજા ભાઉ મેરાલ રૂપે૦ ૩૭
રંગીલો જે ગરબો ગાશે રંગીલાં નર નારરે
રંગીલી તો લહાણીઓ લાવે, રંગભેર શોભા થાય રૂપે૦ ૩૮
સંવત ઓગણીશ પાંચમાં તે સતરસે સીતેરરે:
નવરાત્રીમાં વરણુન કીધું, વડોદર જે શેહેર રૂપે૦ ૩૯
સહુ કાવને કરૂં વિનતી, કોઇ માં દેશો ખોડરે;
વડોદરાની રક્ષા કરજો, સેવા ને રણછોડ રૂપે૦ ૪૦
ભગવત વાણી સાચી જાણી, મનમાં આણી ભાવરે;
વડોદરાનો ગરબો ગાતાં, સહુ જન સુખીયા થાય. રૂપે૦ ૪૧
બીરાધરજ બાની મનગમતી કવ, જશોખી જનરે
મરતુબાગનો બંગલો જાણે ઇંદ્રનું ઇંદ્રાસન રૂપે૦ ૪૨

ભાગ ૬ ઠો.

મહાકાળીનો ગરબો.

મા તું પાવાની પટરાણી કે, કાળિ કાળકારે લોલ
મા તારે ડુંગરડે ચડ્યું તે અતિ ઘણું દોહલુંરે લોલ.
મા તારી પ્રદક્ષણા કરવી કે, વરણન શું કરૂંરે લોલ;
વિશ્વામિત્રે તપ કરવા બેઠા કે, કેવળ મુની થયારે લોલ
આવું રૂડું ચણિતું ચાંપાનેર કે; ચઉટે ચઉટ મળ્યારે લોલ

ત્યાં કાંઈ ગાતાતા ગરબા કે માજી આવીયાંરે લોલ
રાયે છેડલો સાહ્યો હાથ કે માજી પ્રસન થયાંરે લોલ
માગ્ય માગ્ય ઘોડાની ઘોડાર કે હાથી ઝુલતારે લોલ.

માગ્ય માગ્ય કુટુંબ કુશળ ક્ષેમ કે જંજાળ અતી ઘણીરે લોલ;
માગ્ય માગ્ય ગુજરાત સરખી ગાદીકે ભદ્ર બેસણારે લોલ.
માગ્ય માગ્ય નવેખંડનાં રાજ્ય કે ચાંદો સુર્ય તપેરે લોલ.
માગુ માગુ એટલું વરદાન કે મારે મોહોલે પધારીએરે લોલ
ફટ ફટ પાવાના રાજન કે, એ શું માગીયુંરે લોલ
આજથી છઠ્ઠેને છ માસે કે મુળ તારૂં જશેરે લોલ
એમ કહી માતા થયાં અલોપ કે, પાવો હાથ ઘસી રહ્યારે લોલ;

મુગલે ચઢાવી છે ફોજ કે, પાવાગઢ ઘેરિયોરે લોલ;
દરવાજે ઉભા દરવાન કે કોઇને પુછીયુંરે લોલ
રાજાજીએ ખોદાવ્યું તળાવ કે પાણી નવ નિસર્યુંરે લોલ.
મુગલે ખોદાવીયું તળાવ કે જળ દુધે ભર્યુંરે લોલ

માજીનો આવો છે મહિમાય કે, કવિ નવ કહી શકેરે લોલ

બહુચરાજીનો ગરબો.

બાળદારી બહુચર માત જોવાને જઈએ.   ટેક.
જોવા જઈએ સુખીમાં થઈએ, આરાસુરમાં રહિએરે;

આપ આપણા મનની વિનતી, જઇ બહુચરને કહીએ જોવા. ૧
આરાસુરમા અંબા બીરાજે, પાવાગઢ મહાકાળીરે
દક્ષિણમાં તુળજા ભવાની, ચુંવાળ બહુચર બાળી જોવા. ૨
માને પારે હવન થાય ને ચીર ચુંદડી હોમાયરે;
બ્રાહ્મણ બેઠા વેદ ભણે છે. માનુંના મંગળ ગાય. જોવા. ૩
માને પારે જે કોઈ આવે, તેની પુરે આશરે.
કરજોડી જન વલ્લભ કહે મા, હું છું તારો દાસ. જોવા. ૪

રેલવે ગાડીનો ગરબો.

ગાડી આવી ગુજરાત, અગન કેરી ગાડી આવી.
ગાડી આવી હિંદુસ્તાન, અગનકેરી ગાડીરે આવી,
પાણી છાંટે ઠામો ઠામ, છાંટતાં તો ચાળા કરેછે;
દીવા બળે સારી રાત, સીપાઇઓ તો ચોકી કરે છે.
સાખી—સરસ્વતી સ્વામીને વીનવું, ગણપત લાગુ પાય;
ટોપીવાળા તારા રાજમાં, તારૂં કાંકરીયું ફરી બંધાય.
અગનકેરી ગાડીરે આવી ૨
ગાડી તારાં બેસણાં; ઇંદ્ર તણાં વૈમાન;
આંકડે આંકડો મેળવ્યો, તેનો ઘડનારો ચતુરસુજાણ.
અગનકેરી ગાડીરે આવી, ૩
ગાડી આવી ઘંટ વાગીઓ. ટીકીટ કરાવા જાય,
ઘડી એકનો વીલંબ પડે, તે તો ટીકીટ વિના અથડાય,
અગન કેરી ગાડીરે આવી. ૪
સ્ટેશન આવે ઘણાં બરફી પેંડા વેચાય;
મોટા ઘરની શેઠાણીઓ તે તો ગાડીમાં બેસી ખાય.
અગનકેરી ગાડીરે આવી. ૫

સ્ટેશન ઉંચા સુણ્યાં, દુર થકી દેખાય,
બાગ વચ્ચે એક બંગલો, તેની શોભાનો નહી પાર,
અગનફેરી ગાડીરે આવી. ૬
અમદાવાદની દીકરી મુંબઈ તેનું મોસાળ;
સુરત તેનું સાસરું તેનો સાંજે સંદેશો જાય અગનફેરી ગાડીરે આવી ૭

અમદાવાદનું વર્ણન.

લાવ લાવ સખી એક કાગળ લખીએ હરીનેરે—એ રાગ
અમદાવાદ નામે આજ શેહેર છે સારૂંરે;
રાજા અંગ્રેજ કેરૂં રાજ, પ્રજાને પ્યારૂંરે; ૧
ચઉટા વચ્ચે માણેકચોક. શોભા છે સારીરે,
વસે લક્ષપતિ બહુ લોક વડા વેપારીરે. ૨
નદી સાબરમતી વહે નીર, શેહેર સમીપારે;
દેવતાઓનાં તેને તીર દેવળ દીપેરે ૩
એવી જુગતીઓ જોતાં અનેક મન લાગે મીઠુંરે;
પણ અચરત મોટું એક, દષ્ટિએ દીઠુંરે, ૪
તીથી તેરશ પેહેલે પક્ષ; અસાડી આવેરે.
ત્યારે ગોર પુજાનો લક્ષ, છોડીઓ લાવેરે. ૫
દીન પાંચ લગી એક અંન મોળું જમેછેરે,
મોટા હર્ષ ધરીને મન, રોજ રમેછેરે, ૬
પુજે વાવી જવારા ઘેર. ગોર રીઝાવારે.
જાએ પ્રીતે મળી બહુ પેર, નદીએ નાહાવારે. ૭
અન્યો અન્ય કરે ઉકરાત, નહારૂં બકેછેરે,
જઇ ગોર પુજાની વાત, છાની છકેછેરે, ૮
જેવી હોય હોવાની ઘેર, એથી અતીશેરે;

ભોલે ભડવાની પુત્રીઓ પેર, દુષ્ટતા દીશેરે, ૯
તેનાં માત પીતાને ભ્રાત. પુરાં હશે પાજીરે;
જ્યારે સાંભળતાં હશે વાત, થતાં હશે રાજીરે. ૧૦
કોઈ સાહેબ એવી વાત, દેખે એવી રીતેરે;
તેની માત પિતાની જાત પુછેછે પ્રીતેરે. ૧૧
તારે કેવી વધે છે લાજ, મળે શાબાશીરે;
એવા નીરલજ લોકો આજ શહેરના વાશીરે. ૧૨
કરૂ વિનતી સમાચાર; શ્રવણે ધરજોરે;
તેનાં નામ લખી સરસ પત્ર, ઝાહેર કરજોરે. ૧૩
ઘણી નીંદાના લખજો શ્લોક, દેખાડજો નીતીરે.
જેથી લાજ પામે તે લોક, તજે તે રીતિરે. ૧૪
હવે કહુંછું જોડીને હાથ, નીરેણીને ગમતારે,
એવી નિર્લજ છોડીઓ સાથ, ન જાવું રમવારે. ૧૫
લઇ મોર પુજાનું નામ, કામ એ કરવુંરે
મોટું પાપ કરે એ હામ દીલમાં ડરવુંરે. ૧૬
ધરી મોટો હરખ મનમાંહી, વ્રત દીન જે દીરે;
પણ કુટવાં રોવાનું કાંઇ, ન કરવું તે દીરે ૧૭
છોટપણામાં પડે જે ટેવ ટળે નહી ટાળીરે;
માટે નીતા શીખો તતખેવ, બોલો સાંભળીરે. ૧૮
કદી પુરીએ નહી કોઇ હામ. સાહેદી જુઠીરે;
લઇએ પરમેશ્વરનું નામ, પ્રભાતે ઉઠીરે; ૧૯
પતી માત પીતાની સેવ. કોડે કીજેરે;
જેથી દલપતરામનો દેવ દીલમાં રીઝેરે. ૨૦

ભાગ ૭ મો

(બજરંગી હનુમાનનો ગરબો.)

અંજનીનો જાયો હનમાનરે સમરૂં બજરંગી
એને ચઢેછે તેલ સીંદુરરે સમરૂં બજરંગી
મારા રામ તણા રખવાળરે સમરૂ બજરંગી,

સાખી.

સનીવારે કરૂ તમારી સ્થાપના, ને ભોમે કરૂ ભોવન;
કપુરે ઉતારૂ તમારી આરતીરે, એવા સકળ સ્વરૂપ હનમાનરે. સ૦ ૧
માતાજીનાં વચન સાંભળીને, બાપના પાળવા બોલ;
અજોધાનું રાજ મુકી રામ લક્ષમણરે, ભોગવીયાં વનવાસરે. સ૦ ૨
રામે રથ જોડીઆને, સીતાને લીધાં સાથ;
વનનાં વનકલ પહેરીઆંરે સાથે ચાલ્યાછે લક્ષમણ વીરરે. સ૦ ૩
વનમાં જઇ મઢી કરીને, ત્યાં પુર્યો છે વાસ;
લક્ષમણ સરીખા બંધવા નહી મળેરે, તમને ફળનું લાવી
આપનાર કોણરે સ૦ ૪
રામ ગોડે તલાવડીરે લક્ષમણ બાંધે પાળ;
સોના કેરે ધડુલેરે સીતા, ડમરોને મરવો પાયરે સ૦ ૫
સીતાની વાડીમાં ડમરોને મૃગલો ચરીચરી જાય;
કાલે મરાવું પેલા મૃગનેરે, મારાં કાચાં તે વનફળ ખાયરે સ૦ ૬
મૃગ મારી કારમોને. તેની પડાવું છાલ;
તેનો સીવડાવું કંચવોરે, હું તો ઘીંડું ચમકતી ચાલરે. સ૦ ૭

મરીચી મૃગ થઇ આવીઓને, રાણીને લાગી રટ;
હો મારા રામજીરે, કંથ કાંચલડી સીવડાવોરે. સ૦ ૮
સુતર ભરેલો કંઅવોરે ચામડાની શી રડ;
આપણા સ્વારથને કારણેરે પેલા પશુના શીદ લેવા પ્રાણરે સ૦ ૯
સીતા કહે નહી પીયરીએ ને, નહી માને મોસાળ;
નથી મારે કંથ કલ્યાગરાને મારા મનની કોણપુરે આશરે, સ૦ ૧૦
ભાથામાંથી બાણુ કાઢી અને, રામજીએ લીધાં હાથ;
મૃગ મારવા રામ સંચર્યારે, મુકી સીતાને લક્ષમણ સાથરે. સ૦ ૧૧
પહેલું બાણ રામે સાંધીયુંને, વાગ્યું મૃગ શરીર;
મૃગ મરતાં પોકારીઓરે, ધાજો ધાજો લક્ષમણ વીરરે. સ૦ ૧૨
સીતા કહે તમે સાંભળોને, બોલાવે તમ વીર;
લક્ષમણ કહે છે ખોટી વાત છેરે, કંઇ કપટ જેવી વાતરે. સ૦ ૧૩
કપટ છે તમ દીલડાં વિશે હું સમજી આ વાર;
ભીડ પડી બંધવને વન વિશેરે તમે બેઠા કરો વિચારરે. સ૦ ૧૪
કુદ્રષ્ટી મુજપર તમ તણીને, તેમાં નહી સંદેહ;
જાણ્યા તમને લક્ષ્મણ દીયરારે, જાણ્યાં પાપ તમારાં આજરે. સ૦ ૧૫
સીતાના વચન વાગ્યા રૂદે વિષેને ચઢી લક્ષમણને રીસ;
વાડીને ફરતી ચોકી મુકીનેરે, ચાલ્યા ત્યાંથી તે તો દીસરે. સ૦ ૧૬
ધુપ પડે ધરતી તપેરે, જોગી ઉભો બાહાર;
સત્ય પાળવાને કારણેરે, ભીક્ષા આપો હો રામકેરી નારરે. સ૦ ૧૭
આપવી હોય તો આપો મનેરે નીકર મુખે કહો નાય;
વાર થાય મને ધણી મારો સંઘ કેદારનાથનો જાયરે. સ૦ ૧૮
ઉંચી મેડી આકાશમાંને નીચા સરોવર ઘાટ;
સીતાને રાવણ હરી ગયોરે, પછી મઢીમાં ઉડે છે કાગરે સ૦ ૧૯

રાવણને જોઈ સીતા સતી, કરતાં ઘણો વિલાપ;
ન કહેવ.નાં વચન લક્ષ્મણને કહ્યારે, લીધું પાપ માંથે અમાપરે સ૦ ૨૦
સત્ય વચની સત્ય બાલવા ને, સત્યનો ચાલનહાર;
આગળ બુધ્ધી મારી પોંહચી નહીરે; ઘણા કર્યા તીરસ્કારરે. સ૦ ૨૧
નીચ બુધી સ્ત્રી જાતનીરે, નહી મનમાં કાંઇ વીચાર;
પોતાના સ્વારથને કારણેરે કરે પુરૂષ ખુવારેરે. સ૦ ૨૨
મૃગ મારી રામ આવીઆને આડો ઉતર્યો સાપ;
એ મારા બંધવારે આજે વિપ્રીત દીસે હાજરે. સ૦ ૨૩
ધનુષ મોલ્યાં ટુકડાંને, બાણુજ મેલ્યાં બહાર;
એ મારા સગુણ બંધવારે, ગઇ સકુળનીજ નારરે. સ૦ ૨૪
મેં જાણ્યું લક્ષ્મણ સુલક્ષણોને સારાં કરશે કામ;
ના માર્યો વનમાં મૃગલોરે, નવ રાખી સકળ નીજ નારરે. સ૦ ૨૫
કુવા ઢાંકણ ઢાંકણુને ખેતર ઢાંકણ વાડ;
બાપનું ઢાંકણ બેટડોરે. ઘરનું તે ઢાંકણ નારરે. સ૦ ૨૬
રામ રૂવેને લક્ષ્મણ રીઝવેને, ના રોસો મારા વીર;
બીજી પરણાવશું સુંદરીરે તેનું નામ ધરવીશું સીતા નારરે, સ૦ ૨૭
જળ જળ કમળ ના નીપજે, તન વન ચંદન ન હોય;
સતી સીતા એક છેરે, એવી ઘેર ઘેર સીતા ના હોયરે. સ૦ ૨૮
રામ રૂવે લક્ષ્મણ રૂવે રૂવે પંખી જન;
ના રૂવે હનુમાન એકલારે, એમને સીતા લાવ્યાની ઘણી હામરે સ. ૨૯
રામે બીડાં આપીઆંને, હનુમાને લીધાં હાથ;
આજ્ઞા હોય તો ઉડીપેરે તેડી લઇ આવું સીતા માતરે. સ૦ ૩૦
ત્યાંથી હનુમાન ઉડીયાને, પડયા લંકાની માંય;
જોયાં ચોરાશી ચઉટાંને જોયાં બાવન બજારરે. સ૦ ૩૧

જોઈ રાવણ ની રાણીઓને જોયા રાવણના મહેલ;
જોઈ રાવણની મેડીયોરે, પછી દીઠાં છે સીતા માયરે. સ૦ ૩૨
વાડીમાં જઈ વનફળ લાવતાને, તેનો કરતા આહાર;
લીલી વાડી સુકી કરીરે, પછી દીઠાં સીતા માયરે સ૦ ૩૩
ક્યાંથી તમે અહીં આવીયાને, શું તમારૂં નામ.
કોણે તમને મોકલ્યારે, અહીં શું છે તમારે કામરે. સ૦ ૩૪
રામે અમને મોકલ્યાને, હનુમાન મારૂ નામ;
પંચવટીથી અમે આવીયારે, મારે શોધ લેવાનું કામરે સ૦ ૩૫
આગળ દરીયો જળ ભરીયોને ત્યાં રાક્ષશનો ભોય;
શી રીતે તમે આવીયારે, શાથી પહોચી તમારી હામરે, સ૦ ૩૬
સાત સમુદ્ર સુકા કરૂને રાક્ષસનો વાળુ ઢેર;
આજ્ઞા હોય તો ઉડીયેરે લઇ જાવું માતાજી ઘેરરે. સ૦ ૩૭
વાડી સઘળી ઉજ્જડ કરીને લગાડી લંકામાં લહાય;
અક્ષ આદી કુંવર મારીયારે, વરતાવ્યો લંકામાં ત્રાસરે સ૦ ૩૮
ત્યાંથી હનુમાન ઉડીઆને આવ્યા રામજી પાસ;
રામને સમાચાર આપીયારે કુશળ છે સીતા માતરે સ૦ ૩૯
ત્યાંથી રામ ચાલીયાને આવ્યા લંકાની માંય;
પથર કેરી પાળ બાંધીને સેન ઉતાર્યું પેલી પારરે. સ૦ ૪૦
લંકાગઢ રામ પહોંચીયાને રાવણને થઇ છે જાણ,
ઇંદ્રજીત યુધ્ધે ચઢયોરે ત્યારે લક્ષમણને મુરછા થાયરે, સ૦ ૪૧
કડવી હોજો લીંબડીને શીતળ હોજો છાંય;
બંધવ હોય બોલકારે, પણ અંતે સહાય પોતાની બાંયરે સ૦ ૪૨
સુખમાં સાંભરે સુંદરીને દુઃખમાં સાંભરે રામ;
વનમાં સાંભરે બંધવોરે મારી ભાંગી જમણા હાથની બાંયરે. સ૦ ૪૩

નવ મહીના ઉદરમાં રાખીયાને નવ જાણી માની વાત;
બાળપણમાં જેની મા મરેરે, તેને ચો દીશાના વાયરાવાયરે, સ૦ ૪૪
દુઃખના બેલી બંધવાને માડી જાયા વીર;
તેની તોલે કોઈ ન હોયરે, એ તો સુખ દુઃખમાં સાથરે. સ૦ ૪૫

લાવણી.

અજોધ્યા નગરીથી ચાલવું તેની ચાલ દો જન ભાઇરે;
એક તો મારી જોડ ખંડીત થાય, એ દીન દોહલા કેમ જાય;
લક્ષમણ જાગ્યને હોજીરે બંધવ બોલને એકવાર લ૦ ૪૬
માય વીના સુની બેટડીને, ભાઇ વિના સુની બેનરે,
એવો ગોળ મોળો કંસાર, તેનો સુનો થયો સંસાર. લ૦ ૪૭
આવ્યાતા ત્રણ જણાંને જઇશું એકાએકરે.
માત તે મારી પુછશે ત્યારે શો ઉતર દઇશ; લ૦ ૪૮
ચઉદ વરસ વન વિષે રહ્યા નવ જાણી સુખની વાતરે;
અંતે મને દગો કરીને તમે ચાલ્યા ગયા મુજ ભ્રાત. લ૦ ૪૯
બ્રહ્મચરીય વ્રત તમે પાળીયુંને તજી નિંદ્રાને આહારરે,
રાત દીવસ ચોકી કરી હમ તણી રહી ઘર બહાર. લ૦ ૫૦
પુત્ર વિના પરીવાર સુનો સ્ત્રી વિના ઘરબારરે;
બંધુ વિના બેલ નહી કોઇની મિત્ર વીના સો વીચાર. લ૦ ૫૧
ભરત શતરૂઘન મને પુછસે ક્યાં ગયો લક્ષમણુ ભાઇરે,
આવી વાત તમારી સાંભળીને રોસે સુમીત્રા માઇરે. લ૦ ૫૨
ફુડો બંધવ વાર થાય છે, મારવો રાવણ રાયરે.
પછી જઇએ અવધપુર વીશે, સાથે લઈ સીતાય લ૦ ૫૩
રામના વીલાપ જોઇને રૂવે સેના તમામ,

અનવંત તરી વઇદે ઉપાય શોધીનેરે, કીધી હનુમાનને આજ્ઞારે સ૦ ૫૪
હનુમંત મન હીંમત ધરીને દ્રોણાચલ લેવા જાય;
પલક એકમાં પાછા આવીયારે, વળી લક્ષમણની મુર્છાયરે. સ૦ ૫૫
કુંભકર્ણ ઈંદ્રજીતને માર્યા, બહુ બળીઆ કુમાર;
જમાઇ મરાયા સબળા રાવણનારે, પછી રાય કરે વિચારરે સ૦ ૫૬
અહી મહી મીત્ર પોતા તણાને તેડાવ્યો રાવણે સાર:
રામ લક્ષમણને ચોરી ગયારે, મહીકાવતી નીરધારરે. સ૦ ૫૭
પ્રભાતે શોધ કીધી સૌનામાંને, નવ દીઠા લક્ષમણ રામ;
સૈન્યા રોવા લાગી બધી રામનીરે, રોવા લાગ્યા અષ્ટ પ્રધાનરે. સ૦ ૫૮
હનુમાને પગલાં કઢાડીયાંને, આવ્યા સમુદ્ર તીર;
મકરધ્વજને ત્યાં બાંધીઓરે એતે ગયા છે પેલી પારરે. સ૦ ૫૯
દેવી દેરામાં પેસીને ત્યાં દેવી થયા તતખેવ;
રામ લક્ષમણ ત્યાં આવ્યારે એમને કીધી છે હનુમંત સેવરે સ૦ ૬૦
અહીરાવણનું મોત સાધીને તેને પણ માર્યો ઠાર;
તેની રાણીને વરદાન આપીયાંરે પછી આવ્યા તે લંકા મોઝારરે સ૦ ૬૧
લંકામાં યુદ્ધ કરીને છેદ્યાં રાવણનાં શીશ.
અસુરનો અંત આણીયોરે પછી હરખ પામ્યા જુગદીશરે. સ૦ ૬૨
રાણી કીધી મંદોદરીને, આપ્યું વિભિષણ રાજ;
સીતા લઈ રામ સંચર્યાંરે આવ્યા અજોધ્યા મોઝારરે. સ૦ ૬૩
માતાએ મોતીડે વધાવીયાને હઇડે હરખ ન માય:
મોતી કેરા ચોક પુરીઆરે, લીલા નોતમ ત્યાં થાયરે. સ૦ ૬૪
છોડાવી અધરમ નગર તણાને, ટાળ્યાં પ્રજાનાં દુ:ખ,
લાડ પાળ્યાં માતા તણાંરે લવકેશ રાખી નવ ભુલરે. સ૦ ૬૫
રૂડો ગરબો બજરંગી તણોને, વાંચો નિત્ય નરનાર;

હનુમંત કેરા પ્રતાપથીરે. છોટો કહે ઉતરો ભવપારરે. સ૦ ૬૬
(આ ગરબો અધુરો હોવાથી મેં પુરો કર્યો છે.)

સાત વાર.

આદીતે આનંદ સહચર કહું છુંરે,
મારે ગીરધરશું વરવાસ વ્રજમાં રહુંછું રે;
સોમે પામ્યા સુખ શીવજી ફળીઆરે,
આ નંદજીનો લાલ મુજને મળીઆરે.
આ મંગળે મન હેત હરીશું લાગ્યું રે,
આ હૃદયકમળનું બાણુ લઈએ વાગ્યુંરે,
આ બુધ આવ્યો સુધ જોવા જઈયેરે,
આ છાની હરીએ ગુજ વહાલાં થઈયેરે,
આ બ્રહસ્પતિ ગુરૂ પ્રતાપ સુખ છે સહુનેરે;
આ અતિ ઘણો આનંદ રાધા વહુનેરે.
શુક્રના સરવ બોલ સજીને ગમતારે,
આ લેતાં તાળી હાથ રજની રમતાંરે.
આ શનિવારે સદેશો હરીને કહાવ્યોરે;
આ જોગ બન્યો છે આજ રમવા આવોરે;
આ સાત વાર જે ગાય નરને નારીરે.
તેનો વઈકુંઠ વાસજ થાય દે મોરારીરે.

આઠ વાર.

(કારતકે કાજળને ટીલડીયું એ રાગ)

આદીતે સકળ કળા તારી. જાવુંરે હુંતો વદનકમળ વારી
ત્રીકમજી હું તો છું તારી, આવોને ઘેર જસોમતીના જાયા,

મને તારી લાગી છે માયા, આવોને૦ ટેક ૧
સોમે તો શોભે સોહાગી, મને તો તારી લેહે લાગી;
કટારી કાળજડે વાગી. આવોને૦ ૨
મંગળે તો મન વીચાર કરીએ, ધીરજ તો કેઇ પેરે ધરીએ;
દીવસ રાત રોઇ રોઇને મરીએ. આવોને૦ ૩
બુધે તો બુદ્ધિ વિચારો, દુખરે મારુ દીલ મથે ધારો;
મને તો વિરહાગ્નિમાં શીદ બાળો. આવોને૦ ૪
ગુરૂવારે ગુણ ગાવા તારા, અવગુણ શા છે હમારા;
આંખે વહે છે આસુની ધારા. આવોને૦ ૫
શુક્રે શું કહીએ હેલી, નમેરા છો નાથ ગયા મેલી;
હવે મારૂં કોણ થશે બેલી. આવોને૦ ૬
શનીવારે શામળીયો આવ્યા, થાળ ભરીરે મોતીડે વધાવ્યા;
ગોપીના સુખસાગર કાવ્યા. આવોને૦ ૭
સાત વાર સમજીને ગાશે, તેનાં સહુ દુખ દારિદ્ર જાશે;
કવી કહે સુખ સંપત થાશે. આવોને૦ ૮

પંદર તિથીઓ.

પડવે આવી પકડો મારી બાંયરે, છોગાળા—એ રાગ.

પડવે પ્રિતમ પ્રિત તજી કેમ ચાલ્યારે, ગીરધારી,
માનીતિ કુબજાને મોહોલે માહાલ્યારે, હો ગીરધારી. ૧
બીજે બંસીવટમાં વાટયો જોતીરે, ગીરધારી;
કોઇ મળે મધુરાં વાટ પુછી લેતીરે, હો ગીરધારી ૨
ત્રીજે ત્રીકમ તન મારાં તરફડતાંરે, ગીરધારી.

ગોકુળીયામાં ઘેલાં ઘેલાં ફરતાંરે, હો ગીરધારી. ૩
ચોથે ચતરભુજ શરણે રાખોરે, ગીરધારી,
હરી સુખ દુખ કેરી વાત અમશું ભાખોરે, હો ગીરધારી. ૪
પાંચમે પુરશોતમ કેમ વીસારીરે ગીરધારી;
પ્રીત કરી કેમ મુકી વ્રજની નારીરે, હો ગીરધારી. ૫
છઠીને દીન છોગાળો જો આવેરે. ગીરધારી;
વાંસલડીના શબ્દે વન બોલાવોરે, હો ગીરધારી. ૬
સાતમે શામળીઆ વીણુ નવ ગમતુંરે, ગીરધારી:
રહે મનડું મારૂં ગીરધર પાછળ ભમતુંરે, હો ગીરધારી. ૭
આઠમે અલબેલા અંતરજામીરે ગીરધારી;
લ્યો દાશીને સંગાથ ગરૂડાગામીરે, હો ગીરધારી. ૮
નોમે નઉતમ ખેલ કર બ્રીજવાસીરે ગીરધારી;
ન ગોડે ગોવિંદ ખેલ રહું ઉદાશીરે, હો ગીરધારી. ૯
દશરાને દીન સરવ સજે શણગારરે, ગીરધારી;
પણ હરી વિણુ લાગે આગ તણા અંગારારે, હો ગીરધારી ૧૦
એકાદશીએ ઓછવ તે નવ ગમતારે, ગીરધારી,
અલબેલા કામાગ્નિ રહે છે દમતોરે, હો ગીરધારી: ૧૧
બારશે બહુ વિધથી ખેલે બાળારે ગીરધારી;
આ કારણે મુકી ગયા મને ગોવાળારે, હો ગીરધારી ૧૨
તેરશે આ તનડું ફટકી જાયરે, ગીરધારી;
મોહન વીના તો મંદીર ખાવા ધાયરે, હો ગીરધારી. ૧૩
ચોદશે ચીતમાં ગઇ છું ચુકીરે; ગીરધારી;
માત પીતાની લજ્જા મેં તો મુકીરે. હો ગીરધારી. ૧૪
પુનમે દીન પુરણ પ્રગટ ચંદરે, ગીરધારી;

પણ શામળીયા વીણુ કરે અતિ આક્રંદરે, હો ગીરધારી ૧૫

આ પંદર તિથી હરી વિયોગ દુ:ખની ગાશેરે, ગીરધારી;

ગોવર્ધનના સ્વામી પરશન થાસેરે, હો ગીરધારી ૧૬

પંદર તીથીઓ.

પડવાની પણ પ્રીત ગતમતભુલીરે,
મારા હરી વીના એક વાત સર્વે સુનીરે. ૧
બીજે બાળે વેશ રહીશું બાળીરે,
આ ઘરમાં કેમ રહેવાય વાગે તાળીરે. ૨
ત્રીજે ત્રીભોવનરાય મંદીર પધારોરે.
હરી આવોને આપણે ઘેર હેત વધારોરે. ૩
ચોથે ચંચળ નાર ચતુરાં ચાલેરે,
પેલો વડોદરાનો વધ્દ દુ:ખડાં ટાળેરે. ૪
પાંચમના પડદા હરી શું રાખ્યારે.
મારે પ્રેમરસ પીવા કાજ હરીરસ ચાખ્યારે ૫
છઠ્ઠીના લખીયા લેખ તે કેમ ટળસેરે,
મારે પેલા ભવની પ્રિત આવી મળસેરે. ૬
સાતમના સંતાપ હરી શું અમનેરે,
આ શું કહીએ માહારાજ લાજ નહી તમનેરે. ૭
આઠમે ઓછવા થાય હરી હોય હેલીરે,
મારે સોળ ગોપીઓનો સાથ રમવા ઘેલીરે ૮
નોમે નમેરા નાથ નગણા ન થઇયેરે
ગોકુળીયું મેલી મથુરાં ન જઇએરે. ૯

દશમે દીનરાત દેહી મારી દાઝેરે
ઘેર નાવલીઓ રીસાય તે ઘણું સાલેરે. ૧૦
એકાદશીનાં વ્રત મારે કરવારે,
શ્રી જમુનાજીનાં ધ્યાન મારે ધરવારે. ૧૧
દ્વાદશીને દહાડે દરશન દેજોરે,
મારા શામળીયા ભગવાન સન્મુખ રહેજોરે. ૧૨
તેરશના તો તંત અમારા ફુટયારે,
આ હરીહરી કરતાં હોઠ અમારા સુકયારે ૧૩
ચઉદશે તો ચતુર નર શું વંકાયારે.
ઘેર રાધા સરખી નાર શું રીસાયારે. ૧૪
પુનમે પંદર તીથો થઈ કહાવેરે,
મુને સેજડીએ સુતાં નીદ્રા ના આવેરે. ૧૫

પંદર તિથીઓ.

હરી હઠ મેલને રાધે મેરી સંગ બોલને રાધે;
અબોલા બોલને રાધે, ઘુંઘટડા ખોલને રાધે:
કહ્યા મેરા માનને ને રાધે. ૨૬.
પડવે મોરી સાહેલડી, પિયુજી વાડીયે જાય;
પિયુજી લાવે દાડમ, ગોરી છોલેને પીયુજી ખાય;
હરી હઠ મેલને રાધે ૧
બીજે મોરી સાહેલડી, બાબોજ ઉગ્યો ચંદ,
દાડમ ફોરી દંતડે ઘોરી આ શો માંડયો છે ફંદ,
હરી હઠ મેલને રાધે. ૨
ત્રીજે મોરી સાહેલડી તરીઆજ વારેવાર,

આ શું ભુલી સુંદરી, ભુલી કંકુને કાજળ સાર,
હરી હઠ મેલને રાધે ૩

ચોથે ચમકતી મેં સુણી જોબન બાળે વેષ,
ભરજોબનમાં એકલી જેના પીયુ ગયા પરદેશ;
હરી હઠ મેલને રાધે ૪

પાંચમે મોરી સાહેલડી, પંથ પલંગ કંથ દુર;
ભરજોબનમાં એકલી મારૂં જોબન જાય ભરપુર
હરી હઠ મેલને રાધે. ૫

છઠે મોરી સાહેલડી છઠીજ વારોવાર
પરદેશી રાજ પધારશે, આપણે બેશીશું હારોહાર;
હરી હઠ મેલને રાધે. ૬

સાતમે મારી સાહેલડી સાતેજ કીધો સ્નેહ;
ચોમાસાની રત ચોકણી, ઝીણા ઝરમર વરસે મેઘ
હરી હઠ મેલને રાધે. ૭

આઠમી મોરી સાહેલડી આઠજ જોડા જોડ;
પરદેશી રાજ પધારશે, આપણે બેસીશું મોડામોડ.
હરી હઠ મેલને રાધે. ૮

નોમે મારી સાહેલડી, નવલાંજ પહેરં ચીર;
દીપક લઈ મેહડે ચડું મારે નયણે વછુટયાં નીર;
હરી હઠ મેલને રાધે. ૯

દશમે મોરી સાહેલડી. દશરા પુજવા જાય,
પુજ્યા તે નર પામીઆ મારા રાયજાદા અસવાર;
હરી હઠ મેલને રાધે. ૧૦

અગીઆરશે મોરી સાહેલડી, મેં કીધી શીવરાત
પરોઢીએ ઉઠી પારણા કર મને કૃષ્ણ જોવાની ઘણી ખાંત

હરી હઠ મેલને રાધે. ૧૧
બારશે મોરી સાહેલડી, આરજ બાંધ્યાં બંધ
કસનારા નર કરી ગયા. એ તો કદીએ ન છુટે બંધ:
હરી હઠ મેલને રાધે. ૧૨
તેરસે મોરી સાહેલડી વાહળ વાધ્યો રંગ;
ઓસડની બુટ્ટી એકછે, મને ડસીયા કૃષ્ણ ભોરંગ:
હરી હઠ મેલને રાધે. ૧૩
ચઉદશે મોરી સાહેલડી પાસા લીધા હાથ;
મેં જાણ્યું પડશે પાધરા. એતો પડીઆ છે બારે વાટ:
હરી હઠ મેલને રાધે. ૧૪
પુનમે મોરી સાહેલડી પુરીજ કરજો આશ;
મેં જાણ્યું હરી આવશે હવે થઇ બેઠી છું નિરાશ:
હરી હઠ મેલને રાધે ૧૫

પંદર તિથિઓ.

સખી પડવે તે પંથે ચાલ્યારે મહાવનના તે મારગ ઝાલ્યારે;
સાથે સીતા ને લક્ષ્મણ બાળા, રઘુપતિરામ રૂદયમાં રહેજોરે. ૧
સખી બીજે મઢીમાં બીરાજેરે એવાં નદીઓ તણાં નીર ગાજેરે;
રામ મેલી ગયા રૂડું ગાજે, રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે. ૨
સખી ત્રીજે તે વન કેરી ઝાડીરે. દશ ફળ અંબાવે છે ફલાડીરે;
સારી શોભે સીતાજીની વાડી, રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૩
સખી ચોથે કેવડીયો મહેકેરે, ફાલ્યો ફુલ્યોને મોગરો લેહેકેરે
એવી લીલી લતાઓ લેહેકે રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૪
સખી પાંચમે પોપટ બોલ્યોરે, પાંખ લીલીને કાંઠલો કાળોરે;

સુખે રામ ભણુતો ભાળ્યો રઘુપતી રામ રૂદયમાં રહેજોરે. ૫
સખી છઠે છેતરવાને આવ્યોરે કુડો કપટી રાવણુ સાથે લાવ્યોરે;
એ સુખનો મરગ બનાવ્યો, રઘુપતી રામ રૂદયમાં રહેજોરે. ૬
સખી સાતમે શ્રીહરી સમર્યારે, વાડી બેળી ઉરાડયા છે ભમરારે;
દુખ સાહિને તાણ્યા છે ડમરા, રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૭
સખી આઠમે એને નીહાળ્યોરે ધનુષ ધારીને મૃગલો માર્યોરે;
મૃગ મરતી વખતે પોકાર્યો, રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૮
સખી નોમે તે નાંખ્યો તીરરે, જઈ વાગ્યો છે મૃગ શરીરરે;
વારે વાજો લક્ષમણુ વીર રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૯
સખી દશમે કહે લક્ષમણુનેરે બેલી વીરો બોલાવે છે તમનેરે;
આડી આણુ દીધી છે અમને, રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૧૦
સખી એકાદશી અપવાશીરે, લંપટ લેવાનો લાગ તપાસીરે;
રાવણુ સીતાને લઈ ગયો નાશી, રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૧૧
સખી બારશે હનુમાન બળીયારે, શ્રેષ્ઠી સમુદ્ર પાર નિકળીયારે;
જઈ જોગમાયાને મળીયા, રઘુપતી રામ રૂદયમાં રહેજોરે. ૧૨
સખી તેરશે ત્રંબાળુ ગાજેરે, હાક હનુમાન કેરી વાગેરે
લાગ્યા લંકા તે ગઢમાં લાગે, રઘુપતી રામ રૂદયમાં રહેજોરે. ૧૩
સખી ચઉદસે ચિત વિચારીરે, ફોજ વાંદરાની રચી સારીરે;
રામે રાવણુ નાંખ્યો મારી, રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૧૪
સખી પુનમે પ્રભુજી આવ્યારે થાળ ભરી મોતીડે વધાવ્યારે;
માતા કઉશલ્યાને મન ભાવ્યા, રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૧૫
સખી પંદર તથો થઇ પુરીરે એમાં એકે નથી અધુરીરે;
આત્મારામની વાણી મધુરી, રઘુપતી રામ રૂદયમાં રહેજોરે. ૧૬

જ્યારે રામચંદ્રજી તથા લક્ષ્મણજી વનવાસ ચાલ્યા ત્યારે સીતાજીએ કહ્યું કે હું પણ સાથે આવીશ, તે સમે રામચંદ્રજીએ કહ્યું કે તમે પિયેર જાઓ અથવા અહીં રહો.

તે વિષેનું ધોળ. ૨

[મામેરૂં મોઘા મુલનું.] એ રાગનું પણ તેમાં એક ડોઢ જાસ્તી વળે છે.

રામ લક્ષ્મણ વનમાં સીધાવતાં, સતી સીતાને આવતાં સાથ
કહે રઘુનાથ; પધારો પિયર ભણી.
નહિ તો અહીં રહો સસરાના રાજમાં હેતે હળી મળી સાસુ
સંગાથ નહિ તો જોડી હાથ, પધારો. ૧
અમે વસ્તીમાં નહિ વસીયે વનીતા, અમે કરશું જઇ વનવાસ,
તમે પામો ત્રાસ; પધારો૦
સાથે રથ કે ઘોડું નહિ રાખીએ નહિ રાખીએ દાસી કે દાસ,
કોઇ અમ પાસ; પધારો. ૨
તમે કોશનો પંથ કીધો નથી, ચરણે ચાલવાથી પામો થાક,
લીટી ખેંચો નાક; પધારો૦
અમે વનફળ ખાઇ ખુશીમાં રહેશું, કોઇ દિવસે તો કેવળ શાક,
વિન લુણ પાક; પધારો. ૩
વનમાં નથી મંદીર નથી માળીયાં, નથી પહોડવા કાજ પલંગ,
રંગીત નવ રંગ; પધારો૦
કરશું ઘાસ કે પાનની ઝુંપડી, સુવા સાથરો તે ખુચે અંગ,
એમાં શો ઉમંગ; પધારો. ૪
વનમાં હીરનાં ચીર તો નહી મળે, વનમાં નહિ મળે ફુરતાં,
ફુલેલ કે તેલ ફુલેલ; પધારો૦

વનમાં નહી મળે શાણી સાહેલીઓ, કરશે। કે સંગ ખાંતથી,
એલ ઉમંગ ભરેલ; પધારો. ૫
ઉષ્ણુકાળે વાશે ઊંના વાયરા, એવું દેખીને થાશો ઉદાસ,
જ્યારે જેઠ માસ; પધારો૦
વરસે મેઘને ઝબકશે વીજળી, તેવે ટાણે તો તરૂ તળે વાસ.
નહીં છત્ર પાસ; પધારો. ૬
વનમાં ઘાતકી રહે છે રાક્ષસ ઘણા, ચારે તરફ ફરે બહુ ચોર,
જેનું ઘણું જોર; પધારો૦
વનમાં વાઘ વરૂને વાંદર જેવાં ઘણાં વિચરે જનાવર ઘોર,
બચે નહિ ઢોર; પધારો. ૭
મોટા પર્વત દેખીને માનની, તમને નજરે જોયા નહિ જાય;
દીઠે ખાવા ધાય, પધારો૦
તમે રાજકન્યા કાયા કોમળી, વનવાસનાં દુઃખ ન વેઠાય,
કાયા કરમાય; પધારો. ૮
રસ્તમાં અંધારૂ દેખી ડરો ઘણાં, નથી નિસર્યાં કદી ઘરબાર,
છો નાજુક નાર; પધારો૦
તમે છોટી ઉમર સોળ વર્ષનાં, નથી સંકટ વેઠયાં લગાર,
તમે કોઈવાર; પધારો. ૯
પરણી આવીને પીઅર ગયાં નથી, તમને મળવાને ઇચ્છે છે,
માય ચોંપે ચિત થાય; પધારો૦
રાજા જનકજી તમને ઝંખે ઘણા, તેમના સંદેશા આવે સદાય,
તેડાં પાછાં જાય. પધારો. ૧૦
ભાત ભાતનાં ભોજન ભાવતાં, તમને મોકલશે મહિપાળ,
મુરારીને લાળ. પધારો૦

અમે અવધે ફરી જ્યારે આવશું, લેશું સ્નેહી તમારી સંભાળ,
ત્યારે તતકાળ; પધારો. ૧૧

રૂડી મિથિલાપુરી મન માનતી, તેમાં પામશો પરમ વિરામ,
બાપને ગામ; પધારો૦

ગોરી તમને ગમે તેમ હું કરૂં, એમ દલપતરામનો સ્યામ,
કહે રાજા રામ. પધારો પિયર ભણી. ૧૨

પછી સીતાજી બોલ્યાં તેનું ધોળ.

રાગ ઉપર પ્રમાણે.

એવું સાંભળી સીતાજી કહે સુણો સુંદરસ્યામ સુજાણ,
પ્યારા મારા પ્રાણ સાથે રાખો સ્નેહથી.

જુદાં પડવાની વાત વાલા કહો, તેનો બોલ લાગે તીક્ષણ,
બાણ રઘુકુળ ભાણ; સાથે રાખો.

સ્વામી જ્યાં તમે ત્યાં ઘર માહરૂ, તમથી વેગળી તે પરદેશ;
હું જાણું હમેશ; સાથે રાખો ૧

તમે જોગીનો વેશ જો ધારશો, તો હું જોગણનો ધરૂં વેશ,
જટા કરૂં કેશ; સાથે રાખો.

સ્વામી તમેરે સુખી તો સુખ માહરૅ, તમે દુઃખમાં તો દુઃખ
મારે દેહ એમાં શો સંદેહ; સાથે રાખો. ૨

જે કોઇ પરણ્યા પછી રહે પીયરમાં, અવતાર બળ્યો ધીક,
એહ મુવા જેવી તેહ. સાથે રાખો.

સ્વામી તમ વીના મંદીરને માંળીઆ; ભાસે પર્વત મોટા,
સમાન વસ્તી તો વેરાન. સાથે રાખો ૩

મહાવનમાં ભરી વસ્તી ભાસસે, જ્યારે પામીશ દર્શન દાન,

કૃપાના નીધાન. સાથે રાખો.

સાસુ સસરાને માત પીતા સહુ, ભલે જીવો કરો રૂડાં રાજ,
મને મહારાજ, સાથે રાખો૦ ૪

સ્વામી શું કરૂં બાઇ ભોજાઇને સ્વામી શું કરૂં સધ્ધર સમાજ
કેનું નથી કાજ. સાથે રાખો૦

સાચું સગપણ જગમાં સ્વામી તણું બીજો સ્વાર્થી સગળો
સંસાર કુટુંબ પરીવાર. સાથે રાખો૦ ૫

મારા લાડ પાલણુ તમે લાલજી, બીજો નથી આંસુનો લુહાર
કે એકે આધાર; સાથે રાખો૦

કાયા પ્રાણ થકી જો જુદી રહે, તો હું તમથી જુદી પડી છેક
જીવું તજી ટેક; સાથે રાખો૦ ૬

જો કોઇ જળથી જુદી પડી માછલી રાખે હુવમાં કરી વીવેક.
જીવે પળ એક; સાથે રાખો.

તમે સુખના સાગર રહો વેગળા, પછી શું કરૂં રાજ ને પાટ;
હવેલીના ઠાઠ; સાથે રાખો૦ ૭

મને હીરનાં ચીર ગમે નહિ, મને ન ગમે ઘરેણાંના ઘાટ.
અટાંડા ક્યાટ; સાથે રાખો.

હું તો તમને દીઠે થાઉં દેખતી, અણુ દીઠે તો આંધળી ભીત,
જન્મની એ રીત; સાથે રાખો. ૮

મેં તો સ્નેહ તોડયા સહુ લોકથી, બાંધી તમ સંગે પુરણ પ્રીત,
ચોરાયું છે ચીત, સાથે રાખો.

જમવું જીવન તમથી જુદા પડી, હોય વિધવિધનાં પકવાન,
તે વિખનાં નીશાન સાથે રાખો૦ ૯

કરીએ ભોજન તમ સંગે ભાવથી, હોય કેવળ શાકને પાન,

તે મેવા સમાન, સાથે રાખો.

પડશે તડકાને તાપ વૈશાખના તે તો જાણીશ ચંદ્ર પ્રકાશ, રહી તમ પાસ; સાથે રાખો૦ ૧૦

મુજને મેલીને પંથ પધારશો, આવી મળવાની ધરશો ન આશ, નિશ્ચે પામું નાશ; સાથે રાખો૦

કરતી વાત ઢળી પડી ધરણીએ, નારી જનકી થઇ છે નીરાશ, કહે લેતી શ્વાસ; સાથે રાખો. ૧૧

દયા કરી દેવ દલપતરામના, સતી સીતાને દેખી ઉદાસ, જતાં વનવાસ. સાથે રાખ્યાં સ્નેહથી ૧૨

રામચંદ્રજીએ સીતાજીને કાગળ લખ્યો તેનુ ધોળ.

આમેરૂં મોધા મુલનું—એ રાગ,

સ્વસ્તિશ્રી પુર લંકા સોહામણી,
જ્યાં રાજે છે જનક કુમારી, પ્રિતમ લખે પ્યારીને
રહો અખંડ એવાતણુ તમતણું,
એવી આશીશ વાંચો અમારી પ્રીતમ લખે પ્યારીને. ૧
ગોરી દૈવના જોગે જુદાં પડયાં
પણ પ્રાણુ મારા તુજ પાસ; પ્રીતમ.
એસુ બાગ બગીચે કે બંગલે
રહું તમ વિના અધિક ઉદાસ. પ્રીતમ. ૨
તારા સ્નેહ ઘડીએ ઘડી સાંભરે
તારો ભાવ ભુલ્યો કેમ જાય, પ્રીતમ.
તારા હેતથી હૈડું ભરાય છે,
તે તો લેખણુથી ન લખાય. પ્રીતમ. ૩

મારે અર્થે તમે બાળપણુ થકી.
તજ્યો સઘળો પીયર પરિવાર; પ્રીતમ.
મારાં લેશ વચન નહિ લોપિયાં,
નથી કોપિયાં કદીએ લગાર. પ્રીતમ. ૪
તારી નમ્રતા અત્રતથી ગળી
વળી શોભીતો શાન્ત સ્વભાવ: પ્રીતમ.
જેથી મનની ઉદાસ તુરત ભાટે,
તારા બોલનો એવો બનાવ. પ્રીતમ. ૫
ગોરાંદે તારા ગુણ કેમ વીસરે,
કેમ વીસરે વીલાપ ભર્યાં વેણુ; પ્રીતમ.
હેતે હસ્તુ વદન તારૂ વનીતા,
મારાં નીરખવા તલપે છે નેણુ. પ્રીતમ. ૬
દિવસે તુજ વિના દિલમાં ગોઠે નહી;
પીવું પાણી કે જમવું અનાજ. પ્રીતમ.
રાતે રોઇને આંખ્યો રાતી થઇ;
લોક પુછે તો આવે છે લાજ પ્રીતમ. ૭
ગોરી મનમાં ધીરજ ધરી રાખવી;
કાલે ભાગશે ભવના વીજોગ. પ્રીતમ.
જેથી રીજ આપણને જગપતિ,
એવો અહોનિશ કરજો ઉદ્યોગ. પ્રિતમ. ૮
જે જે વૃદ્ધ પાડોશીયો શુદ્ધ છે,
તેને પ્રીતથી કહેજો પ્રણામ; પ્રિતમ.
વીલીક્ષણ મારા મીત્ર પવીત્રને,
કહેજો જરૂરનું હોય જો કામ. પ્રિતમ. ૯

જોઇતી વસ્તુ જરૂર મંગાવજો,
કશી વાતે મુઝાશો ન મન; પ્રીતમ૦
કાશે દેખીશું દીવસ આનંદના,
જાશે વીસરી દુઃખે ભર્યાં દન. પ્રીતમ. ૧૦
જે જે પ્યારી તમારી સાહેલીયો.
તેને પણ મારા કહેજો જુહાર; પ્રીતમ૦
સાસુ સસરાની આશીષે સુંદરી
મળશું ભામની ને ભરથાર. પ્રીતમ૦ ૧૧
વધે સ્નેહ ને સંપ સુજન સાથે
તેવા તન મન રાખજો ટેવ; પ્રીતમ૦
અમે થોડી અવધે હવે આવીશું;
એમ દલપતરામનો દેવ, પ્રીતમ લખે પ્યારીને. ૧૨

પંદર તિથિઓ.

પુનમે અમને પુરણ દરશન દેજોરે છોગાળા;
દયા કરી મારી દેહીનાં દુખડાં ખોજોરે મોરલીવાળા ૧
પડવે આવી પકડો મારી બાંહરે, છોગાળા;
કંઇ સતગુરની શીતળ રાખો છાંયરે મોરલીવાળા ૨
બીજે મારી બાળક બુધી કાપોરે છોગાળા;
દયા કરીને શીતળ સુખડાં આપોરે, મોરલીવાળા ૩
ત્રીજે હું તેમ તત્પર થઇને બેઠીરે છોગાળા;
મુખની વાણી મુજને લાગી મીઠીરે. મોરલીવાળા ૪
ચોથે ચતુરા શું થયા છો ચુકીરે છોગાળા,
કાંઇ લેહ લાગી મેં લાજ સરવની મુકીરે, મોરલીવાળા ૫
પાંચમ પુરણાહુતી કહેવાયરે છોગાળા;

મુજથી હરિ વિના ઘડીએ ન રહેવાશરે. મોરલીવાળા. ૬
છઠ્ઠીના લખ્યા લેખ તે કેમ ટળશેરે, છોગાળા;
મુજ પતિવ્રતાનાં કારજ કરવાં પડશેરે. મોરલીવાળા. ૭
સાતમે હું ગુણ તમારા ગાતીરે છોગાળા;
આ મોરલીને શબ્દે હીંડુ માતીરે. મોરલીવાળા. ૮
આઠમે અવતરીઆ અંતરજામીરે, છોગાળા;
જાદવકુળમાં જન્મ્યા છો અંતરજામીરે. મોરલીવાળા ૯
નોમે કરવાં નરપતીનાં કામરે, છોગાળા;
મુજ મંગળકારી ગયા મથુરાં ગામરે. મોરલીવાળા. ૧૦
દશમે આવી દાવાનળ કોપ્યોરે, છોગાળા;
મામો કંસ મારી રણુસ્થંભ રોપ્યોરે. મોરલીવાળા. ૧૧
એકાદશીના પડદા આવી ખોલોરે, છોગાળા;
કાંઇ અંતરજામી અમ સંગાથે બોલોરે મોરલીવાળા ૧૨
બારસે વંદ્રાવન રસ્તો ઝાલોરે, છોગાળા;
મુજ આયુપ જીવને શું મેલો છો વીલોરે, મોરલીવાળા ૧૩
તેરસે કાંઈ ચરણ કમળ ચીત્ત લાગ્યુંરે છોગાળા;
કંઈ જનમો જનમની ભકતી તમારી માગુરે મોરલીવાળા ૧૪
ચઉદસે ચરણ કમળની દાશીરે છોગાળા;
મુજ મંગળકારી ગયા મથુરા નાશીરે મોરલીવાળા ૧૫
અમારી કાંઇ ધરણીધર કહેવાયરે છોગાળા;
કાંઇ નરસિંહ મહેતો ગુણ તમારા ગાયરે મોરલીવાળા ૧૬

પંદર તિથિઓ.

પડવે પાતાળીઆ ગીરધારી મારે ઘેર આવજોરે લોલ;
બીજે બાળક બેહુ બાહારકે મેં સમજાવીયુંરે લોલ;

ત્રીજે ત્રણ ભુવનનો નાથ. મોતીડે વધાવીએરે લોલ;
ચોથે ચંચળ બોલી નાર મથુરાની વાટમાંરે લોલ.
પાંચમે પગલાં ભરજો પ્રેમ કે મારે ઘેર આવજોરે લોલ;
છઠે છોગાળા ભગવાન કે ભગતને તારજોરે લોલ;
સાતમે સાદ કરે એક નાર કે ગોકુળ ગામનીરે લોલ,
આઠમે અવતરીઆ ભગવાન કે નીરખુ નાથનેરે લોલ;
નોમે નરત કરે એકનાર કે ગોકુળ ગામનીરે લોલ;
દશમે મામો માર્યો કંસકે મથુરાની વાટમારે લોલ:
એકાદશી પરણી લાવ્યા નાર કે સતભામા ખરીરે લોલ;
બારશે બહુ બળીઆ ભગવાનકે દીશોદીશ વાપીઆરે લોલ;
તેરશે ધન ધુવે એક નાર કે ગોકુળ ગામનીરે લોલ;
ચઉદશે બનસી વટને ચોક કે રાસ રમાડજોરે લોલ.
પુનમે પંદર તીથો થઈ પુરી કે ગુણ ગાઇ રહીરે લોલ.

મલાવરાવનો રાસડો.

પીતળ લોટા જળે ભર્યારે દાતણ કરતાં જાઓરે મલાવરાવ:
સેહેરનો સુબો કયારે આવશેરે..

દાતણ કરશુ વાડીએરે ફરતી ફીરંગીની ફોજરે મલાવરાવ શે૦ ૧
ચીની તે પ્યાલા તેલે ભર્યારે; મર્દન કરતા જાઓરે મલાવરાવ શે૦
મર્દન કરશુ વાડીએરે ફરતી ફીરંગીની ફોજરે મલાવરાવ. શે૦ ૨
તાંબા તે કુંડીઓ જળે ભરીરે નહાવણુ કરતા જાવરે મલાવરાવ શે૦
નહાવણ કરશુ વાડીએરે ફરતી ફીરંગીની ફોજરે મલાવરાવ શે૦ ૩
રાંધી રશોઇયો એમ રહીરે ભોજન કરતા જાઓરે મલાવરાવ શે૦
ભોજન કરશું વાડીએરે ફરતી ફીરંગીની ફોજરે મલાવરાવ શે૦ ૪
પાન સોપારીને એલચીરે મુખવાસ કરતા જાવરે મલાવરાવ શે

મુખવાસ કરશુ વાડીએરે ફરતી ફીરંગીની ફોજરે મલાવરાવ શે૦ ૫
સોના તે કેરા સોગટારે રમત રમતા જાઓરે મલાવરાવ. શે૦
રમત રમશુ વાડીએરે ફરતી ફીરંગીની ફોજરે મલાવરાવ. શે૦ ૬
ઢીચણ સામો ઢોલીઓરે પોઢણ કરતા જાઓરે મલાવરાવ શે૦
પોઢણ કરશુ વાડીએરે ફરતી ફીરંગીની ફોજરે મલાવરાવ. શે૦ ૭
ક્યાંથી આવ્યા પીટયા જંગલારે માથેટોપી બુરોબેશરે મલાવરાવ શે૦
રાણી રવે રંગ મહેલમારે દાસીઓ રવે દરબારરે મલાવરાવ શે૦
શહેર છોડી સુબો નીસર્યોરે લીધી નડીઆદની વાટરે મલાવરાવ શે૦
હાટે રવે હાટ વાણીઆરે ચોરે રવે ચારણ ભાટરે મલાવરાવ શે૦

ભાગ ૮ મો.

અભિમન્યુનો ચકાવો.

સરસ્વતી સ્વામીને વીનવુંરે ગણપતે લાગુ પાયરે;
અજોધ્યા નગરીમાં દહીતનો વાસો તેનાં તે મસ્તક છેદોરે.
દહીત કાળે કૃષ્ણે કજીઆરે માંડયો,
દહીતોમાંથી દહીતાણી નાઠા ગયા ગયામાંહી રે,
વનમાં જઈ અર્ઘલોચન જન્મ્યા.
સોના કામદડીને રૂપાના ભાલા અર્ઘલોચન રમવા નીસર્યારે,
જઈ રહ્યા જઈ રહ્યા વગડા વચ્ચે.
વનરે વગડામાં એક પંખી જનાવર;
તેરે જનાવર અર્ઘલોચનને માર્યો, ડોશી તે મેણાં બોલીરે;
બહુ છે બળીઓ બહુ બળવંતો,

એવો છે તો તારા બાપનું વેર લેને.
ત્યાંથી અહલોચનને ઝાળો લાગી, આવી રહ્યા ઘર આંગણુરે;
કે મારી મા મારો બાપ કેણે માર્યો.
બારે બીરે વર્ષે દીકરા બાપ કેમ સાંભર્યો:
ડોશી તે મેણું બોલીરે,
તારો બાપ તે કાળા કૃષ્ણુએ માર્યો.
બબે કોડો લઇ અહલોચન ચાલ્યા, જઇ રહ્યા વન વચોરે.
વનરે વગડાનાં લીલાં વૃક્ષરે વાઢ્યાં;
કાળાં ડાળાં પડયાં સુક્યાં થડીયાં ઉપાડ્યાં.
લાકડાની બાંધી ભારીરે;
ત્યાંથી અહલોચન સુતારી ઘેર આવ્યો.
ભાઇરે સુતારી તું મારો વીરો પેટી ઘડી તું મને આપરે.
બોતેર ખાનાને એક કોઠો,
ત્યાંથી અહલોચન લવારી ઘેર આવ્યો;
ભાઇરે લવારી તું મારો વીરો, આ મને પેટી જડી આલરે.
છત્રીસ તાળાં ને બત્રીસ કુંચીઓ;
ત્યાંથી અહલોચન ચીતારા ઘેર આવ્યો.
ભાઇરે ચીતારા તું મારો વિરો, પેટી ચીતરી આલ સારીરે,
ત્યાંથી અહલોચન દરજીડા ઘેર આવ્યો,
ભાઇરે દરજીડા તું મારો વીરો. આની મને ગાદી સીવી આલરે,
પેટી ઉપાડી અહલોચન ચાલ્યો,
જઇ રહ્યો વગડારે વચ્ચે, વડની છાંયે પેટી મુકીરે.
બ્રાહ્મણુ વેશે કાળા કૃષ્ણુજી આવ્યા.
ક્યાં જાઓ છો મારારે જજમાન, કૃષ્ણુનું વેર વાળવા જાઉરે;

કહો ગોરજી કાળા કૃષ્ણ કેવારે હશે,
તુજ સરખાને તારારે જેવા દેહી પ્રમાણું આલોરે,
લ્યો મારા ગોરજી દેહીનું પ્રમાણું.
ત્યાંથી અહલોચન પેટીમાં સમાણા, કાળા કૃષ્ણે તાળાં અટકાવ્યાંરે,
ગોર મારા ગોર મને બહાર કાઢો.
કોણ તારો ગોર તું કોનો જજમાન, હું છું કાળો કૃષ્ણરે,
પેટી હતી તે આકાશે ઉડાડી;
આકાશના દેવતારે જગાડયા, આ જુદ્ધ કોણે માડયાંરે;
અહલોચનને કાળા કૃષ્ણએ માંડયાં,
પેટી હતી તે પાતાળે પછાડી, પાતાળના શેશનાગ ડોલ્યારે.
આવું તે જુદ્ધ કોણ માંડયું,
અહલોચન ને કાળા કૃષ્ણે માંડયું તેનો થયો ખડભડાટરે.
ત્યાંથી અહલોચન મૃત્યુરે પામ્યા.
ખભે પેટીને કાળો કૃષ્ણજી ચાલ્યા, જઈ રહ્યા દ્વારકાં ગામરે:
પેટી હતી તે સુભદ્રાને આપી,
જોજોરે એની આ પેટી ઉઘાડતાં સાચવી રાખજો પાસેરે.
નણંદ ભોજાઇ બે માથારે જુવે,
નણુદલ તમારા ભાઇ શું લાવ્યા તે મુજને દેખાડોરે.
પેટી હતી તે સુભદ્રાએ ઉઘાડી.
ભાઈનું કહ્યું સુભદ્રાએ ન માન્યું શ્વાસમાં વાસ સમાઈ ગયોરે,
પેહેલોરે માસ એળેવેળે ગયો.
બીજેને માસે સઘયરને સંભળાવ્યું ત્રીજાને મરમ ન જાણ્યોરે;
ચોથે માસે માતાને સંભળાવ્યું,
પાંચમે માસે બાંધીને રાખડી છઠે તે કહીયલ દુધરે;
સાતમેને માસે ખોળો ભરાવ્યો.

ખોળા ભરાવીને મહીયર વળાવ્યાં આઠમાને મરમ ન જાણ્યોરે,
નવમેને માસે અભેમન્યુ જન્મ્યા.
સોનાની સળીએ નાળ વધેર્યો પાણી સાટે દુધડે નવરાવ્યારે;
ચીર ફાડીને બાળોત્યાં કીધાં.
જાદવનાંરે પારણાં બંધાવ્યાં ચોખા હાથે મોતીડે વધાવ્યારે,
સાત પાંચ વરસના અભેમન્યુ થયા;
લેઇ પાટીને ભણવા ગયા ભણી ગણી નવછંદા થયારે;
પોતાના કાકા સગાઇઓરે લાવ્યા,
ઓતરા અભેમન્યુ તારીરે નારી વઇરાટની કુમારીરે.
લીલાને પીળા વાંસ વઢાવો નવરંગી ચોરી ચીતરાવીરે,
ત્યાંથી અભેમન્યુ પરણવા ચાલ્યા સારા તે શુકન થાયરે.
ત્યાંથી અભેમન્યુ સરોવરીએ આવ્યા સુકાં સરોવર લીલાં થાયરે,
ત્યાંથી અભેમન્યુ ભાગોળે આવ્યા ભાગોળે ભેરો વગડાવોરે;
ત્યાંથી અભેમન્યુ ચઉટામાં આવ્યા ચઉટામાં ચમર ઢોળાવોરે;
ત્યાંથી અભેમન્યુ જાનીવાસે આવ્યા સાસુજી પોંખવા આવ્યાંરે,
ત્યાંથી અભેમન્યુ તોરણે આવ્યા મામાજી કન્યા પધરાવોરે;
ત્યાંથી અભેમન્યુ ચોરીમાં આવ્યા મામાજી દ્યો કન્યાદાનરે.
પેહેલુને મંગળ વરતને વરતુ દાદાજી દ્યો કન્યાદાનરે;
દાદાજીએ આપ્યાં ઘોડીલાનાં દાન;
બીજું ને મંગલ ચોરીમા વરત્યું માતાજી દ્યો કન્યાદાનરે.
માતાજીએ આલ્યાં ગાવડીઓનાં દાન,
ત્રીજુ ને મંગળ ચોરીમાં વરત્યું વીરાજી દ્યો કન્યાદાનરે
વીરાએ આલ્યાં વેલડીઓનાં દાન,
ચોથું મંગળ ચોરીમાં વરત્યું ભાભીજી દ્યો કન્યાદાનરે.

ભાભીએ આલ્યાં ઝોટડીઓનાં દાન
ત્યાંથી અભેમન્યું પરણીને ઉઠ્યા માતાને પાએ લાગ્યારે
પોતાની માએ આશીશરે આલા
ઘણું જીવો દીકરા ઘણો આવરદા ઓતરા તારી નારીરે;
જોજે અભેમન્યુ તારીરે ગોરી ગોરી છે ગુણવંતીરે
અમારા તે કુળમાં એવીરે રીતો વર સાથે કન્યા ન હોયરે
પહેલાંરે પહોરના શમણાંરે લાગ્યાં
આરે શમણામાં કોરાં કાંકણુરે નંદ્યાં;
આરે શમણામાં દીકરી આંળ પંપાળ, તારા શમણાં પડો સુકે લાકડેરે.
ત્રીજામતે પોહોરનાં શમણાંરે લાગ્યાં;
અરે શમણામાં કેરાં ઘારચોળાં પહેર્યાં.
શમણાં દીકરી આળપંપાળ, સમણાં પડો રાંડી રેડીએરે
ત્રીજેરા પોહોરનાં શમણાંરે લાગ્યાં.
આરે શમણામાં રાયકો આણેરે આવે;
એરે શમણાં દીકરી આળપંપાળ, શમણાં પડો સમુદ્ર બેટમાંરે.
ચોથેરા પહોરનાં શમણાંરે લાગ્યાં;
બાળુડો અભેમન્યુ જુધ્ધે ચઢે છે, ઓતરાને આણાં આવ્યાંરે.
ઓતરાના બાપની ઉંચી હવેલી;
રેશમના દોરા, ઓતરા માથલાં ગુંથેરે;
વીરડો સાંઢે રતનો રબારી, વેગે આવતો દીઠોરે.
મારીરે મા તમે પોઢેલાં જાગો, મા મારાં આણેલાં આવ્યાં રે
ઘણુંરે જીવો દીકરી એ શુંરે બોલ્યાં.
બારીએથી રહી ઓતરાએ પુછ્યું;
ક્યાંથી આવ્યા વીરા ક્યાં તમે જાશો.

બાજુંડા અભેમન્યુ જુંઘે ચઢે છે ઓતરાને આજે આગ્યોરે;
બારીએથી ઓતરાએ પડતાંરે મુકયાં ના રહી શુદ્ધ ને સાનરે
ઓતરાના દાદાએ ડોસીડા જગાડ્યા, ચુંદડી કાડો આજ સારીરે,
સારી સારી કાડેને નુકશાન નીસરે. દાદે ડોસીડાને મારવા લીધો;
ઓ મારા દાદા શીદને મારો છો, ઓતરાના કરમનો વાંકરે.
ઓતરાના દાદે મરડીઆ જગાડ્યા, ચુડીલો કાઢ બહુ સારોરે
સારાં સારાં કાડે નંદયલાં નીસરે,
દાદે મરડીઆને મારવા લીધો.
ઓ મારા દાદ શીદને મારો છો ઓતરાના કરમનો વાંકરે.
ઓતરાના દાદે સોનીડા જગાડ્યા લાળીઓ કાઢ આજ સરીસ્રે,
સારી સારી કાઢે નંદએલી ચાસરે
દાદે સોનીડાને મારવા લીધો.
ઓ મારા દાદા શીદને મારો છો, ઓતરાના કરમનો વાંકરે.
ઓતરાના દાદે માળીડા જગાડ્યા, ગજરા કાડને મોંઘા મુલનારે.
ખીલેલા કાઢેને કરમાએલા નીકળે, દાદે માળીડાંને મારવા લીધો.
ઓ મારા દાદા શીદને મારો છો, ઓતરા કર્મના વાંકરે.
ઓતરાને દાદે મોચીડા જગાડ્યા.
મોજડીઓ કાઢો મોંઘા મુલનીરે;
રાતી રાતી કાઢેને કાળી કાળી નીકળે, દાદે મોચીડા મારવા લીધા;
ઓ મારા દાદા શીદને મારો છો, ઓતરાના કર્મના વાંકરે.
ઓતરાને દાદે સરણ્યા જગાડ્યા સારૂં સારૂં કંકુ કાઢોરે;
કંકુ કાઢેરે કાજળ નીસરે દાદે સરણ્યાને મારવા લીધો;
ઓ મારા દાદા શીદને મારો છો ઓતરાના કર્મના વાંકરે;
પછી સાસરવાસે ઓતરા વળાવ્યાં.

વળમણાં.

કે મને મારીને રથડા ખેડરે, બાળા રાજારે.
કે મને યુધ્ધે તે સાથે તેડરે. બાળા૦
કે મને યુધ્ધ જોવાના રસ કોડરે. બાળા૦
કે આપણુ સરખા સરખી જોડરે, બાળા૦
કે લાવ હું ધરૂં હથિયારરે બાળા૦
કે કોરવનો સંહારરે બાળા૦
કે છોડી યુદ્ધ નીકળો બેરરે, બાળા૦
કે તમને આપુ મારા બાપનું રાજરે. બાળા૦
કે નારી કેશ સમુળા કાઢેરે, બાળા૦
કે રથ ઉપર દેહ પછાડેરે. બાળા૦
કે રથ ખેડો તો કાઢું મારા પ્રાણરે. બાળા૦
કે મારા સસસ મેણાં બોલ્યારે, બાળા૦
કે વહુ આવતી બમરાળીરે. બાળા૦
કે મેં તો દીઠી નથી પગની પાનીરે ઓતરા રાણીરે
કે તારૂં રૂપ દેખી યુધ્ધે ન ચડતરે ઓતરા૦
કે મેં તો નથી દીઠી નાકની દાંડીરે. ઓતરા૦
કે મામા કૃષ્ણને જાજો વંશરે, ઓતરા૦
કે મને પાટા બાંધીને પરણાવ્યોરે, ઓતરા૦
કે મને સમરથ સાસરી દેખાડરે બાળા૦
કે મને સાસરી જોવાનો રસકોડરે. બાળા૦
કે મારા કંકણ દોરા છોડાવરે, બાળા૦
કે મને સમરથ સસરો દેખાડરે. બાળા૦
૭ કે મને ઘુંઘટ તાણવાના રસ કોડરે; બાળા૦

કે મને દીયર દીવડો દેખાડરે, બાળા૦
કે મને હોળી રમ્યાના રસ કોડરે, બાળા૦
કે મને નાનીશી નણુદી દેખાડરે. બાળા૦
કે મને હીંમળે રમ્યાના રસકોડરે બાળા૦
કે મને સમરથ સાસુજી દેખાડરે. બાળા૦
કે મને પાય પડવાના રને કોડરે; બાળા૦
કે મને જોડની જેઠાણી દેખાડરે, બાળા૦
કે મને જોડે હીંડયાના કોડરે, બાળા૦
કે મને વાહલી દેરાણી દેખાડરે. બાળા૦
કે મને વાદ લીધાના રસકોડરે. બાળા૦
કે મારૂ માથુ વાઢીને દડો ખેલરે; બાળા૦
કે તારી કેડની કટાર મને આલરે. બાળા૦
કે મારી જમણી કુખ ધરો સુરરે, બાળા૦
કે તારી જમણી કુખ ન ધરેશરે, ઓતરા
કે તારી કુખે મોતીભર દીકરોરે, ઓવરા
કે તે દેશે શ્રીસમનું નામરે. ઓતરા
કે સરી રાખસે બાપનું નામરે. ઓતરા
કે તેથી સરશે તમારૂ કામરે, ઓતરા૦
કે તારી ઢાલડીના ઓઠે મને રાખરે બાળા૦
કે તારા આવતાં ઝીલેશ બાણુરે, બાળા૦
કે ઝાલી ઝાલી ઘોડલીઆની બાગરે બાળા૦
કે મેલો મેલો ઘોડલીયાની બાગરે ઓતરા૦
કે મારા ચઢયા છે બાપબંધ દેખરે. ઓતરા૦
કે મેં તો ધાવતાં બાળ વછોડયાંરે, બાળા૦

કે મને તેનાં પ્રાયશ્ચીત લાગ્યાંરે, બાળા०
કે મેતો છાણે છાણું ભાગ્યુંરે. બાળા૦
કે મને તે પાયશ્ચિત લાગ્યું રે બાળા૦
કે મેતો દીવે દીવો ફોયોરે, બાળા૦
કે મને તેનાં પ્રાયશ્ચીત લાગ્યાંરે બાળા૦
કે હું તો પથરે પાનીએ ધોતી બાળા૦
કે મને તેનાં પ્રાયશ્ચીત લાગ્યાંરે. બાળા૦
કે મેં તો વેતી નીક દીધા પગરે, બાળા૦
કે મને તેનાં પ્રાશ્રીત લાગ્યાંરે; બાળા૦

ગરબી ૧ લી.

ગીરધારીરે વાલમ વાત વિચારો, મન મોહન આંખ્ય ન મારો
મનમોહનરે મુકો મારગ જાવા, કેમ રોકો જુમનાં જાવા. ટેક.
રસીયારે પ્રીત તમારી જાણી, મારી ભાગશે દહીની દોણી
કહું વિઠલરે રહેજો અમથી અળગા, શીદ મને જાતાં વળગો,

ઝુલ.

નવ પાલવડો મુજ તણોરે, જુગતીની રીત નવ જાણોરે;
હું જાણું જદુવિર શાણોરે, કહું કેશવરે મુકો કાવાદાવા
કેમ રોકો જુમનાં જાવા. ૧
નહી આપુરે દાણ દધીનું આજે, નથી લાવી તમારે કાજે;
મુકો પાલવરે ફાટે ચુંદડી મારી, હું સમજી વાતો તમારી.

ઝુલ.

મુકો મહી મારાં ઢોળાશેરે, મારી ચીર ચુંદડી ભીંજાશેરે;
હરી હાણ હસતાં થાશેરે, પ્રભુ હમશુંરે ફંદ કરો કેમ આવા,
કેમ રોકો જુમનાં જાવા. ૨

હરી જાયછેરે સાથ સૈયરનો મારો, મેં જાણ્યો તને ધુતારો;
નહી સરશેરે અરથ હરિવર અમશું, કહુંછું મોહન સાચુ તમશું.

ઝુલ.

ન કરો નયનનો ચાળોરે અમો દઇશું જદુવિર ગાળોરે;
લજવાશો કામણગારારે શામળીઆરે શીખ કહું સમજાવા.

કેમ રોકો જુમનાં જવા. ૩

નવ નાંખોરે છાતીએ હાથ વ્હાલા, કહું વચન તો પડશો વીલા;
મુખ પલકેરે ચુંબન કરવા કાજે, એવી વાત જવા દો આજે

ઝુલ.

મુકો હાર હૈયાથી તુટેરે, મારી ચોળીની કસ વછુટેરે;
વળી મહીનું ગોરસ ફુટેરે, ગોરધનનારે સ્વામી બકો કેમ આવા.

કેમ રોકો જુમનાં જાવા. ૪

ગરબી ૨ જી.

રાગ ઉપર પ્રમાણે.

મેં જાણ્યુંરે જીવણ તારી પ્રીતી, નવ સમજો સ્નેહની રીતી. ટેક
વનમાળીરે વનમાં વાત જે કીધી, મારી સાસુએ સમજી લીધી.
વળી નણુદીરે કાનો કહી બોલાવે, મને મેણાં દઈને ખીજાવે.
મારો પરણ્યો મને દુખ દેછેરે, વળી વચન વિશોકીક કહેછેરે;
તેથી અંતર બળતું રહેછેરે, નથી તોડીરે પ્રિતમ તુજથી પ્રિતી.

નવ સમજો સ્નેહની રીતી. ૧

શામળીયારે હાક મને શીદ મારો, ના સાન કરી સમજાવો;
સહુ જાણેરે વાત તારી મારી કહે કેમ કરૂં ગીરધારી.

ઝુલ.

કહો કેમ શામળીઓ આવેરે, વળી શીત કરી બોલાવેરે;

કરી સાન થકી સમજાવેરે માટે કહુંછુંરે મોહન તારી રીતી.
નવ સમજો સ્નેહની રીતી. ૨

કહે સાસુરે વહુજી રે'જો ઢંગે, કેમ જાઓ શામળીઆ સંગે,
વહુ કાહેરે વાર લાગી કેમ વાટે, મળ્યો મોહન જમુનાં ઘાટે;

ઝુલ.

શાને ચુડી નંદાઈ તારીરે કેમ ફાટી કંચુકી નારીરે;
વાત જાણું છું સારી નઠારીરે, તમે ન્હેડીરે પાતળીઆ શું પ્રીતી.
નવ સમજો સ્નેહની રીતી. ૩

આટે મોહનરે આવવું નહી ઘેર મારે હું આવીશ જમુનાં આરે:
બેશી સુખ દુઃખરે વાત કરીશું વનમાં કો નવ જાણે ગોકુલમાં.

ઝુલ.

નથી જુદી હું તમથી પ્યારારે, નવ રહેશો મુજથી ન્યારારે:
છોગાળા પ્રાણ જીવન તમો મારારે, કહે ગોરધનરે કોથકી હું નવ બીતી;
નવ સમજો સ્નેહની રીતી. ૪

ગરબી ૩ જી.

(નરસીંહજીની–રાગ ઉપર પ્રમાણે.)

નરસીંહજીરે વડોદરાના વાશી, તુજ ચરણે કોટીક કાશી. ટેક.

અવનીમારે ઉત્તમ નાચ તમારૂં આવ્યા છો ભકતને સારૂં.
તમે માર્યોરે હીરણ્યાકસ્યપ વારૂ, પ્રલ્હાદ ઉગારણ સારૂ;

ઝુલ.

કીધું મોટું કામ મોરારીરે, બહુ બહુ ભકતજનોને તારીરે
વસ્યા વડોદરે ગીરધારીરે, તુજ ભજન કરે મટશે શોક ઉદાશી.
તુજ ચરણે. ૨

બળતી છેરે જ્યોત અખંડીત સારી, ભર્યાં ટાંકાં ઘીનાં ભારી;
કારતકનીરે શુદ ચૌદશી જે વાર, મળે મંડળી જન અપાર,

ઝુલ.

વહાં ભરાય લોક હજારેરે, મળે માલ લેનારને સારેરે;
નહીં આ દર્શનનો વારેરે, ત્યાં રહીછેરે ઝળહળ જ્યોત પ્રકાશી;
તુજ ચરણે. ૨

તુળશી વાડીએરે પ્રભુ પુનમે જાય, બહુ ભીડ લોકની થાય;
વહાં ઓછવરે રૂડો કરે હરીજન, કરે ભાવિક સહુ દર્શન.

ઝુલ.

પ્રભુ ધરતા નવા શણગારરે વરઘોડો શોભે અપારરે;
સુખપાલે બેસે મોરારીરે, તુળશીશુંરે લગ્ન કરે સુખવાશી;
તુજ ચરણે. ૩

મધ્યરાત્રેરે પરણીને આવે વાલો, ચૌટામાં ચતુર રૂપાળો;
બહુ વીધથીરે વાજાં ઉત્તમ વાજે, પ્રભુ સુખપાલે બીરાજે.
છુટે છે આતસબાજીરે, ઝુંડ જોઈને થઇએ રાજીરે,
રહ્યો શબ્દ ગગનમાં ગાજીરે, બલીહારીરે ગોરધન હું દાશી.
તુજ ચરણે કોટીક કાશી. ૪

ગરબી ૪ થી.

(રણછોડજીની રાગ ઉપર પ્રમાણે.)

લટકાળારે શ્રી રણછોડ રૂપાળા, મન મોહન મોરલીવાળા. ટેક.
શામળીયારે સુંદર રૂપ તમારૂં દેખી મન મોહે મારૂં;
અણીયાળીરે આંખલડી અલબેલા, છો કાન કુંવર વર ઘેલા,

ઝુલ.

મંદીર તો ગગને ગાજેરે, દરવાજે દુંદભી વાજેરે.
પ્રભુ ઠાકોર માંહી બીરાજેરે, ભક્ત તણારે છોજી પ્રતીપાળ;
મન મોહન મોરલીવાળા. ૧

ગુણવંતારે ગોરધન કર ધાર્યો, કાળજવર કંસને માર્યો.

બંધનથીરે માતપીતા છોડાવ્યાં, વળી ગોરધન ઢોર ચરાવ્યાં.

ઝુલ.

છે અકળકળા અવિનાશીરે, તમે મારી પુતના માશીરે;
વળી થયા મથુરા વાશીરે, ગોકુળમાંરે બનીઆ આપ ગોવાળા,
મોહન મન મોરલીવાળા. ૨

દેવળમાંરે સિંહાસન શુભ છાજે, તે ઉપર શામ બીરાજે.
મુરતીમાંરે અલૌકીક ભાસે, જ્યાં ઝળહળ જ્યોત પ્રકાશે

ઝુલ.

સુખ સજ્યા સુખમય સારીરે, રેશમ ગાદી બહુ ભારીરે;
મંદીરની શી બલીહારીરે, શોભો છોરે સુંદર ત્યાં રઢીયાળા;
મન મોહન મોરલીવાળા. ૩

મસ્તકપરરે મુગટ મણીમય શોભે, જોઈ ભક્ત તણાં મન લોભે;
કેસરીઆરે ધરીઆ વધા લાલે, ચંદન કીધું પ્રભુ ભાલે;

ઝુલ.

કર મધે મોરલી ધારીરે, સામે ઉભા ગીરધારીરે;
ગોવર્ધન બલીહારીરે. પાયે લાગુરે જશોદાજીના બાળા.
મન મોહન મોરલીવાળા. ૪

ગરબી પાંચમી.

(અંબાજીના રાગ ઉપર પ્રમાણે (

ધન્ય અંબારે આરાસુર પટરાણી, તને વિશ્વ બધાએ જાણી;
મા અંબારે ધારી ત્રીશુળ પાણી, ગોખ મધે બીરાજો રાણી,

ઝુલ.

ચઉદ બ્રહ્માંડે તને જાણીરે, તારી કીરતી બધે ફેલાણીરે;
સૌ લોકે તને વખાણીરે, આદ્યશક્તિરે વેદ વદે છે વાણી.
તને વિશ્વ બધાએ જાણી. ૧

તું છેરે સૃષ્ટી તણી સુખદાતા, તારી ગતી ન જાણે વિધાતા.
નારદજીરે વીણાધારી ગુણ ગાતા, તુજ દરશનથી સુખ સાતા.

ઝુલ.

માને સેવક ઝાઝુ ચાહતારે, ગુણ મંડપ માંહે ગવતારે;
જય જય શબ્દ વિલાવતારે, મા ગુણેરે ગાવાને પ્રેમથી વાણી.
તને વિશ્વ બધાએ જાણી. ૨

મા ત્રિપુરારે તારી ઘણી બલીહારી, વાઘ ઉપર કીધી અસવારી;
કર લીધીરે કટારજ દોધારી, માની શોભા બની બહુ સારી.

ઝુલ.

માનું ચંદ્રવદન સુખકારીરે વારે વારે જેઉ ઓવારીરે.
તારી અકળ ગતી છે ન્યારીરે, જુગતંબારે નયન રૂપ વખાણી;
તને વિશ્વ બધાએ જાણી. ૩

અંબાયારે તું છે ભવમાં ભોળી, પેહેરી કુમકુમવરણી પટોળી;
કેશરીનારે રંગથકી ભરેલી, માની જોડ ન જડે ખોળી.

ઝુલ.

મા મહીસાસુર રગદોળારે, ચંડ મુંડને નાંખ્યા ચોળીરે,
દઈતને પાડયા છે ઢોળીરે, શ્રમ લીધા છે સેવક કાજે ઘણી,
તને વિશ્વ બધાએ જાણી. ૪

ભવાનીરે ભજતાં ભાવટ જાશે, પાપ તાપ તો સર્વ પળાશે;
ગુણવંતીરે મહેર કરી તો આવશે, ગુણ ચાચર માંહે ગવાશે.

ઝુલ.

માનાં દરશન થકી દુખ નાસેરે, પ્રેમ ધરી આ ગરબો ગાશેરે.
આ પરસન તેને થાશેરે, ચંદ્ર ગાએરે સેવકને હેતે વાણી.
તને વિશ્વ બધાએ જાણી. ૫

ભાગ ૯ મો.

માળાની ગરબીઓ.

આછ કામણગારો કાન માળા ચોરીરે;
જ્યારે પુછશે સાસુ પેર, સઈઅર મોરીરે;
બે ઉઠીને છેલડો, સહુ તો, વીપ્રીત ભાસે આજરે;
માણસને શું મોહોડે કહીએ, નિરલજને શી લાજ. મા૦ ૧
ગોળ પોતાનો ચોરી ખાઇએ, રહીએ સળુગટ વાળીરે.
સ્વારથે મુજ સામું જુવે, વરણાગીઓ વનમાળી. મા૦ ૨
સાસુ મારાં છે અતિ સાપણ, નણદલ નાર ઠગારીરે;
ફુલ પહેલાં ચોસર ગુંથે, કેડ ન મેલે મારી મા૦ ૩
પરણ્યો અમારી પેર ન જાણે; નહિ રહ્યાનો ઠામરે;
રામકૃષ્ણ પ્રભુ રંગનો રશીયો, શરણે રાખશે શામ. મા૦ ૪

ગરબી ૨ જી

મારાં સાસુ પુછશે વાત માળા ક્યાં ગઈરે.
વહુ કાલની તારે કંઠે મેં દીઠી નહીરે,
લાડકડી વહુ માળા તમારી મેં કાનને કંઠે દીઠીરે,
આવડી ડાહી તને કેમ કરી, વળી વાત કરે છે મીઠી. મા૦
આ માટે તેને આપી છે, ને શો કીધો ઉધારોરે;
આ માટે સારા મંદીર પધારે, મોહન કામણગારો. મા૦
કાનો ચંચળ ચડતે વેશે નરનો સંગ ન છાજેરે;
હરી સંગાથે હસતાં દેખી હઇડાં મારાં દાજે. મા૦

સાણુ થયાનું દુખ નથી પણ, હરી પેધે તે માઠુંરે;
રામ કૃષ્ણ પ્રભુ રંગનો રસીયો, કદીએ ન છુટે નાશું. આ૦

ગરબી ૩ જી.

મારી બાઇજી સમજો મનમાં સમ હું ખાઇશરે; ટેક.
મારી નણુદલને નહી ગમે તો મહીયર જાઇશરે;

બાઇજી ભુવવ નામે માળા ટોડલીએ ભરાવીરે;
ઘેલી થઇ ઘર કામજ લાગ્યું, વળતી વિગત ન આવી. સ૦

શું સમળી આકાશેથી આવી, ગગને ગોર થઇ ચાલીરે
વંદ્રાવનમાં ગઉ ગઉ ચરાવતાં ગોવિંદને હાથ લાગી. સ૦

અમો વહુવારુ નાનાં માટે બોલતાં સુખ બીજેરે;
મોહનનું સુખ મીઠું કરાવી માળા માગી લીજે. સ૦

પેરે પેરે પુછી જોજોને, બોલ્યું ન પરે બહારરે;
રામકૃષ્ણ પ્રભુ રંગનો રસીયો, સઉની લે સંભાળ સ૦

ગરબી ૪ થી.

તારે નણુદલ બોલી વાત સમ શા ખાશોરે;

જ્યારે આવશે મારો ભાત, સાચા થાશોરે,
કહેવાદે મારા ભાઇને, એને કાનુડો બહુ વાલોરે;
મોહનને કહીએ રૂડા દીસો છો, માળા મારી આલો. સમ૦

કે હબાડાનું કરણફુલ તે, કયાંય આવી વીસારીરે;
તે મેં કહાનને કાને દીઠું જાણું છે સહચર મારી. સમ૦

હારને નીત પ્રિતે નિરખ્યા વિના વહુને અન્ન ના ભાવેરે,
શામળીઓ સાહેબો થઇને, વહુજી માટે આવે, સમ૦

વહુને અતિ ઘણો વહાલો છે શામળીઓ શામવરણરે;
રામકૃષ્ણ પ્રભુ રંગનો રસિયો મથુરાનો ભગવાન. સમ૦

પ્રેમની ગરબીઓ.

ગરબી ૧ લી.

કહેવા દેને કાહાન તારી માને કહેવા દેને કહાન,

નહાણાનો વઢવાઢ વટે છે, રવી ઉગમતે ભાણું; તા० १
ખિવરાવો તો બીજી નારી, ખરૂં લોહું આરસપાણ. તા० २
વંદ્રાવનની કુંજગલીમાં, હલકું પીપળીયાનું પાન. તા० ३
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, વળ્યાં અમારાં વાન તા० ४

ગરબી ૨ જી

કહાન માગ્યો દ્યો, જસોદાજી કહાન માંગ્યો વો; ટેક.

આજની રજની રંગભેર રમતાં,
પ્રભાત પાછો લો. જસોદાજી. १

કલાં કાંબીને અણુવટ વિછુવા.
હાર હઇયાનો લો. જસોદાજી. २

હસ્તિ ઘોડાને માલ ખજાનાં
વહલ સજુતી લ્યો. જસોદાજી. ३

મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરના ગુણ,
ચરણકમળ ચિત લ્યો. જસોદાજી. ४

ગરબી ૩ જી.

લીધુંરે લટકે, મારૂં મન લીધુંરે લટકે. ટેક.

વંદ્રાવનમાં વેણુ વગાડે.
વાંસ તણે કટકે મારૂં મન લીધુંરે લટકે. १

ગાતર ભંગ કર્યા ગિરધારી:
અમને મારયાં છે ઝટકે, મારૂં. २

પાટ પિતાંબર હરીએ પહેર્યાં;
મોહી છું તો પીળુડે પટકે. મારૂં. ३

મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરના ગુણ,
ચરણકમળ ચિત અટકે. મારૂં. ૪

ગરબી ૪ થી.

મહી ઢળશે મારૂં, મોહનલાલ મહી ઢળશે મારૂં;
લાખ એ લાખનું માટ નંદાશે, શોભીતું સારૂં, મો૦ ૧
તમે વનમાળી ન કરો આળી, અમે વહુવારૂ. મો૦ ૨
ફુલ પડે તેની ચોસર ગુંથે, લોક બોલે ન્યારૂં. મો૦ ૩
મીરાંબાઇ કહે પ્રભુ ગિરધરના ગુણ ચરણકમલ વારૂં. મો૦ ૪

ભાગ ૧૦ મો.

ગરબીઓ.

(હાંરે ચાલો ડાકોરમાં જઇ વસિયે એ રાગ.)

હાંરે મારા સમ મોહન મળજો;
હાંરે મારી આશા પુરણ કરજોરે. મારા. ૧
હાંરે મારે ઘેર આજ નથી વાલા;
હરિ મારા ઘર ભણી વળજોરે. મારા. ૨
હાંરે હું આવી પણ આપ મળ્યા નહીં,
હાંરે કહી ક્યારે હવે મળશોરે. મારા. ૩
હાંરે હરિ ભટના હરિ છો રંગ રસીયા,
હાંરે મળી હવે દુઃખ મારૂં હરજોરે. મારા. ૪

ગરબી ૨ જી.

હાંરે લટકાળો ગિરિવરધારી;
હાંરે મને મારી નેન કટારીરે લટકાળો ગિરિવરધારી;

હાંરે આજ મળ્યા વહાલો જમુનાની તીરે;
હાંરે એની રૂપ સ્થીક છબી ન્યારીરે. લટકાળો. ૧
હાંરે શાંમળીયાએ કહ્યું સાનમાં,
હાંરે મને પ્રાણ થકી ઘણા પ્યારારે. લટકાળો. ૨
હાંરે હરી ભટના હરિએ કર્યું કામણ;
હાંરે મારી શુધબુધ સર્વે વિસારીરે. લટકાળો. ૩

ગરબી ૩ જી.

હારે મારા સમ કાલે મળજો;
હાંરે પેલું વચન બોલ્યા તે હરી પળજોરે. મારા૦ ૧
હાંરે રસ્તે આળ ન કરીયેરે વાહાલા,
હાંરે મારી સાચી વાત સાંભળજોરે, મારા૦ ૨
હાંરે ઘણી પ્રીત કર્યા પછી ગીરધર;
હાંરે પેલા લોક ડરાવ્યા ન ડરજોરે. મારા૦ ૩
હાંરે હરીભટના હરી છો હજુ કાચા,
હાંરે તે માટે પાછા વળજોરે. મારા૦ ૪

ગરબી ૪ થી.

હાંરે જમુનાની તીરે વહાલો,
હાંરે જીવણને જોવા ચાલોરે. જમુ૦ ૧
હાંરે જમુનાજીને તીરે વહાલો ધેન ચરાવે,
હાંરે મોરલી બજાવે નંદ લાલોરે. જમુ૦ ૨
હાંરે ઘણે દહાડે ઘેર આવ્યા નહી જવા દેઉં,
હાંરે મટે મનુષ્યાદેહીનો લાહોરે. જમુ૦ ૩
હાંરે હરીભટના હરિ છો રંગ રસીયા;
હાંરે માટે ઘેરીને ઘરમાં ઘાલો. જમુ૦ ૪

ગરબી ૫ મી.

હાંરે ચાલો ચતુર કાંઇ લાજો લાજો;
હાંરે તમે આવી અમને શું બાઝોરે. ચાલો૦ ૧
હાંરે વળગ્યા ચુમી ન કરો વહાલા;
હાંરે તમે શોર કરો શીદ ઝાઝોરે. ચાલો૦ ૨
હાંરે દેખે દુરીજન થાઓ સમજણા,
હાંરે અમે લાજીએ ને તમે ગાજોરે. ચાલો૦ ૩
હાંરે હરિભટના હરીને કરીએ હુંકારા;
હાંરે માટે હેત ઘણેરાં અમને દાઝોરે. ચાલો૦ ૪

ગરબી ૬ ઠી.

હાંરે મોહન મળતા નથી હમને,
હાંરે વાલા માન શું આવ્યું તમનેરે, મોહન૦ ૧
હાંરે હું તો ઘેલી થઈ ઘર ધંધો ભુલી,
હાંરે આ તનમન સોંપ્યું તમનેરે. મોહન૦ ૨
હાંરે પ્રભુ આકુળવ્યાકુળ થઇ છું,
હાંરે માટે મનની વાત કહુંછુંરે. મોહન૦ ૩
હાંરે હરિભટના હરી ના મળે તો;
હાંરે હવે પ્રાણ તજું પલમેરે. મોહન૦ ૪

ગરબી ૭ મી.

હાંરે વિઠલ માં વળગો હમને;
હાંરે પ્રભુ લાજ નથી કંઇ તમનેરે વિઠલ. ૧
હારે સહુ સખીયો ગઇ મુજને રોકી;
હાંરે રહો પરા કહું તમનેરે વિઠલ. ૨
હાંરે ઘેર જઇ સહુ સખીયો કહેશે,

હાંરે તેની બીક ઘણી છે હરિ મન વિઠલ. ૭

હાંરે હરિભટના હરિ આજ જવાડો,
હાંરે વાલા કાલે મળીશ હું તમને રે વિઠલ. ૮

ગરબી ૮ મી.

હાંરે મોહનની મોરલી વાગી;
હાંરે હું તો ભર નિદ્રાથી જાગીરે. મોહન૦ ૧

હાંરે હું તો ઘરમાં સઉ નિદ્રામાં મુક્યાં,
હાંરે ગઈ સખી જ્યાં બડભાગીરે. મોહન૦ ૨

હાંરે વાલા પ્રેમ ધરીને રાસ રમાડયાં,
હાંરે મારી ભવની ભાવટ ભાગીરે. મોહન૦ ૩

હાંરે હરીભટના હરીએ દીધા દરશન.
હાંરે મારી વ્રહેની વેદના ત્યાગીરે. મોહન૦ ૪

ગરબીઓ.

ગરબા ૧ લી

મારા મનગમતા મહારાજ, મારે ઘેર આવોરે;
હું તો તલસું તમ.રે કાજ, હસીને બોલાવોરે. ટેક.

વીલમ ન કરશો વિઠલારે, આવો અમ ઘર આજ,
પેર પેરનાં પેકવાન પડાવું ત્રીકમ તારે કાજ. મારે. ૧

મનમાં હતું જે ભાવજીરે, મુખથી કેમ કહેવાય;
આવી શકો તો આવજોરે, મારૂં જોતામાં જોબન જાય. મારે. ૨

આ જોને આગણીએ ઉભા, રંગીલા રણછોડ;
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી પુરો મારા મનના કોડ. મારે. ૩

ગરબી ૨ જી.

જેનો પીહરો પરઘેર જાય; સખી શું કરીએરે;
અમથી એકલડાં નવ રહેવાય, વિજોગે મરીએરે. ટેક.

ટબ જાવંતા રસીઓ રૂડા, પરાણે કરે છે પ્રીત;
અણુતેડયો આંમણીએ આવે, એવી એની રીત; સ૦
બોલાવ્યો બોલે નહીરે કોને કહીએ વેણ;
શેરડીએ સામો મળેરે, વાલો નીચાં તે ઢાળે નેણ. સ૦
છળભેદમાં છાનો રમેરે, અમને વાયદે વાય;
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી, વાલો અરથ પડે ઓળખાય સ૦

ગરબી ૩ જી.

જુઓ જુઠડા બોલા કહાન, જાગ્યોજી જાણ્યારે,
એવા ધુતારાના ઢંગ, પરઘેર માણ્યારે.
વાટ જોવંતા રજની વીતી આવ્યા ઉગમતે સુર;
કામણગારા કાનજીરે, વાલે અમને વિસાર્યો છે દુર જા૦
પરનારી શું પ્રીતડીરે કીધી ઠામોઠામ;
અહીં આવીને શું કરેરે, જેનો ઘેર ઘેર હોય વિશ્રામ જા૦
કોના મંદીરમાં કાનજીરે કીધી લીલા લેહેર;
રાધેના સ્વામીના પ્રભુ અંતરજામી મેં તો જાણી તમારી પેર જા૦

ગરબી ૪ થી.

મને કૃષ્ણ જોયાના કોડ સઇયર ચાલોરે.
ઉમીઆજીને લાગુ પાય હરિવર આલોરે
દેરે દેરે દીવા કરંરે પુજુ શંકર દેવ;
શામળીયો વર પામવારે, હું તો કરૂં શંભુજીની સેવ સ૦
ગોકુળની ગોવાલણીરે હીંડે મલપતી ચાલ;
એના ઉપર મોહન મોહી રહ્યારે, એનું મુખડું તે લાલમલાલ સ૦
આસુ મારી જસોમતીરે, સસરો શ્રી નંદલાલ;

કંથ કોડીલો મારો કાનજીરે; મારૂં સાસરૂં ગોકુળ ગામ, સ૦
કાળદ્રીને કંઠડેરે, નહાતાં નિર્મળ નીર;
સ્ત્ર તે વીઠલો હરિ ગયોરે હું તો શેણુરે ઢાંકુ શરીર સ૦
ગાય શીખેને સાંભળેરે, રાણી રાધાજીનો રાસ;
નરનારી વઇકુંઠ પામશેરે, ગુણ ગાય નરસઇયો દાસ સ૦

ગરબી ૫ મી.

તારી મોરલીએ મહારાજ, મન હરી લીધાંરે;
મારી મઇ છે શુધને સાન, કામણ કીધાંરે.
સાંભળતામાં શુધબુધ ભુલી, ને તનમન વ્યાકુળ થાય;
પુત્ર પતિ પરિવાર સકેકો, મને મંદીર ખાવા ધાય. મ૦
અંતરમાં વ્યાકુળ થયાંરે વિસરી ભોજન પાન;
અવળાં આભુષણ પહેરીયાંરે, મેં તો નેપુર ઘાલ્યાં કાન મ૦
સેંથે કાજળ સારીયાંરે, સિંધુર નયણે રેખ,
એકાએકથી ઉતાવળીરે; નિસરી આવી તે દેખાદેખ. મ૦
સન્મુખ આવી ઉભા રહ્યારે, નયણે નિરખ્યા નાથ;
લક્ષમણ ના સ્વામીને રંગે રમતા મેં તો હરખે જોડયા હાથ.
મન હરી લીધાંરે.

રાસલીલાની ગરબીઓ.

ગરબી ૧ લી.

(જગતમાં ઠરેરે, જગતમાં જે જેન બોલે જુઠું. એ રાગ.)
વનમાં લેઈ જઈરે, સુજને, ભુલાવી કાનુડે. ટેક.
આંખ તણે અણુસારે સુજને, સાન કરી સમજાવી;
મેં જાણ્યું આજ રજની રમવા, હેત કરી બોલાવી. વન. ૧

મંદીરથી હું બહાર નીસરી, આવી એની પાસે;
કર ઝાલી મુજને લેઇ ચાલ્યો, જાણ્યું કંઇ લઈ જાશે. વન. ૨
અઘોર વનમાં ઉભી રાખી, કહ્યું ખાવા કંઇ લાવું;
સામગ્રી બહુ ભાતભાતની જલદીથી લઈ આવું, વન. ૩
એમ કહી મારગ ચાલ્યો બોલ્યો વેણુ રસાળુ;
વાટ જોતામાં રાત પડી ગઈ, ઉભી રસ્તો નિહાળું. વન. ૪
ઘન ગાજેને ઘોર અંધારી; રાત વીજળી ચમકે;
હું ગભરાણી કાંઇ ના સુઝે કાળજડું મારૂં ફટકે. વન, ૫
દાદુર મોર બપઇઆ બોલે, ઝરમર મેઘલો વરસે,
વનવગડામાં હું એકલી. પિયુ વિના જીવ તલસે. વન. ૬
વીરહની જ્વાળા શરીરે વ્યાપી તેથી થઈ હું ઘેલી;
એક દૂખમાં બીજું થયુ બાધ, વરસાદે કરી એલી વન. ૭
ચાર પહોર રતે અથડાણી, ના રહી દુઃખની બાકી.
મથારામના પ્રિતમ સારૂં ફરી ફરી હું થાકી. વન. ૮

અરજી ૨ જી રાગ ઉપરનો.

હું તો એકલીરે, મુજને અઘોર વનમાં મેલી, ટેક.
હું ગભરાણી માર્ગ ન સુઝે, અકળાયે જીવ જાશે;
અરે દઇવ તેં આ શું કીધું પુઠે વાતો થાશે. હું તો. ૧
વેરણુ મારી માવડી મને પહેલેથી ના મારી;
ઉછેરીને મોટી કરી ત્યારે સંગ થયો ગિરધારી. હું તો. ૨
ત્યારે મુજને વનમાં લાવ્યા, આ સુખને હું પામી,
કોની આગળ કરૂં વાર્તા, દુખની ના રહી ખામી. હું તો. ૩
શું કરૂં હવે કોની પાસે જઈ વિસામો પામીં;
કેણી નીગમી દવી પ્રગટ થયો, મારગ ચાલી જાવું. હુંતો. ૪

શું જાણું એ કયાં ગયો મુને વગડામાં મેલી;
મુજ સરખી રસ્તે મળી કોઇ સુધડનાર અલબેલી. હું તો. ૫
તેની વાંસે ગયા હશે એ, કપટી કુંજવીહારી;
મયારામનો પ્રિતમ પ્યારો, થઇ ગયો વ્યભિચારી. હું તો. ૬

ગરબી ૩ જી.

મુજને દગો કર્યોરે પેલા નંદજીના છઇએ,
માત તાતનું કહ્યું ન માન્યું ન કર્યું કોઇનું વાર્યું,
અધોર વનમાં તેડી લાવી, કર્યું પોતાનુંધાર્યું. મુજ. ૧
મારાથી છળભેદ કરીને, કયાં ગયો શું જાણું.
રાત દિવસ વનમાં અથડાવું ધીરજ કઇ પેરે આણું મુજ. ૨
અરે વિશ્વંભર આ શું કીધું કેમ નારે ભરમાવ્યો;
વહાલપણામા વેર કરીને, ગયો તે પાછો નાવ્યો. મુજ. ૩
તેનો શોક ઘણેરો મુજને મનમા સમજી રહીએ;
સુખ દુઃખ કર્મે ભોગવવું તે કોની આગળ કહીએ. મુજ. ૪
શાને કાજે વેરી થઈને આ વનમાં ભરમાવી,
રસ્તે દુઃખ પામું ઘણું એને દયા કાંઇ ના આવી. મુજ. ૫
એવો નિર્દય થઈ ગયો, એને કોણ શીખામણ આપે;
શોક સમુદ્રમાં હું પડી, મારૂ કાળજડું કાપે. મુજ. ૬
હે પરમેશ્વર કહું છું તુજને, મહારે તે શું કરવું;
અકળામણ આવે ઘણી, આ જીવ્યાથી ભલુ મરવું. મુજ. ૭
એક વિચાર મનમાંય કરૂં, જાઉ વંદ્રાવનની વાટે;
મયારામનો પ્રિતમ મળશે જમુનાજીને ઘાટે. મુજ. ૮

ગરબી ૪ થી.

કાનો ક્યાં ગયોરે, અહિંયાં કોણ્યુ અમારૂં બેલી.

બીક ઘણેરી લાગે મુજને નિદ્રા નાવે જરું;
ગિરીવરધારી કુંજવિહારી ચરણે એને લાગું. કાનો. ૧
શ્રી નારાયણ શ્રી પુરૂષોતમ, વારે મારી ધાજો.
આ વનમાં અંધારી રાતે, સહાય આવીને થાજો. કાનો. ૨
રૂદન કરતાં રવિ પ્રગટ થયોને લાગી તાલાવેલી;
ઘેર જતાં ઘરનાં સૌ પુછે: ગઈતી ક્યાં એકેલી, કાનો. ૩
કસુંબે રંગેલી તારી સાડી ચરણા ચોળી;
વરસાદે ભીંજાઇને આવી કોને રંગમાં રોળી, કાનો. ૪
તે સારૂં હું ઘેર જઇશ કયમ એટે દશા નવ સુજે;
કોની આગળ વાત કરૂં હું, શરીર થરથર ધ્રુજે, કાનો. ૫
એવામાં એક નારી દીઠી, મહી વેચવાને જાતી,
ઉભી રહે બાઇ મારા સમ તુજને, હીંડે છે મદમાતી, કાનો. ૬
કર જોડી તુજને પુછુ છું, ખબર હોય તો કેહેને:
નંદજીના કુંવરની મુને ભાળ બતાવી દેને, કાનો. ૭
હા બાઈ મેં હમણાં દીઠો તો કદમખંડીની પાસે;
મયારામનો પ્રિતમ તુજને, જલદી ભેગો થાશે. કાનો. ૮

ગરબી ૫ મી.

હું તો ઘેલી થઇરે પેલા કાનુડાની સંગે,
સહચર મારી શું કહું તુજને દીલડા કેરી વાત;
સાન કરી મુજને તેડી ગયો મંદીરમાં મધરાત, હું તો. ૧
શું જાણું એણે શું કીધું શું મુજને ખવડાવ્યું,
શું ચેટક લગાડયું મુજને તેમાં ચિત ભરમાવ્યું. હું તો. ૨
તે દહાડાનું મન હટક્યું કો આગળ જઇને કહીએ;
અહરનીશ કરૂં સમરણ એનું, એ વિના કેમ રહીએ, હું તો.૩

પ્રથમથી સહુ વાતો કરતાં છે કાનુડો કપટી,
સુજને ભોળવી મુરલી નાંખી, તેમાં હું ગઇ લપટી, હું તો. ૪
નાત જાત મરજાદ તજીને. કોઇની બીક ન આણી;
કામકાજ ઘર ધંધો મુલી લાલચમાં લોભાણી. હું તો. ૫
એની મારી વાત સાંભળી, કોઇ દયા મન લાવો.
હરેક રીતે એને સમજાવી મંદીર તેડી લાવો. હું તો. ૬
તો એની સંગે રમીને દુખડાં મારાં વામું;
ચેટક મારા ભવનું દુર થઇ, સુખ સાગરને પામું. હું તો. ૭
તુજને મોકલું એ નહી આવે. એનો નહિ વિશ્વાસ;
મયારામના પ્રિતમ વિના હું ઘણી થઇ ઉદાસ. હું તો. ૮

ગરબી ૬ ઠી.

સુજને દગો કરીરે પેલો ક્યાં ગયો કાનુડો. ટેક.
પહેલેથી સુજને હેત દેખાડી, કપટે કરતો વાતો,
સુજ સરખી અલબેલી મુકી પરમંદીરમાં જાતો, સુજ. ૧
આહુ અવળું ઘણુંય હેરૂં કંઇ ન ફાવતો લાગ;
તાલરી સમજો દેખું વાટમાં, ક્તારી ભેઙ પાઘ. સુજ. ૨
શી એમાં એની તે શોભા કરતો નથી વીચાર,
દુરિજન જનના લોક જાણશે હાંસી કરશે નિજનાર. સુજ. ૩
જ્યાં મારે મંદીર આવે. કરજોડી રહું ઉભી;
કોઇ શોકયે એને ભરમાવ્યો, શા વાંકે મને દુભી. સુજ. ૪
એના મનનું હારદ સમજી, વગતો ઉત્તર આપું;
શા માટે નગણો થઇ બેઠો, તનમન એને સોંપું. સુજ. ૫
માટે જઇ કહેજે કાનને થઇ રહેજે હુંશીઆર;

જેની ગરજ હોય તો મળજો એકજ વાર; સુજ. ૬
મારા મનમાં એવું આવે, એના ઉપર મરીએ.
નહીં તો જોગ ધારણ કરીને વંદ્રાવનમાં ફરીએ. સુજ. ૭
બહેની મારી વાત સાંભળી, કોઇ દયા મન લાવો,
દરેક તરેહ એને સમજાવી. મંદીરમાં તેડી લાવો. સુજ. ૮
એને શીખામણ દેઇ સમજાવે, તેની થઇ હું દાસી:
મયારામના પ્રીતમજી આ, વ્રિજમાં થાશે હાંસી. સુજ. ૯

ગરબી ૭ મી.

(રાધીકાજી શ્રીકૃષ્ણને શોધે ને રાસલિલાનું સુખ સાંભરે છે. ને છેવટે રાધા કૃષ્ણનો સમાગમ થાય છે.)

વનમાં ભુલી પડીરે પેલો ક્યાં ગયો કાનુડો. ટેક.
ઝરમર ઝરમર મેહુલો વરસે પુરણ કરી છે હેલી;
અઘોર વનમાં સુજને મેલી, ત્યાં કોણ અમારૂં બેલી. વન૦ ૧
ગોકુળ ગામની ગોવાલણી સહુ મળી વેચવા ચાલી.
મારગ મળીયા માવજી, ત્યાં રોકી રાધે પ્યારી. વન૦ ૨
મારગ મળીયા માવજી, મને રોવા સરખી કીધી;
માથા ઉપર મટુકડી, ઉઠાવીને લીધી; વન૦ ૩
જસોદાજી લાલ તમારો આડા અવળી ચાલે;
સોળ સહસ્ર ગોપીમાં, કાનજી મન માને ત્યાં માલે. વન૦ ૪
આગળ પાછળ મહેલ તમારા; વચમાં અમારી મેડી,
અગાશીમાં અમેજ રમતાં. સાન કરી શીદ તેડી, વન૦ ૫
મોર મુગટને કાને કુંડળ; હરખે વાગે તાળી,
આગળ પાછળ ગોપીઓ નાચે મધ્ય નાચે વનમાળી. વન૦ ૬

ભમરી ખાલા સુંદરજીએ એવી માયા કીધી;
હરી તો અંતર ધ્યાન થયા એક સખી સંગાથે લીધી; વન૦ ૭
પુરૂષોતમને પગલે પગલે જોતી જોતી જાઉં;
નારાયણનાં દર્શન વિણુ હું. આકુળવ્યાકુળ થાઉં. વન૦ ૮
જોતામાં એક અબળા દીઠી, તેને પુછી વાત.
રાધા કહે અભિમાન આવ્યું ત્યારે તજ્યો અમારો સાથ. વન૦ ૯
ઝાડે ઝાડે જોતી ચાલું જઈને ઝાલું હાથ;
તમાલ જાણી ત્રીકમજીએ પ્રેમે ભીડે બાથ. વન૦ ૧૦
વંદ્રાવનની કુંજગલનમાં મળીયાં રાધે પ્યારી;
મયારામના પ્રીતમ મળતાં વેળા અમારી વાળી. વન૦ ૧૧

ગરબી આઠમી.

[રાધા કૃષ્ણના સમાગમ થયા પછી રાધા શ્રીકૃષ્ણને કહે છે,]
વાલમ ક્યાં મયાતારે સાચુ બોલો મારા સમ,
છેતરપંડી કરી મુજ સાથે, મે અવગુણ શો કીધો;
સાચું બોલો કુંજબીહારી, કેઇ સંગે લાવો લીધો. વાલ૦ ૧
તમારે સ્નેહે બંધાણી, છેક માથા ઉતારી.
મુજ સરખા અલબેલી સુદરી, કોણ મળી ધુતારી. વાલ૦ ૨
ભરોસો પુરણ રાખી, તમ સાથે લોભાણી,
આ વ્રીજના નર નારીમાં; હું ઘેર ઘેર ગવાણી. વાલ૦ ૩
વેણ વગાડી મોહ પમાડ્યા શરદ પુનમની રાતે;
હેત દેખાડી વાલમ અમને, રાસ રમાડ્યા ખાંતે. વાલ૦ ૪
એવું સુખ આપી દુઃખ દીધું શા સારૂ મોરારી;
હું અબળા નિર્બળ રહું છું, કેમ દીધી વીસારી. વાલ૦ ૫

વાટ તમારી જોતાં જીવણ ચઢી દીશે જોઉં ન્યાળી;
બાર વન ચોવીસ ઉપવનમાં, દીઠા નહીં વનમાળી. વાલ૦ ૬
જેવું હેત તમારૂ હૈયે, તેવું મારૂ જાણો;
ઓ રંગરસીઆ વનમાળી, તમે વાત મારી પરમાણો. વાલ૦ ૭
એમ કહી કંઠે કર નાખ્યો; શીદ કરો છો હાંસી.
દયારામના પ્રીતમની હું થઈ રહીછું દાસી. વાલ૦ ૮

ગરબી ૯ મી.

ગીરધારી લાલજીરે, મારી ગાવલડી સાંભળો.
સાંજ પડે સંભારી લાવો આડે વહી દોવરાવો;
દુધ ભાતમાં સાકર ભેળું વાળું કરવા આવો. ગીર૦ ૧
વ્હાણુને પોહોર વહેલો ઉઠી શેર વલાણું સાવા.
શીતાવણીમાં લોટ સેકાતું ખાંડ ભેળીને ખાવા, ગીર૦ ૨
ઘરમાં નથી કોઈ નાનું મોટું કોઇની બીક ન ધરીએ;
એક રાત વાસો આવો તો બોલાચાલી કરીએ. ગીર૦ ૩
ગોવાળીઆને ગર્વ શો છે જે તેડે ત્યાં જઇએ
નરસૈયાના સ્વામી મળેતો સા વાતે સુખીયાં થઇએ;

ગરબી ૧૦ મી.

(વાંસળીના આહીરીયા.)

ધુતારા ધરધરણી તારી વાંસળીરે લોલ;
વાંસળીએ કાંઇ ઘેલું કીધું ગામજો. ધુતારા. ટેક.
સખી નાતા પોતાં વળોવતાં નીસરયાંરે લોલ.
ફળતાં પડતાં રમતાં મુકયાં બાળજો. ધુતારા. ૨

સખી આ શું સસરો જેઠ જેઠાણી નવ રહ્યાંરે લોલ.
કંશજી ચડતી સુદ્ધી રીસજો. ધુતારા ૩

સખી અધરાતે મોહનજી બેઠા કદમ ચઢીરે લોલ,
ગોપીજનનાં હરીયાં છે કંઇ ચીરજો. ધુતારા ૪

સખી અવળાં વસ્ત્રને અવળાં આભુષણ પહેર્યાંરે લોલ;
કાન તણાં લહી કે ધાલ્યાં કાશજો. ધુતારા ૫

સખી રામકૃષ્ણ પ્રભુ ભલે પધાર્યાં સેરીએરે લોલ,
ગોપીજનની પુરી છે કંઇ આશજો. ધુતારા. ૬

ગરબી ૧૧ મી.

હસવા સરખી હરીશું મારે ગોઠડીરે લોલ,
હસવાં સરખું બ્રીજમંડલ શુભ ધામજો.
સખી ન્હાતાંને ગાતાંરે ગુણ ગોવીંદનારે લોલ. હસવા ૧

તીરથમાં તીરથ કેશવરાયનુંરે લોલ;
પીવું મારે પ્રેમતણું રસપાનજો. હસવા. ૨

પ્રિત હમારી નિર્મળ નંદકુંવરશુંરે લોલ;
ભાત હમારી સુધરજીશું ભળતીજો. હસવા. ૩

રામકૃષ્ણ પ્રભુ ભલે પધાર્યા શેરીએરે લોલ;
ગોપી સઘળી ગુણ તમારા ગાયજો. હસવા. ૪

ભાગ ૧૧ મો.

રાસલીલાની સાખીઓ.

રૂડી શરદપુનમની રાતરે, સુંદીર વેણુ વાગે વેણુ વાગે;
મારા વાલોજી રમીયા રાસરે, સુંદીર વેણુ વાગે વેણુ વાગે ૧
વાલે નટવર ધરીયો વેશરે સુંદીર.
એના ઘુઘરીઆળા કેસરે સુંદીર, ૨
ગોપી અતિ ઉતાવળા આવેરે સુંદીર
મોતી મુક્તાફળેજ વધાવેરે. સુંદીર ૩
દેહીની શુધબુધ સઘળી વિસારીરે સુંદીર
નયણે નીરખ્યા તે શ્રી વનમાળીરે સુંદીર. ૪
ગોપી આવ્યાં તે પુર્વના પ્રીતેરે સુંદીર;
જઈ મળીયાં તે રંગની રીતે રે. સુંદીર. ૫

સાખી

કેમ આવ્યાં તમે કામની એમ બોલ્યા જુગલકીશોર,
અડધી નીશાએ વનમાં આ વેળાએ ચાલે ચોરરે;
કામની કેમ આવ્યાં કેમ આવ્યાં ૧
આ વનમાં તે શું છે કામરે કામની;
તમો જાઓ તમારે ધામરે. કામની. ૨
સહુ લોકમાં તે કલંક થાશેરે કામની;
આ ધર્મ, તમારો જાશરે; કામની. ૩
તમો ઘરનાં તજી સહુ કામરે કામની
સ્વામી સુતા મુકીને ધામરે. કામની. ૪

શ્રીપ્રભુજી એમ કહેછેરે કામની
પછી ગોપી તે ઉત્તર દે છેરે કામની. ૫

સાખી

પ્રભુ તમે તે જોબન તજાવ્યા પ્રભુ તજાવ્યો સંસાર;
પ્રભુ તમોએ વનમાં તેડીઆં પ્રભુ તમો કરોછો તુચ્છકારરે,
શ્રી નંદન. ૧

તારી છેલાઈ જોઈને હું તો છાકીરે શ્રી નંદના;
મને વાલુ નથી તમ પાખીરે,
હમે લોપી તે કુળ કેરી લાજરે શ્રી નંદના.
પ્રભુ આવ્યા તમારે કાજરે. શ્રી નંદના, ૨.
મને આપો આનંદરસ દાનરે શ્રી નંદના
મને લાગ્યું તમારૂં ધ્યાનરે શ્રી નંદના. ૩.
હમે શરણ આવ્યાં તહારીરે શ્રી નંદના;
એ મોરલી સુણીને બીહારીરે, શ્રી નંદના. ૪

સાખી

વચન સુણી વ્રજનારના ચેઠ થેઈ રમીયાં રાસ;
રૂમઝુમ વાગે ઘુઘરી વ્રજ સુંદરીની પુરી વાલે આશરે;
શ્રી ગીરીવર ગીરધારી ગીરધારી.

વ્રજ સુંદરીની સંગે વાલો ડોલેરે શ્રી ગીરી.
મુખે જેજે તે શબ્દ બોલેરે. શ્રી ગીરી૦ ૧
મુખે ગાયને લે છે તાળીરે શ્રી ગીરી૦
એક એકના વચ્ચે હાથ ઝાલીરે. શ્રી ગીરીવર૦ ૨.
કોઈ સખી તે વેણા ગુંથેરે શ્રી ગીરી૦
કોઈ સખી અધરરસ લુંટેરે. શ્રી ગીરીવર૦ ૩.

ત્યાં જુમનાં વહે છે ગંભીરરે શ્રી ગીરી.
જુવે તેના મન થાય સ્થીરરે, શ્રી ગીરીવર૦ ૪
સહુ દેવતા ત્યાં જોવાને આવેરે શ્રી ગીરી.
તે તો પુષ્પ થકી વધાવેરે. શ્રી ગીરી૦ ૫
ત્યાં ચંદ્ર રહ્યો છે કરજોડીરે શ્રી ગીરી.
શું વર્ણવું બુદ્ધિ થોડીરે. શ્રી ગીરી૦ ૬
પ્રભુ મુખે મોરલી ધરી છેરે શ્રી ગીરી.
ખટ મહીનાની રજની કરી છેરે, શ્રી ગીરી૦ ૭
વહુ રાસ રમીને આવ્યાં ઘેરેરે શ્રી ગીરી
તેની કોઇએ ન સમજી પેરરે શ્રી ગીરી૦ ૮
ધન્ય ધન્ય આ વ્રજની ભુમીરે શ્રી ગીરી.
જુએ તેનું તો મન રહે લોભીરે. શ્રી ગીરી૦ ૯
ધન્ય ધન્ય આ વ્રજની નારીરે શ્રી ગીરી,
રાસ ક્રીડા કરે શ્રી મોરારીરે, શ્રી ગીરી૦ ૧૦
જે ગાય શીખે આં રાસરે શ્રી ગીરી.
તેની શ્રી કૃષ્ણ પુરે આશરે. શ્રી ગીરી૦ ૧૧

દાણલીલા.

રાધા—પાલવડો મેલો મોહનજી મારગડે મને જાવાદો;
આવતાં આપીશ દાણ તમારૂં મહી મારૂં વેચાવા દો. ૧
શ્રીકૃષ્ણ—વેચતાં તને કોણ બોલે છે, સાંભળને રાધે પ્યારી;
મહી ગોરસનું દાણજ દેની, વહેલી થાને વ્રજનારી ૨
રાધા—નારીને તું ના બોલાવીશ છાનો રહેને છોગાળા.
કહેણ રાજ કંસરાયનું ગઈ ચારી આ ગોવાળા ૩
શ્રીકૃષ્ણ—હું ગોવાળીઓ તું ગોવાલણ ફરી અમે તો આવજે,

કંસ સરિખા હીમાયતીને, સાથે તેડી લાવજે,
રાધા—તેડી લાવું હો મને જાવા રોકી રહ્યા વ્રજનારી;
રઘુનાથના સ્વામી સામળીઆ ઘેલા દીસો છો ગીરધારી. ૫
શ્રીકૃષ્ણ—ઘેલા છું પણ દાણુ ન મુકું દોકલડો એકે ઓછો,
ગીરધારીએ ગોકુળ વાસ્યું ઇંદ્ર કરતા હું મોટો ૬
રાધા—મોટો છું ત્યારે મથુરાંથી અરધી રાતે શું આવ્યો,
પર ઘેર રહીને પેટ ભરતો તને દાણી કોણે કહાવ્યો ૭
શ્રીકૃષ્ણ—વાંકા બોલી વાર કરે છે, કે'તો હૈયાનો હાર તોડું;
દાણ દહીનું દેરે અબળા નહી તો માથાનું માટ ફોડું ૮
રાધા—હાર નહી તુટે માટ નહી ફુટે ન્યાય નગરમાં પુછાશે;
રઘુનાથના સ્વામી શામળીઆ કહો ગોકુળ કેમ રહેવાશે. ૯
શ્રીકૃષ્ણ—ગોકુળ રહો કે જાઓ અત્યારે. દાણ દધીનું નહી મેલું;
ચીર હર્યાં તે ગયાં વીસરી, કામનીઓ કારણ પેલું. ૧૦
રાધા—નંદતણે ઘેર નવ લખ ગાયો, નો'તું તે ધન ફાવ્યું છે;
માતા તારી મહી વેચતી, હમણાં રાજ્ય આવ્યું છે. ૧૧
શ્રીકૃષ્ણ—હમણાં હમણાં કરતી રહેજે, મેણાં દેતી મદમારી;
ધુતપણામાં તું ધુતારી, ઠગપણમાં છું ઠગારી. ૧૨
રાધા—તું ઠગારો તારી માનો પાળેલો, તારી માને મેણાં દેવરાવે
રઘુનાથના સ્વામી શામળીઆ, ઝાઝું તે શું કહેવરાવે ૧૩
શ્રીકૃષ્ણ—કહ્યા પ્રમાણે લેતો નથી, પણ તું મોંઢું નથી રાખતી;
અમો છીએ રાજા મહારાજા, અમને નથી તું ઓળખતી. ૧૪
રાધા—ઓળખુ છું તું આવ્યો નાસી, મહા વનમાં તું છાનો છું;
જાદવકુળ મધે જન્મ છે તારો, નંદતણે ઘેર નાનો છું. ૧૫
શ્રીકૃષ્ણ—માતા જસોદા વડાં વડભાગી, તેના છીએ અમો અધીકારી;

મોટા મુનીવર મર્મ ન જાણે, ગોકુળ વસીએ ગઉ ચારી. ૧૬
રાધા—ગઉ ચારી ગોપી ઘેર વળતાં, અમને તમે ઓધારયાં;
રઘુનાથના સ્વામી શામળીઆ, તમે જીત્યા અમે હારયાં. ૧૭

દાણ લીલા.

રાધા—તમે અજાણ્યા અમે જાણીએરે,
મારો પાલવડો નવ તાણીએરે;
તમે સમજી રહો મનમાંયરે.
શામળીઆ વહાલા રહો વેગળારે. તમે વહાલા રહો૦ ૧
શ્રીકૃષ્ણ—નારી શું સમજાવે સુજનેરે,
હું તો નહિરે જાવા દેઊં તુજનેરે;
તારી મરડીને રાખીશ બાંયરે,
મધ્યારી રાધા દો દાણશું રે. તમે રાધા૦ ૨
રાધા—અલ્યા બાંહ્ય શું મરડીશ વીઠલારે,
મેં તો તુજ સરીખા ઘણા દીઠલારે
કપર છે કંસનું રાજરે
શામળીઆ વહાલા રહો વેગળારે. તમે વહાલા રહો૦ ૩
શ્રીકૃષ્ણ—નારી કંસ થકી શું થાય છેરે
એવા કંઈક આવે ને કંઈક જાય છેરે;
તારા ઉરના ઉતારીશ હારરે
મધ્યારી રાધા દો દાણશુંરે. તમે રાધા૦ ૪
રાધા—અલ્યા હાર હઈયાનો તુટશેરે
મારી ચહીની મટુકી ફુટશેરે;
ઘેર સાસુડી દેશે ગાળરે. શામળીઆ વહાલા રહો વેગળારે

શ્રીકૃષ્ણ—નારી ગાળને આળ નહી ચડેરે,
જેનું લેણું હોય તે લડેરે;
એવાં દાણ મેલ્યાં કેમ જાયરે. મધ્યારી૦ ૬

રાધા—અલ્યા દાણી તે કંઇનિા કાવીગોરે
મથુરાંથી ગોકુળ આવીયોરે;
ચારી નંદતણે ઘેર ગાયરે. શામળીઆ૦ ૭

શ્રીકૃષ્ણ—નારી ગાય ચાર્યામાં શી લાજ છેરે,
એ તો પોતપોતાનું કાજ છેરે;
એમાં મેણુલીઆં નવ હોયરે, મધ્યારી૦ ૮

રાધા—અલ્યા મેણાં માણસને લાગે ઘણાંરે,
સુણો વદતાં જ્યારે બે જણાંરે;
તને નીર્લજને નહિ લાજરે. શામળીયા૦ ૯

શ્રીકૃષ્ણ—નારી લાજે તે કાજ નવી સરેરે,
અહીયાં બીક તે કોની ધરેરે;
આવ મળીયે આપણ જણ બેયરે. મધ્યારી૦ ૧૦

રાધા—એવું નીર્લજ માં બોલો શામળારે,
તારા ઉરના ઉતારીશ આંબળારે;
મુકો મુકોને અમારો હાથરે. શામળીયા૦ ૧૧

શ્રીકૃષ્ણ—નારી હાથ ન મેલું તાહરોરે,
અહીયાં અમલ ચાલે છે માહરોરે;
માટે દાણના દોકડા મેલરે. મધ્યારી૦ ૧૨

રાધા—અલ્યા નંદબાવાનો તું છોકરોરે,
નારી પાસે નથી પૈસો રોકડોરે;
અલ્યા આવડો મચ્છર કેમ હોયરે. શામળીયા૦ ૧૩

શ્રીકૃષ્ણ—નારી બધુભાણની તું છોકરીરે,
તારી પાસે નથી પાઇ રોકડીરે;
આવડો કેમ અભીમાન હોયરે. મહીયારી૦ ૧૪
રાધા—હું તો વિનંતી કરૂં છું કમારતીરે,
સ્વામી રઘુનાથ હારી તમ થઈરે;
મહીનું તે દાણ ન હોયરે ગ્રામણીયા૦ ૧૫

—※—

દાણ લીલા.

ગોપી—અલ્યા કહાનજી તું ક્યાં ઘેલો થયો જો,
તું તો શેનું માગે છે દાણ જો;
મહીની મટુકી મારી ફુટશે જો;
ગોરસની થાશે હાણ જો. ઘેલું શું બોલે ગોવાળીઆજો ૧
અલ્યા નવ જાણીશ કોઇ બાપડી જો,
કોઈ મળશે માથા ફેરી નાર જો;
મારગ મુકીને રહેને વેગળો જો,
મારા કંસને થાશે જાણ જો. ઘેલું શું બોલે૦ ૨
શ્રીકૃષ્ણ—તારો કંસ કબુદ્ધિ નર શું કરે જો,
મારી સંગે છે સઘળો સાથ જો;
અલી દા'ડી તે દાણ ચોરી જતી જો;
ઘણે દહાડે આવી મારે હાથ જો. ઓછી તું જાત આહેરનીજો.
ગોપી—અલ્યા હાથની તે હોંશ રાખે રાખતો જો,
હાથે ચારી જાણે છે આથ જો;
પાલવ મુકીને રહે વેગળો જો,

મારા વ્રિજમાં થાશે હાણુ જો. ઘેલું શું બોલે૦ ૪
કૃષ્ણ—અલી વ્રિજમાં વશીને વેર વાળશું જો;
રખે રાખતી હઈયામાં હામજો
નંદજીના નામ પ્રતાપથી જો,
હું તો છેદુ તારા કંસનો ઠામજો. ઓછી૦ ૫
ગોપી—અલ્યા કંસે કર્યું તે કેમ વિસરેજો
ભાઇ હણ્યા પોતાના ત્યાંયજો;
નાશીને છુટયો લાડકાજો,
આવી ઉછેર્યો છે વૃજમાંયજો. ઘેલું શું બોલે૦ ૬
કૃષ્ણ-વળી વ્રજમાં વશીને વેર વાળશું જો.
તું તો જોજે અમારાં કામજો;
અવનીનો ભાર ઉતારવાજો,
ધર્યું નંદકુંવર ઘેર નામજો. ઓછી૦ ૭
ગોપી—અલ્યા સાચું કહેતામાં દુઃખ લાગશેજો,
પેટ માટે ચારે છે ગાયજો;
તું આવડો મોટો એમાં થયો જો,
તુને કોઇએ ન આપી કન્યાયજો. ઘેલું શું બોલે૦ ૮
કૃષ્ણ—અલી આંહીરની કન્યા અમો શું કરૂં જો.
અમો સદા કહેવાએ બ્રહ્મચારજો;
રખે પડછાયો પાડતીજો,
તું તો ધાબળીની ઓઢનારજો. ઓછી૦ ૯
ગોપી—અલ્યા લાખ ટકાની મારી લોબડીજો,
હીરા જડીત અમારો છે હારજો;

આછી પટોળી મારી પેહેરણે જો.
તુંતો કામળીનો ઓઢનારજો. ઘેલું શું બોલે. ૧૦

કૃષ્ણ—જેનો બ્રહ્માએ તાણો વાણ્યો જો,
એનો શંકર સરખો વણનારજો;
તેરે ઓઢણુ મારે કામળોજો,
તેનો શેષ ન પામે પારજો. ઓછી૦ ૧૧

ગોપી—અલ્યા શેષ સરખું તન તાહરૂંજો,
અમો ચંપક વરણી નારજો,
અલ્યા કાયા કનકને વેર વાધીયું જો,
તો પશુતણો પીંઢારજો. ઘેલું શું બોલે૦ ૧૨

કૃષ્ણ—તું શાને નીસરી મહી વેચવા જો,
અલી બેશી રહેજે ઘરમાંયજો;
દોલત ઘણી છે તારા બાપનેજો,
તું શાને આવી અહીયાંય જો. ઓછી૦ ૧૩

ગોપી—આ વાટે સદા મહી વેચતાંજો,
જઇ પુછો જસોદા માયજો;
બાંધી મુઠી સવા લાખની જો;
ઉઘાડીએ તો પત જાયજો. ઘેલું શું બોલે. ૧૪

કૃષ્ણ—અલીયણી ઇચ્છા છે મહી ચાખવાજો.
મીઠી મેળવણીનો સ્વાદજો;
ફીકું પડશે તો પાછું આપશું જો,
તું શાને કરે વિવાદજો. ઓછી. ૧૫

ગોપી—અલ્યા ગોરસ કેઈ કોણ ગણ્યું જો,

જેટલી પીએ તેટલું પાતજો;
વચને વેર વાધ્યું ઘણુંજો,
કદી મન મેળાવો થાતજો ઘેલું શું બોલે૦ ૧૬
કૃષ્ણ—અમે દાણને મશે શું કુળીએજો,
તું તો દાસી દીસે છે રીસાળજો.
હરીને તાળી લે હાથમાં જો,
તું પ્રીત ધરીને રસ આલજો, ઓછી ૧૭
ગોપી—આલ્યા માગ્યાં મુકતાફળ પામીએ જો,
હઠ કરે કંઇ નહી હોય જો;
લાજ નહીં તુને લાડકાજો,
મન આણને કંઇ વિવેકજો. ઘેલું શું બોલે ૧૮
કૃષ્ણ—અતી વિવેક ઘણો છે મન માહરે જો,
જવા નહીં દેઉં નિરધારજો;
આપ્યા વિના કેમ છુટશોજો,
તારા મનશું તું વિચારજો. ઓછી૦ ૧૯
ગોપી—તારા મનનો વિચાર મેં જાણીયોજો.
હઠ શાને કરો છો આંયજો;
મનમાં મન મળી ગયું જો,
જેમ સાકર ભળે દુધ માંયજો. ઘેલું શું બોલે૦ ૨૦
કૃષ્ણ—મીઠાં વચન તારાં માનુની જો,
સાકર સરખી બોલજો;
પ્રીતનો બાંધ્યો તુજ પાસનું જો,
આ આપું તમોને કોલજો. ઓછી૦ ૨૧
ગોપી— રાઢ ભાગીને રસ આપીયોજો,

ગોવાલણી લાગી પાયજો;
નંદજીના કુંવર કૃપાળને જો
ઉલટ તો અંગે ન માયજો. ઘેલું શું બોલે૦ ૨૨
જે કોઈ ગાય શીખેને સાંભળે જો,
તે ફરી ન આવે ગર્ભવાસજો;
દાણ લીલા દીનાનાથની જો;
ગુણ ગાય રતનીયો દાસજો. ઘેલું શું બોલે૦ ૨૩

દાણલીલાની સાખીઓ, આહેરીયાં. ગરબાઓ વિગેરે ગોવાળીયાનાં.

શ્રીકૃષ્ણ—ઉચીને અલબેલડી રાધે, સાંભળને કહું વાત;
વંદાવનને માર્ગ જાતાં કોણ છે તારી સાથ,
ઉભીરે વ્રિજની નારીરે, પુછું પરણી કે કુંવારીરે.
આંજ્યા વિના આંખડી કાળીરે, બાજુબંધ બેરખાવાળા. ૧
રાધા—સાથવાળી તેને ઘેર બેઠી, તારે શી પડપુછ;
માર્ગ મુકી રહે વેગળો, તારે મોઢેમનથી મુછ,
ચાલ્યો જા પાંસરી વાટેરે, સાંખું નંદરાયને માટેરે;
તું તો ક્યાંનો કાનુડો દાણીરે, પાઉં તને પાંદડે પાણીરે. ૨
કૃષ્ણ—શી છે તારી જાતડી, કીયું છે તારૂં ગામ;
કોણ છે તારાં માત પીતા શું છે તારૂં નામ. ઉભી. ૩
રાધા—આહીરની અમો જાનડી ગોકુળ મારૂં ગામ;
બ્રખુભાણની હું બેટડી રાધા છે મારૂં નામ ચાલ્યો ૪

કૃષ્ણ—બોલતી નો'તી તે બોલવા શીખી, આવડું બોલી આજ;
વંદ્રાવનમાં નીત્ય ફરે છે, તુજને તે શી લાજ. ઉભી૦ ૫

રાધા—લાજવાળા છો તે હું જાણું, ઢાંકી રાખો આપ;
વંદ્રાવનનો મારગ રોકી, નીત્ય તપાસો લાગ. ચા૦ ૬
કૃષ્ણ—ઝાઝાં રાખે મેંઢકાં ગોપી, ઝાઝી રાખે ગાય;
છાશ પીને મોટી થઇ, ભરવાડની જાત કહેવાય. ઉભી૦ ૭

રાધા—ગોકુળથી આવી ગોવાલણી, મથુરાંથી આવ્યો કહાન;
મારગમાં એકઠાં થયાં, તું શેનું માગે છે દાણ. ચા૦ ૮
કૃષ્ણ—ગોકુળની ગોવાલણી, મથુરાંને મારગ જાય;
આડા કાન ફરી વળ્યો, તારા પ્રિતે પાલવ સાય. ઉભી૦ ૯

રાધા—હું બેટી વ્રખુભાણની, રાણી રાધા મારૂં નામ;
દાણ લેવાની ઇચ્છા હોય તો, આવજે ગોકુળ ગામ. ચા૦ ૧૦

કૃષ્ણ—નંદબાવાનો હું નાનડીયો, કહાનજી નામ પ્રમાણ,
દાણ લીધા વિના જાવા દઉં તો, નંદબાવાની આણ ઉભી૦ ૧૧
રાધા—આણ તો માનું તો કંસની, બીજી ન માનું કોય;
નવ નંદ મારે નેસડે વસે, તારો નંદ તો કોણજ હોય. ચા૦ ૧૨
કૃષ્ણ—કંસ તે તારો કોણ છે, મેં વશ કીધો સઉ ઠામ;
સંભાળીને બોલજ રાધા, શુદ્ધ ગઇ કે સાન. ઉભી૦ ૧૩

રાધા—શુદ્ધ ગઈ નથી માહરી, તારી ગઇ જેમ હોય;
સાંભળ છઇયા નંદના, તારે મન વિચારી જોય. ચા૦ ૧૪

કૃષ્ણ—મનમાં શું વિચારે રાધા, દાણ લેવાનો સહી;
તારો માને શું કહીયે, તને વેચવા મોકલી અહીં. ઉભી૦ ૧૫
રાધા—આવોને ગોપીના વાહાલા, સાંભળો કહું તે વેણ,

તારી માને શું કહીએ, તારી પાસે ચરાવે ધેન. ચા૦ ૧૬
કૃષ્ણ—મેણાં બેણાં કરતી રહેજે, મહીયારી મદમાતી;
છાશ પીને દહાડા કાઢે, તું તો રંગે થઇ છે રાતી. ઉભી૦ ૧૭
રાધા—ક્હાનજી કાળા ન કરો ચાળા, મોરલીઓવાળા;
અડધી રાતે શું નાઠા તમે, ભરીને ઉચાળા ચા૦ ૧૮
કૃષ્ણ—દાણના દોકડા લેઇશું રોકડા, બીજી ના કર વાત;
તારે મારે ઝગડો થયો, ફોડીશ મહીનાં માટ. ઉભી૦ ૧૯
રાધા—દાણના દોકડા આપીશ રોકડા, બીજું ન થાયે આળ;
દાણ લીધામાં શું સમજે, તું નાનું સરખું બાળ. ચા૦ ૨૦
કૃષ્ણ—મહીયારી તું મદમાતી, હું નાનું સરખું બાળ;
બાળપણું તુજને દેખાડું, થવા દે સંધ્યાકાળ. ઉભી૦ ૨૧
રાધા—સંધ્યાકાળે તું શું બતાવે, સાંભળ કાળા કાન;
મહી વેચીને આવતાં, આપીશ તારું દાણ. ચા૦ ૨૨
કૃષ્ણ—તું રંગીલી રૂપની રૂડી, હું છબીલો ક્હાન;
મહી ખપે કે ન ખપે, તું આપને મારાં દાણ. ઉભી૦ ૨૩
રાધા—મહીનાં દાણ ના હોય મોહન, મનમાં સમજો પેર;
મહી પીવાનો ખપ હોય તો, આવજો મારે ઘેર, ચા૦ ૨૪
કૃષ્ણ—ક્યારની તું મેણાં દઇને, કીધાં અદકાં વેર;
હેત કરી તું આપવા આવે હવે લાગે કડવાં ઝેર. ઉભી૦ ૨૫
રાધા—કહો તો હરી ઘેરથી લાવું, કહો તો પાઉં આંય;
હિમાના સ્વામી શામળા, તમે મનમાં ન લાવશો કાંઇ ચા૦ ૨૬
આવો આવો નંદના છઇયારે, તમે ગોકુળનાં મહીયારી;
વાત તો વિચારીને કહીએ, મારગથી અળગા રહીયેરે. ચા૦ ૨૭

———:*:*———

કાન—ધુતારી ઘુમટાવાળીરે આંજ્યા વિના આંખડી કાળીરે.
કુંચી ને અલબેલડીરે, પાતળીઆ પરિધાન;
જોબનીયાનું જોર ઘણું હું ઉતારૂં અભિમાન, ધુતારી૦ ૧
ગોપી—નાની વયમાં નામજ કાઢયું, લોક કરે વખાણ.
મ્હોં ખાવને આંખડી લાજે, માંહોમાહે શું દાણ;
ચોલ્યોજા પાંસરી વાટેરે સાખું ચુ નંદરાયને માટે ચા૦ ૨
કાન—આ ગોકુળમાં ઘણી વસેછે મોટી જાત આહીર;
વ્હેવાર વાતે લજ્જા શાની છે વઢકણાંની રીત ધુતારી૦ ૩
ગોપી—પાધરી વાટે તે લડેરે જેને હોય બે બાપ;
એ દાણ શું લખાવી લાવ્યો કંસ રાયની છાપ. ચા૦ ૪
કાન—છાપ તો તારો બાપ કરે છે સેંકડો અખુબાણ;
હમો કુંવર નંદરાયના ગણું કંસને તૃણ સમાન ધુતારી૦ ૫
ગોપી—સમજી બોલો શામળારે. લોક સાથે શા લાડ,
ભીખ માગીને જીવવું માનો પરમેશ્વરનો પાડ ચા૦ ૬
કાન—ગોપી ગાળ દીયો અદકેરી ને જોરાવરનો જોરો;
ભીખ માગ્યાની પેર કહું તું કાન ધરની ઓરો ધુતારી૦ ૭
ગોપી—કાન ધર્યાનું કામ શું છે સમજી મનની વાત;
એવો કો દેખતી નથી કે અડકાડી સહે હાથ, ચા૦ ૮
કાન—આવે નારી ચાંદાણી તો જાયે મુકી માન;
તારૂં સર્વસ્વ લઉં સુંદરી તો, મારૂં નામ ચખીલો કાન ધુતા૦ ૯
ગોપી—૭ વરસનું છોકરડુંને. ચોરી પીતો છાસ;
સર્વસ્વ આપું શામળા, તું આવ મારી પાસ. ચા૦ ૧૦
કાન—તું મદમાતી મહિયારી, હું નીકટ ન્હાનું બાળ;
બાળપણું તમને દેખાડું. થાવા દે સંધ્યાકાળ. ધુતા૦ ૧૧

ગોપી—વિવાહ કરતાં દીવસ વીત્યો, અબળા આકળી થાય;
પ્રેમાનંદ પ્રભુ જોવા દેજો, ગોપી લાગી પાય;

ગોવાળીયાના હારીયાં.

દુધ પીયો જાવાદો અમને શાને રોકો છો વન;
એકલડી વન કેમ રહું, થરજે છે મારૂં તન. દુધ૦ ટેક
કુંમળી આંગળી મરડાશે, મુકોની મારો હાથ;
હું આવી આગળ થકી, પુઠે આવી સહીયર સાથ. દુધ૦ ૧
દીવસે પરણ્યા પિયુ સાથે ઉભા રહ્યું નવ જાય;
નંદજીના સમ આળગાં રહે તો, પર શું કેમ બોલાય. દુધ૦ ૨
પીયુ મારો ચતુર નથી તે, શું જાણે બોલની રીત;
તેણે હું પ્રીછું નહિ, જે પુરૂષ કહેલી પ્રીત. દુધ૦ ૩
જે રસ જેણે ચાખ્યો નહીંરે, તે શું જાણે નેહ;
નેન નચાવો છો ઘણાં, હું પ્રીછું નહી કાંઇ તેહ. દુધ૦ ૪
તમ સરખી હોય તેને ચાહો મુકોની મારો હાથ,
બાળપણે એવું કરો જે, આગળ વાધે લાજ. દુધ૦ ૫
કાલ પીતા પરણાવશેરે ઉત્તમ સુંદીર નાર;
પરની ઘર વસે નહી, એ વેદનો વ્હેવાર દુધ૦ ૬
સુખ ટળે શરીરનું એ કોઇ શું લાગે મન,
ચીતવ્યું તો નવ પામીએ, અતિ દોહીલા દુરીજન દુધ૦ ૭
ચતુર હશે તે જાણશેરે; ચતુરાઇની પેર;
મેં મન તારૂં ઓળખ્યું, અવસરે આવજો ઘેર દુધ૦ ૮
મારગમાં ન બોલાવીયેરે, આવતાં દેખે લોક;
સાજણ પ્રભુ રૂઘનાથજી, જુઠાં આળ ચઢાવે લોક. દુધ૦ ૯

જા જા નંદના ગોવાળીયા, તું શેનું માગે દાણ;
જો આવીશ ઢુંકડો તો, કંસરાયની આણ. જાઓ. ટેક.
ઘેર જઈ પુછ માતનેરે, ક્યાથ વેચતી કાલ;
દાણી થઇ વનમાં રહ્યો, કોની શીખ્યો તું ચાલ. જાઓ. ૧
મસ્તક ઉપર પાઘડીને, આણીયાળાં લોચન;
કરમાં કાળી કામળી કાં વદે મીઠાં વચન. જાઓ. ૨
અંગ માં મોડીશ આવડું તું રાખજે તારો ભાર;
ચંચળ ચાળા કહાન કાળા હું તે તારી નાર નહિ. જાઓ. ૩
મેં તને નિરમળ સાંભળ્યોરે, વસતે વંદ્રાવન;
ભરમે ભોળી ના જાણતો, અતિ કઠણ છે મારૂં મન. જાઓ. ૪
પાધરે મારગ ચાલીયેરે, ગોવાળીયાની સાથ;
છેલપણું નવ કીજીએ, ભાલણ પ્રભુ રઘનાથ. જાઓ. ૫

ઉભી રહે આહેરડી, તું બોલતી વાંકા બોલ;
તારી આંખડી તે મેં ઓળખીરે, અવર નહી કોની તોલ. ઉભી. ટેક.
મારગે છોડી અબોલડોરે, હીંડતી મોડાશાડ;
શેરી જોઇને ચાલીએ, ઘેર કંથ મારા હોય. ઉભી૦ ૧
સતી સામું ન ભાળીએરે, નીચું જોઇને ચાલ;
પરપુરૂષથી વેગળી રહે, તેની આંખલડી ઓળખાય. ઉભી૦ ૨
દાણ લાગે આ ઠામનુરે, અહીં નથી કંસનો ભાજ;
વણ પ્રીછે આવે નહી, આવે તો મારો ભાગ. ઉભી૦ ૩
આવતાં આથી કામની, હું જે માગું તે આપ;
ભાલણ પ્રભુ રઘનાથજી, અંતર આણી થાપ. ઉભી૦ ૪

ઓરો આવશો આહીરડા મેં જાત જાણી. ટેક૦
જુલમ કરોછો જોરાવરારે કંસ રાયને કહીશું
નીત ઉઠીને દુઃખ દોછો તારૂ ગોકુળ મુકીને જઈશું. ઓરો૦ १
અમે દાણી તે નંદરાયનારે મન માને તે લઈશું
કહેજે તારા કંસ રાયને હમે ઉતર દઈશું ઓરો૦ २
તારા સરખા ઘેર ઘણાંરે અમને પાએ પાણી,
તારૂં બોલ્યું સાખું હુંતો નંદ કુંવરનો જાણી. ઓરો૦ ૩
પાધરે મારગ ચાલીએરે ગોવાળીઆની સાથ;
છેલપણું નવ કીજીએ બાલણ પ્રભુ રઘુનાથ. ઓરો૦ ૪

છબીલા નંદનારે, તારી ચાલનો ચટકો જો; ટેક.
છોરા આહીરનારે, તારા મુખનો મટકો જો: ટેક,
ચટકો તારી ચાલનો, પાવડીએ કંગરકોર:
ઘુમકે ઘુમક ઘુઘરી બાજે, નેનમા નાચે મોર. છબી૦ १
તાણીને બાંધે પાઘડીરે ઝળકતો મુકે તોર;
શેરીએ લથડતો હીંડે, મુખ મોરલી ઘનઘોર. છબી૦ २
મુખ દેખડાવીને ઘેલાં કીધાં જાણે હરાયાં ઢોર;
બાલણ પ્રભુ રઘુનાથજી. મારા ચીતડાના ચોર. છબી૦ ૩

અણુબાન કેરી બેટડી રાણી; રાધા છે મારૂં નામ:
દધી તણો જો ખપ કરોતો આવજો ગોકુળ ગામ. અખુ૦ १
લંપટ સંપટ નાથજીરે કપટી કાળા કહાન,
દધી તણું જો દાણ લેશો તો કંસને થાશે જાણ. અખુ૦ २
વંદ્રાવનની વાટમા તમે શાને રોકો છો ધાર;

તારી માતા તો ઓવડું મોટું લેતી મહીનું માટ. અખુ૦ ૩
રાધા તો દાણુ નહીં આપેરે તમારૂં શું જોર;
પીતા મારા જો જાણશે તો, કરશે પાધરાં દોર. અખુ૦ ૪
સીધે મારગ ચાલીએરે ગોવાળીઆની સાથ;
છેલપણું નવ કીજીએ ભાલણ પ્રભુ રઘુનાથ. અખુ૦ ૫

ભાગ ૧૨ મો.

ઊંઢણીનાં હારીયાં.

વેગળો રહેને વરણાગીયા. ટેક
ઉઢાણી લેઇને કૃષ્ણ વંદ્રાવન ગયાતા,
હારે હું તો શોધી વળી નવખંટમાં જીરે. વેગળો.
,, અલ્યા મહીની મટુકી મારી ફુટશે,
,, મારી મોતન કેરી લટ ટુટશે જીરે વેગળો૦
,, અલ્યા મોહન તારા ફંદમાં,
,, મારી દામણી તુટી તે તારા છંદમાં જીરે. વેગળો૦
,, મારૂં લાખ ટકાનું ચીર ફાટશે,
,, અલ્યા ખેંચ માં ખેંચ માં ફાટશે જીરે. વેગળો૦
,, અલ્યા લાલ છડી તારા હાથમાં,
,, મુને રોકી તે જુમનાના ઘાટમાં જીરે. વેગળો૦
,, સવાલાખનો હાર મારી કોટમાં,
,, અલ્યા તાણુ માં તાણુ માં ટુટશે જીરે. વેગળો૦
,, અલ્યા દાસ રાજેના સ્વામી રાંકડા,
,, હું તો મોહી રહી સુઝના આંકડા જીરે. વેગળો૦

આજની ઘડી રળીઆમણી,
હાંરે મારા વાહાલાજી આવ્યાની વધામણી જીરે. આજ૦
,, પુર્યો પુર્યો સોહાશેણ સાથીઓ,
,, ઘેર મલપતો આવે તે હરી હાથીઓ જીરે. આજ૦ ૧
,, સખી લીલુડા વાંસ અણાવીએ,
,, મારા વા'લાજીના મંડપ રચાવીએ જીરે. આજ૦ ૨
,, સોહાસેણ ચાર તેડાવીએ,
,, મારા વા'લાજીને મોતીડે વધાવીએ જીરે. આજ૦ ૩
,, સોહાસેણ મગળ જે ઘડી.
,, મારા પ્રભુજી પધારે તે ઘડી જીરે. આજ૦ ૪
,, રસ મીઠડાએ અતી મીઠડો,
,, મહેતા નરસૈયાનો સ્વામી કોઇએ દીઠડો હોજીરે આજ૦ ૫

દાણ લીલાની ગરબીઓ.

ગરબી ૧ લી

હાંરે દાણ માગેરે દાણ માગે.
,, તારી મીઠડીના બોલ બાણ વાગેરે. દાણ૦
,, કાન કીયા મુલકનો સુબો,
,, હાંરે મારા મારગ વચ્ચે ઉભોરે. દાણ૦ ૧
હાંરે મારા મારગ વચ્ચે વશિયોરે. દાણ૦ ૨
,, કાન કિયા મુલકનો દાણી.

હાંરે મારી નવરંગ સુંદડી તાણીરે. દાણ૦ ૩
,, કાન ક્યિા મુલકનો મહેતો,
,, મારા મારગ વચમાં રહેતોરે. દાણ૦ ૪
,, કાન જળ જુમનાંને આરે;
,, એમાં કોણ જીતે ને કોણ હારેરે. દાણ૦ ૫
,, કાન નથી સાકર નથી મેવા;
,, ખાટી છાશમાં શું આવ્યો લેવારે. દાણ૦ ૬
,, મહેતા નરસઇના સ્વામીને વારી,
,, ગઉ ગોવાળમાં ચારીરે, દાણ૦ ૭

ગરબી ૨ જી,

જવાદો મને શાને રોકોછો વાટમાં.
હાંરે દાણ લેવા સરખા નથી ઘાટમાં. જવા૦ ટેક.
આજ તો અમારે પ્રભુ કામનો દીન છે.
હાંરે મારે એકલા જવું છે નાવમાં, જવા૦ ૩
મારારે સમ મારી આગેર નંદી,
હાંરે જળ ભરવાં જુમનાજી ઘાટમાં: જવા૦ ૪
સઘળી સઇયરો ઉભી જુમનાંની તીરે,
હાંરે તેને વચન આપ્યાં છે હાથમાં. જવા૦ ૫
મોતીના નાથને સંગે લઇને.
હાંરે જવું સઇયરોના સાથમાં જવા૦ ૬

ગરબી ૩ જી.

વાત કહું ઉભી રહેને અલબેલી,
હાંરે દાણ રીત ના ઘટે તે જાઓ મેલી હું વાત૦ ટેક.

ક્યાંથી આવો આજ રમઝુમ કરતા,
હારે આજ ક્યાં છે સંગની સાહેલી. હું વાત૦ ૧
ઘુંઘટ તાણીને શું જોરમાં જાઓ છો,
હારે નથી દેતી જવાબ મન મેલી. હું વાત૦ ૨
ધ્યાન ધરીને શું ધ્યાનમાં જાઓ છો,
હારે આજ ઓણી કરવી છે મારે પેહેલી. હું વાત૦ ૩
મોતીના નારને તું છું પ્યારી;
હારે ઘણે દહાડે થઇછું આજ ભેળી. હું વાત ૪

ગરબી ૪ થી.

જમીનપર જવાનાં દાણ કોણ લેછે;
હારે નથી જાણ્યું લેવાવાળો રહે છે. જમીન૦ ૧
નથી સાંભળ્યું પૃથ્વી ઉપર.
હારે લેવાવાળો અહીંઆં કોણ રહે છે. જમીન૦ ૨
નિત્ય નવાનવા ચાળા કરો છો,
હારે એવી કોણ શીખામણ દેછે. જમીન૦ ૩
વચન કાઢો છો પ્રભુ વઢવા સરીખાં,
હારે કોણ વસ્તી તમારીમાં રહે છે. જમીન૦ ૪
મોતીના નાથને એમજ કહીને,
હારે ગોપી રસ્તો ગોકુળનો લેછે, જમીન૦ ૫

ગરબી ૫ મી.

છબીલી દાણની રીત મેલે કહાડી;
દાણ આપો છબીલી લાડી. છબીલી ટેક.

શ્રી જુમનાજીના મોટારે આરા;
હાંરે જળ ભરવાને આવોને હાડી. છબીલી૦ ૧
વંદ્રાવનને મારગ જાતાં
હાંરે હું તો લેહણ લાગત મારી; છબીલી૦ ૨
એવાં વચન પ્રભુ કોઇએ ન સાંખે,
હાંરે એતો સાંખે તે પરણી નારી. છબીલી૦ ૩
મોતીના નાથને સરવસ સોંપ્યું,
હાંરે ગોપી રાજી કર્યા છે મોરારી. છબીલી૦ ૪

ગરબી ૬ ઠી.

હાંરે રશિયા સુજને જાવા દીજે, તારૂં દાણ થાય તે લીજેરે,
રશિયા સુજને ટેક.
હાંરે હું તો ગોકુળની બીજનારી, હાંરે હું તો મહી વેચવાને ચાલી,
" મારગડે આળ ન કીજીરે રશિયા સુજને૦ ૧
" મારી સંગની સાહેલીઓ ચાલી હાંરે મારે માથે મહીની ગોળી,
" લ્યો ખાટાં ચોરસ પીજોરે; રશિયા સુજને૦ ૨
" હું તો બ્રખુભાનની છોડી હાંરે મને રોકી રહ્યા ગીરધારી;
" મારગ અળગા રહીજોરે. રશિયા સુજને૦ ૩
" બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરનાગર તનમન અર્પણ કીજેરે
રશિયા સુજને૦ ૪.

ગરબી ૭ મી.

હાંરે મારા ચીર દો વનમાળી હાંરે હુંછું અબળા નારીરે
મારાં ચીર૦ ટેક.
" વાલો ચીર હરીહરીને કદમ ચડી બેઠા

હાંરે હુ છું જળમાં ઉઘાડીરે. મારાં ચીર० १
" ચીરકે બદલે પીતાંબર લેઉંગી;
" જો જલશેસે જાઉં ન્યારીરે; મારાં ચીર० २
" પાહે પત્ર કરી નીકશા રાધે,
" કૃષ્ણ હસત દે તાલીરે. મારાં ચીર० ३
" બાઇ મીરા કહે પ્રભુ ગીરધર નાગર,
" તમે પુરૂષ હમે નારીરે, મારાં ચીર० ४

ગરબી ૮ મી.

હાંરે બેની આપનો શામ ખોટો,
ક્યા દોશ દઉં કુબજાકોરે. બેની આપનો० ટેક०
આપે ગએ કાગળ નહિ ભેજ્યો.
ક્યાં કાગળનો ટોટોરે; બેણી આપનો० १
ગોકુળ મેલી વાલો મથુરા પધાર્યા,
ત્યાં માર્યો કંસરાય મોટોરે; બેની આપનો० २
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર;
મારૂં મહી પીને થયો મોટોરે. બેની આપનો० ३

ગરબી ૯ મી.

હાંરે કુબજાને જાદુ ડારો,
બસ કીનો શામ હમારોરે. કુબજાને જાદુ० ટેક.
જાદુકી પુડીયાં સઢ સઢ મારી,
ક્યારે કરે વહદ બીચારોરે, કુબજાને० १
આણી તીરે ગંગાને પેલી તીરે જમુનાં
બિચમે બહે જળ ધાડોરે;

ઇત ગોકુળ ઇત મથુરા નગરી;
જાવ પીઓ જળ ખારેરે — કુબજાને૦ ૩
કુબજાસે વાલો રંગ રમત હે,
હમકુ દુર કર ગયો ન્યારોરે — કુબજાને૦ ૪
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરનાગર;
આખર શામ હમારોરે, — કુબજાને૦ ૫

ભાગ ૧૩ મો.

ચુંદડીની ગરબીઓ.

રસીયાજી મુકો હમારી ચુંદડી.
જવાદો જીવણ જળ ભરવા કાજજો,
સખી કહેશે કયાં વાર લાગી આવડી,
મોટી મોહન લોકડીઆની લાજજો. — રસીયાજી૦ ૧
ઘેરો છો મુજને જાણી એકલી.
પાછળ આવે સહીયરોનો સાથજો;
મનસુબો મનનો હું જાણી ગઈ,
એમ કરે નટવર નહીં આવું હાથજો, — રસીયાજી૦ ૨
દુરીજન કંઇ કહેશે મારા કંથને,
રસિયા તને રીસ ઘણી છે મનજો;
સાસુડી મુજને બહુ સંતાપશે,
નણદી મુજને કહેશે કઠણ વચનજો. — રસીયાજી૦ ૩
૧૦ એવી તે વિદ્યા કોણે શિખવી,

નીત ઉઠીને આવડો શો ઊમભાતજો;
મોટપણે ગોટમ કંઇ આવી નહી,
છેલ તમારી ના ગઈ છોકરવાદજો. રસીયાજી૦ ૪
આવા રહો અડશો માં અલબેલડા,
આળ કરો તે સાંખે બીજી નારજો;
શાણા મઇ વળગોછો શા કારણે,
હું નહી સાંખુ તમારો કાંઇ ભારજો. રસીયાજી૦ ૫
ઘેર જઇ કહીશું તમારી માતને,
મુજ સાથે ના બોલો વાંકું વેણજો,
પાંવળીઆ પાલવ મુકો માહરો.
ઉર ઊપર શા માટે નચાવો નેણજો. રસીયાજી૦ ૬
આજ પછી તમ સાથે બોલું નહી;
ઢંગ તમારા જાણ્યા જાદવરાયજો,
શું કરીએ શામળીઆ સાચુ કહું;
તમ શાથે મુજ મનડું આતુર થાયજો, રસીયાજી૦ ૭
સ્વારથ તો સફળ થશે મન રીઝવે,
નવ જાણો કંઇ પ્રીત કર્યાની રીતજો;
શું સમજો ચારી જાણો આવડી,
ઘણી કઠણ છે પરસું કરવી પ્રીતજો. રસીયાજી૦ ૮
મન વિના તો કોઇને ન બોલાવીએ.
માણસ માંહી જાય પોતાનો તોલજો,
આગળથી ચર્ચા જોઇએ તે તણી,
ત્યાર પછી મન ગમતા કહીએ બોલજો રસીયાજી૦ ૯
આતુરતા તમ કરતાં અમને ઘણી;

લાજ તજીને મુખડે ના કહેવાયજો;
પ્રાણ ગએ પ્રીત કદી ના મુકીએ,
આરમ વચે રોહેથી શું થાય જો. રસીયાજી० १०
વાલાજી વાર્યુ તે કરીયે માહરૂં.
કોણ વારની કહુંછું જોડી હાથજો,
મારગડો મુકીને અળગા રહો.
કર જોડીને વીનંતી કરે રઘુનાથજો. રસીયાજી० ११

ગરબી ૨ જી.

કહાન કાળારે મારી ચુંદડીના ચોર,
ઉભા નંદનારે મારા કાળજાની કોર. કહાન० टेक
ચુંદડી ચોરીને પ્રભુ કદમ ચડયા.
સાહેલીના સંગમાં મારી નજરે પડયા. કહાન० १
અજબ તરેહની ચુંદડીને માંહી ઝાઝો રંગ.
વેગળા રહો વરણાગીયા મારૂં શામ થાશે અંગ. કહાન० २
લાખ ટકાની ચુંદડીને છેડે ઝાઝા રંગ,
શ્રીકૃષ્ણજી લાડ લડાવે તેમાં સાનોં પાડ. કહાન० ३
ચુંદડી આપો તો પ્રભુ પાયે લાગુરે;
નરસઈયાના સ્વામી પાસે માન માગુરે. કહાન० ४

ગરબી ૩ જી.

કૃષ્ણ બોલ્યારે નિકળ જળથી તું બહાર.
આપું ચુંદડીરે હેને ગોપીઓ નાર. टेक.
ચીરનાં વખાણ કરે માલ નથી એમાં;
નગ્ન થઈ જળમાં નાહી કહ દીધા તેમાં. કૃષ્ણ० १
ચુંદડી તારીનો બાપ નથી આરે.

સહુ સખી બહાર આવો લ્યોને અત્યારે. કૃષ્ણ૦ ૨
સહુ સખીએ વિચાર કર્યો જાવું હવે ઘેર;
કૃષ્ણ કેરૂં કહ્યું માની કરીએ એવી પેર. કૃષ્ણ૦ ૩
હારી સહુ બહાર આવ્યાં જોડીને બેઉ હાથ,
ચીર આપી આશા પુરી નરસઇયાને નાથ. કૃષ્ણ૦ ૪

નંદજીનો ગરબો.

તમેરે નંદજી ગોકુળ સંચરોરે,
ઉતરવો જમુનાજીનો ઘાટજો;
મારી માને નહી હોય ગોઠડુંરે,
જસોદા જોતાં હશે વાટજો. તમેરે૦ ૧
ન કરે માત પિતા તે તમે કર્યુંરે, અમને બહુ લડાવ્યાં લાડજો;
અમને નાનેથી મોટાં કર્યાંરે, તેના શા શા માનું પાડજો. તમે૦ ૨
મારી છે પચરંગી લાકડીરે, તમે વાલ્હતી વેણુ રસાળજો.
તેને તમે સંભારીને મુકજોરે, રખે લેઈ જતા ગોવાળજો. તમે૦ ૩
મારી સહસ્ત્ર ગોરી ગાવડીરે, તેને તમે હાથ ફેરવી જોજ્યોજો;
કહે રઘનાથના સ્વામી નંદનેરે, અમપર કૃપાદૃષ્ટે રહેજ્યોજો. તમે૦ ૪

ગરબી ૨ જી.

નયણે નીરને નંદજી બોલીયારે, અમથી એકલડાં ન જવાયજો,
વાટડી જોતાંને રોતાં હશેરે, કાનજી ત્યાંય તમારી માયજો, ન૦
હું તો રાખીશ મારા મનનેરે, તમારી માનાં મન કેમ રહેશેજો.
માટે ગોવીંદ ગોકુળ આવજોરે. દુરજન મેણલીયાં બહુ દેશેજો; ન૦
કહો કોણ વંદ્રાવન સઉ ચારશેરે, સાંજે કોણ આવશે ઘેરજો;
હસતાં વાણલીયે કોણ ઉઠશેરે, કહો કોણ જાણે તમારી પેરજો. ન૦

કુંવર કોને લાડ લડાવશુંરે, કોને વળગાડીશું દામીજો;
કોને જમાડીને જમશું અમેરે, કહોને રઘુનાથના સ્વામીજો. ન૦

ગરબી ૩ જી.

જસોદા પુછે પિઉને પ્રેમશુંરે, નંદજી ઉતર ન આલેજો,
સુખથી બોલે પણ બોલાય નહીરે બાલના બોલડીયા બહુ સાલેજો.
કારણ કોને આરા કંથજીરે; કુંવર ક્યાં મેલીને આવ્યાજો
સરવસ્વ શોંપ્યાં વસુદેવનેરે દુખના મેરૂ ક્યાંથી લાવ્યાજો;
આપણે મીત્રાઈ વસુદેવનેરે. આપણે ક્યાંનું હતું વેરજો.
આવી આપણા સુતને બોળવ્યોરે તે રાખ્યો પોતાને ઘેરજો.
કહો કંથજી ત્યાં તમે નવ બોલીયારે. આપણે બોલો છઈયો છોડીજો
એ રઘુનાથનો સ્વામી ગોવાળીઓરે અમપર નજર ન જોડીજો

ગરબી ૪ થી

વ્રજમાં વ્રજ વનિતા વાતો કરેરે મોહનજી મથુરામાં રહ્યાજો.
જેને નંદને ગોકુળ મોકલ્યારે વિઠલ વસુદેવના થયાજો.
અહીંના સુખમાં ગાયો ચાંરવીરે બીજું આહીરીયામાં રહેવું જો.
ત્યાં સહુ પુછીને વાતો કરેરે મથુરાં નગરીમાં શું કહેવુંજો,
મથુરા નગરી હરીને મન વશીરે બીજું કંસરાયનું રાજજો,
લક્ષ્મી દેખીને લલચાઈ ગયારે, માટે ગોકુળ કીધું તાજજો.
એ મુરત મનોહર શામળોરે સજની સહુને લાગે મીઠોજો,
એ રગનાથનો સ્વામી ગોવાળીઓરે; ત્યાં તો રાજા થઈને બેઠોજો.

પરચુરણ ગરબીઓ.

ચંદ્રાવળીની ગરબી

આથે મહુકીને મહીડાંની ગોળી મહીરે વેચે ચંદ્રાવળીરે;
વેચંતી સેચંતી નગરમાં પેઠી કાનુડો છેડ્યો સાહી રહ્યારે;

ભાગ ૧૪ મો

ગરબી ૧ લી

તમને શું કહીએરે કામણગારા છો.
ગોપીજન વલ્લભરે પ્રાણ હમારા છો;
પુછું છું તમનેરે સાચું કહો અમને,
મારા સમ મોહનરે નહી દુભાવું તમને.
હૃદયાપર હાજરરે ખાંતે ખુપ્યા છે.
તમ સરખા જીવણરે કાંઇ એક છુત્યાછે;
આ દુર્બળ રાતારે. ચંદન ચળકે છે,
મુખને તંબોળેરે લોલક લટકે છે.
આ તે શું અચરતરે આવ્યા સેજડીએ;
રણછોડના સ્વામીરે અચરતની ઝડીએ.

ગરબી ૨ જી

વારૂં છું વાલમરે અમને અડશો માં.
વારેને ધારેરે અમને વઢશો માં;
અમે વહુવારૂરે લાલા લાજ ભર્યાં.
બોલંતા બીજેરે કંથે કેદ કર્યાં.
સાસુડી સુશુરેરે નણદલ નાની છે.
પ્રીતલડી છે પશુરે તમશું છાની છે;
શું જોર જણાવોરે આવદું વા'લાજી,
તમે કોના કુંવરરે કહો અમને લાલાજી.
પાળેલાં કહીનેરે સોકો સાદ કરે,
એમાં શા તોલજરે પરઘેર પેટ ભરે;
મનગમતાં કીધાંરે લજ્જા લોપીને,
રણછોડના સ્વામીરે ધન્ય આ ગોપીને.

ગરબી ૨ જી અજવાળી રાતની

આસો માસો સરદપુનમની રાતજો,
ચાંદલીઓ ઉગ્યોરે સખી મારા ચોકમાં ટેક
સસરો મારો દેરા સરખો દેવજો,
સાસુડી દેરારે ફેરી પુતળી. ૧
જેઠ મારો અશાડીઓ મેઘ જો,
જેઠાણી ઝબુકે વાદળ વીજળી. ૨
દિયર મારો ચાંપલીઆંનો છોડજો.
દેરાણી ચાંપલીયા ફેરી પાંખડી, ૩
નણદલ મારી વાડીમાંની વેલજો,
નણદોઇ તે વાડી માંહીનો વાંદરો. ૪
પરણ્યો મારો ચતુર સુજાણજો,
તાણીને બાંધીરે નવરંગ પાઘડી ૫
એ પાઘડીએ દશ દશ આંટાજો,
આંટેને આંટેરે નવરંગ પાઘડી. ૬
ગોરીનો પરણ્યો વહાણુ કમાવા જાયજો.
વાહાણેથી લાવે ખારેક ટોપરાં. ૭
ખારેક ખાય તો ખટકે ગોરીની દાઢજો.
ટોપરડું ખાય તો ગોરીને કુચા વળે, ૮

ગરબી ૩ જી જસોદાના બાળ બાપની.

દુર ખેલન મત જાઓ મેરે લાલડુ દુર મિલેગા હાઉ. ટેક
મગ્ગ્રાકરૂપ સંખાસુર આયો, લાયો વેદ છોરાઉ.
ચાર વેદ બ્રહ્માકો દીનો મેં તહાં ન દેખા હાઉરે;
દુર ખેલન મત જાઓ મેરે લાલન દુર મીલેગા હાઉ.

વારાહરૂપ ધર પર્વત લાયે પૃથ્વી દાડ ચઢાઉ ફુર૦ ૨
બ્રહ્મા લક્ષ્મી નિશદીન આવે મેં તહાં ન દેખા હાઉ.
નરસીંહરૂપ અવતારમેં બડે અસુરોકો બે ઉપજાવું,
બડો દેવ હીરણ્યાકસ્ય માર્યો મેં તહાં ન દેખા હાઉ. ફુર૦ ૩
વામન રૂપ છલ્યો બલરાજા પગલાં ત્રણ ચઢાઉ,
ઇંદ્રાસન ઇંદ્રકો રાખ્યો મેં તહાં ન દેખા હાઉ. ફુર૦ ૪
ફરશુરામ અવતારમે બડે અસુરકો બે ઉપજાઉ,
ક્ષત્રી મારી નક્ષત્રી કીધી મેં તહાં ન દેખા હાઉ. ફુર૦ ૫
રામચંદ્ર અવતારમેં દસ મુસ્તક છેદી લાઉ.
સોનેકી લંકા ખાખ કર ડારી મે તહાં ન દેખા હાઉ. ફુર૦ ૬
જમનાકે તીર ધેન ચઢાઇ ભુજા બની બિચરાઉ,
શેષ પાતાલ કાલીનાગ નાથ્યો મેં તહાં ન દેખા હાઉ. ફુર૦ ૭
બાંધો મન મોહન ભકત વત્સલ બળ જાઉ,
જમલા અર્જુન વૃક્ષ ઓધારે મેં તહાં ન દેખા હાઉ ફુર૦ ૮
બાલાપનમેં મૃતિકા ખાધી ચઉદ લોક દે જલાઉ;
સુરકે સ્વામી તેરી અદભુત લીલા મુખે કહી ન જાઉ. ફુર૦ ૯

ગરબી ૪ થી

હાથ વહુટી મારી મટુકી ફુટી દધી વેચતાં લુટીરે,
પીતળ લોટા જળે ભરાવું દાતણુની ચતુરાઇરે
ચીની તે પ્યાલા તેલે ભરાવું મર્દનની ચતુરાઇરે. હાથ૦ ૧
ત્રાંબાકુંડી જળે ભરાવું નાહાવણુની ચતુરાઇરે હાથ૦ ૨
સેવ સુંવાળી લાવશી રંધાવું, ભોજનની ચતુરાઇરે હાથ૦ ૩
પાન સોપારી લવીંગ મંગાવું મુખવાસની ચતુરાઇરે. હાથ૦ ૪

ગરબી ૫ મી.

ઝુમકહાર શીદ તોડયો હો રાજ મારો ઝુમકહાર શીદ તોડયો,
હારની પડી છે ત્રણ ઓળો હોરાજ મારો ઝુમકહાર શીદ તોડયો;
જળ જમુનાં નીર ભરવા ગયાંતાં ઘટ મારો શીદ ફોડયો. હો૦
વંદ્રાવનને મારગ જાતાં કાંડુ ઝાલીને હાર તોડયો. હો૦
વંદ્રાવનને ચોકે રમતાં કુડાં વચન કોણ બોલ્યો. હો૦
પ્રીત કરી પણ કરતાં ન આવડી નંદ આહીરનો છોરો. હો૦
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરનાગર આવને નટવર ઓરો. હો૦

ગરબી ૬ ઠી.

ગગરી ઉતારરે વનમાળી મટુકી ઉતારરે વનમાળી,
ઉતાર ઉતાર જલદી ઉતારરે વન૦
મેરે શીરપર હોગઈ ભારી. ગગરી૦ ટેક.
સુનેકી ગગરીને રૂપલા ઉંઢાણી ભર ગઇ રાધે પ્યારી ગ૦ ૧
જળ જમુનાકી ચીકણી મટુકીયાં લેગ ગઇ રાધે પ્યારી. ગ૦ ૨
મેં પ્હેરી કસુંબલ સાડી તેરી મુગટકી છબી ન્યારી ગ૦ ૩
મેં પ્હેરી જરકસકી ચોળી તેરે મોરલીકી છબી ન્યારી ગ૦ ૪
મેં પ્હેરી મોતનકી માળા તેરે ગુજમાળકી છબી ન્યારી. ગ૦ ૫
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરનાગર ચરણકમળપર વારી ગ૦ ૬

ઇશ્વર પુજવા પુજવા વિષે

ગરબી ૭ મી.

(હું તો ઇશ્વરને પુજવા નીસરીરે લોલ એ—રાગ.)
શામ સલુણા કુંવર નંદનારે લોલ,
તે મને નાંખી ફંદમાંરે લોલ, શામ૦ ૧

હું તો ઝબકીને જોવા નીસરીરે લોલ,
ઓઢવાનું અંબર વીસરીરે લોલ, શામ० ૨
હું તો ગાવડીને દોવા નીસરીરે લોલ.
બેલો લીધો ને તામડી વીસરીરે લોલ. શામ० ૩
હું તો દરશન કરવાને નીસરીરે લોલ,
સાળુ પહેર્યો ને ચોળી વીસરીરે લોલ. શામ० ૪
તો જુમના તે જળને નીસરીરે લોલ,
ગાગેર લીધીને ઘડો વીસરીરે લોલ, શામ० ૫
જમતાં તે જીવણ સાંભર્યારે લોલ.
કંઠે ના ઉતરે કોળીયોરે લોલ. શામ० ૬
વલવના સ્વામી શ્રી હરીરે લોલ,
તન મનથી હું તમને વરીરે લોલ. શામ० ૭

ગરબી ૮ મી.

શામળીયાલાલ સાસુડી સંતાપે કહો કેમ કીજીએ,
ક્યાં જઈએ હરી ઘરમાં બેશી રહીએ તો રાંડ ખીજારે;
મારી સાસુ શંખણી છે એવી નણદલને નાતરે દેઉ પહેલી,
તે તો વાત નથી કહેવા જેવી. શામ० ૧
મારો સસરો સાધુજન ઘણો મને આશરો છે તેના તણો,
મારો જેઠ ઝાંપડો બુદ્ધિ વનો. શામ० ૨
મારો દિયરીયો હઠ્યા મેલો તેલો લડાઇ કરવા સઉ પહેલો.
એની દુષ્ટ બુદ્ધિ હાંકી મેલો. શામ० ૩
નણંદ સુડી વચ્ચે સોપારી હું તો અનાથની છું તમારી;
પદ ગારો વઇશ વિચારી. શામ० ૪

ગરબી ૯ મી.

ઓ જસોદાજી આવડો લાડકવાયો લાલ ન કાજીએ.
ચાલો ત્યાં સુધી સુતનાં પ્રેમ ચરિત્ર દેખાડી દીજીએ. ટેક.
વાલે કઉતક કીધું મંદીરમાં,
એણે માંખણ પેંડા લીધા કરમાં,
એણે માંકલડાં ઘાલ્યાં ઘરમાં, ઓ જસોદાજી. ૧
વાલો સંતાડ્યાં શોધી કાઢે
હોય ઉંચાં પણ હેઠાં પાડે;
એતો ખાય ખવરાવે વણસાડે. ઓ જસોદાજી. ૨
વાલો સુતાં બાળકનાં અંગ મોડે,
મારાં બાંધ્યાં વાછરૂ છોડી મેલે;
દહી ગોરસ દુર થકી ફોડે. ઓ જસોદાજી. ૩
દયા પ્રિતમના સ્વામી રસીયા
દ્વધી ગોરસ પર આવે ધશીયા.
ધન્ય ભાગ્ય અમારૂં વ્રજમાં વશીયા. ઓ જસોદાજી. ૪

ગરબી ૧૦ મી.

ઓ છોગાળી અંબોડો ગુંથીને વાકો મેલ તું.
તું સુકીદે વાલપણું તારૂં રંગમાં રેલશું.
વરણાગીમાં છે વાંકી તેને મારગ જાતાં મે ઝાંખી.
તું સમજી લેને જ અહીંઆંથી, ઓ છો. ૧
શણગાર સજીને આવોને તમે મારાં મનમાં ભાવોને.
તમે કાક સંગાથે કાવોને. ઓ છો. ૨
તારો લટકો જોઇને લોભાયો, હું નંદ જસોદાનો જાયો.
સખી દયા પ્રિતમનો કે'વાયો. ઓ છો. ૩

મેલો મેલો કાનજી જાવા દો જાદવજી અપઘેર સસરો રીસાળારે
તમારા સસરાને બીજી વહુવારૂ આણી આલું તમથી ઘુંઘટ તાણે.
આઘેરારે માથે૦ ૧

વેચંતી સેચંતી નગરમાં પેઠી, કાનુડો છેડલો સાહી રહ્યોરે.
મેલો મેલો કાનજી જાવાદો જાદવજી અમઘેર સાસુ રીસાળવાંરે
તમારી સાસુને બીજી વહુઆરૂ આણી આલુ તમથી પાગે પડે
અદકેરાંરે માથે. ૨

વેચંતી સેચંતી નગરમાં પેઠી કાનુડો છેડલો સાહી રહ્યોરે.
મેલો મેલો કાનજી જાવાદો જાદવજી અમ ઘેર જેઠ રીસાળવોરે
તમારા જેઠને બીજી ભોજાઈ આણી આલુ તમથી ઘુંઘટ તાણે
આઘેરારે માથે૦ ૩

વેચંતી સેચંતી નગરમાં પેઠી કાનુડો છેડલો સાહી રહ્યોરે,
મેલો મેલો કાનજી જાવા દો જાદવજી અમઘેર દીયર રીસાળવોરે;
તમારા દીયરને બીજી ભોજાઇ આણીઆલું તમથી હોરી ખેલે
અદકેરાંરે માથે૦ ૪

વેચંતી સેચંતી નગરમાં પેઠી કાનુડો છેડલો સાહી રહ્યોરે.
મેલો મેલો કાનજી જાવાદો જાદવજી અમઘેર નણંદી રીસાળવાંરે,
તમારી નણદીને બીજી ભોજાઇ આણીઆલું તમથી માથાં ગુંથે.
અદકેરાંરે માથે. ૫

કડવે વચને ગોપીકા એમ બોલે મેલો મારો પાલવ નીર્લજ્જરે
દુર્જન દેખે તમે નહી લાજો જાતી ધડુકે માહરીરે. માથે. ૬
તોય ન સમજે છોગાળો છબીલો પાલવ સાહી ઉભો રહયોરે.
ચીર ફાડી ચંદ્રાવળી નાઠી કાનુડો હાથ ઘસી રહયોરે.
માથે મહી.

ગરબી ૧૩ મી.

આવના આવના આવનારે, શામ મેરી ગલીમેં આવના;
આવના તો દુરસે બતાવનારે શામ મેરી ગલીમેં આવના.
તેરેરે ખાતર બાગ બનવાયો ફુલકો હાર ગુંથાવનારે શા૦ ૧
તેરેરે ખાતર દહી જમાયો પ્યાલાં ભરી ભરી પાવનારે. શા૦ ૨
સેવ સુંવાળી લાવશીરે રૂચી રૂચી ભોગ લગાવનારે. શા૦ ૩
લવીંગ સોપારીને એલચીરે પાનકી બીડીયાં ચાવનારે. શા૦ ૪
બાઇમીરાં કહે પ્રભુ ગીરધરનાગર ચરણકમળચીત લાવનારે શા૦ ૫

ગરબી ૧૪—છેલની.

હાંરે અલ્યા વાંકી ન પહેરીએ પાઘડી;
" તારી પાઘડી પાડુઓ ખવરાવશેજીરે વેગળો રહેને વરણાગીયા
" અલ્યા નેન કટાક્ષ નવ કીજીએ;
" તારા નેણલાં તે મેણાં ખવરાવશેજીરે વેગળો૦ ૧
" અલ્યા બંગી લેલાટ નહી લેપીએ.
" તારી બંગી તે કુઢંગી કઢાવશેજીરે વેગળો૦ ૨
" અલ્યા પાનબીડાં નહીં ચાવીએ,
" તારાં પાન તે ભાત ભુલાવશેજીરે, વેગળો૦ ૩
" અલ્યા વગર વિચાર્યું નવ બોલીએ;
" તારૂ તોલ બોલવા ભારી થશેજીરે. વેગળો૦ ૪
" અલ્યા વિશેષ કેશ ન વધારીએ
" તારા કેશ તે વેશ વધારશેજીરે. વેગળો૦ ૫
અલ્યા કડકડતાં કેડીઆં ન પહેરીએ,
" તારાં કેડીઆં તે બેડીઓ ઘલાવશેજીરે વેગળો૦ ૫

હાંરે અલ્યા વેઢ મઢીયા નહી આંગળાં,
" જશે વેઢ અનીયા જોશે જાંગલાજીરે. વેગળો૦ ૭
" અલ્યા હીર દોરી ધોતીયાં ન પહેરીએ,
" તારાં ધોતીઆં ધુળ ધલાવશેજીરે વેગળો૦ ૮
" અલ્યા ચમકતી મોજડી ન પહેરીએ,
" તારી મોજડી તે રોળજી કરાવશેજીરે. વેગળો. ૯
અલ્યા ખંભે દુશાલા ન નાંખીએ;
તારા દુશાલા નામ ડુબાવશેજીરે. વેગળો ૧૦
" અલ્યા અત્તર ફુલેલ ન વહોરીએ;
" તારાં ફુલેલ તેલ કઢાવશેજીરે. વેગળો ૧૧

ગરબી ૧૫ મી.

મારૂં સોનાનું છે બેડુંરે છેલ છબીલા છોગાળા.
મારી રૂપાની ઇંઢાણીરે છેલ છબીલા૦
હું તો સરોવરે પાણી ગઇતીરે છેલ છબીલા૦
મને કાળે બળદે મારીરે. છેલ છબીલા૦
મારા આછા સાળુ ફાટયારે. છેલ છબીલા૦
ઓ ગોકુળ ગામના દરજીરે છેલ છબીલા૦
મારા આછા સાળુ બેરોરે. છેલ છબીલા૦
મારી સાસુ ન જાણે સીવ્યારે. છેલ છબીલા૦
મારી નણંદ ન જાણે ઓટયારે. છેલ છબીલા૦
મારી જેઠાણી ન જાણે ટાંક્યારે. છેલ છબીલા૦
તારો સાંધવાનો સવેચોરે. છેલ છબીલા૦
તારો ઓટયાનો રૂપઇયોરે છેલ છબીલા૦

ગરબી ૧૬ મી.

મારારે સ્વામી બોલાને વાલા;
જસોમતી નંદ તણા લાલા. મારા૦ ટેક.

ઘેલીરે થઇ ગોકળમાં ભમતી;
બીજારે કોઇની વાતો નથી ગમતી. મારા૦ ૧

ગોપીરે તમને કોણ મળી ધુતી;
જેણે મારૂં ચીતડું લીધું લુંટી; મારા૦ ૨

વાલારે તારી વાટલડી જોતી
આંસુડાં ભરી ભરીને રોતી મારા૦ ૩

કુંડારે બોકે ભરમાવ્યા તમને
તેથી તમો મળતા નથી હમને મારા૦ ૪

વાલારે તમને કશું નહી કહીશું
મોહન તારી મરજી મુજબ રહીશું મારા૦ ૫

ઝાઝુંરે હવે શું કહીએ તમને,
મોહન વર મેહેર કરો હમને મારા૦ ૬

એવું સુણી આવ્યા ગીરધારી;
દીધું આલીંગન ત્યાં મોરારી. મારા૦ ૭

—(૦)—

ગરબી ૧૭ મી મેંદી વિષે

મેંદી મેંદી શું કરોને મેંદી મોટાં ઝાડ
એક ડાળું હલાવીએ તો ડાળાં હાલે ચાર સહીયર મેંદી લેશોરે.
મારી સાસુએ એમ કહ્યાં જે વાસીદાં વાળી મહેલ;
મેં ભોળીએ એમ સાંભળ્યાં જે કપરા વેશી મેલ. સહીયર૦
મારી સાસુએ એમ કહ્યાં જે પાણી ભરી મહેલ,

મેં ભોળીએ એમ સાંભળ્યાં જે બેડાં ફોડી મેલ. સહીયર૦
મારી સાસુએ એમ કહ્યાં જે રાધણાં રાંધી મહેલ,
મેં ભોળીએ એમ સાંભળ્યાં જે હલેડાં ફોડી મેહેલ સહીયર૦

ગરબી ૧૮ મી ફકીરીની

લેના ફકીરી કયા દીલગીરા, સદા મગનમેં રહેનારે ટેક૦
કોઈ દીન પેંડા કોઇ બરફી, કોઇ દીન હુકમ ફકારે. લેના.
કોઇ દીન હાથી કોઇ દીન ઘોડા, કોઇ દીન પાંઉસે ચલનારે લેના.
કોઇ દીન બંગલા કોઇ દીન બગીચા, કોઇ દીન જંગલ ડેરારે લેના.

ગરબી ૧૯ મી ચોરાના બેસણાની

હાંહાંરે કે ચોરા જોબનના, હાંહાંરે કે બેઠક મોટાની,
,, કયા ભાઇ બેઠા છે, હાંહાંરે જીવણભાઇ બેઠા છે,
,, હાથેથી પાન આપે, હાંહાંરે કે આપતાં વાર લાગી;
,, કે સોટીઓ સાત મારી, હાંહાંરે કે ટપલા ત્રણ આયાં.
,, કે ઢીકા નવ માર્યા, હાંહાંરે કે સાવબા શા માટે,
,, કે નથી વાંક હમારો, હાંહાંરે કે વાંક છે નણદીનો.
હાંહાંરે કે તેણે મને મરાવી.

ગરબી ૨૦ મી ખાતરણની.

ખતરીવાડાની ખતરણ લાલ હંબોડારે.
ખતરણ આવી બેઠી ગોખ લાલ હંબોડારે;

તે તો મોડાતીની શોક લાલ હંબોડારે,
બાઈ છાના પેંડા લાવે કે લાલ હંબોડારે.
પેલી ખતરણને ખવરાવે કે લાલ હંબોડારે;
મોહું લેતી બારીએ બેસી રૂએ કે લાલ હંબોડારે,
એની સાસુ આંસુ લુહે કે લાલ હંબોડારે,
વહુઅર આવડી શી છે પેર લાલ હંબોડારે;
ખતરણ કાલે જાશે લાલ હંબોડારે;
આપણે કરીશું લીલા લેહેર લાલ હંબોડારે;

———(૦)———

ગરબી ૨૧ મી.

અચકો મચકો કારેલી.

તમને કઇ વહુ ગોરાં ગમશે લાલ અચકો મચકો કારેલી.
અમને રૂખી વહુ ગોરાં ગમશે રાજ. અચકો.
એ ઢીંગણીને શું કરશો રાજ. અચકો.
એ ઢીંગણી કામણગારી રાજ. અચકો.
એને ઉંચી ઉંચી મેડીએ બેસારશું રાજ. અચકો.
એને ટોપલો ધરાણું વાલશું રાજ અચકો.

ગરબી ૨૨ મી.

સુણ ચતુરસુજાણ પરનારી શું પ્રીત કદી નવ કીજીએ.
જેણે પ્રીત કરી પરનાર તણી, એને હઇડે ફંદણ થાય ઘણી;
એણે કુળની લજ્જા કાંઇ ન ગણી. સુણ. ૧
તમે પહેલા મળશો ફુલીને, ત્યાંર સરવસ લેશે ધુતીને;
પછી રહેશે અંગ બળુતીને. સુણ. ૨

તમે બેઠા સુખે મરડીને, તારૂં કાળજુ ખાશે કરડીને;
નહી મુકે માંસ આંતરડીને સુણ્. ૩
તને પ્રેમના પ્યાલા પાઇને, તારૂ સરવે લેશે વાહીને;
તને કરશે ખોખું આઇને. સુણ્. ૪
પ્રીતમના સ્વામી છો પ્યારા, તમને ગોપીઓ કરે કાલાવાલા;
તમે દરશન દેજો મોરલીવાળા. સુણ્. ૫

——(૦)——

ગરબી ૨૩ મી.

ગરજી તમને મેં દીઠા ગીરધારી,
મતલબીયા છો મોહન મોરારી. ગરજી. ટેક.
અનેરે માયા લાગી છે તારી.
મારે મન ઝાઝી છે મોરારી;
વાલારે મને શા માટે વિસારી. ગરજી. ૧
પેહેલીરે મને ખબર આવી પડતી,
એની સાથે પ્રીત નહી કરતી;
વાલા તો મને મેલી ગયા રડતી. ગરજી. ૨
મેં તો રે જાણ્યું ઉજળું તે દુધ હશે,
તેનેરે ખાને વાહી મને છાશે;
રહીતી હું તો તારા વિશ્વાસે, ગરજી. ૩
જસોદા કાન તમે કાળા,
ક્યારે બહુ આંખ્યો તણા ચાળા;
તે પર હું તો મોહી છું નંદલાલા, ગરજી. ૪
હવેરે હરજી ઘણું શું ગીરધારી,
ક્ષમા કરો સુક થાય છે મારી;

થઇને રહી છું દાસી હું તમારી. ગરજી. ૫
પ્રીતમના સ્વામી મને મળીયા;
દુઃખરે મારાં જનમ તણાં ટળીયાં;
ગોપીરે સહુ આનંદથી મળીયાં. ગરજી. ૬

ગરબી ૨૪ મી.

નહી મેલુંરે નંદના લાલા છેડલો નહી મેલું,
તારે છેડલે ચંપા ચાર કે છેડલો નહી મેલું.
સાત પાંચ ગોપીઓ ટોળે મળીને, વચમાં કાનુડો કાળોરે;
કાળો છે પણ કામણગારો, એની આંખલડીનો ચાળો. છેડ૦ ૧
વાંકી મેલે પાઘડીને, કાને ઝુલે મોતીરે;
જેનો વર વરણાગીઓ તેની બાયડી હઇડે રોતી. છેડ૦ ૨
કચ્ચકડાની ડાબડીને, માંહી ભરી છે મેંશરે,
જેનો વર વરણાગીઓ તેની બાયડી કાળી મેંશ. છેડ૦ ૩
કેળાં પીરસું કાતરીઆને, આંબા પીરસુ લોળીરે;
મન ભાવતો મગદળ પીરસુ, પીરસું પુરણપોળી. છેડ૦ ૪
મુંબાઇની ઉંચી નારી ધોળકડી ધુતારીરે;
નડીઆદનું નાક વઢાણું સોરઠની બલીહારી. છેડ૦ ૫

ગરબી ૨૫ મી.

કાળજડું મારૂં કોર્યુંરે છેલ છબીલા,
તેં તો ચીતડું મારૂં ચોર્યુંરે રાજ રંગીલા. ટેક.

વાલાજી અમે ગોરી સહુ ગુમાને ભરેલી,
તેં તો સઘળું નાખ્યું ઢોળીરે. છેલ છબીલા. ૧
વાલાજી મારા રીતો તે સ્ત્રી ના પુરૂષને પીડે,
સહુને દમતે હીંડેરે છેલ છબીલા. ૨
વાલાજી નરના મોહની નારીને વાત સાચી,
તુજ આગળ વિદ્યા કાચીરે. છેલ છબીલા. ૩
વાલાજી અબળા આતુર પણ આતુરતા નવ દાખે,
ક્રિડા ભંગ કરી નાખેરે. છેલ છબીલા. ૪
વાલાજી મારા ચીતડાની વાત કહું છું છેલી;
તુજ માટે લજ્યા મેહેલીરે. છેલ છબીલા. ૫
વાલાજી દયાના પ્રભુ મંદીરમાંરે આવો ભાગ્ય મોટું;
સેજડીએ પાય પલોટુંરે; છેલ છબીલા. ૬

ગરબી ૨૬ મી.

મને મળીયા છે મોરારીરે પનઘટ જાતાં,
મારી આંખલડી તો ઠારીરે, પનઘટ જાતાં. ટેક.
વાલાજી મારા ઓચીંતાની આવીરે ગોરી,
જમુનાની તીરે ઓડીરે, પનઘટ જાતાં. ૧
વાલાજી મારા આવી ઉભા છે મારી જોડે.
બેડલીયું મારૂં ફોડેરે પનઘટ જાતાં. ૨
વાલાજી મારા હાર હજારીનો તોડ્યો.
મારો પોંચો સાહીનો મોડ્યોરે પનઘટ જાતાં. ૩
વાલાજી મારી સાસુડી ઘેર સંતાપે;
નાની નણદી બહુ રંજાડેરે પનઘટ જાતાં. ૪

વાલાજી મારા રવીદાસના છો રંગી,
મારા જનમોજનમના સંગીરે પનઘટ જાતાં. ૫

ગરબી ૨૭ મી.

અમને છમકતે શું છાંડોરે, છેલ છબીલા
આવડો અમઉપર શું આડોરે; રાજ રંગીલા. ટેક,
વાલાજી મારા ચહુટે સંભાળી ચાલો;
ગોવિંદજી ખાશો ગાળોરે છેલ છબીલા. ૧
વાલાજી મારા હેરણીયા આવીને શું હેરો,
કાંઇ રાજ છે કંસ કેરે છેલ છબીલા. ૨
વાલાજી મારા ચમકતી ચાલે રંગ લાગ્યો;
મારે ભય તો સહુના ભાગ્યોરે છેલ છબીલા, ૩
વાલાજી મહીની મટુકી મારી ફુટે.
કાંઇ મોતન માળા તુટેરે છેલ છબીલા. ૪
વાલાજી તારી આંખ દીસે કામણગારી
તેને મોહી છે વ્રજની નારીરે છેલ છબીલા. ૫
વાલાજી મારા સ્વામી, રવીદાસના સોહાગી
મને પ્રીતી તમારી લાગીરે છેલ છબીલા. ૬

ગરબી ૨૮ મી.

પાતળીઆ પાલવ મેલોરે, પાયે પડું છું;
છબીલા છેડો મેલોરે, પાય પડું છું ૧
વાલાજી મારા વંદ્રાવન વણજે જાતાં,
શીદ મને ઓડાછોરે પાયે પડું છું. ૨
વાલાજી મારા મહી ઝલકાશે મારૂં.
કોઇ જઇને કહેશે ભુંડુંરે પાયે પડું છું ૩

વાલાજી મારા કામ ઘણું છે ઘેર મારે;
શું રોકો જુમના આરેરે, પાયે પડુ છું. ૪
વાલાજી મારા લોક જાણે એનું વારૂં.
અમે સાસુની વહુવારૂરે, પાયે પડું છું ૫
વાલાજી મારા કંથને કપરો જાણો,
કાંઇ સજા દે પરમાણોરે પાયે પડું છું ૬
વાલાજી મારા સ્વામી રવીદાસના સોહાગી;
મને માયા તારી લાગીરે પાયે પડું છું. ૭

ગરબી ૨૯ મી.

કાંચલડી કંકોડીને વાડકીમાં પાણી
ન્હાનો વર નવડાવા બેઠી સમડી વઇ લઇ તાણી.
લાલ કેમ કરીએ; ટેક.
મારે કરમે કજોડું લાલ કેમ કરીએ.
મારે જુગમાં વગોણું. લાલ કેમ.
મારે સઇયરોમાં મેણું. લાલ કેમ.
ટોપલામાં ઘાલી હું તો, કાકાબળીયા ગઇતી
કાકેબળીયે પુછયું તારો શો સગો લાગે. લાલ કેમ.
બાઇજીનો બેટો ને નણદીનો વીરો.
ન્હનો છે પણ કંથ લાલ કેમ.
રોટલા ઘડુ ત્યારે ચાણુકીરે માગે;
ધબ લઇને ઢીકો મારે હઇડામાં સાલે. લાલ કેમ.
પાણીડાં જાઉ તારે છેડે વળગ્યો આવે;
ધબ લઇને ઢીકો મારૂ હઇડામાં સાલે. લાલ કેમ.

હાથ પગ દોરડી ને પેટ મોટું ગોળી;
ઉકરડે જઇ ફળસે બેશે, સમળી પાડે ઢોળી. બાલ કેમ.

ગરબી ૩૦ મી.

સોના કેરૂં બેડલું મોહન. રૂપલા ઉંઢાણી હાથે મો.
સરોવર પાણી સંચરયાં મો. કહાને કાંકર નાંખીઓ. મો.
ઘડો ફુટયો નીર વહી ગયાં મો. વાલા ચોળીશ ચાલ્યાં નીર મો.
સાસુ અમારી ખીજશે મો. નણંદ દેશે ગાળ. મો.
દેરાણી જેઠાણી મારશે મો. વાલા સોકયનું છે ઝેર સાલ. મો.

ગરબી ૩૧ મી.

ખેલત કાંકણી ઝળકી ઓ રસીયા.
સોના તે કેરૂં મારૂં બેડલું હો રસીયા, રૂપલા ઉંઢાણી હાથ ખે૦
વાટે જતાં વરેમારગુ હો રસીયા, ભાઇ વીરા ઘડુલો ચડાવ ખે૦
તારો ઘડો તે ગોરી તોછડો હો ર. તું તો મારા ઘરની નાર. ખે૦
તારા સરખા તારા જેરડા હો ર. તે તો મારા બાપના ગુલામ. ખે૦
કેડ મરડીને ઘડો મેં ભર્યો હો ર. તુટી મારા કમખાની કસ. ખે૦
ભાઇરે દરજીડા વીરા વીનવું હો ર. ટાંક મારા કમખાની કસ. ખે૦
ટાંકે ટાંકે મેલ સુચરા હો ર હઇડે લખજે મોર. ખે૦

ગરબી ૩૨ મી.

જીરે ઝુલવાને આવો રાજ. ટેક.
શ્રી ચંદભાગાજીના બાગમાં જીરે ઝુલવાને.
વારો છો તે વાત આજ બાગમાં જીરે ઝુલ૦ ૧

મળ્યાં રાધિકાને ચંદ્રાવળી જીરે ઝુલ૦
મિસ્લત કરીએ બે એકઠાં મળીયે જીરે ઝુલ૦ ૨
ત્યાં તો વાડીકામાં હીંડોળો મંગાવીએ જીરે ઝુલ૦
માંહી પ્રાણજીવન પધરાવીએ જીરે ઝુલ૦ ૩
ઘમર ઘટા છે ઘણી વૃક્ષની જીરે ઝુલ૦
ન્યુનતા નથી એક પક્ષની જીરે ઝુલ૦ ૪
લલીતાનાં વચન સુણી છેલડો જીરે ઝુલ૦
તત્ક્ષણ પધાર્યા અલબેલડો જીરે ઝુલ૦ ૫
હીંડોળે બેઠાં છે બંને બેલડી જીરે ઝુલ૦
ઝુકી ઝુકી ઝુલાવે સાહેલડીરે જીરે ઝુલ૦ ૬
વીધવીધનાં વાજીંત્ર વેણુ વાય છે જીરે ઝુલ૦
નૌતમ નારી હીંદોળા ગાય છે જીરે ઝુલ૦ ૭
રસ તણો સમુદ્ર લેરાં ખાય છે જીરે ઝુલ૦
તેમાં દાસ દયો ગુણ ગાય છે જીરે ઝુલ૦ ૮

ગરબી ૩૩ મી. ઊંદરની.

ઊંદર કેર કરે છે રે દુખડાં કોને કહેવા જઇએ,
અમને નીત્ય નડે છે રે ઘરમાં કેમ કરીને રહીએ.
ઘર મધ્યેથી દોડી આવે બીછાના પર બેસે;
પુંછી પુંછી ચાંચજ મારે, ખબર ન તેની રે' છે. ઊંદર.
ચાર પહોરની રજની માંહે. એક ઘડી નવ જંપે;
નીંદ્રામાંથી જાગી ઝબકી, તવ મારી કાયા કંપે. ઊંદર.

પોથી પુસ્તક કાપી નાંખ્યાં, બાકી ન રાખ્યું એક;
ઝાલી ઝાલી થાકી ગયો, પાર ન આવ્યો છેક. ઊંદર. ૩
ધોતી પોથી કાપી ખાધી, દોરી કાપી આખી;
અબોટીયું અંગરખુ કાપ્યું, તેનો સુરજ સાખી. ઊંદર. ૪
જળ પીવાનું બોટી ગયા ને, તેલ ઢોળી દીધું;
બરણીમાં બાકી રહ્યું તે, સરવે મળીને પીધું. ઊંદર. ૫
ચુંચુંચુંચું ચીસો પાડી, લીંડી ઝાઝી પાડે:
ઢંઢેરીને હાંકે ત્યારે દોટયો ઝાઝી કાઢે. ઊંદર૦ ૬
ગણપતીની ચોથ કહીએ તે કરતાં નથી ચુકયા:
લસ લસતા લાડુ કરી ઊંદર મામાને મુકયા. ઊંદર૦ ૭
દીવો જો બળતો રાખું તો દીવેટ તાણી જાય:
એમ કરીને ઊંધી ગયા તો લંકા જેવું થાય. ઊંદર૦ ૮
જે દીવસના ગામ ગયાતા, તે દીવસના ઘરમાં પડીયા;
કોઠી પેટી કાપી ખાધી, એ રીતે મુને નડીયા. ઊંદર૦ ૯
પાંજરાં મુકી મુકી થાકયો, તોએ ઝાલ્યા નવ છુટે
ખાવાનું ઉઘાડી નાંખી, જાણે ગોળનું ગાડું લુટે. ઊંદર. ૧૦
એ પ્રાણીને શું કરીએ મને રીસ રહી છે વાપી;
માળા મારી ફેરવવાની ગૌમુખી સુદ્ધાં કાપી. ઊંદર. ૧૧
નીત નીત દુખડાં અમને દેછે, કયાં ઘર મેલી જઈએ નાસી;
ભકત પીતાંબર એમ કહે એને મળજો વાઘની માસી ઊંદર. ૧૨

ભાગ ૧૫ મો.

ગરબો.

(પુનમની ચંદના—એ રાગ.)

બહેનો પતિવ્રતા નિજ ધર્મ તમે સ્વીકારજોરે
રહેજો પતીસેવામાં હાજર દીન ને રાત;
પામો મુક્તિપદને સુખ ઘણું સંસારમાંરે, ૧
સત્ય વચન સૌ બોલજો નીજ પતી સંગાથ;
સાસુ સસરા સર્વને સાચી કહેજો વાત.
રાખી નમ્રતાને માન થકી બોલાવજોરે;
વર્તી સદગુણથી રાખો સઉને પ્રસન્ન. પામો. ૨
નેત્ર નેહ નવ રાખશો, પરપુરૂષની સાથ,
પીતા પુત્ર ગણી તેહને બોલો સૌ સંગાથ;
ઠઠ્ઠા મશ્કરી કરીને બહુ નવ બોલવુંરે,
વળી એકાંતે નવ કરવો ગુપ્ત વિચાર. પામો. ૩
દાગીના નવ પેખવા નીત જોવું પતી મુખ,
સદગુણમાં રહેજો તમે અક્ષય પામો સુખ;
લડવું લડવું ને ગુસ્સામાં કદી નવ બોલવુંરે,
રહેવું સંતોષે જે આપ્યું જુગદીશ. પામો. ૪
પતીની પ્રકૃતી જો હોય ક્રોધી આકરીરે,

સંતોષે બુઝવવી સામો ન કરવો કાળ;
હસવું રમવું તે સુખેથી દીન ગુજારવારે,
તેથી થાશે સહુ કુળનું કલ્યાણ. પામો. ૫
ધન સંપતી વાસના પટકુળ જુદા રંગ;
સર્વ ફોગટ જાણજે, ધરજો સદગુણ રંગ;
મળશે પરમેશ્વર આપે મુક્તીફળ સાતમારે,
કહે લક્ષ્મણ ગણપત, હેતે ધરી મન હોંશ. પામો. ૬

સઈયર સુખકર સંસાર શીયલ ભુષણ સજીએ,
એ વીણ નગુણાં નરનાર, તનમનથી તજીએ;
પર નરનારી પ્રેમ દીપકમાં પડી પતંગ સમાનરે,
સુજશ શરીર સળગાવી મુકે કંઠીક નફટ નાદાન—
અવર અખંડીત અંત અનુપમ, નહી મળે એકે નાકરે,
શીયળ વીના એવા સદગુણ સહુ, જેમ સોમલ સંપાક—
વ્યભીચારીને સહુ સંસારી, કરે અધિક ધીક્કારરે,
પરપોળે પડતાં પડીયા, મહોટા જનને માર—
જાર કર્મથી જેહ જગતમાં કરે કલંકીત કુળરે;
અફલમાં અંગારા ઉડયા, ધર્મ કરમનાં ધુળ—
વેર વીરોધ વધે વ્યભીચારે. નીશ્ચય ધનનો નાશરે;
શિવસુત કેશવ શીયળવંતાના, હેવ સરીખા દાસ.

સખીઓ નીજનીજ નીતી ધર્મ સદા સંભાળીએરે;
પરમ પવિત્ર પતિવ્રતા પટકુળ કરી પરીધાન.
સસરા સાસુ માતા પીતા પીતાની સેવા સાચવોરે;

ભાવ સહીત ભકતીથી નીત ભજીએ ભગવાન;
એવા ઉત્તમ ગુણથી ઉભય સુકુળ અજવાળીએરે ટેક૦
નજરે નજર ન જોડીએ, નાથ વિના નર સાથ;
પર નરને ન આપીએ તાળી હાથો હાથ;
હસવું રમવું એકાંતે બેસવું રે;
પતી વીણુ પતીના સહ મિત્રોની સંગાથ—એ૦
નાથ વિના કરવીં નહીં, વીનોદ રસની વાત;
વિશ્વ વિરૂદ્ધ ન વર્તવું. ભલે તાત કે ભ્રાત;
સજની ભ્રષ્ટ થવું નહી સુધરી સદ આચારથીરે;
નીરલજ નટખટની સોબત તજવી સુજાત—એ૦
કુષ્ટી કદરૂપ કુબડો, નીરધન નીરબળ કાય,
મતી હીન પતીત પતી મળે એ સતીને સુરસ;
જોડી પગ અંગુઠે દ્રષ્ટી આણુ ઓઢીયેરે,
સુખકર સાચવીયે સો સાથે સંગ સદાય—એ૦
ઊંચે સ્વરે ન ઉચરવું મુકીને મરજાદ;
કુલીન વ્હેન કરવો નહી વડીલથી વીવાદ;
ચંચળ ચાલે ચતુર ચટક મટક નવ ચાલીએરે,
શીવસુત કેશવની શીખામણ અંતર યાદ—એ૦

વીંછી વિષે ગરબી.

અરર માડીરે છાણાં તે વીણવા ગઈતી. મા૦ વીછુડો
અરર માડીરે સોબત સમરની થઈતી; મા૦ વી૦
અરર માડીરે છાનો માનો લપાયો. મા૦ વી૦

અરરર માડીરે વાકો વળીને ડંખ માર્યો; માં. વી.
" " નાંસતાં તેને બાળ્યો. મા. વી.
" " આડી લેહેરો આવી; મા. વી.
" " સહીયર તેડી લાવી; મા. વી.
" " સસરાને તેડાવો મા. વી.
" " પડદાને બંધાવો મા. વી.
" " સસરા અહિયાં આવો મા. વી.
" " ગાડી બેસવા લાવો મા. વી.
" " કાળુપુર લઇ ચાલો. મા. વી.
" " વીંછુડો ઉતારવા મા. વી.
" " વીંછુડે વેર વાળ્યાં, મા. વી.
" " હરખ હઇયાના ટાળ્યા મા. વી.
" " ભોજનીયાં ન ભાવે મા. વી.
" " સુતાં નીદ્રા ન આવે. મા. વી.
" " એ મા ઢોલીઆ ઢળાવો, મા. વી.
" " પરણ્યાને બોલાવો મા. વી.
" " શીરોને કંસાર કરાવો. મા. વી.
" " પરણ્યો કોળીઆ ખવરાવે મા. વી.
" " વીંછીની વેદના ભારી મા. વી.
" " દુનીયાં રહી છે હારી. મા. વી,
" " વીતે તે સહુ જાણે. મા. વી.
" " ગાયુ તેરે ટાણે મા. વી.
" " ચકલાલાલે ગીત ચાહ્ય, મા. વી.
" " ગરબી રસીક ગાઇ. મા. વી.

માંકણુની ગરબી.

માંકણુ કઇડે છે, માંકણે માંડયો ઉતપાત માંકણુ કઇડે છે;
હવે કોને કહીયે વાત, માંકણુ કઇડે છે;
હવે કયાં જઇ રહીએ રાત, માંકણુ કઇડે છે.
માંકણુ ચાંચણુ જુ જતીને માર્યાનું બહુ પાપરે;
અડધી રાતે ભગવંત સમર્યા માંકણુને પરતાપ. માં. ૧
નવી વહુને માંકણુ કઇડયા કઇડયા સારી રાતરે;
ખાટલે પાસાં ઘશી ઘશીને બઇડે પાડી ભાત. માં. ૨
મીયાંભાઇને માંકણુ કઇડયા ચટકે ચડી રીસરે,
ખાટલો ખંખેરવા કહાડયો ત્યારે ભાંગી નાંખી ઇસ. માં. ૩
માંકણુ સુવા મસ્તીખોરા આવે લારેલારરે
દીવાનું દીવેલજ ખુટયું, તોય ન આવ્યો પાર. માં. ૪
એકને સુઠી બીજો ઝાલ્યો ત્રીજો નાસી ગયોરે;
ઉતાવળથી ઝાલવા ગઇ તો, દીવો રાણો થયો. માં. ૫
આખી રાત વેણી સુઇ પણ તોય ન ઓછા થાયરે;
કાંઇ ખાટલાના પઇયામાંને, કાંઇ ભીંતોમાં જાય, માં ૬
વેણ્યા વીના વધી જાય, પાણી ન આવે પારરે;
એક જો છતે જીવતો હોય તો તેનો ચાલે વીસ્તાર, માં. ૭
ખાટલા ખંખેરીને તડકે ગોંદડાં નાંખોરે;
ભીંતે જો માંકણુ જતા હોય તો, તે નજરમાં રાખો. માં. ૮

વાંદરાંની ગરબી.

નવે નગરથી વાંદરોરે આવ્યો,
ડાહ્યાભાઇનું ઘર પુછતોરે આવ્યો;

મોડાતીએ દીધાં માનરે વાંદરાં.
નવરાવી ધોવરાવીને પાટલે બેસાડયો,
આંખજ આંજીને ટીલડો તાણ્યો,
એટલે આવ્યા ડાલાભાઈરે,
ફટ ગધેડી વાંદરો શું ઘાલ્યો,
હું રૂપાળો વાંદરો શું ઘાલ્યો,
હું છોગાળો વાંદરો શું ઘાલ્યો,

ફુવડની ફજેતી.

પાયે પ્રભુને નમી કહું ફુવડના ખેલ સર્વ લોક સાંભળો
કામની કાઢી મેલ જુઓ ફજેતી ફુવેડ નારની.
છે ધોયાની આખડીને, નાહ્યાનું નેમ;
આ કુભારજા કરમે ભાગી ઘર ચાલે તે કેમ; જુવો ૨
સાસુ દે શીખામણ ત્યારે, સામી લઢવા લાગે;
સમી સાંજે સુવે ત્યારે પોર દીવસે જાગે જુવે. ૩
પોર દહાડે પડી ન ઉઠે ઉભી ન કરે ખાટ;
થાળીઓ એની ડીકરી જેવી લોટે વળ્યો કાટ. જુવો. ૪
ગોળીઓ બેડે છારીઓ વળી, ખામણે સેવાળ,
ઘરમાં ન વાસીદુ વાળે ગંદાં એનાં બાળ જુવો. ૫
ચોખુ દાતણ ના કરે દાત મેલા ઘાણ;
લોક સર્વે સાંભળો જાય ક્યાં કરૂ વખાણ જુવો. ૬
બાર છઇયાંની મા કેવાણી, આળતે ન આવડે પાણી
જોવું હોય તો જોઇ લેજો, લુંગડા વીઆણી; જુવો. ૭

કાચો કરે રોટલો ને, શાક જાણે ખાણુ;
વેંસમા ન મીઠું નાંખે. દાળ મોળી છાણુ   જુવો. ૮
રસોઇ કરીને ચોકો ન કરે અખોટ;
ઉંધે માથે ધંટી તાણે, કુતરાં ચાટે લોટ.   જુવો. ૯
સાસુની ફજેતી ફુવડ ઘેર ઘેર કરતી;
સાસુ મારી શોકલડી, શા માટે નથી મરતી   જુવો. ૧૦
હાથ પગે મેલ વળ્યો અંગ મેલું એનું;
મુખે ભમે માખીઓ, તો કામ ચોખું શેનું   જુવો. ૧૧
મેલ ભર્યે ઘાઘરોને સાલ્લો કાળો મેશ
ચોણમાં જુવો પડી જાણે કચરાળી ભેંસ   જુવો. ૧૨
ચીડ બાઝ્યુ ચોટલામાં પડી જુવો લાખ
જે નરે આ નારી વરી તેનુ જીવતર ધીક,   જુવો. ૧૩
દુખે સાસુ નણદીને ધણીને દુખે દહાડી
ઓળખો નહી તો ઓળખી લેજો આ ફુબરાજા લાડી   જુવો. ૧૪
પુન્ય કરે જ્યાં પાડોશી ત્યાં આડી જીભ વાય;
અભ્યાગત આંગણે દેખી ઘરમાં નાસી જાય;   જુઓ. ૧૫
દે શીખામણ સ્વામી ત્યારે કુવે પડવા જાય;
લોકો ઠરા થોકમાં ફજેતી એ લુંટાય.   જુઓ. ૧૬
મારે ત્યારે દે સરાપ;
જો તને હું જીવન આપું તો તુંજ મારો બાપ   જુઓ. ૧૭
આવી ફુવડ દેખી ધણી, બળનો બોલે આપ;
શા માટે આડો ન ઉતર્યો પરણવા જતાં સાપ.   જુઓ. ૧૮
આમ ફુવડ નાર તણા અવગુણ અધીક;

કેનારને દોષ ન દઇએ કરમે લખ્યા લેખ જુવો ૧૯

આવી જેને નાર મળી તેને તો સંતાપ;
તે પુરૂષને માથે ભાગી, પાંચે મળીયાં પાપ. જુવો. ૨૦

નરનારી સૌ સાંભળો, કોઇ માં ધરશો રોશ:
દાઠી એવી દાખવી દેશો માં મને દોશ. જુવો. ૨૧

ચમનલાલ તો સાચું કહે, ડાહ્યાની નજર પુગે;
આ નારથી ફુવેડ માથે, શીંગડાં ન ઉગે. જુવો. ૨૨

ભાગ ૧૬ મો

માણીઆરની સાખીઓ

ગરબી ૧ લી.

મોહોલે પધારો મારા રાજ, માણીયર મોહોલે પધારો;
નારી જુવે છે વાટ, માણી૦ મારો શો છે અપરાધ; માણ્.
એમ રૂદન કરે રાધા નાર. માણીગર. ટેક.

શીશો ભાગ્યો સાંધતાં મન ભાગ્યું કુવેણ;
મોતી માગ્યું વીંધતાં, તેન નહી સાંધો નહી રેણ. મા. ૧

સોનું કરીને સાચવ્યું, કરમે નીકળ્યુ કથીર;
ચીંતામાં ચતુરાંઇ ઘટે, મારાં શોથે સુકાણાં શરીર. મા. ૨

ચંદ્રા ભુજને પુજતી, કરતીતી સોમવાર;
ઘડી એક મોટા ઉમજો, મારા પિયુ મીલાવણ હાર મા. ૩

સાહેલી સાગર ઉલટયો રત્ન તણાયાં જાય;
કરમ ફુટ ભરે મુઠડા, તેના શંખલે હાથ ભરાય. મા. ૪

જોબન જાતાં જાણુતી, કરતીજ મોઘાં મુલ;
થોડું થોડું રાખતી, જેમ માલણ રાખે ફુલ. મા. ૫

 પ્રીત એવી કીજીએ, જેસો ટંકણખાર;

આપ જવે પર રીઝવે, ભાગ્યાં સાંધે હાડ   આ. ૬
મીત્ર મીત્ર સમકું જગત, તાલી મીત્ર અનેક:
રીષત પડે સો શીર લહે, એલા એતો જગમાં જેરહ્યો એક. આ. ૭

ગરબી ૨ જી.

માગશર આવો, મારે મહોલે માગશર આવો;
વ્હાલા શાને લોચન લલચાવો, મારે મહોલે માગશર આવો;
ઘણા દીવસની મરજી છું જુદી, તે આજ લઇયે લહાવો.   આ. ૧
ના નવ કહેશો ક્યાં ક્હો મળશો, નહી આવે અવસર આવો. આ. ૨
મન માની મોજો માણીશું, ફરી તો હવે નહીં ફાંવો.   આ. ૩
જ્યારે ત્યારે પણ હું છું તમારી, થીદને નાથ તલસાવો.   આ. ૪
અત્તર સુધારસ સુખનો સાગર, આજ પીઓ ને પાઓ.   આ. ૫
રસીક રાય છો દયાના પ્રિતમ, માટે મારો છે દાવો.   આ. ૬

ગરબી ૩ જી.

વાંસલડી વાજે સાંજે આજ વાંસલડી વાજે.
સ્વામી કુંજ્ઞી માં બ્યાજે, સાંજે આજ વાંસલડી વાજે.   ટેક.
જે જેમ કરવું હોય તે રીતે, તે તો ગીત વિશે ગાજે.   સાંજે. ૧
કોઇને ના કહેશો કદી કોઈ પુછે તો, સમ જુગતે જાજે. સાંજે. ૨
નંદ જસોદાજી તો છે ભોળાં, તેને વીવેકે વાહાજે.   સાંજે. ૩
આપ તો સદા સુખી છો પણ, આજ સુખ મારૂં ચાહજે. સાંજે. ૪
મારા દોષ ના વિચારશો વાલમ, દીનબંધુ થાજે.   સાંજે. ૫
દયાના પ્રિતમ જાણી દાસી પોતાની, પ્રેમરસ પુરણ પાજે. સાંજે ૬

ગરબી ૪ થી.

ફુલી અલબેલી આવ્યા વાહાલો, ફુલી અલબેલી;
વિરહ દુઃખ નાંખ્યું છે રેલી, આવ્યા વ્હાલો ફુલી અલબેલી. ટેક.

શ્યામ સુંદરનું મુખ નીરખી ગોપીકા થઈ ઘેલી, આવ્યા. ૧
વિરહ આગ્ની ઓલાયો અંતરનો, થઇ આનંદની હેલી. આ. ૨
તેમ ફુલી જેમ પામે રંગ, મહા રત્ન મણી પેલી આ. ૩
મહાલક્ષ્મીને દુર્લભ વસ્તુ, તે પ્રેમે થઈ સેહેલી. આ ૪
દયાના પ્રીતમની સંગે રમતાં, વાધી પ્રેમની વેલી. આ. ૫

ગરબી ૫ મી.

ગીરીવરધર ગોપી, રૂપ એક ગીરીવરધર ગોપી;
જેમ પ્રતીબીંબ સંગ રમે બાળક એમ લીલા ઓપી. રૂપ. ૧
કાશીમાં સુણીને શ્રી ગોકુળમાં, પ્રેમવેલ રોપી. રૂપ. ૨
વ્રજવનીતાને વશ થયા વીઠલ, વેદ વચનને લોપી. રૂપ. ૩
શુદ્ધ રીતે પ્રેમરસ ના પીધો, શું થયું પેહેરે ટોપી. રૂપ. ૪
દયા પ્રભુની લલનાએ સુખ મરડ્યું. તેને કામ વાસના કોપી. રૂપ. ૫

સાખીઓ અને શમશાઓ.

ગોકુળીએ લેઇ ચાલ વાલા, ગોકુળથી વંદ્રાવન રહ્યું;
તે સુજને દેખાડ વાલા, થેઇ થેઇ રાસ રમાડ વાલા,
રાસ રમ્યાના કોડ વાલા, જે જે શ્રી રણછોડ વાલા;
સરસ્વતી માતને વીનવું, ગણપત લાગુ પાય;
અલબેલી અંબા આશ પુરજો, ગુણ શેરક તમારા ગાય, વાલા.
ગોકુળીએ લઇ ચાલ વાલા.
અંબા સુત રીપુ તોડાગર, તાબરપ અસ્વાર;
તા માતા પીતા જુસણ, તા વેરી સામ જુહાર વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા. (ભગવાન

ચંદન ભરી તલાવડી, મોતીડે બાંધી પાળ;
સરોવર પાણી સંચર્યાં, રાધા રાણી પાણીડાંની હાર વાલા,
ગોકુળીએ લઈ ચાલ વાલા. ૩

પત્થર મટી થઈ પ્રેમદા, ભોજન કરતાં ગાય;
અરધું અંગ ફરે ફુદડી, તેનું એંડું સહકો ખાય વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા. (ઘંટી) ૪

ડુંગર ઉપર દેવડી, સોની ઘડે સોનાર;
કાનજી ઘડાવે વેળાયાં, રાણી રાધા ઘડાવે હાર વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા. ૫

પાંચ વેંતની પુતળી, મુખ લોઢાના દંત,
નારી સંગે નીત રમે, તમે ચતુર વીચારો ચિત વાલા;
ગોકુળીએ લઇ ચાલ વાલા. (સાંબેલું) ૬

કુવા ઢાંકણુ ઢાંકણુ, ખેતર ઢાંકણુ વાડ;
બાપનું ઢાંકણુ બેટડો, ઘરનું ઢાંકણુ નાર વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા. ૭

લંક લપેટણુ સીતા હરણુ, નહી લંકાપતી રાય;
જીસ કારણ કઉરવ હણ્યા, મોકલાવો મારા નાથ વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા. (ચીર) ૮

મગ મગ જેવડાં મોતીડાં, આડા અવળાજ વેહ;
જુવા માબાપનાં છોરવાં, તમને આવડો શો સ્નેહ વાલા,
ગોકુળીએ લઈ ચાલ વાલા. ૯
સોપારી જેવડું સારંગડું, તમનો ત્રીજો ભાગ;

એ સારંગડે બે રત્ન ગળ્યાં, એક ધરતીને બીજું આભ વાલા,
ગોકુળીએ લેઇ ચાલ વાલા; (આંખની કીકી) ૧૦
ડુંગર ઉપર દેવડી, ઉપર કળાયલ મોર,
રાજા તારા મેહેલમાં મેતો દીઠું અંધારૂં ઘોર વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા, ૧૧
વેંત જેવડી વરખડી ને ઢાલ જેવડું ફુલ,
કાચાં કમળ ઉતરે, વનું પાકે થાયે મુલ વાલા,
ગોકુળીએ લેઈ ચાલ વાલા. (કુંભારનો ચાક) ૧૨
ખંભાતી ગાડાં જોતર્યાં મહી ભર્યું છે હીર;
પીઉજી હોય તો મુલવે મારાં ફાટી ગયાં છે ચીર વાલા.
ગોકુળીએ લેઇ ચાલ વાલા. ૧૩
નગરમાં નાગી ફરે, વનમાં પહેરે ચીર;
તે તો તમે લાવજો, મારી સગીનણંદના વીર વાલા,
ગોકળીએ લેઇ ચાલ વાલા. (સોપારી) ૧૪
ખંભાતી ગાડાં જોતર્યાં, મહી ભર્યો છે દાંત;
પીઉજી હોય તો મુલવે, મને રાતા ચુડાની ખાંત વાલા,
ગોકુળીએ લેઇ ચાલ વાલા,
ગાય વીયાણી ગોંદરે, વાછરડું વાડા માંહી,
દોનારી ઝુલે પારણે, તેનાં છોરૂડાં લશ્કરમાંહી વાલા,
ગોકુળીયે લેઈ ચાલ વાલા. (બંદુક) ૧૫
આંબલી થડ ચીકણી, ટુંકાં ટુકાં પાન;
પેઉજી બેઠા સભામાં, તેને કેમ કરી કરૂં સાન વાલા,
ગોકુળીએ લેઈ ચાલ વાલા. ૧૭

નારી રીટી નર થયો સુરા પહેલો ધાય;
આઠ માસ રણ ભોગવી, પછી નારી થઇ ઘેર જાય વાલા,
ગોકુળીયે લેઇ ચાલ વાલા. (ગોહળનો ગોળો) ૧૮
પાટણ દીવો પ્રગટીયો, મેશ પડી મેવાડ;
આંજનારી જાણુગઢ વસે, એનો છેલ વસે ગુજરાત વાલા,
ગોકુળીએ લેઈ ચાલ વાલા. ૧૯
પડી પછી પણ ભાગી નહી, કડકા થયા બે ચાર,
વગર પાંખે ઉડી ગઇ, તેનો ચતુર કરોને વીચાર વાલા;
ગોકુળીએ લેઈ ચાલ વાલા. (રાત) ૨૦
આંબો વાવ્યો દક્ષીણ દેશમાં, ઉગ્યો અમદાવાદ;
ફાલ્યો ફુલ્યો માળવે, વેડાયો ઝાલાવાડ વાલા,
ગોકુળીએ લેઇ ચાલ વાલા. ૨૧
આઠ કડકે નર નીપજ્યો, બે નારી નર ચાર;
તેમાં બે નપુશક વસે, તેમે, તજ્યો ભરથાર વાલા,
ગોકુળીએ લેઇ ચાલ વાલા. (પલંગ) ૨૨
તનનાં કરૂં ત્રાજવાં, મનનો કરૂં બજાર;
હૈયાની કરૂં હાટડી, હું તો વણજ કરૂં વેપાર વાલા.
ગોકુળીએ લેઈ ચાલ વાલા. ૨૩
નારીને તો નર ઘણા, ઝાઝા સાથે છે પ્રીત;
તારી પહેલા નર મરે, તે તો કોના કુળની રીત વાલા,
ગોકુળીએ લેઈ ચાલ વાલા. ૨૪
જળમાં પેસી ઘર કરે, ઝાઝા જળમાં નાળ.
માથું વાઢે મરે નહીં એનો ખાલ ખેંચે જીવ વાલા.
ગોકુળીએ લેઇ ચાલ વાલા. (ડાંગર.) ૨૫

આંબે ટેબે મોરીઓ, મણુ સોંઘું રખવાળુ;
પેલો પાએસી પાતળો, મારો પરણ્યો નાનેરું બાળ વાલા.
ગોકુળીએ લેઈ ચાલ વાલા. ૨૬

આભે જન્મી બેટડી, બેટડીએ જન્મ્યો બાપ;
ચતુર નર સમજવા કહો, એતો બેટી ભલી કે બાપ વાલા.
ગોકુળીએ લેઇ ચાલ વાલા. (આંબલી) ૨૭

ઉંચી ગોરી ઉજળી, જળ ભરવાને જાય;
કાટો વાગ્યો પ્રેમનો, એ તો ઉભી ઝોલાં ખાય વાલા.
ગોકુળીએ લેઈ ચાલ વાલા. ૨૮

હસતી ચરણુ ધર રંગણુ, વેશ્યા વલ્લભ લેણુ;
પેઢ પધારો તેને હાટડે, મોકલવો તેનું તેલ વાલા.
ગોકુળીએ લેઇ ચાલ વાલા. (સીંદુર) ૨૯

આમળે વાળું ગેલથી, સંચાળું નાગરવેલ;
પરણ્યો હોય તો પાલજે, નીકર મટ્ટપર વળાવી મેલ.
ગોકુળીએ લેઇ ચાલ વાલા. ૩૦

ત્રણ મુખ ને તેર પગ, સાંભળ ચતુર સુજાણ;
નર ઉપર નારી ચડે, પછી થઈ છે તાણાતાણ વાલા.
ગોકુળીએ લેઇ ચાલ વાલા. (હુઝણું.) ૩૧

દરીએ મોતી નીપજે, નહિ મોતીનું મુલ;
ભાગ્યો દાણો નહી મળે, એક મોતી ને બીજું મન વાલા,
ગોકુળીએ લેઇ ચાલ વાલા. ૩૨

——(०)——

ભાગ ૧૭ મો.

મરબીઓ.

ચાલ સખી શેલાણી આવ્યો મારા બાગમાંરે—એ રાગ.

તમે વીસરી વીસરી વીસરી રાજ મને બંસી વજાડી.

કાહાના વીસરી. ટેક.

સુને સુઠી ગયા બાળે વેશમાંરે,
લીધી સુધી ન લવલેશ. મનો૦ ૧

દાસી જાણીને આવો મારા મહેલમાંરે,
વીના છત્રપતી તો નથી ચેન. મનો૦ ૨

મને નીંદ્રા ન આવે સેહેજે એકલીરે.
બીના બાલમ કટે કેસે રેન. મનો૦ ૩

મારા જોબનનાં પુર વહી જાય છેરે,
તમે આવી માણો મહારાજ. મનો૦ ૪

કોઇએ ભરમાવી દીધો મારા છેલને જો,
ફીધાં ઘાયલ પ્રિતમ તારાં નેણુ. મનો૦ ૫

ઓધવ સંદેશો કે'જો મારા શામનેરે,
વહેલા વળો ત્રીભોવન રાજ. મનો૦ ૬

કરજોડી ઓધવ કહે નાથનેરે,
ત્રહે વ્યાકુળ સદા વ્રજનાર. મનો૦ ૭

એવું સુણીને રાજ પધારીયારે,
ગોપી આનંદ ઉર અપાર. મનો૦ ૮

મને માયા લગાડી મોહનીરે,
મોહની મોહની, મોહનીરે;

રાજ મને માયા લગાડી મોહનીરે. ટેક.
હું તો હાલું ચાલું ને મને સાંભરેરે,
જોઉં જાઉંરે પ્રીતમ તારી વાટ. મને૦ ૧
વાલો જુમનાંની તીરે એકલોરે,
ત્યાં તો ભોમલો છરાડે નીર. મને૦ ૨
મુંબાઇ શહેરનાં તે મોતી વાપર્યાંરે,
તે તો આવ્યાં અમારે દેશ. મને૦ ૩
પાતળીઓ હોય તો મુલવેરે,
અલબેલી દરીયા પાર. મને૦ ૪
કાઠીઆવાડની તે કાંબીઓ વાપરીરે,
તે તો આવી અમારે દેશ. મને૦ ૫
છબીલો હોય તો મુલવેરે,
છોગાળો દરીયા પાર. મને૦ ૬
સુરત શેહેરના સાળુ વાપર્યાંરે;
ને તો આવ્યા હમારે દેશ. મને૦ ૭
પાતળીઓ હોય તો મુલવેરે;
શામળીઓ દરીઆ પાર. મને૦ ૮
હવે મોહન મથુરાંથી આવીઆરે,
સર્વે વસ્તુની વેરત થાય. મને૦ ૯
તમે નીરદય નહોર નંદલાલ છોરે;
કીધાં ઘાયલ ન લીધી સંભાળ. મને૦ ૧૦
એવું સુણી પ્રીતમ પધારીયારે;
આવી કીધી છે લીલા લહેર. મને૦ ૧૧

ગરબી દક્ષણી ભાષાની.

(ગોકુળીએ લઇ ચાલોરે ઓધવરાજ હમને. એ રાગ.)

તુમ્હી મીલાં નીસર ન બેસારે જાદવ નંદકૃષ્ણ;
લખાડ વચન દીધારે જાદવ નંદ, ટેક.
ગોપી વીજોગાચી કાળુવામી સાંગુ;
યાંચાં મી તુમચે પાઇ લાગુરે. જાદવ. ૧
હરીચી વાટ મી અહોનીશ પાહુ;
કૃષ્ણ વીયોગે કુઠે જાઉંરે. જાદવ. ૨
દર્શન દ્યો માલા કૃષ્ણ મોરારી.
યા મી તુમાવર વારીરે. જાદવ. ૩
લખાડ રાખત તુમી અમચ્યા ખાતા;
સવતીચ્યા ઘરી જાનું ન રહતારે. જાદવ. ૪
સવતીચ્યા ટોંક મીતા પાહ્યાચી નહી;
સત્ય સાગુ અમીસાહરે. જાદવ ૫
અશે આવકુતી હરી રાધા ઘારી આલે;
ડાભીચે સ્વામી પ્રસન્ન ઝાલેરે. જાદવ. ૬

———o———

ગરબીઓ વૃજ ભાષાની.

શામળા કહી રહું કે ઘર જાવું, કહી કહી કુમળાનું રે;
શામળા કહી રહું કે ઘર જાવું. ટેક.
કમળી ડાડીરે મેંતો તુમારે આંગણીયે;
સાકર માંખણ પાણું રે. શામળા. ૧
વંદ્રા તે વનની કુંજગલનમાં,

ગોવીંદ પ્રભુના ગુણ ગાવુંરે. શામળા. ૨

જળ જુમનાં ચે પનીયાં ભરન ગઈ;

પેઈ સુરત લપટાવુંરે. શામળા. ૩

સુંદર જળ જુમનાજીકો નીરમળ;

નીત્ય ઉઠી ગંગામાં નહાવુંરે. શામળા. ૪

પુરશોતમ પ્રભુકી છબી નીરખત;

ચરણુકમળ ચીત લાવુંરે. શામળા. ૫

ભુલીયાઈ માળણ કુંજનકે બનમેં,

કુંજનકે બનમે કુંજનકે બનમેં, બંસી બજાઇ મધુબનમેં;

ભુલીયાઈ માળી. ટેક.

શ્યામકે ખાતર મેં તો જોબન બનજાઉંગી

હોંશ રહી મનકી મનમેં. ભુલીયાઇ. ૧

જલ જુમના મેં પનીયા ભરન ગઇ;

ડર લગી અંગીયા ભીતરમેં. ભુલીયાઇ. ૨

પુરશોતમ પ્રભુકી છબી નીરખત;

મીલે ગયે મોહન બનમે. ભુલીયાઇ. ૩

(છોડી બમનકી અંગીયાકુ અંતર લગાકે ચલી—એ રાગ.)

બખુબ્બાનકી લલી શામળીઆસે નેહડા લગાકે ચલી. ટેક.

આવોજી શામળે મેરી લગી, કાંઇ રહો લાવણીમેં ક્યકી ખડી.

બખુબાન. ૧

હાથમેં છે ગજરા ગુલાબકી છડી,

પાંઉસે ઝાંઝર બજાવતી ચલી. બખુબાન. ૨

આંબો ભરે સુરમેને સુખમાં ભરે પાન;
છોટીસી ઉમર રાધા બોતક્ષા ગુમાન. બખુબાન. ૩
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર;
ગોવાલણીકું ચીત્ત ગયે જુમનાકે તીરે. બખુબાન. ૪

મેરો સૈયાં ગુલાબીકા ફુલ, હમારો રંગ કેસરીયાં;
સુનેકા ગડવા ગંગાજલ પાની;
મેરો પીયો ગુલાબીકો ફુલ, પીલાવે રંગ કેસરીયાં, મે૦ ૧
સુનેકી થાલીમેં જમવા પીરોશું;
મેરો જમે ગુલાબીકા ફુલ, પીલાવે રંગ કેસરીયાં. મે૦ ૨
સુન સુન કલીયાંમે સેજ બીછાઈ,
મેરો ભેટે ગુલાબીકા ફુલ, ઉઠાવે રંગ કેસરીયાં. મે૦ ૩
ચંદનીકી ચાદર ઓઢો મેરે બાલમ,
મેરો ઓઢે ગુલાબીકો ફુલ, ઓઢાવે રંગ કેસરીયાં. મે૦ ૪
બંગેરી પાન જસોદી બીડીયાં,
મેરો ચાવે ગુલાબીકાફુલ, ચવાવે રંગ કેશરીયાં. મે૦ ૫
મોર ભયા ઓર ચીડીયાં બોલી;
મેરો ભાગે ગુલાબીકા ફુલ, ભગાવે રંગ કેશરીયાં. મે૦ ૬

સાખીઓ.

આયા રહો વ્રજરાજ, વારૂં વાલમ તમને
હજેતી આપણ બેની થાય, મારે જાવા દેની હમને. ટેક
સખે સમોરસ ચાખીયે, હો સમજુ મહારાજ;

અણુરીચારથી ચાલીએ, એમાં નટવર નવ રહે લાજ. વા. ૧
વાલા છો વરણાગીઆ, શું કંઈ અબળા નાર;
સાસરીયા કેરે ઘણું, એથી નથી નીસરાતું બહાર. વા. ૨
છોકરવાદી નવ કીજીએ વિચારીએ મન માંહ્ય;
રાંડ તજો રસીવા તમે, હવડે આવી ચડશે કોઇ આંહ્ય. વા. ૩
પ્રીત રીત શીખ્યા નથી, ચારી જાણો ગાય;
ચતુર નભાવવો નેહ, એતો કઠણુ ઘણેરી થાય. વા. ૪
હરી ભટના હરીનું વચન, હું સમજી ગઇ સહુ પેર;
સમી સંધ્યાએ આવજો, મારી સઇયર કેરે ઘેર. વા. ૭

મળીયો મોહન મધુપુર, સઇયર કર્યું ક્રમણ્ મુજને.
મને ભરવા ન દીધું નીર, શી કહું વાત આજની તુજને. ટેક
રૂપ રસીક ઘણું છેલડું, ચચળ નેન રસાળ;
ચીત મારૂ ચતુરાઇ થકી, આવી ઓચીંતી કીધી આળ સૈ. ૧
મરકલડું કરી પુછીયું, શું છે તમારૂં નામ;
કાલે મળજો માનની, મારે તમ સંગાથે છે કામ, સૈ, ૨
કરી હસવું ગયા વન ભણી, વાંસલડી છે હાથ;
વ્યાકુળ બની વનમાં ફરૂં અમને મળવા થઇ આશ. સૈ ૩
તું તેને જાઇ ઓળખે, મારે મને દેખાડ;
નીકર મારો જીવ જશે, તારે જીવાડવી હોય તો જીવાડ. સૈ ૪
હરી ભટનો હરી વશી રહો હદે હદે ભરપુર;
જોવીંદજી ઠગી ગયો, એના સરખો નહી કો ચતુર. સૈ. ૫

ભાગ ૧૮ મો.

ગરબી–સખીઓની,

આ મારી રંગ રંગીલી સેજ, સ્વામીજી નીદ્રા કરોને;
સારૂં જોબન બાળેવેશ મારા સ્વામી નીદ્રા કરોને.
મારા છુટા છે શીરના કેશ સ્વામીજી મારા;
તમે ક્યા લાવો બળવેશ મારા સ્વામી. ટેક

તે કારણ તું સાંભરે, મને દહાડામાં દશ વાર;
વાદળ ઝબકે વીજળી. જે વીરણ ઝબકે તલવાર મારા ૧

સજ્જન એસા કીજીએ, જ્યામે ગુણ બત્રીશ;
ભીડ પડે આગે નહી દેવેજ આપનો શીશ. મારા. ૨

સ્નેહી સ્નેહ બતાવીને સુખ હરી લે સાર;
વહાલાં વેરી જ્યાં થયાં, હવે સાલા તે કોણ કરનાર. મારા. ૩

સુખ માટે સોબત કરી, નીવડી દુઃખ દેનાર.
દવ્ય દેઇ વસ્તુ વ્હોરીએ, જાન સાથન જીવ હરનાર. મારા. ૪

તમો ગયે મારૂં ગયું, આ તનડાનું ભાન;
ઝાઝું આથી શું કહુ, સ્નેહી વણ સમશાન. મારા. ૫

ચીતડે ચીતવન એકનું. ચરચર કરવું નિત્ય;
વ્હાલાં છેક નમેરડા. શાચે નહી જ્યાં પ્રત, મારા. ૬

સોળ વરસની સુંદરી, પીઉ ગયા પરદેશ;
તે અબળા સંતાપે ઘણું, જેનું જોબન બાળે વેશ, મારા. ૭

સજ્જન તેરે કારણે શુ કર્યો સબ શરીર;
પાપી નેન સુકત નહી, તેમાં ભરભર આવે નીર. મારા. ૮

પંખી હઉં તો ઉડ ચલુ, ઘડી ન રાખું ધીર;
જ્યું જ્યું સજન સાંભરે, તીર તીર લાગે તીર. મારા ૯

સજ્જન તુમ મત જાણીઓ, તુમ બીસરે મોય ચેન;
લાગે મનકી લાકડી, તે તો સીલગત હે દીન રેન મારા, ૧૦
હરે તમારા, સુખનાં, દરશનની રાખું આશ,
આટે મળવા આવજો, દીલમાં રાખી ઉલાસ. મારા. ૧૧
તારી પાસે પ્રીત તે, તું જાણે કે હુંય;
અરર અમસ્તા એથકી, કહેશે કે થયું શુંય. મારા, ૧૨
માટે મારા મનની, મનમાં સમજી રહું;
ક્યાંય કુવાની કુપમાં, જેમ સમાય છે સહુ. મારા. ૧૩
એવું સુણી પ્રીતમ આવીયા, દીધુ આલીંગન;
આનંદ રસ ત્યાં ઉછળ્યો, પોઢયા બેઉ પલંગ મારા. ૧૪

લાવણી ૧ લી

હે નાથ મહારો હાથ કેમ ઝાલો છો,
શું વાંકા વાંકા વિઠલ કેમ ચાલો છો,
મારે માથે મહીનું માટ ખોટી નહી થાઉ,
નહી આપું દધીનું દાણ સમ હું ખાઉં;
માટે વીઠલ કહું છું વાત વેગળા રહેજો.
કાંઇ કહેવું હોય તો અળગા રહીને કેજો
તમે મનના માન્યા મોહન મન માહો છો,
શું વાંકા વાંકા વીઠલ કેમ ચાલો છો.
અણીયાળી તારી આંખ ભ્રંકુટી ભારી,
મોહીત કરે છે વજ્જે વાંસળી તારી;
પણ હું નહી તેવી સમજી લેજો વાલા.

નહી સરે અર્થ અહીં કાંઈ નંદલાલ
જેવા પોતે તેવા સહુને જાણો છો,
શું વાંકા વાંકા વિઠલ કેમ ચાલો છો.
મુકોને પાલવ ફાટે ચુંદડી મારી,
ફુટશે મહીનું માટ ઘેલા ગીરધારી;
કોમળ આ મારો કર મરડાઈ જાશે,
નંદારો બીલોરી છંદ જાન બહુ થાશે;
ગોરસ માટપર હાથ કેમ ડાલો છો.
શું વાંકા વાંકા વિઠલ ચાલો છો.
તુટશે ચોળીની કસ વાગસે વાલા,
મરડાશે બાવડી મારી નંદના લાલા,
તને નિર્લજને શી લાજ હું તો લાજું છું
કોઇ દેખે દુરીજન લોક તેથી બાગુ છું;
સ્વામી ગોરદનના પ્રીતે ડોલો છો,
શું વાંકા વાંકા વિઠલ કેમ ચાલો છો.

લાવણી ૨ ૭.

કીરતાર કહે હો નાર વાત સાંભળજે,
આપને દધીનું દાણ પછી પરવરજે.
બહુ દેખી તારા જેવી નાર ઠગારી,
આવી સમજાના આંખે કાજળ સારી;
વળી ટીલડી કીધી ભાલ ગાલપર ટબકી.
ગાલામે મોહનમાળા કાળી કંચકી;

શ્રીકૃષ્ણ કહે તું કહ્યું મારૂં કરજે.
આપી દધીનું દાણ પછી પરવરજે.
હું તોડું હાર હવે ગળાનો તારો,
જુમનાના ઘાટપરે દાવો દાણનો મારો.
તે કારણ નારી અહીં તારાં લુટીશું,
આ રૂપ રંગને જોબનનો રસ લઇશું,
તે પછી રાધીકા કરવું હોય તે કરજે,
આપીને દધીનું દાણ પછી પરવરજે,
તારૂં મુખડું જોઇને મન હરખે છે મારૂં,
ઝીણીરે છબીલી નાર માટ ઉતારૂં,
એમોને શીતળ છાંય સંગ છે સારો,
મેળાપ થશે આ વનમાં તારો મારો,
શુભ શીખ આપે શ્રીકૃષ્ણ કાનપર ધરજે,
આપીને ધધીનું દાણ પછી પરવરજે.
ગુલાબી રંગનો સાળુ કસબી કોરે.
તુજ કટી સિંહના સરખી ચીતડું ચોરે,
પાગે નેપુરને ચોળા રંગ ઘેરી છે,
અણિયાળી તારી આંખ ઝાઝી ઝેરી છે.
કહે ગોવરધનના નાથ વાત સાંભળજે,
આપીને દધીનું દાણ પછી પરવરજે.

લાવણી ૩ ૭.

એવું સુણી રીસથી બોલી બ્રીજની બાળા,
ચાલોને પાધરા મુકી મનના ચાળા.
 મારો જાય સાથ સહીયરનો મુકી દેજો,

નવ કરો આળ પાંસરા રહેજો,
ફુટશે મહીનું માટ દધી ઢોળાશે,
મારી મોહન નવરંગ સાડી ભીંજાશે.
મને ડર લાગે દુરીજનનો કાનજી કાળા,
ચાલોને પાધરા મુકી મનના ચાળા,
જાણીને વાત આ નણદલ મારી નડશે.
સાસુના આગળ સાચાં જુઠાં કરશે.
મારી સાસુ દેશે ગાળ આળ ચઢાવે,
પરણ્યાને કહીને માર મુને ખવરાવે,
હું કહું છું એટલા માટે મોરલીવાળા;
ચાલોને પાધરા મુકી મનના ચાળા,
વળી જોર કરે જુગજીવન અહીં નવ ચાલે.
કરો છો ઢોંગ ધુત્યાનો કોઈ નવ આવે.
મેં જાણ્યું તારૂં જોર ઢોર ચારીને,
કાઢ્યું છે મોટું નામ માસી મારીને,
ફરતા વનમાં તમે ઓઢી કામળી કાળા,
ચાલોને પાધરા મુકી મનના ચાળા.
શું સમજો રસ ગોરસનો લેવા કાના,
નાનડીઆ નંદના બેસો છાનામાના,
હું સાંખી રહી છું ભોળી બાળક જાણી,
કો મળશે માથાની નાર કાનુડા દાણી,
કહે ગોવર્ધનના નાથ મોરલીવાળા,
ચાલોને પાધરા મુકીને મનના ચાળા.

લાવણી ૪ થી.

મેં જાણી તારી વાત છબીલી નારી
જાવું છે ચોરીને દાણુ બડી ધુતારી
નણદલ જો દેશે ગાળ સાસુ લડશે તો
શું જાશે મારૂં હો નાર એમ કરશે તો
તુટશે હાર હઇયાનો માટ નંદાશે
તો કહેને કામણગારી મને શું થાશે.
હું દાણુ લીધા વીણ નહી જાવા દઉં નારી
જાવું છે ચોરીને દાણુ બડી ધુતારી
મેણાની દેનારી નારી તુજને દેખી
ઓછી તું જાત આહીરની અમને પેખી
છાકેલી છેલ તું ભરેલ મદની માતી
બોલે છે ચપળા બોલ નથી લજવાતી
હું વાત જાણું છું સરવે અબળા તારી,
જાવું છે ચોરીને દાણુ બડી ધુતારી.
શું છેટે નારી કેમ તું નાસે છે
આ નાનકડાને દેખી કેમ ત્રાસે છે
કહે કૃષ્ણ કામની આવ કષ્ટ તુજ કાપું
જે સુખમાંથી માગે તે લાવી આપુ
અહીં બેસો રામ રંગ મચ્યો છે ભારી
જાવું છે ચોરી ને દાણુ બડી ધુતારી
કાનાએ કામની જેમ તેમ સમજાવી:
ઉતારી માટ ચોરસનું પાસ બોલાવી.
હળી મળી પ્રીતથી બેઠાં રંગ રમવાને.

વળી નાંખ્યો ચળાપર હાથ દષી જપતારે
કહે ગોરધનના નાથે રમાડી નારી
જાવું છે ચોરીને દાણ બડી ધુતારી.

ભાગ ૧૯ મો

લગનમાં ગવાતાં ગીતો.

ગીત ૧ લું કંકોત્રી.

કંકુ છાંટી કંકોતરી મોકલે ઝટ આવે સુભદ્રા બેન
વીરા વહેલા આવંજો.
દેવ દુંદાળાને લાવજો એ છે પારવતીના પુત્ર વીરા૦
શ્રીકૃષ્ણ બળદેવ એ બાંધવા પવિત્ર પીતા વાસુદેવ વીરા૦
પાંચ પાંડવ તે દાસ તમતણા હરનીશ જપે તમારૂં નામ. વીરા૦
જકત જનેતા દેવકીણી રોયના અંજના દેવી તમારાં માત
વીરા વહેલા આવજો૦
ભત્રીજા ભલા ભાવતા તમ આવે થશે સુખચેન
વીરા વહેલા આવજો૦
રાણી રૂકમણીને રેવંતી સતભામાને જાંબુવંતી
વીરા વહેલા આવજો૦

બીડળંજન તમારી ભાભીઓ સોળ શહસ્ર એકસોને આઠ
વીરા વહેલા આવજો૦
કંથ જેઠ દીયરીઆને ક્રોડ ઘણાં ભાઈ ભવતારણ ભગવાન વીરા૦
સાથે જાદવ સઘળાને લાવજો બીજી ઉત્તમ વરણ અનેક વીરા૦
વેદ વાંચતા વિપ્રને લાવજો બીજો સર્વ કુટુંબ પરીવાર. વીરા૦
થોડું લખ્યું ઘણું કરી વાંચજો પ્રભુ નોંધારાના આધાર વીરા૦
ત્રિતીકૃષ્ટરે વહેલા પધારજો શેષનાગ ન પામે પાર. વીરા૦

ગીત ૨—જું જાગનું

વાડીમાં રેલછલ મોગરો
મને આપોરે માતારે કોદાળી,
હું તો મોગરો રોપવા રંનાદેવ.
મને આપોરે માતા ઘડુલો
હું તો મોગરો સીંચવા જાઉંરે રંનાદેવ. વાડી૦
મને આપોરે માતા ટોપલી.
હું તો મોગરો વેડવા જાઉરે રંનાદેવ વાડી૦

ગીત ૩ જું.

પાને ફુલ ભરાવી છે છાબ અગરચંદન ભર્યાં ઓરડારે.
જગાડોરે વહુ નવીનાં કંથ રાણી રાંદેલને કરે આરતીરે.
આરતી અવસર હોયરે રંનાદેવ પહેલાડ, પોહોરની આરતીરે

પાન ફુલે ભરાવી છે છાબ તો અગરચંદનના ભર્યા ઓરડારે
જગાડોરે વહુ નવી વહુના કંથ રાણી રાંદેલને કરે આરતીરે
આરતી અવસરે હોયરે રંનાદેવ બીજા પહોરની આરતીરે.
પાન ફુલે ભરાવી છે છાબ તો અગરચંદનના ભર્યા ઓરડારે
જગાડોરે વહુ નવી વહુના કંથ રાણી રાંદેલને કરે આરતીરે
આરતી અવસરે હોયરે રંનાદેવ ત્રીસરા પહોરની આરતીરે
પાન ફુલે ભરાવી છાબ તો અગરચંદનના ભર્યા ઓરડારે
જગાડેરે નવી વહુના કંથ રાણી રાંદેલને કરે આરતીરે
આરતી અવસરે હોયરે રંનાદેવ ચોથલા પહોરની આરતીરે

ગીત ૪ થું

ડુંગર ઉપર ઉગ્યા વાંસ એરે વાસનો વીંજણલોરે ઘડાયો
માણેક મોતી ને હીરલે જડીઓ એરે વીંજણલો આદીત ઢળીયો
હરખ્યારે આદીત પુછેરે વાત કહો રાણી રાંદેલ ક્યાં હોડ્યા ઘાટ
નથુભાઇને ઘેર જગીઆરે જાગ વહુરે નવી વહુંરે ઓરડા ઘાટ
ઘાટ ઓરાડીને લાગ્યા પાય ભલેરે પધાર્યા રાણી રાંદેલ માય.
ઉઠયારે રાંદેલ દેરે આશીશ જીવો નથુભાઇ ક્રોડ વરીશ
કરોડ તે ઉતર હોયરે પંચાશ, આશા પુરીરે એનાં કુટુંબ પરીવાર

ગીત ૫ મું

કરોડ ઉતર હોયરે પચાસ આશાપુરારે એના કુટુંબ પરીવાર.
મારેરે આંગણે કુઇરે ચણાવો ગુઢ્ણ સમાણા પાણીરે રંનાદેવ

ચાટડીયાળાં નાવારે બેઠાં આદિલની ઘસ્નારરે રંનાદેવ.
સોઇ રંગ સોઇ રંગ લાલ કસુંબો, મથુરામાં મોંઘો વેચાયરે રંનાદેવ.
કેળાં કાતળીયાં ને આંબા પાતળીયા ખડગુચાં છોલાયરે રંનાદેવ
મારેરે આંગણે કુઇરે ચણાવો ઘુંઘટ સમાણું પાણીરે રંનાદેવ.
ચાટડીયાળાં નાવારે બેઠાં નથુભાઈની ઘસ્નારરે રંનાદેવ.
સોઇ રંગ સોઇ રંગ લાલ કસુંબો મથુરામાં મોંઘો વેચાયરે રંનાદેવ.
કેળાં કાતળીયાં આંબા પાતળીયા ખડગુચાં છોલાયરે રંનાદેવ.

ગીત ૬ ઠું.

પેલોરે પોઠી કંકુએ ભરીઓ
જઈ રાણી રાંદેલ આગળ ધરીઓ.
માવડીઓ બાગોને મેણલારે
હું વણજારી દાસ તમારી
નવ લાખ પોઠી શ્રીફળે ભરીઓ
જઇ રાણી રાંદેલ આગળ ધરીઓ માવડી હું વના ન મા
ત્રીજોરે પોઠી ખારેકે ભરીઓ
જઇ રાણી રાંદેલ આગળ ધરીઓ માવડી હું વના ન મા
સાથેરે પોઠી કોઠ્ઠળે ભરીઓ
જઇ રાણી રાંદેલ આગળ ધરીઓ માવડી હું વના ન મા
વેચી ન જાણું સાટી ન જાણું
નવ લાખ પોઠી એકલડી હંકારૂં

ગીત ૭ મું.

સમીરે સંધ્યાએ નીસર્યાં દેવ ક્યાં જઈ વસશો ૧
વસીશું તે આંબા આંબલી વસીશું સરોવરની પાળે ૨
વસીશું તે નથુભાઇને ઓરડે જે મીઠાં બોલી નાર ૩
મીઠાં બોલે ને મન મીસે લળી લાગે છે પાએ ૪
પાયે લાગીને શું માગીયાં માગ્યાં વણીવનાં લાજ ૫
અખંડ એવાતન ચાટડી માગ્યા પુત્ર પરીવાર ૬

ગીત ૮ મું.

રાંદેલ માનો રહેરોયે સોરંભતો પુજા કોણે કરીરે ૧
નથુભાઇનીરે ઘેર નવી વહુ તો રાંદેલ પુજા તેણે કરી ૨

માંડવાનું ગીત ૯ મું.

મારો માંડવો મોભરે છાયોને નેત્ર ઓછાડીઓરે
મારે માંડવે કેળાનો થંભ આ શો રૂડો માંડવોરે
મારે માંડવે કોણ કોણ આવ્યું ને કોણ આવશેરે
હું તો જોઉં મારા હીરા ભાઇની વાટ જેને આવે રંગ રહેશેરે
મારે માંડવે મોતીલાલ આવ્યા હરીલાલ આવશેરે
હું તો જોઉં મારા માણેકલાલની વાટ જેને આવે રંગ રહેશેરે
મારે માંડવે કેઇ વહુ આવ્યા કેઇ વહુ આવશેરે
હુંતો જોઉં મારી કેઈ વહુની વાટ જેને આવે રંગ રહેશેરે.

મારે માંડવરે અંબાવહુ આવ્યાં જીવકોર વહુ આવશેરે
જુવો જોઉં મારી ઇચ્છા વહુની વાટ, જેને આવે રંગ રહેશેરે.

ગીત ૧૦ મું.

ઉંચા મંડપ મોભરે રચાવો, મેં તો કોડે પગરણ માંડીઆંરે.
મંડપ ઉપર જાજમો પથરાવો, મેં તો કોડે પગરણ માંડીઆંરે.
જાજમ ઉપર બાજીઓ ઢળાવો, મેં તો કોડે પગરણ માંડીઆંરે;
બાજઠ ઉપર બાજીઓ ઢળાવો, મેં તો કોડે પગરણ માંડીઆંરે,
બાજી ઉપર પરમાથીના પાસા, મેં તો કોડે પગરણ માંડીઆંરે;
રમસે રમશે રાજપીપળાના રાજા; મેં તો કોડે પગરણ માંડીઆંરે.
સામા રમશે નાનાભાઇ દેસાઇ, મેં તો કોડે પગરણ માંડીઆંરે.
હાર્યા હાર્યા રાજપીપળાના રાજા મેં તો કોડે પગરણ માંડીઆંરે
જીત્યા જીત્યા નાનાભાઇ દેસાઇ મેં તો કોડે પગરણ માંડીઆંરે;
જીત્યા ઉપર નોબતો બજાવે મેં તો કોડે પગરણ માંડીઆંરે.
હાર્યા ઉપર ગધેડાં મુકાવો મેં તો કોડે પગરણ માંડીઆંરે;

ગીત ૧૧ મું.

સુરજ ઉગ્યો કેવડીયાની ડાળમેં કે વ્હાણેલાં ભલે વાયાંરે;
સુતા જાગોરે વસુદેવના નંદ કે વ્હાણેલાં ભલે વાયાંરે.
તમ જાગેરે જાગે સહુ દેવ કે વ્હાણેલાં ભલે વાયાંરે;
લેજો લેજોરે પીતળનો લોટો કે વ્હાણેલાં ભલે વાયાંરે:
દાતણ કરજોરે તુળશીને ક્યારે કે વ્હાણેલાં ભલે વાયાંરે.
મુખ લોજોરે ચામરીઓ છેડે કે વ્હાણેલાં ભલે વાયાંરે

નામ લેજોરે શ્રી રામનાં નામ કે વ્હાણેલાં ભલે વાયાંરે
સુરજ ઉગ્યોરે કેવડીયાની ફણસે કે વ્હાણેલાં ભલે વાયાંરે
સુતા જાગોરે પારવતી વહુના કંથ કે વ્હાણલાં ભલે વાયાંરે
તમ જાગેરે જાગે સહુ દેવ કે વ્હાણલાં ભલે વાયાંરે,
લેજો લેજોરે અઘવાના લોટા કે વ્હાણેલાં ભલે વાયાંરે
દાતણ કરજોરે ઉકરડાની ટોચ કે વ્હાણેલાં ભલે વાયાંરે
સુખ લોજોરે મશોતાને છેડે વ્હાણેલાં ભલે વાયાંરે
નામ લેજોરે તમારા બાપનું કે વ્હાણેલાં ભલે વાયારે

ગીત ૧૨ મું.

કાણે મારાં આંગણાં સમરીયાંરે,
કાણે પુર્યા મોતી કેરા ચોક મારા આંગણાં રળીઆમણાંરે
કાણે મારા સામા તોડા ઘોળીયારે
કાણે લખીયા હંસને મોર મારા તોડા રળીઆમણારે
ડાહ્યાભાઇએ આંગણાં સમારીયાંરે
મોતી બહેને પુર્યા મોતીચોક મારાં આંગણાં રળીઆમણાંરે
લલુભાઇએ સામા તોડા ઘોળીયારે
સુરી બ્હેને લખીયા હંસને મોર, મારા તોડા રળીઆમણારે

ગીત ૧૩ મું.

આવો માણસ બેસો બેસણેરે.
કહો તમારી વાડીયોનું મુલ, માલણ રાણી એમ ભણેરે;
લાખ બે લાખે મારો મોગરોરે.
અધ લાગે ચાંપલીઆનો છોડ. માલણ રાણી૦

લાખ ખરચીને લેને લાલજીરે,
લાડકડારે મુળીયાજીને કાજ. માલણ રાણી૦

ગીત ૧૪ મું.

હાંરે લીલુડા વાંસ વઢાવો તેની રતન ટોપલીઓ મઢાવો,
ટોપલી મોતીલાલના હાથમાં આપો;
મોતીલાલ ધાંચો થઇ ઘેર આવે,
મારી ગંગાબ્હેનને ન ભાવે.
સ્વામી કયાં લાગી આવડી વાર,
ગોરી તારે અઠ્ઠાવર ગરગણુ માંડયાં;
પાછલી રાતનાં દળણાં દળાવ્યાં,
પરોઢીયામાં પાણી ભરાવ્યા.
વહાણે વાએ વાસીદાં વળાવ્યાં,
ખરે બપોરે બણગાં ફુંકાવ્યાં.

ગીત ૧૫ મું.

ઉગતા સુરજની રજ ખરીરે;
એનીયે રજેરે કાંઇ શ્રીકૃષ્ણ ઘડીયારે. ૧
અતી ગોરારે અતી ફુટડારે;
હુંતો તમને પુછું મારાં દેવકીજી વણજારારે ૨
તમે કેમ શ્રીકૃષ્ણ જોઇયારે
ઘડીએ બે ઘડીએ ઘડીયાલડા વાગેરે ૩
પ્હોરે બે પ્હોરે જશ આરતીરે
આરતડીરે કરો દેવકીજીની કુખરે ૪
જેની કુખે શ્રીકૃષ્ણ જાઇયા રે

ઓરડીએ ઉભા ને પરસાળે અજવાળાંરે
કુળને અજવાળ્યાંરે વાસુદેવ તણાંરે. ૫
ઉગતા સુરજની રજ ખરીરે;
એની રજે કંઇ સુજીયાજી ઘડીયાંરે. ૬
અતી ગોર ગોરાંરે અતી રુટડાંરે;
હું તો તમને પુછું મારાં રૂક્ષમણી વહુજીરાં. ૭
તમે કેમ સુજીયાજી જાઇયાંરે;
ઘડીએ બે ઘડીએ ઘડીયાળાં વાગેરે
પહોરે બે પહોરેરે જસ આરતીરે. ૮
આરતીરે કરો રૂક્ષમણીની કુખેરે;
જેની કુખે સુજીયાજી જાઇયાંરે. ૯
ઓરડીએ ઉભાને પરસાળે અજવાળાંરે
કુળને અજવાળ્યાંરે વાસુદેવ તણાં ૧૦

ઊંચી ઊંચી મેડી મારાં ઘરરે વીરાતાં તો પાડોશે
નણદી વસેરે ૧
વીરાની મેડીએ રૂડા કાચ જડાવું
ત્યાંરે ઢળ્યો તો ભમર ઢોલીઓરે ૨
ત્યાં ચડી પોઢે મારો માડીનો જાયો
તો વાએ ઢોળેરે ભાભી રુટડીરે ૩
તો વાએ ઢોળંતા ભાભી ગોઠડીએ ગોઠયાં
તે નણદીને પાડોશે ન રાખીએરે. ૪
દીઠું અણદીઠું નણદી સરવસ્વ માગે
તો નીત્ય ઉઠીને ક્યાંથી આપીએરે ૫

ઘરની ધણીઆણી તમે એવું શું બોલો
તો બ્હેન વિનાં પીવાઠ કોણ મહાલશેરે ૫

સાત સોપારી મારી પાડોશણને આપું
તો તે મારે અહીંયાં મહાલશેરે ૬

ઘરનીધણીઆણી તમે એવું શું બોલો
તો બહેન વીના અગેશ કોણ પુજશેરે ૭

ચોખાને લાડુ મારી ગોરાણીને આપું
તો તે મારે અગેથ પુજશેરે ૮

ઘરની વહુઆરૂ તમે પાણીડાં જાઓ
તો જમવાને બેસે મારાં બેનડીરે ૯

ઘરની વહુઆરૂ તમે પાણીડા જાઓ
તો બારીએને બેસે મારા બેનડીરે ૧૦

ઘરની વહુઆરૂ તમે હેરાને ફેરા
તો પકવાનને ઓરેડે મારી બેનડીરે ૧૧

ખાસડું ખંખેરૂ ઓરી ધણીએક આવે
તે રૂપઇયા ઉછાળે બેની ના મળેરે. ૧૨

માતાના જાયા તુને દેઉંરે આશીષ
તો સાતને દીકરે હીંડજો મલપતારે ૧૩

વહેવણની જોઈ તુને દેઉં આશીષ
તો સાતેને શોકે આંસુ ઢાળજેરે ૧૪

ભાગ ૨૦ મો.

ગણેશનું ગીત.

ગણેશ પાટ બેસાડીએ ભલાં નીપજે પકવાન,
સગાં સંબંધી તેડીએ જો પુજ્યા હોય મોરાર;
જેને તે આંગણે પીંપળો તેનો તે ધન્ય અવતાર;
સાંજે સવારે પુજીએ જો પુજ્યા હોય મોરાર;
જેને પેટ ચાર દીકરા તેનો તે ધન્ય અવતાર;
ચારે વહુઓ પાએ પડે જો પુજ્યા હોય મોરાર;
જેને પેટે ચાર દીકરી તેનો ધન્ય અવતાર
સાંચ્યાં સુંચ્યાં ધન વાવરે જો પુજ્યા હોય મોરાર,
માંકડીઆળી મારી જોટડી બાંધી તે ઘરને બહાર;
સાંજે સવારે શેડ કાઢીએ જો પુજ્યા હોય મોરાર
રાતો ચુડો મારો રંગ ભર્યો ક્યારો તે કમખો હાથ
ઘરચોળે ઘેડ ભાગીએ જો પુજ્યા હોય મોરાર
કાહા તે ઘઉંની રોટલા ગળગળીઓ કંસાર
ભેગાં બેસીને આરોગીએ જો પુજ્યા હોય મોરાર

ગીત ૧૮ મું.

પીઠી પીઠી ચોળેરે પીતરાણીરે;
પેહેલી પીઠી ચડશેરે મારા જ્યાંવરને.
ઉતરની ચડશેરે પેથી છોડીને;
પાકાં તેલ ચડશેરે મારા જ્યા વરને
કાચાં તેલ ચડશેરે પેથી છોડીને

પડતી કેરી ખાશેરે મારો જીવાજી,
ગોટલાને ચુસસેરે પેલી છોડીરે

ગીત ૧૯ મું.

ઉકરડી નુતરતાં વનમાળીરે,
જડીઓ છે સોનાનો ખુરો કે ગુજરમાળારે;
તેની ઘડાવેશ કોટડી વનમાળીરે,
સોવરાવેશ જમણા કાને કે ગુજરમાળીરે;
ઉકરડી નુતરતાં વનમાળીરે,
જડીઓ છે લોઢાનો ખુરો કે ગુજરમાળીરે;
તેનો ઘડાવેશ દીવડો વનમાળીરે,
સોવરાવેશ જમણે હાથેરે ગુજરમાળીરે.

ગીત ૨૦ મું.

ઉંડોને કુવો જળ ભર્યોરે ઇંટ વળ્યો શેવાળ;
આથમણી ડગમગેરે.
હું તમને પુછું રતીવહુરે, કેમરે ફુલચંદભાઇ દુબળારે.
રાતે રમે રાણા સોગટેરે; દહાડે દેસાઇઓનો સાથ.
આથમણી ડગમગેરે

ગીત ૨૧ મું.

પાંચ વાનાનો લાડવો વનમાળીરે.
પીરસ્યો છે ઇચ્છાવહુને ભાણે કે ગુજરમાળીરે,
જમતાં મનસુખભાઇ સાંભર્યા વનમાળીરે,
ચાલ્યો છે કાચલીમાંથ કે ગુજરમાળીરે.

ભરી સભામાં પડી ગયો વનમાળીરેઃ
ગધેડી થઈ છે ફજેત કે ગુજરમાળીરે.

ગીત ૨૨ મું.

જીરે આજ મેં તો અડદા પર્વત નોતર્યારે,
અડદા તમે તો મારે પાપડ વણવા જોગ.
મારે સજન મેળાવો જો મળ્યોરે.
જીરે આજ મેંતો ચોળા પર્વત નોતર્યારે;
ચોળા તમે તો મારે વડીઓ મુકવા જોગ.
મારે સજન મેળાવો જો મળ્યોરે;
જીરે આજ મેંતો ઘઊંવા પર્વત નોતર્યારે.
ઘઉં તમે તો મારે કંસાર કરવા જોગ
મારે સજન મેળાવો જો મળ્યોરે.
જીરે આજ મેંતો મગ પર્વત નોતર્યારે,
મગ તમે તો મારે પીઠી કરવા જોગ.
મારે સજન મેળાવો જો મળ્યોરે,

ગીત ૨૩ મું.

સોનાનો થંભ હીરે જડ્યોરે,
થંભનું નામ ન જાણું વીવા ઘેર આપણેરે;
થંભનું નામ મોતીલાલ વીવા ઘેર આપણેરે.
સોનાનો ગજ હીરે જડયોરે;
ડોશીવાણીયાનું નામ ન જાણું વીવા ઘેર આપણેરે.
ડોશીવાણીયાનું નામ ઝવેરભાઈ વીવા ઘેર આપણેરે:
લાંબી લેખણે લેખા લખેરે,

લેખાવટીયાનું નામ ન જાણું વીવા ઘેર આપણેરે
લેખાવટીઆ હીમતભાઇ નામ વીવા ઘેર આપણેરે
સાંગામાંચીએ બેઠાં પુન કરેરે
પુન્યવંતાનું નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે
પુન્યવંતા નવલબાઇ નામ વીવાહ ઘેર આપણેરે
ઓરડામાં લક્ષ્મી વાસો વસેરે,
લક્ષ્મીનું નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે.
લક્ષ્મીનું નામ કાશીવહુ વીવાહ ઘેર આપણેરે
ખેભેને કોથળી સોને ભરીરે
નાણાવટીયાનું નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે
નાણાવટીયાનું નામ માણેકલાલ વીવાહ ઘેર આપણેરે
હાથમાં પાડીયો સોઇબલી રે
નીશાળયાનું નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે.
નીશાળીયા ભીખાભાઈ નામ વીવાહ ઘેર આપણેરે.
લાંબી પરસાળે બાળકે રમેમરે
બાળકનું નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે.
તાંબાના બેડે પાણી ભરેરે
પાણીઆરીનું પરસન વહુ નામ વીવાહ ઘેર આપણેરે.

ગીત ૨૪ મું.

પાઘ પાવઠડાનેકે કેસરીયા વાઘા,
કાને સોનાની લોળેરે, કોઇ વરઘ વધાવો.
એટલે રણછોડ રાય સીમાડે આવ્યા;
૧૪ સીમાડે છત્ર ઢોળાવોરે, કોઇ વરઘ વધાવો,

એટલે રણછોડરાય ભાગોળે આવ્યા
ભાગોળે ભેરો વગડાવોરે કોઈ વરધ વધાવો.
એટલે રણછોડરાય જાનીવાસે આવ્યા;
કલશો સાળીને હાથેરે કોઇ વરધ વધાવો
એટલે રણછોડરાય ખડકીએ આવ્યા.
ખડકીનાં ખખડયાં છે કમાડરે કોઈ વરધ વધાવો,
એટલે રણછોડરાય તોરણે આવ્યા,
પુખણું સાસુને હાથેરે કોઈ વરધ વધાવો.
એટલે રણછોડરાય માયરામાં આવ્યા.
મામાજી કન્યાને પધરાવોરે કોઇ વરધ વધાવો,

ગીત ૨૫ મું.

ગોતરડો ઉતારોરે ગોરજી વહુ માગે છે સવઇયો ગોરજી;
વહુનો બાપ ભવઇયો ગોરજી વહુ માગે છે ટોકડો ગોરજી
વહુનો બાપ બોકડો ગોરજી, વહુ માગે છે બદામ ગોરજી,
વહુનો બાપ હજામ ગોરજી વહુ માગેછે આરસી ગોરજી.
વહુનો બાપ પાસી ગોરજી. ઇત્યાદી

ગીત ૨૬ મું.

અહશાંતીવેળા ચોરી રીસાઈ એહાં સસરો મનાવે તો મનાઉં.
ઓ લાડણી આછા ઘુંઘટ વહુને વાલેરા લાગે.
કહો તો વહુઆઇ તમને તુશીઓ ઘડાવું તનમનીએ રત્ન જડાવું
ઓ લાડણી આછા ઘુંઘટ વહુને વાલેરા લાગે

ગીત ૨૭ મું.

લાડણો પાન ચાવે ને રસ ઢોળે;
લાડણો તો વળી વળી પાછું જુવે,
જાણે મારા બાપા સાથે આવે;
જાણે મારા સસરાનો રંગ રાખે.
લાડણો પાન ચાવે ને રસ ઢોળે;
લાડણો તો વળી વળી પાછું જુવે
જાણે મારી માડી સાથે આવે;
જાણે મારી સાસુનો રંગ રાખે
લાડણો તો પાન ચાવેને રસ ઢોળે;
લાડણો તો વળી વળી પાછું જુવે.
જાણે મારા વીરા સાથે આવે;
જાણે મારા સાળાનો રંગ રાખે.

ગીત ૨૮ મું

ઘોડી તારા મુખડે રતન જડયાંરે બાઈ
રતન જડયાંરે નંદલાલ સેરો અજબ બનીરે બાઇ
વર બાપા તે વર બાપા કોણું સરાવ કહેવાયરે બાઇ
જાન સુંઢાડી આગળ જાય શેરા અજબ બનીરે બાઇ
વરબાપા તે વરબાપા આત્મારામ કહેવાયરે બાઇ
જાન સુંઢાડી આગળ જાય શેરા અજબ બનીરે બાઇ
ઘોડી તારે મુખડે રત્ન જડયાંરે બાઈ
રત્ન જડયાંરે શેરો અજબ બનીરે બાઇ

વરમાડી તે વરમાડી કેહ બાઇ કેહેવાયરે
જાન સુંઢાડી આગળ જાય શેરો અજબ બનીરે બાઇ
વરમાડી તે વરમાડી જીવકોર બાઇ કેહેવાયરે બાઇ
જાન સુંઢાડી આગળ જાય શેરો અજબ બનીરે બાઇ

ગીત ૨૯ મું.

લીલી ઘોડીને પીળો ચાબખો ઘોડી ઘણું ગાજે
લીલડાં જડીત્ર પલાણુ બ્હેવાણુ મારી છન્દે નાચે
છંદે છુંદાવ્યાંરે છુંદણાં ઘોડી પણુ ગાજે
હોંશે રંગાવ્યા કાળા દાંત બ્હેવાણુ મારી છંદે નાચે
ઘોડી ચડી જીયાવર સંચર્યા ઘોડી ઘણું ગાજે
મોહી રહ્યા ચારે દેવ બ્હેવાણુ મારી છંદે નાચે
હવેને વિશ્વનાથરે મોહી રહ્યા ઘોડી ઘણું ગાજે
ગયામાં ગદાધર દેવ બ્હેવાણુ મારી છંદે નાચે
ચોથલે ઘોળેશ્વર દેવ બ્હેવાણુ મારી છંદે નાચે
ચારોએ મોહી શું કીધાં ઘોડી ઘણું ગાજે

ગીત ૩૦ મું.

કુંવર હેલ દઇ ઘોડે ચડીયા તારા વેરીને ધાસકા પડીયા
કુંવર દહીંમનાં ગોરસ ખાટાં ત્હારા વેરીનાં હૈડલાં ફાટયાં
કુંવર દહીનાં ગોરસ મીઠાં તારા વહાલાએ અચરત દીઠાં
કુંવર ખુંપે છે અસરો ને મસરો જેવા આવ્યા તે સાસુ ને સસરો
વર ખુંપે તે જડીઆરે બાપ સાજનમાં સોહ્યએ જીયા વરના બાપ

કુંવર ખુંપે તે જડીઆરે હીરા સાજનમાં સોહીયે જીયા
વરના વીરા
કુંવર ઘોડે છે ફુલની પાખર તારૂ સભા સોહુરે સાજન
કુંવર ઘોડે છે ફુલની વાડી કરવડી ઝાલો જીયાવરની માડી
કુંવર ઘોડા પાછળ કામધેન રથે બેસે જીયાવરની બ્હેન

ગીત ૩૧ મું.

બનો ઉમલ્યો આવે છે
" લંકાગઢ વાણુ પુરાવે છે
" બેનડીની ઝાલ ઘડાવે છે
" ઉંમલ્યો ઉમલ્યો આવે છે
" સુતરગઢ વાણુ પુરાવે છે
" ત્યાં થકી સોની તેડાવે છે
" બેનડીની ઝાલ ઘડાવે છે
" ઉમલ્યો ઉમલ્યો આવે છે
" સુરતગઢ વાણુ પુરાવે છે
" ત્યાં થકી જડીઆ તેડાવે છે
" બેનડીની ઝાલ જડાવે છે
" ઉમલ્યો ઉમલ્યો આવે છે
" અમદાવાદના વાણુ પુરાવે છે
" ત્યાં થકી પટવા તેડાવે છે.
" બેનડીની ઝાલ ગંઠાવે છે

બનો ઉમલ્યો ઉમલ્યો આવે છે
એની નગરીમાં ધુમ મચાવે છે
બનો ઉંઘતા લોક જગાડે છે

ગીત ૩૨ મું.

હાંરે બના મેરી ગલી મત આવો મોતીલાલ બના છજેડી
બેઠક છોડ હો

હાંરે બના છોડદોને દીલ ખોલ દો હાંરે બના મેરી૦
" બના લંકાગઢ વહાણુ પુરાવીએ
" બના ત્યાં થકી સોનાં અણાવીએ
" બના બનડીકી ઝાલ ધડાવો મોતીલાલ બના છજે૦
" હડમચપડ વહાણુ પુરાવીએ
" બના ત્યાં થકી હીરા અણાવીએ
" બના બેનડીકી ઝાલ જડાવો મોતીલાલ બના છજે૦
" બના સીંધડગઢ વહાણુ પુરાવીએ
" બના ત્યાં થકી મોતી અણાવીએ
" બના બનડીકી ઝાલ પરોવાઓ મોતીલાલ બના છજે૦

ગીત ૩૩ મું.

હાંરે બના કિન્ને બતાઇ તુને મેરી ગલીયાં
મેરી ગલીયાંરે ગુલાબી છડીયા હાંરે બના કિન્ને૦
હાંરે બના ચીરા તો તેરા લાલ બનીયા
લાલ બનીયારે ગુલાલ બનીયા હાંરે બના કિન્ને૦ ૧

હાંરે બની નીમા તો લાલ બનીયા;
હાંરે બનીયારે ગુલાબ. ફિરને૦ ૨
હાંરે બના મોબ્બ તો તેરા લાલ બનીયા
લાલ બનીયારે ગુલાલ બનીયા હાંરે બના ફિરને૦ ૩

ગીત ૩૪ મું,

એક લીલી તે લીલી લીલડી
એને લીલુડી જડીત્ર પલાણુ રે જગલીલડી
મારા સોય ઘોડાને બસેં હાથીઆ
મારા હાથી દેખીને વેવાઇ બી ગયો
મારી કેમ કરી રહેશે લાજરે જગલીલડી
મારા ટીઆ ભાઇએ સાનમાં સમજાવીયા
મારા લલુભાઇએ સાનમાં સમજાવીયા
તમારી ભલેરી રાખીશું લાજરે જગલીલડી
એક લીલી તે લીલી લીલડી
એક લીલુડી જડીત્ર પલાણુરે જગલીલડી
મારા સોય ઘોડાને બસેં હાથીઆ
મારા ઘોડા દેખીને વેવાઇ બી ગયો
મારી કેમ કરી રહેશે લાજરે જગલીલડી
મારા ટીયા ભાઇએ સાનમાં સમજાવીયા
મારે મણીભાઇએ સાનમાં સમજાવીયા
તમારી ભલેરી રાખીશું લાજરે જગલીલડી

ગીત ૩૫ મું.

આ મારૂં વાજીંત્ર કરે ઝમકારા

જેમરે વાગેરે સાજન મળેરે
વાગતું વાગતું પોળમા પેહું
તો ઘરરે વેવાઈનાં ક્યાંય છે રે
ઉંચલા અવાસને નીચલા દરવાજા
ત્યાં મોતી જડ્યા તોરણ બારણેરે
ચોકમાં ચંપો પરસાલે નાગરવેલ
તો ગોરીએ દીવા અજવાળીયારે
સાત દીકરડા તું જણ મોરી ગોરી
તો જેમ દ્રવ્ય ખરચુને રવ ચડેરે
એક દીકરડી તું જણ મારી ગોરી
તો સાજન જમાડુ ઘર આંગણેરે
બાપે માયરામાં આપીરે બેટી
તો માડીએ આપી જોટડીરે
રાસ રચું બેનને સાસરે આપો
તો ભેસ દોવા તામડીરે
ચીરના ચંદરવા જાદરના ગાલેચા
તો મછલી બંદરના ચોરસારે
બુરાનપુરી ગોરી વીજાપુરી ઝાઝી
તો નવારે નગરના વાડકારે
ત્રાંબા તઢીયા પીતળના આખળીયાં
તો નવારે સુખડના પાટલારે
એટલું લેઇ બેન સાસરે જજે
તો લાજ વધારજે આપણીરે

ભાગ ૨૧ મો.

ગિત ૩૬ મું.

મારા નવલા વેવાઈ તને વીનવું તારી સાંકડી શેરી વળાવને;
મારા મોટાનું સાજન આવશે તારા ઉકરડા દેખીને લાજશે;
તારાં છઠ્યાં છોકરાંને મારશે, તારાં ઘઘડાં બુઢાંને હાટશે,
તને નફ્ટને નહી લાજરે તને નીર્લજને શું કહીએરે.

ગીત ૩૭ મું.

કુંવર હેલો દઇ ઘોડે ચડીયા એમના વેરીને ધાસકા પડીયા.
દહી દુધના ગોરસ ખાટાં, એમના વેરીનાં હઇયારે ફાટયાં,
દહી દુધનાં ગોરસ ભરીયાં એમના વાલાનાં હઇયાંરે ઠરીયાં.

ગીત. ૩૮ મું.

વર તે બહુરે હોંશીલો વર તો બહુરે ખાંતીલો;
એની મરવાનયણી જુવે વાટરે નગારાં વાગે ધીમે ધીમેરે.
વર તો સોનીડાની શેરી વચ્ચે સંચર્યોરે
વરને ઉતરીઓ વસાવતાં લાગી વારરે નગારાં૦
વર તો માળીડાની શેરી વચ્ચે સંચર્યોરે.
વરને ખુપ વસાવતાં લાગી વારરે નગારાં૦
વર તો ગાંધીડાની શેરી વચ્ચે સંચર્યોરે
વરને શ્રીફળ વસાવતાં લાગી વારરે નગારાં૦
વર તો ડોસીડાની શેરી વચ્ચે સંચર્યોરે
વરને સીરખંદ વસાવતા લાગી વારરે નગારાં૦

વર તો તંબોળીડાની શેરી વચ્ચે સંચર્યોરે.
વરને પાન વસાવવાં લાજ વારૂરે નગીરાં ઇત્યાદી.

ગીત. ૩૯ મું.

તું તો જમ જમરે જમઈડા કલવો તારી માડી પીરસસે કલવો;
તારી સાસુએ પીરસ્યો કલવો, તારી સાસુ તે હઇયાની ભોળી.
તને ધાંમાં નખશે ભોળી તારી માડી તે હઇયાની કપટી,
તને મીઠું નહી આપે ચપટી તારી આંઠે આવડો શો મચકો.
તને ગોળ ન આપે કદી લચકો;

ગીત ૪૦ મું.

મારી ઉંધણુ વેવણુ જોગેરે તારા ઘર પાછવાડે થઇ રહ્યા છે સોસ્રે
મારા પગ સુજી થયાં થાંભલા પેલી વેવણને લઈ ગયા જાંગલા.
મારા પગ સુજીને થયા આરસી પેલી વહેવણને લઇ ગયા પારસી.

ગીત ૪૧ મું.

શેરી શેરી ઘુઘરડા વાગે છે.
કોઇ ઉમરાવ જાદો આવે છે.
કોઈ જાણુ કરો પીછાણુ કરો.
પેલા નવલા વેહેવાઇને જાણુ કરો.
પેલા કોડીલા વહેવઇને જાણુ કરો.
તારી શેરી છે સુંઆળીરે,
તારી ઘર ધણીયાણી કાળીરે.
મારી જાનમાં આવ્યા મોટારે.
વહેવણ જળ ભરી લાવો લોટારે;
વહેવણ લેજોરે કંકાવટી,

તારે બારણે આવ્યો નાણાવટી;
વહેવણ લેજોરે સોપારી.
તારે બારણે આવ્યો વેપારી.
વહેવણુ લેજોરે સુપડલું.
તારા ચુલા પછાડી મારોરે,
તારે દીકરી જણ્યાનો વારોરે.
તારા ચુલા પાછળ ઈંટરે.
તારે દીકરી જણ્યાની રીતરે,
તું તો દીકરી જણી જણી થાકીરે
આંબા કેરીની પેઠે પાકીરે.

ગીત ૪૨ મું.

હળવે હળવે પોખરે મોટા ટોપારે,
બાળા વરને વાગશે સાઠી ચોખારે.
રવઈયે ના પોંકેશ વહેવાણ.
રવઈયો તારે વલોવા જોઈશું.
સાંબેલે ના પોંકેશ વહેવાણ.
સાંબેલું તારે ખાંડવા જોઈશું
તરાકે ના પોંકેશ વહેવાણ
તરાક તારે કાંતવા જોઈશું
સળીએ ના પોંકેશ વહેવાણ.
સળીઓ તારા બાપના પાળીયાં.
સંપુટના પોંકેશ વહેવાણ,
સંપુટ તારે દીવો કરવા જોઈશું
ધુંસરૂં તારે ગાડે જોઈશું.

ભાગ ૨૨ મો.

ગીત ૪૩ મું.

લીંપ્યા ગુપ્યાં ઓરડા સાપોલીયું જાય.
ફુલચંદની પુઠમાં સાપોલીયું જાય.
જાય સુછો મરડતું સાપોલીયું જાય.
જાય ધડાકા લેતું સાપોલીયું જાય.
ઓ એના બાપા સાપોલીયું જાય.
દીઠું હોયતો ઝહાડરે સાપોલીયું જાય.

ગીત ૪૪ મું,

સુરત શહેર વસે એક સોનીરે સોની ઘડજે લાકડાની પોંચીરે;
એની પોંચીએ ઝાઝા હીરારે.
બાજુબંધ સરખી પોંચીરે
મુંબઇ શહેર વસે એક જડીઆરે.
જડીયા જડજે લાકડાની પોચીરે,
એની પોંચીયે ઝાઝા આંબારે;
પોંચી લાવે લાકડાના મામારે.
બાજુબંધ સરખી પોંચીરે.
ભરૂચ શહેર વસે એક પટવોરે.
પટવા ગાંઠ લાકડાની પોંચીરે;
એની પોંચીએ ઝાઝી પાપરે,
પોંચી લાવે લાકડાના બાપરે.
બાજુંબંધ સરખી પોંચીરે.

અમદાવાદ વસે એક ઝવેરીરે;
ઝવેરી પારખ લાડકડાની પોંચીરે;
એની પોંચીએ ઝાઝા મોતીરે
પોંચી લાવે લાડકડાની આશીરે
બાજુબંધના સરખી પોંચીરે;
ત્યાં તો નવરંગ માંડવા રચીઆરે;
ત્યાંતો નટવર ચડીયા ઘોડેરે;
વરકન્યા પરણીને ઊઠયારે.

ગિત ૪૫ મું.

અમારૂં જીરૂ તમારી વલીયારી.
એ બેને પરણાવો વહેવઇયો સંપજ રાખો.
એ બેને બોલે બનશે વહેવઇયો સંપેજ રાખો.
અમારા હીમતભાઇ તમારી પરસન વહુ એ બેને પરણાવો.
વહેવઇઓ સંપજ રાખો એ બેને બોલે બનશે વહેવઇઓ.
સંપજ રાખો. એ બેને જુગતે જોડું વહેવઇઓ સંપજ રાખો

ગીત ૪૬ મું.

વર કન્યા કંસાર જમે વહેવણની તો દાઢ ગળે.
લાડાને કંસાર ન ભાવેરે લાડી તો ઠુચે ઠુચે મારેરે.
લાડો તો સકાળમાંથી આવ્યોરે લાડી તો દુકાળમાંથી આવીરે

ગીત ૪૭ મું.

વર કન્યા કંસાર જમે જાનઇયાની દાઢ ગળે,
કોહીઓ કંસાર આપે તો ખાઇયેરે;
નહી તો આશા મુકી ઘેર જાઇયેરે.

ગીત ૪૮ મું.

એક ઝારા ઉપર ઝારીરે એતો કન્યા થઈ અમારીરે.
એતો અમારાં કહ્યાં કરશેરે એનીમાને મોઢે મુતરશેરે.

ગીત ૪૯ મું.

સામાં ઓરડામાં અધમણ જીરૂં
જીઆવર પરણું હું તો ઘડીએ ના ધીરૂં
તળાયા ઘીના ઘેબર મને મીઠરાં લાગે,
સામા ઓરડામાં અધમણ ખડદી;
જીઆવર પરણું હું તો જોઇને હસ્તી.
તળાયાં ઘીમાંનાં ઘેબર મીઠરાં લાગે.
સામા ઓરડામાં અધમણ મીઠું,
જીઆવર પરણે મેં તો અચરજ દીઠું
તળાઆં ઘીમાંનાં ઘેબર મુજને મીઠરાં લાગે.

ગીત ૫૦ મું.

લાડી આપી પાડી આપી જાનડ્યાની માડી આપી
તોય લડધા માંડવા હેઠરે
અમે ઘડરીયો ગઢ જીત્યાંરે આનંદ ભલાં
લોકો કહે મોતીભાઇ જુઠારે આ૦
એતો દીકરો પરણાવીને ઉઠયારે આ૦
લોકો કહેતા ફુલચંદ ભાઈ સાચારે આ૦
એતો દીકરો પરણાવીને નાચ્યારે આ૦

ગીત ૫૧ મું.

અમે આવ્યાતાં રંગમોર રમવારે અમે આવ્યાતાં પરસનવહુને લેવારે.

અમે આવ્યાતાં પરસન વહુને જોવારે
એના જોયામાં શું જોશોરે.

ગીત પર મું.

ત્રાંબા કુંડી તે નગર સોહામણી,
માંહી ભરીયાંરે ગવરીનાં ધીઅ, સાહેલીરે આંબો મોરીઓ,
મારા કીયા ભાઈના વાજીત્ર વાગીયાં,
પેલા વેવાઇનારે પડયાં નીશાન, સાહેલીરે આંબો મોરીઓ,
તાંબા કુડી તે નગર સોહામણી, માંહી ભરીયાંરે ગવરીનાં ધીઅ. સા.
મારા કીયા ભાઈની મેડીએ દીવા બળે,
મારા વાડીલાલની મેડીએ દીવા બળે.
પેલા વહેવાઇનાંરે ઘોર અંધારાં
સાહેલારે આંબો મોરીઓ.
તાંબાકુંડી તે નગર સોહામણી.
માંહી ભરીયાંરે ગવરીનાં ધીઅ.
સાહેલીરે આંબો મોરીઓ.
મારી કેઇ વહુને પેહેરણ સાડી ભલી.
મારી રતીવહુને પેરણ સાડી ભલી.
પેલી વહેવાણનેરે લઈ ગયા ચોર,
સાહેલીરે આંબો મોરીઓ. ઇત્યાદી.

ગીત પ૩ મું.

એના માંડવે નથી કાંઈ વાંસ વળી, એના ઘરમાં નથી કોઇ ધારવણી.
એના ઘરમાં ફુલચંદ મટકો મારે પેલા વખતા બીચારાનું કાંઇ ન ચાલે
એના આવ્યા તાણ્યાને શુંરે ગણએ; એના આવ્યા તાણ્યાને શુંરે ગણએ;
પુંજાભાઈના પરવારને શુંરે ગણએ.

ગીત ૫૪ મું.

ઉંડો વેવાઇ ભીંત પડે,
ભીંત પડે તો પડવા દો ઢાલું ડોઝર ભરવાદે;
આગળ ફુલચંદ પરણ્યાતા ઢાલું ડોઝર ભર્યું તું
હવે પાનાભાઈ પરણે છે ઢાલું ડોઝર ભરેછે

ગીત ૫૫ મું.

એના ઘર પછવાડે ઇંટ પડી એને દીકરી જણ્યાની રીત પડી.
એના ઘર પછવાડે બાવળીઓ એને દીકરી જણ્યાનો વાવળીઓ
એના બારણે ગોમતીનો ગારો, એને દીકરી આપ્યાનો છે વારો.

ગીત ૫૬ મું.

જીરે સરસ્વત સ્વામીને વીનવું રે
જીરે ગણપત લાગુ પાય મારૂં તોરણીયું હીરે જડ્યું રે
મારે હીમતભાઇને ધીરજલાલનાં જોડવાંરે,
પેલા વહેવાઇને બીલાડાની જોડ મારૂં૦
મારી રતીવહુને જીવકોર વહુનાં જોડવાંરે,
પેલી વહેવાણુને ભુંડણની જોડ મારૂં૦

ગીત ૫૭ મું.

પેલો વહેવાઇ બાળ કુંવારોરે, મારૂંજી દયારામનો કેવડો.
એને કુતરી સાથે પરણાવોરે, મારૂંજી૦
એ કેમ કરી બોલડાં બોલેરે, મારૂંજી૦
કુતરી ભસશે વેવાઇ બોલશે, એમ કરી બોલડા બોલશે.

ભાગ ૨૩ મો.

સીદ્ધરાજ અને જસમા ઓડણની ગરબી.

ગાજે પાટણપુરમાં ગરવી ગુર્જરનો ધણીરે,
સાચો સબળો પેલો સોલંકી સીદ્ધરાજ;
જેની કીર્તી વ્યાપી રહી આ જગમાં ઘણીરે;
તેણે લોકો કાજે વાવ કુવા બંધાવીઆરે
મોટાં માનસરોવર દેરળ ધર્મ વિસાળ;
પોષી સર્વ પ્રજાને શત્રુ સર્વ નમાવીઆરે,
તેણે પાટણ પાસે એક સરોવર આદર્યું રે,
ખોદે ખાડા ત્યાંતો માળવી ઓડણ અનેક;
નાંખે ઓડણો મટોડા માથે લઇ પળુરે.
પાળે વડની ડાળે ઝુલે બાળક પારણેરે,
માટી લેતાં જસમા ઝુલાવે નીજ બાળ;
વળતાં મુખડું દેખી જાય કુંવરને વારણેરે;
સાદા વેષે ફરતાં રાજાએ દેખી પરીરે;
જાતે રૂપાળી રંગીલી પરમ ચતુર;
પાસે જઇને રાજા કહે છે સુણ તું સુંદરીરે,

સીદ્ધરાજ—માટી સારવાને આ કોમળ કાયા કરી નથીરે,
પાળે બેસીને રીઝાવ તું તારૂં બાળ;
બીજી ઓડણો છે કામ કરે તારી વતીરે.

૧૫ **જસમા**—જસમા કહેછે રાજા કામ કરી ખાવું ગમેરે,

તુજને બેસી રહેતાં વાધે અંગમાં રોગ;
મારા નવડા દાડા બેઠે નવ જાયે કદીરે,
શીદ્ધરાજ—જસમા જંગલમાં વસવાને તું સરજી નથી રે.
મારા નગર તણો તું આવીને જો તોક,
પાટણપુરની શોભા હું તુજને શું કહું કથીરે.
જસમા—નગરે અંધારી શેરીને ઉંચી મેડીઓરે.
તેમાં માણસ આડે ચાલ્યાનો નહી માગ;
જાણે ઉનાળે ઉભરાતી દેખું કીડીઓરે.
સીદ્ધરાજ—જસમા માણસ બહુ દેખીને શું ઘેલી બનીરે,
તારા હલકા મનમાં ઉઠે હલકા ઘાટ;
ન કળે ખાખરની ખીસકોલી સાકર સ્વાદનીરે.
જસમા—રાજા મેલાં મન માણસનાં મેલા શહેરનારે.
મેલી ગલીઓમાં મારે છે રૂગંધ;
મેલાં ઝેર તણાં જીવો તે જીવે ઝેરમાં.
સીદ્ધરાજ—જસમા રાજાના દરબારો તેં દીઠા નથીરે,
તેમાં બાગ બગીચા ખીલે ફુલ ગુલાબ,
મોટા હોજ ફુવારા ઉડે જોસથીરે.
જસમા—રાજા જંગલ આગળ બાગ બગીચા ધુળ છે રે,
જેવો સુરજ આગળ તારાનો ચળકાટ;
મારા જંગલની મોજે તો મોંઘે મુલ છે રે.
સીદ્ધરાજ—જસમા જંગલની વાતો તું આજ વિસારજેરે.
મીઠા નગ્ધા ને સારંગ કેરા સુર,
ગાયન સુણવાને કાજે તું મહેલ પધારજે રે.

જસમા—રાજા નવ રીઝું સારંગી કેરા સુરથી રે,
મેના મોર બપૈયાં ટેવ્યા છે મુજ કાન,
વાતો કોયલના ટૌકાની તો કહેતા નથી રે.
સીદ્ધરાજ—ઓડણ આવો તો ઊતારૂ મેડી માળીએરે,
રહેજો મિત્ર સહોદર સર્વ સંબંધી સાથ;
તમને પ્રાયજનો માનીને નીશદીન પાળશુરે
જસમા—મારે ઓડણને ઉતરવા જોઈએ ઝુંપડીરે.
મેડી માળે ચઢતા મુજને આવે ફેર;
પડતાં પગ ભાગેને કાયા થઇ જાય ઠુંઅડીરે.
સીદ્ધરાજ—ઓડણ આવે તો પીરસાવું મેવા ચુરમાંરે.
ઝુલે હાથી ઘોડા ગુર્જર પતીને દરબાર;
તેને દેખીને હરખાશો ઓડણ ઉરમાંરે.
જસમા—મારે ઓડણને તો વાળુ જોઇએરે ઘેંસનારે.
રાજા શું છે મારે હય હાથીનું કામ;
દહી ને દુધ મજેના મારે બુરી બેસનાં રે,
સીદ્ધરાજ—ઓડણ માગી લ્યોને આછા સાળુ ઓઢણાંરે
હીરા માણેક મોતી સોનાના ભંડાર
આવી કંચનવરણી કાયા પર શોભે ઘણુંરે.
જસમા—છાયલ ટકશે આછાં સાળુ તો ફાટી જશેરે,
નાખું ઘાસ ચણોઠી ગંઠી કંઠે હાર;
પહેરૂં ફુલ તણી માળા તો પરણ્યો રીજશેરે.
સીદ્ધરાજ—જસમા કહે તું મુજને કેવો છે તારો પતીરે,
તારા જેવી સમજુ નારી જેને ઘેર;
એના જેવો સુખીઓ આ જગમાં બીજો નથીરે.

જસમા—પેલો કેડ કસીને કામ કરે મારો પતીરે,
જેના મોળીયામાં બહેકે છે બહુ ફુલ;
જેના કોદાળીના ઘાથી ધરતી ધ્રુજતીરે.
સિદ્ધરાજ—જોને કામ કરતાં એ ન્યાળે તારા ભણીરે,
એના મનમાં તારો પુરો નહી વિશ્વાસ;
તારી બુઝ ન જાણે જસમા એ તારો ધણીરે.
જસમા—રાજા સાચાને ભય લેશ નથી સંસારમારે,
મારા પતિને મારો સંપુર્ણ વિશ્વાસ;
હુંતો અન્ય જનોને બાંધ ગણી રહું બારમાંરે.
સિદ્ધરાજ—જસમા રાણા ને રાજાને હું તાબે કરૂ રે,
મોટા મહારથી પણ ન આપે સામો બોલ
તારા આગળ હું નવ અમલ ચલાવા આદરૂરે.
જસમા—રાજા કાયા ને માયા પર બળ નૃપનું વસ્તુરે,
પ્રભુએ જીવ ધર્યો છે જુદો કાયા માંય;
બારે ભુપ તણું પણ તે પર ન ચાલે કશુંરે.
સિદ્ધરાજ—જસમા દ્રઢતા તારી દેખી વિસ્મય થાય છેરે,
આવાં દંપતીને પણ આખર હોય વિયોગ;
મિથ્યા આ જગના સુખ માટે મન મુંઝાય છેરે.
જસમા—રાજા કોઈ ન જાણે કાલે મારૂં શું થશેરે.
એવી અલ્પ જીંદગી માણે આ સૌ લોક;
રૂડી રહેણી સુખ પરલોકે પુરણ આપશેરે.
એવું કહીને જસમા ટોપલી લઈ પાછી ફરીરે.
રાગે લીધો વળતી પાટણ કેરો પંથ;
થઈ છે જસમાના પતિવ્રતની જેને ખાતરીરે.

॥ ॐ ॥

સતી સાવિત્રી ચરિત્રનો ગરબો.

(પુનમ ચાંદની ખીલી પુરી અહીંરે) એ રાગ.

કવિ—રૂડા અશ્વપતિ રાજાની ડાહી દીકરીરે,
જેનું સતી શિરોમણી સાવિત્રા છે નામ;
જેણે સ્વામીને છોડાવ્યો યમપાશથીરે,
જેણે સકળ જગતમાં અમ્મર કીધું નામ,
તેના ઉત્તમ ગુણની ગરબી ગાઓ સુંદરીરે. १
રાજા એક હતો ઘરડો ને આંખે આંધળોરે,
તેનું શત્રુએ લઈ લધું રાજ્યાસન,
તેથી જંગલમાં જઇ બાંધ્યું તેણે ઝુંપડુંરે;
તેને સત્યવાન નામે લાડકડો તન,
કરતો માતપિતાની સેવા પુરા પ્રેમથીરે. २
જેની કંચનવરણી કાયા વાણી મીઠડીરે,
મીઠા મહેરામણના જેવો ગુણ ગંભીર,
ઘરડાં અંધ પિતામાતાની જાણે લાકડીરે;
રે'તો માતપિતાની આજ્ઞાને આધીન,
તેની સાથે વરવા સાવિત્રીએ આદર્યુંરે ३
નારદ—ત્યાં તો નારદજી સમજાવે બાળા ઘેલડીરે,
તેની સાથે વરતાં થાશે મોટી હાણ,
એનો આવરદા તો એક વર્ષ બાકી રહ્યોરે;

માટે ના કરતી તું વગર વિચાર્યું કામ.
બીજા રાજકુંવર રૂપાળાની સાથે વરોરે. ૬
સાવિત્રી—ત્યારે સાવિત્રી બોલી નારદજી સાંભળોરે,
લખિયા લેખ લલાટે મિથ્યા નહિ થાનાર,
મ્હેં તો મનથી માન્યો તે પરમેશ્વર માણરોરે;
મ્હારો નિશ્ચય કોટી કલ્પે નહિ ફરનાર,
માટે એ વરની સાથે સગપણ મારૂં કરોરે. ૫
કવિ—જોઈ ઓડગપણું પુત્રીનું રાજાએ પછીરે;
દીધું સત્યવાનની સાથે કન્યાદાન,
રૂડા રાજ્યમહેલની વસનારી વગડે વસીરે,
ત્યાગી અંબર જુનાં વસ્ત્ર કર્યાં પરિધાન.
સ્નેહે સ્વામી સસરા સાસુની સેવા સજીરે; ૬
જેણે કદાપિ ભુમિપર પાય કદી દીધો નથીરે,
જેના પડતા બોલ ઉપાડે દાસી દાસ,
જેની કોમળ કાયા ફુલ શૈયાપર લોટતીરે;
તેણે પર્ણકુટીમાં પ્રેમે કીધો વાસ,
મનથી માન્યું મારા વૈભવમાં બાકી નથીરે. ૭
ત્યાં તો જળના રેલાસમ દિવસો જાતા હતારે,
બાળા નારદજીનાં વચન કરંતી યાદ,
મનમાં ભય ધરતી નવ કરતી કોને વારતારે;
મનથી ગોઠવતી શું કરવા તેના ઘાટ,
રજની દિવસ વિચારો એના એ મનમાં થતારે. ૮
દા'ડા ચાર રહ્યા આવરદાની અવધી તણારે.
સતીયે તે સમયે ત્યાં અન્ન જળ કીધું ત્યાગ,

જોડ્યું ચિત્ત પ્રભુમાં ધારીને શુભ ધારણારે;
સોંપ્યું શ્રીહરિના ચરણે પોતાનું ભાગ્ય,
સાવિત્રી—મારી વ્હારે ચડજો હે દિનબંધુ શામળારે. ૯
જાણ્યું સાસુ સસરે વહુઅર સંકટ વેઠતીરે,
સાસુ સસરા—શાને માટે કરતી અન્ન ઉદકનો ત્યાગ;
શાણી શા માટે તું કારણ કંઇ કહેતી નથીરે;
કષ્ટે કરમાશે કોમળ આ ત્હારી કાય,
વહુઅર આ વયમાં વ્રત કરવાં યોગ્ય તને નથીરે. ૧૦
કવિ—દુઃખમાં દા'ડા ચાર વિતાવ્યા વ્રત વિધિએ કરીરે,
આવ્યો સ્વામી સ્વર્ગ સિધાવા કેરો દિન,
સાવિત્રી—આજે ના થાઉં અળગી હું મારા નાથથીરે;
કવિ—એવો નિશ્ચય કીધો સાવિત્રીએ મન,
સ્વામી સંગે રે'વા તૈયારી છાની કરીરે. ૧૧
ત્યાં તો સત્યવાન માબાપ તણે ચરણે નમેરે,
કરમાં લઇ કોવાડો કાષ્ટ કાપવા જાય,
ત્યારે સાવિત્રી સ્વામીને છાની વિનવેરે;
સાવિત્રી—આજે વન જોવાની મુજને ઇચ્છા થાય.
માટે સંગાતે લઇ જાઓ સ્વામી મુજનેરે. ૧૨
સત્યવાન—ઘેલી નારી ત્હારી છે કોમળ કાયા ઘણીરે,
ત્હારી કનકલતા સરખી કાન્તિ કરમાય,
વ્હાલી વગડામાં ઝાઝા કંટકને કાંકરારે;
ત્હારી પંકજ સરખી પગ પાની છુંદાય,
માટે હઠ મેલી અલબેલી ઘરમાંહી રહોરે. ૧૩

સાવિત્રી—સ્વામી તમ સંગાતે જંગલ મંગળ લાગતુરે,
ઘરમાં તમ વિણુ મુજને ધરતી ખાવા ધાય,
હું તો પગલે પગલે પંથે તમ પુઠે રહુંરે;
મુજથી આપ વિના એકલડી નહિ રહેવાય,
માટે સંગાતે લઇ જાઓ સ્વામી મુજનેરે,
સત્યવાન—નારી જો મુજ સંગે આવ્યાની ઇચ્છા કરોરે,
આજ્ઞા માગો જઇને માતપિતાની પાસ,
આજ્ઞા આપે તો ચતુર ચાલો મુજ સંગમાંરે;
વ્હાલી વડીલ જનોની આજ્ઞા નવ લોપાય,
લખિયું શાસ્ત્ર પુરાણે જાણુંછો સરવે તમોરે. ૧૫

કવિ—આજ્ઞા માગીને ચાલ્યાં આનંદે દંપતીરે.
પંથે કરતાં પ્રેમે વિધવિધ વાત વિચાર.
મુખ મલકાવે પણ સાવિત્રીને ચિન્તા અતીરે;
રાખે પળ પળ પોતે સ્વામીની સંભાળ,
મનમાં ધીરજને ધારે સંભારે શ્રીહરિરે. ૧૬
આવ્યાં ગાંઢા વનમાં નરનારી એ સાથમાંરે,
વીણ્યાં ફુલ અને ફળ ઇચ્છાની અનુસાર,

——×**×——

ભાગ ૨૪ મો.

પળતી કોવાડો લીધો પોતાના હાથમાંરે;
લાગ્યો કાષ્ઠ કાપવા સત્યવાન તે વાર,
એનો આવરદા તો તે સમયે પુરો થયોરે,
લાગ્યો થાક ઘણો ને અંગો લાગ્યાં ધ્રુજવારે,
આવી તમ્મરને રૂંધાયા તેના પ્રાણ,
મુકી કાષ્ટ કાપવાં આવ્યો સાવીત્રી કનેરે;

સત્યવાન—વ્હાલી ઓચિન્તી આવે છે તનમાં તાણ,
શાણી નહિ સમજાતું દુઃખ ઘણું થાતું મ્હનેરે. ૧૮

સાવિત્રી—મારા નાથ તમારાં સંકટ હરજો શ્રીહરીરે,
તમને કુળદેવી વનદેવીની રક્ષાય,
ઘરડાં માતપિતાની સેવાના પુણ્યે કરીરે;
વ્હારે આવીને વિશ્વેશ્વર કરશે સ્હાય,

કવિ—એવું કહીને બેઠી મસ્તક ખોળામાં ધરીરે. ૧૯
ત્યાં તો યમરાજા આવી સામા ઉભા રહ્યારે,
જેના વસ્ત્ર તણો દીસે છે રાતો રંગ,
જેને માથે છે મુગટ ને કુંડળ કાનમાંરે.
દેખી સાવીત્રીને કાયે ઉપજ્યો કંપ,
તો પણ ધીરજને ધારી બોલી તે સુંદરીરે. ૨૦

સાવિત્રી—કે, છે સાવિત્રી છો કોણ તમે સાચું કહોરે,
નક્કી લાગો મુજને દેવ તણા અવતાર,

આવ્યા શા માટે ને શું કરવા મનમાં ચહોરે;
મારા મનમાં શંકા થાયે અપરંપાર,
કવિ—એવું બોલી શિર નમાવી સાવિત્રી રહીરે ૨૧
યમરાજા—હું તો છું યમરાજ સાંભળ ઓ શાણી સતીરે.
આવ્યો છું ત્હારા સ્વામીને લેવા કાજ.
એના આવરદાની આજ અવધ પુરી થતીરે;
ત્હારા સ્વામી પરનો સ્નેહ હવે વિસાર.
કવિ—નાંખી પાશ પકડિયો સુક્ષ્મ દેહ એવું કહીરે. ૨૨
દેખી બંધાયેલા સ્વામી કેરા દેહનેરે;
સતીએ તે સમયે કરવા માંડયું કલ્પાંત.
સાવિત્રા—બાંધીને ક્યાં લઇ જાઓ છો મારા નાથનેરે;
કવિ—એવું કહીને દીધો યમરાજાને સાદ,
ચાલી પડછાયાની પેઠે પાછળ સુંદરીરે ૨૩
યમરાજા—બોલ્યા ત્યાં યમરાજા સાંભળ હે શાણી સતીરે,
જા તું પાછી ત્હારા આશ્રમમાં આવાર,
ત્હારા સ્વામીની કર અંતક્રિયા વિધિએ કરીરે:
જેથી થાયે તેના જીવ તણો ઉધ્ધાર,
નારી નાહક શ્રમ કરવાથી ફળ કશુંએ નથીરે ૨૪
સાવિત્રી—બોલી સાવિત્રી સુણો યમરાજા વિનતીરે.
મ્હારા નાથ વિના હું પાછી નહિ ફરનાર,
જ્યાં લઇ જાશો ત્યાં આવું પણ સંગ તજું નહીરે;
સ્વામી વિના છે સુનો સઘળો સંસાર,
જાતાં એકલડી ઘર જીવ્યાથી મરવું ભલુંરે ૨૫

પુછું યમરાજા હું ઉતર આપો મુજનેરે;
જગમાં નરનારીનો સત્ય સંબંધ મનાય,
પણ જો બાંધીને લઇ જશો મ્હારા નાથનેરે;
મ્હારો પતિવ્રતાનો ધર્મ કેમ સચવાય,
તેનો ઉતાર આપીને વળતી ડગલું ભરેરે. ૨૬

યમરાજા—શાણી અમૃત સરખી વાણી ત્હારી સાંભળીરે,
મ્હારા અંતરમાંહી ઉપજે છે અનુરાગ,
ત્હારી ઇચ્છામાંહી આવે એવું ઓ સુંદરીરે;
ત્હારા સ્વામીના જીવિત વિણુ બીજું માગ,
ત્હારી ઇચ્છા પુરણ કરવા હું ઉભો અહીંરે. ૨૭

સાવિત્રી—મ્હારા સસરા છે ઘરડા ને આંખે આંધળારે;
ત્હેની રત્નસમી બે આંખો સારી થાય,
આવે તેજ સુરજના સરખું બન્ને આંખમાંરે;
અંગે વૃધ્ધપણાનું દુઃખ કદી નવ થાય,
કર્તા—એવું બોલીને સાવિત્રી કર જોડી રહીરે ૨૮

યમરાજા—ત્હારા સસરાની આંખો નારી સારી થશેરે,
વધશે સુરજના સરખું આંખોનું નુર,
ત્હેની વૃધ્ધપણાની પીડા સઘળી વામશેરે;
માટે જા પાછી પુત્રી આવી બહુદુર,
ઝાઝું ચાલ્યાથી ઓ શાણી શ્રમ તુજને થશેરે. ૨૯

સાવિત્રી—બોલી સાવિત્રી કર જોડી યમરાજ સુણોરે,
મ્હારે વસવું જોઇએ સદાય સ્વામી પાસ,
મુજને શ્રમ નવ લાગે સ્વામી સંગે આવતાંરે,

સ્વામીથી દુર વસતાં તનમાં પ્રગટે ત્રાસ;
જગમાં નાથ વિના નારીનું જીવ્યું ધીક્કાર છેરે ૩૦
તમને જોતાં યમરાજ શ્રધ્ધા મુજને થતીરે,
મ્હારા મનમાં ઇચ્છા પ્રશ્ન કર્યાની થાય,
શાણાઓ કે'છે કરવી સજ્જનની સંગતીરે;
તે તો પુર્વ જન્મના પુણ્યેથી બંધાય,
સજ્જનની સંગતીનું ફળ મિથ્યા જાતુ નથીરે ૩૧

યમરાજા—પુત્રી વાણી ત્હારી અમૃત સરખી લાગતી રે,
મ્હારા અંતરમાં ઉપજાવે છે અનુરાગ,
ત્હારા સ્વામીના જીવિત વિના બીજું ફરીરે;
મ્હારી પાસેથી પુત્રી મનગમતું માગ્ય,
ત્હારી ઇચ્છા પુરણ કરવા હું ઉભો અહીરે. ૩૨

સાવિત્રી—મ્હારા સસરાજીનું રાજ્ય દબાવ્યું દુશ્મનેરે,
તેથી કીધો છે વગડામાં આવી વાસ,
તેનું રાજ્ય ગયેલું સરવે પાછું સોંપડેરે;
નિત્યે ધર્મ રહે અંતરમાં પુરી વાસ,

કવિ—એવું બોલીને સાવિત્રી કર જોડી રહીરે ૩૩

યમરાજા—પુત્રી સસરા ત્હારા રાજ્ય ગયેલું પામશેરે,
મળશે મનગમતા વૈભવ ઓ શાણી નાર,
ત્હેની ધર્મ વિશે દ્દઢ શ્રધ્ધાની વૃધ્ધિ થશેરે;
પાછી વિચર હવે પુત્રી નવ કરતી વાર,
ત્હારી દેહે દુઃખ થશે ઓ કુળવંતી સતીરે. ૩૪

સાવિત્રી—મ્હારા દુઃખ વિશે બાકી શી ? યમરાજ કહીરે.
મ્હારી નજરે બંધાયેલા દેખું નાથ,
મ્હારે શું સુખ ભોગવવાને જાવું આશ્રમેરે,
સુખમાં દુઃખમાં પણ રે'વું સ્વામીની સાથ,
મ્હારે સ્વર્ગ તણાં સુખ શું કરવાં સ્વામી વિનારે 35
રાખો સકળ જગતને નિયમ મહી નિત્યે તમેરે .
આપો કર્મ તણાં ફળ સર્વેને તત્કાળ.
રાજા રંક શત્રુ ને મિત્ર ગણો સરખા તમેરે
તેથી નામ તમારૂં ધર્મરાય કહેવાય,
શરણે આવેલાનું સંરક્ષણ કરતા તમેરે 36

યમરાજા—શાણી વચનો ત્હારાં અંતર મ્હારૂં ઠારતાંરે,
જેવી તરસ્યાને પાણીથી તૃપ્તિ થાય,
પુત્રી ના શરમાતી મ્હારી પાસે માગતાંરે;
બીજું ત્હારા સ્વામીના જીવિત સિવાય,
ત્હારી ઇચ્છા પુરણ કરવા હું ઉભો અહીરે. 37

સાવિત્રી—મ્હારા તાત તણું ઘર પુત્ર વિના સુનું દિસેરે.
ત્હેને આપો ગુણીયલ સો પુત્રો યમરાય,
તેના વંશ તણી આ વિશ્વ વિશે કીર્તિ વધેરે.
મ્હારાં માતપિતાનાં સંકટ સરવે જાય,

કવિ—એવું બોલીને સાવિત્રી કરજોડી રહીરે 38

યમરાજા—ત્હારા તાત તણે ઘર ગુણીયલ સો પુત્રો થશેરે,
થાશે દશે દિશામાં વંશ તણો વિસ્તાર.
ત્હારાં માતપિતાનાં સંકટ સર્વ ટળી જશેરે'

તુજને આપ્યું ત્હારી ઇચ્છાની અનુસાર.
આવી દુર ઘણે પુત્રી જા તું પાછી હવેરે ૩૯

સાવીત્રી—મ્હારા સ્વામીની સંગે છું તો ક્યાં દુર છુંરે;
મારૂં મન તો દોડે છે એથી પણ દુર,
સ્વામી સંગે રે'વું એ ભુષણ સતીઓ તણુંરે;
ત્યાગી કાયાને છાયા ક્યાં જાએ દુર,
સ્વામીના વિરહે સતીઓનું જીવ્યું દોહલુંરે ૪૦

રાખે પુર્ણ ભરોસો સજ્જનનો જગના જનોરે,
વિનંતી કરતા સજ્જનનો રાખી વિશ્વાસ,
શત્રુ મિત્ર સદા સરખા માને છે સજ્જનોરે;
આવે નહિ સુરજમાં અંધારાનો ભાસ,
સજ્જનની સજ્જનતા કદિયે પલટાતી નથીરે ૪૧

યમરાજા—ત્હારાં વચનો વાણી અમૃતથી પણ મીઠડાંરે,
મુજને તે સાંભળતાં આવે પ્રેમ અથાગ
મ્હારી પાસેથી વરદાનો ત્હારા હિતનાંરે;
ત્હારા સ્વામીના જીવિત વીણ બીજું માગ,
ત્હારી ઇચ્છાને આધીન બની ઉભો અહીંરે ૪૨

સાવીત્રી—મુજને આપોતો યમરાજા માગું એટલુંરે
મ્હારા સ્વામીથી સો પુત્રો મુજને થાય,
મ્હારા કુળનું આ જગમાંહી માન વધે ઘણુંરે;
મ્હારી વડીલ જનોના ચરણે પ્રીતી થાય,
એવું બોલીને સાવીત્રી કર જોડી રહીરે. ૪૩

યમરાજા—તુજને તેજસ્વી સો પુત્રો એ બાળા થશેરે,
તારા કુળનું ઝાઝું વધશે જગમાં માન,
ત્હારી વડીલ જનોના ચરણેપ્રીતી વાધશેરે;
માટે જા પાછી ઘર તું થાશે હેરાન,
એવું બોલીને યમરાજા લાગ્યા ચાલવારે. ૪૪
સાવીત્રી—બોલી સાવીત્રી સુણો યમરાજા વિનતીરે,
આપો ઉત્તર મારા પ્રશ્ન તણો આ વાર,
મોટા માણસના વચનો મિથ્યા જાતાં નથીરે;
બોલ્યં અણબોલ્યું મોટા જનનું નવ થાય,
જાયે પ્રાણ પરંતુ વચન થકી ફરતા નથીરે. ૪૫
થાવા સો પુત્રો વરદાન તમે આપ્યું મનેરે,
તે તો કેમ સત્ય થશે મહારાજ,
બાંધી લઇ જાવા ધારો છો મારા નાથનેરે;
પળશે કેમ કરીને વચન તમારૂં આજ,
કવી—એવું બોલીને સાવત્રી કરજોડી રહીરે. ૪૬
યમરાજા—પુત્રી ધન્ય ત્હને સાચો છે નિશ્ચય તાહરોરે,
બાળા ત્હેં મુજને વચને બાંધ્યો આ વાર,
આજે નિશ્ચયના બળથી ત્હેં વશ મુજને કર્યોરે;
લે આ છોડુ છું પુત્રી તારો ભરથાર,
પામ્યો વર્ષ ચારસોનું આયુષ તારો પતીરે. ૪૭
મ્હારાં સૌ વરદાનો ફળશે તુજને દંપતીરે,
જગમાં ઘર ઘર નરનારી ગુણ ત્હારા ગાય,
પામી સુખ જગતમાં અંતે થાશે સુગતીરે;

કવિ—એવું કહીને અંતરધ્યાન થયા યમરાય,
વાગ્યાં દેવ દુઃદુંભી પુષ્પ તણી વૃષ્ટિ થઇરે, ૪૮
વળતી આવ્યાં આશ્રમમાં સંગાતે દંપતીરે,
સતીના અંતરમાં આનંદ અતિ ઉભરાય,
સહુને વીતકની વાતો વિસ્તારીને કહીરે;
પ્રેમે લાગ્યાં બન્ને વડિલ જનોને પાય,
આપે અંતરની આશિષો સૌ નરનારનેરે, ૪૯
સરવે વરદાનો યમરાજાનાં સાચાં થયાંરે,
મળિયા વૈભવ સઘળા પામ્યાં સુખ તમામ,
અંતે શ્રીહરીને શરણે વસિને સુખિયાં થયાંરે;
બોલો જય જય કહે છે મિત્ર બુલાખીરામ,
ગાતાં શિખતાં સરવે સદ્વર્તન શાળી થજોરે. ૫૦

સમાપ્ત.